શ્રી કચ્છી મારૂ કંસારા-સોની જ્ઞાતિનું એકમાત્ર મુખપત્ર

એકમેકને ઓળખવાનો

# જ્ઞાતિસેતુ

## દશાબ્દી વિશેષાંક

૨૦૦૪-૨૦૧૪

જૂન / જુલાઈ-૨૦૧૪
કિંમત ₹ ૫૦/-

## સેતુનાં સંભારણા
## દશાબ્દી વિશેષાંક

- પ્રતાપી પૂર્વજો
- આસ્થાનાં કેન્દ્રો
- સમાજનો ઈતિહાસ

વિવિધ સ્થળે સ્થાપિત
જ્ઞાતિ-સમાજોની વિગત

# Heartiest Congratulation to *GNYATISETU* and its team for having achieved Ten years of successful publishing.

## at Printography we let our designs speak

Printography provides design and consulting services in corporate identity, promotional literature, exhibition, branding, advertising, web media and production. We work together with the corporate, industrial and arts sectors to produce a variety of striking communication materials.

PRINTOGRAPHY 1993 Designer & Consultants

G 33 Vijay Plaza Kankaria,
Ahmedabad, IN 380022

5355 Mcminnville Hwy
Doyle, TN 38559 USA

**M** +91 903 322 7172
**M** +1 931 316 5676
**E** jkg@printography.co.in
**U** identixdesign.com



*Pure Creation*


Anil Soni
98242 85210
Atul S. Soni
Ahmedabad
97250 38140
Kirtan A. Soni
90336 28998
પ્રભુકૃપા
જ્વેલર્સ
Dealers & Makers of
Gold & Silver Jewellery
5, Srimand Sikhar Complex, M. P. Road, Anjar-Kutch.
Ph. : 02836 - 242347
e-mail : asoni2910@gmail.com



॥ શ્રીરામ ॥
મે. સોની પ્રભુદાસ ખેતશી
મે. મીના જ્વેલર્સ
સુવર્ણ અલંકારોનો અદ્યતન શોરૂમ
BIS Approved Jewellers
916
Hall Mark Jewellery
Govt. Approved Valuer
૨-૩ શ્રી સ્વામિનારાયણ વાણિજ્ય સંકુલ, બેંક ઑફ ઈન્ડીયાની બાજુમાં, હૉસ્પિટલ રોડ, ભુજ-કચ્છ
ફોન : (શો રૂમ) ૦૨૮૩૨ ૨૨૦૯૦૯, ૨૫૫૯૭૬ (ઘર) ૦૨૮૩૨ ૨૫૦૫૬૫, ૨૨૩૯૦૯
jkg@printography.co.in

HL Group of Companies

मानकः पथ प्रदर्शकः
BIS 916

# Harilal Lakhamshi Jewellers Pvt. Ltd.

[Mfr. Exporters, Wholesalers & Retailers of 916 Hallmark Jewellery]

**The First & Only Showroom in Kuchchh Offering 100% Hallmark Jewellery & 100% Certified Diamond Jewellery**



**Regd. Office :** Haribhai Soni Building, L. B. Shastri Road
Anjar (Kuchchh) 370110 (Guj.) India
Phone : 02836 329944 Fax : 02836 242481
Cellular : 91 98795 30854 Email : infohljpl@gmail.com

**Bullion Division :** 426 C, Supermall, C.G. Road, Ahmedabad.
Ph./Fax : - +91 79 30024481
Cellular : - +91 987 953 0853 Email : - iljpl.amd@gmail.com

SKHAC

# Shree Kachchh Hallmarking & Assaying Centre Pvt. Ltd.

**Regd. Office : Haribhai Soni Building, L. B. Shastri Road Anjar (Kuchchh) 370110 (Guj.) India**
**Ph./ Fax : 02836 329944/242481**

**Hallmarking Office :-** 1st Floor, Plot No. 425 A/B, TPS-2, Malasheri, Anjar (Kachchh) 370110

**Group Companies**

# Shri Arbuda Infrastructure Development Pvt. Ltd.

# Soham Land Development Pvt. Ltd.

Swara
fine jewels

Manufacturers of fine CZ jewellery



Wholesellers and Distributors solicited

LADIES RINGS | GENTS RINGS | PENDENT SETS | BALI | BRACELETS| TANMANYA | SETS

**NITIN ZAVERI +91 98200 02145 | CHIRANJIT +91 98201 92145 | HITESH +91 81086 99777**

**Factory Address :**
23 / 25 V.V. Chandan Street,
Masjid Bunder, Mumbai – 400 003
Tel : 022 – 23440603
Email : swarafinejewels@gmail.com

**Office Address :**
12/14, 1st Floor, Dhanji Street,
Office No. 5B/4, Mumbai - 400002
Tel : 022 – 33525337 / 022 – 2419 5337
Int.com : 5337

એકમેકને ઓળખવાનો

# જ્ઞાતિસેતુ

વર્ષ : ૯ ● અંક : ૫

જૂન'૧૪ – જુલાઈ'૧૪

**મુખ્ય તંત્રી**
હંસરાજ કંસારા ૦૭૯ ૨૬૮૭૨૩૫૦

**તંત્રી મંડળ**
અતુલ સોની ૯૭૨૫૦ ૩૮૧૪૦
તુલસીદાસ કંસારા ૯૮૨૫૦ ૮૨૬૩૯
કુ. એકતા કટ્ટા ૯૮૭૯૧ ૯૪૩૩૪

**વ્યવસ્થાપક સમિતિ**

**ચેરમેન**
મનુભાઈ કોટડીયા ૯૬૦૧૨ ૭૫૦૭૮

**માનદ્ સંયોજક**
અતુલ સોની ૯૭૨૫૦ ૩૮૧૪૦

**મુદ્રણ આયોજન**
સૂર્યકાંત સોની ૯૬૮૭૦ ૭૫૬૩૩

**વેબસાઈટ**
ચિરાગ બુદ્ધભટ્ટી ૯૭૨૫૪ ૭૯૧૩૧

**નાણાકીય આયોજન**
કનુભાઈ બીજલાણી ૯૨૭૬૮ ૪૦૯૧૩
(સંપર્ક સમય : રાત્રે ૯ થી ૧૧)

**જાહેરાત તથા લવાજમ માટે સંપર્ક :**

● **અમદાવાદ**
ઉદય પરમાર ૯૮૭૯૧ ૦૬૩૫૩

● **ભુજ**
ઈશ્વરભાઈ વી. હેડાઉ ૯૪૨૯૦ ૮૩૨૯૫
વિજયભાઈ એમ. બુધ્ધભટ્ટી ૯૯૭૯૭ ૯૭૫૮૪
(રૂલપ્રેસવાળા)

● **અંજાર**
અનિલ એસ. સોની ૯૮૨૪૨ ૮૫૨૧૦

● **સાબરકાંઠા**
નરેન્દ્રભાઈ મહિચા ૯૪૨૭૩ ૦૫૮૭૪

● **નખત્રાણા**
પ્રફુલભાઈ કંસારા ૯૮૭૯૧ ૨૨૨૬૫
(ઉદય સ્ટેશનરી માર્ટ)

● **માધાપર**
હિતેશ સોની (કરણ જ્વેલર્સ) ૯૪૨૭૪ ૪૩૮૭૪

**માનદ્ સંયોજક (ભુજ)**
શૈલેષ કંસારા ૯૮૨૫૦ ૧૨૫૦૩
સુધા બુદ્ધભટ્ટી ૯૯૨૫૩ ૧૩૭૩૪
પી. જી. સોની 'દાસ' ૯૯૭૯૬ ૭૨૪૦૭

**જ્ઞાતિસેતુ પત્ર-વ્યવહાર માટે સંપર્ક :**
અતુલ સોની, ઈ-૫૦૪, આર્યમાન આવાસ, સાંઈબાબા મંદિર સામે, દેવાશિષ સ્કુલ પાસે, સેટેલાઈટ, અમદાવાદ-૧૫.

**કાર્યાલય :** રાજેન્દ્ર સોની
ધવલ જ્વેલર્સ, ચાંલ્લા ઓળ, માણેકચોક, અમદાવાદ-૧ ફોન : ૦૭૯-૨૨૧૪ ૪૦૦૮

**વેબ સાઈટ :** www.gnyatisetu.com
**ઈ-મેલ :** editor@gnyatisetu.com

છુટક કિંમત રૂા. ૨૦/-
ત્રિ-વાર્ષિક લવાજમ રૂા. ૩૦૦/-

'જ્ઞાતિસેતુ'માં પ્રસ્તુત રચનાઓમાં રજૂ કરેલા વિચારો જે તે લેખકોના છે. 'જ્ઞાતિસેતુ'નું એની સાથે સંમત હોવું આવશ્યક નથી.

## તંત્રી સ્થાનેથી

ભુજ જ્ઞાતિ મંડળના સક્રિય સહયોગથી અમદાવાદ જ્ઞાતિમંડળ દ્વારા ૨૯, જૂનને રોજ ભુજ મધ્યે આયોજીત ગોષ્ઠિ અને સમારોહની તડામાર તૈયારીઓ થઈ રહી છે. આ અવસરે પ્રકાશીત થનારા વિશેષાંકનો મુખ્ય ઉદ્દેશ વિવિધ સ્થળોએ વસતા આપણા પરિવારોના સંગઠીત સમાજોની વર્તમાન સ્થિતિનું આછેરું અવલોકન કરવાનો છે. સાથે સાથે ગત દાયકા દરમ્યાન 'જ્ઞાતિસેતુ' માં સમયાંતરે પ્રકાશીત કેટલીક ઈતિહાસ મૂલક સામગ્રીના પુનઃ પ્રકાશનનો છે.

આપણા સમાજની વિવિધ સ્થળોએ વસતી સ્થિતિ જોતાં સ્પષ્ટ થાય છે કે માત્ર ભુજની જ વસ્તી પાંચ હજાર ઉપરની છે. અન્ય ત્રણેક સ્થળોની વસતી ૧૫૦૦-૨૦૦૦ વચ્ચેની છે. અને બાકીના બધા સ્થળોની સરેરાશ સ્થિતિ ૩૦૦ આસપાસની છે. આ બધા નાના મોટા સ્થળોએ વસતા આપણા પરિવારો સંગઠિત છે અને સમાલક્ષી પ્રવૃત્તિઓ પ્રત્યે જાગરૂક છે. આ વિભિન્ન સ્થળોએ વસતા આપણા પરિવારો વચ્ચે પરસ્પર સંવાદ વૃદ્ધિ માટે, 'સેતુ' પ્રયત્નશીલ રહેશે.

ભુજ જ્ઞાતિના વિસ્તુત અહેવાલ પરથી વર્તાય છે કે એનો વ્યાપ વધુ છે અને પ્રયત્નશીલ છે. ભુજ જ્ઞાતિના મહિલામંડળ પણ અન્ય સ્થળોનો મહિલામંડળો કરતાં વધુ પ્રગતિશીલ અને પ્રવૃત્તિમય છે.

આ અંકમાં સંભારણારૂપે જે ઈતિહાસ મુલક વિગતો પ્રસ્તુત છે, તેમાં મુખ્ય છે, મહામંડળનું સંગઠન માટેનું ચિંતન શિબિર મહામંડળ આયોજીત પરિચય મેલો અને સગપણ ખર્ચમાં વિવેક અને મહામંડળનું માર્ગદર્શન તદુપરાંત આપણા સમાજના પ્રતાપી પૂર્વજોના પ્રેરણાદાયક પરિચયો પુનઃપ્રકાશીત કર્યા છે. આપણા આ પૂર્વજો વિષેની આ આધારભૂત વિગતોનું ઐતિહાસિક મહત્વ છે. આગામી પેઢીઓ માટે આવી વિગતો જાણવી અને જાળવવી જરૂરી છે. એ જ રીતે આપણી જ્ઞાતિનો ઈતિહાસ તેમજ આપણા પરંપરાગત કસબો અને વ્યવસાયો આદિની વિગતો જે અગાઉના અંકોમાં પ્રકાશિત થયેલ તેનું સંભારણારૂપે પુનઃ પ્રકાશન આ અંકમાં કર્યું છે.

પ્રાપ્ત વિગતો પરથી જણાય છે કે, આપણા સમાજના વિભિન્ન સ્થળોએ વસતા પરિવારોની પુરી વિગતો આપણી પાસે નથી. 'જ્ઞાતિ સેતુ' ના આગામી અંકોમાં કચ્છના જે કોઈ ગામમાં કે કસબામાં આપણા સમાજના જે પરિવારો વસવાટ કરે છે, તેની વિગતો એકત્ર કરવા જ્ઞાતિસેતુ એના આગામી અંકો મારફ્ત ઘનિષ્ઠ પ્રયાસો કરશે. આશા છે આપણા સંગઠીત સમાજો 'જ્ઞાતિસેતુ' ના આ અભિયાનમાં પુરતો સહયોગ આપશે. કચ્છમાં કે અન્યત્ર વસતા આપણા સમસ્ત પરિવારોની સામાજીક, શૈક્ષણિક, આર્થિક, વ્યવસાયિક અને સાંસ્કૃતિક વિગતો એકઠી કરી એનું વિશ્લેષણ જ્ઞાતિસેતુના આગામી અંકોમાં પ્રસ્તુત કરવાનું સેતુ પરિવારનું અંતિમ લક્ષ્ય છે.

**હંસરાજ કંસારા**
**મુખ્ય તંત્રી**

*જ્ઞાતિસેતુને હાર્દિક શુભેચ્છા સહ...*

# શ્રી કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિ મંડળ-અમદાવાદ

**ધવલ જ્વેલર્સ, ચાંલ્લા ઓળ, માણેકચોક, અમદાવાદ-૧ ફોન : ૦૭૯-૨૨૧૪ ૪૦૦૮**



પ્રમુખ

રાજેન્દ્ર કે. સોની



ઉપપ્રમુખ

જયમીન જે. સોની



મંત્રી

અતુલ એસ. સોની



સહમંત્રી

રશ્મીન વી. બારમેડા



ખજાનચી

મનુભાઈ વી. કોટડીયા



સહખજાનચી

ઉદય ડી. પરમાર

## કારોબારી સભ્યો



રમેશભાઈ વી. સોની



સૂર્યકાંત એમ. પોમલ



ગિરીશ કે. સોની



કનુભાઈ એન. બીજલાણી



નરેન્દ્ર એમ. સોની



હસુભાઈ પી. બારમેડા



જયેશ કે. ઘડીયાળી



સુનિલ એસ. બીજલાણી



ઘનશ્યામ ડી. પરમાર



ચંદર આર. બારમેડા

**અધ્યક્ષ સ્થાનેથી...**



શ્રી મારૂ કંસારા સોની મંડળ અમદાવાદ દ્વારા દર બે માસે પ્રકાશીત આપણા સમાજનું એક માત્ર મુખપત્ર 'જ્ઞાતિ સેતુ' એના પ્રકાશનના દસ વર્ષ પુરા કરી, અગિયારમાં વર્ષમાં પ્રવેશ કરી રહ્યું છે, ત્યારે સંસ્થાગત દ્રષ્ટિએ એની પ્રગતિ પ્રક્રિયાનું આછેરું અવલોકન અત્રે પ્રસ્તુત કરવામાં ગર્વ અનુભવું છું.

આપણી જ્ઞાતિનું આ પ્રથમ અને એક માત્ર પ્રકાશિત મુખપત્ર છે. છેલ્લા દસ વર્ષથી પ્રતિ બે માસે એના અંકો નિયમીત પ્રકાશીત થાય છે. સમયાંતરે આપણા આ સામયિકને આપણા સમાજના 'આમ' અને 'ખાસ' બંને વર્ગના લોકોએ એને પોતિકું ગણતા થયા છે. અને આ બંને વર્ગોમાં ઉત્તરોત્તર એની લોકપ્રિયતા વધી રહી છે. કચ્છ ગુજરાત તેમજ ભારતના કેટલાક અન્ય પ્રદેશોના નાના મોટા ગામોથી લઈને મુંબઈ જેવા મહાનગરોમાં વસતા આપણી જ્ઞાતિના પરિવારોમાં એના વ્યાપક પ્રસાર છે અને, વાચકોના પ્રતિભાવો પરથી ફલિત થાય છે કે સમાજનું આ મુખપત્ર અવશ્ય વંચાય છે, વિગતો વાગોળાય છે.

અમદાવાદમાં આપણા જ્ઞાતિમંડળની સ્થાપના ૨૦૦૩માં થઈ. એના બીજા જ વર્ષે મંડળની કારોબારીએ સર્વાનુમતે મુખપત્ર પ્રકાશનનો નિર્ણય કર્યો. જો કે તત્સમયે, કારોબારીના સહમંત્રીશ્રી શૈલેષભાઈ સિવાય અન્ય કોઈ સભ્યને સામયિક પ્રકાશન કે વિતરણ વ્યવસ્થાપનનો લગીરે અનુભવ નહોતો. મુખપત્રના પ્રકાશન હેતુ મંડળ પર થનારા નિરંતર આર્થિક ભારણનો પણ કોઈ અંદાજ નહોતો તેમ એની પૂર્તિ માટેનું કોઈ વિશેષ આયોજન પણ નહોતું. દર બે માસે નિર્ધારીત તારીખે પોસ્ટ થાય તે રીતે એનું પ્રકાશન કાર્ય પુરું કરવામાં તંત્રી ઉપરાંત મંડળના અન્ય કેટલા સભ્યોને કેટલો સમય ફાળવવો પડશે તેની પણ કોઈ કલ્પના નહોતી. પરંતુ સમાજમાં માહિતી આદાનપ્રદાન અને સભ્યો વચ્ચે સંવાદના માધ્યમ તરીકે મુખપત્રનો ઉપયોગીતા વિષે સહુ સભ્યો એકમત હતા, અને એમની સદ્‌ભાવના મજબુત હતી. શૈલેષભાઈનો અનુભવ હતો તદુપરાંત કેન્દ્ર સરકારના સેવા નિવૃત્ત વડીલ શ્રી હંસરાજભાઈ (શૈલેષભાઈના પિતાશ્રી)એ અરસામાં જ દિલ્હીથી આવી અમદાવાદમાં સ્થાયી થયા હતા. એમની પાસે આ ક્ષેત્રનો અનુભવ હતો, સમાજ માટે સમર્પિત ભાવ હતો અને સૌથી મોટી વાત આ કાર્ય માટે જરૂરી સમય ફાળવવાની ક્ષમતા અને ઈચ્છા હતી. એટલે સમાજના ઉત્સાહી કાર્યકરોએ હિંમતથી એમની 'મુખપત્ર' પ્રકાશનની નાવ હંકારી દીધી. સમાજના માનદ્ મંત્રીશ્રી અતુલભાઈની આગવી સુઝ-બુઝ સૌને સાથે રાખી પ્રગતિ કરવાની તેમની કાર્યશૈલી અને 'સેતુ' સમગ્ર જ્ઞાતિમાં વ્યાપ્ત થયું. મારા સાથીદારો રાજેન્દ્ર સોની, શિરીશભાઈ સોની, તુલસીદાસ કંસારા, સૂર્યકાંત સોની, રમેશભાઈ સોની, જયમીત સોની, કનુભાઈ બીજલાણી, જયેશ ઘડીયાળી, પ્રશાંત બીજલાણી વિગેરેના સમર્પિત કાર્યથી દાયકાના સફર બાદ 'સેતુ' આજની ગૌરવભરી સ્થિતિએ પહોંચી શકેલ છે.

આજે અમદાવાદ જ્ઞાતિમંડળને એ વાતનું ગૌરવ છે કે, એમની 'મુખપત્ર' પ્રવૃત્તિ સફળ રહી છે. મંડળના એક કરતાં વધુ સભ્યો પાસે મુખપત્ર પ્રકાશન અને વિતરણ માટે આવશ્યક જાત અનુભવ છે. માહિતી આદાન પ્રદાન માટે માનદ્ સહયોગીઓનું સમર્પિત નેટવર્ક છે. આવશ્યકતા અનુસાર આર્થિક ભારણ હળવું કરવા તત્પર એવા સહૃદય શ્રેષ્ઠીઓની સેતુ સામયિક પ્રત્યે અમીદૃષ્ટિ છે. અને એટલે જ, 'સેતુ' દશાબ્દી ઉત્સવ અવસરે અમદાવાદ જ્ઞાતિમંડળ સર્વ પ્રથમ ફરજ, 'સેતુ' ના સમર્પિત સહયોગીઓ અને શુભેચ્છકોના અણમોલ યોગદાનની દસ્તાવેજી નોંધ લેવાની અને એમનું ઉચિત સન્માન કરવાની સાથે સાથે, 'સેતુ'ને સદૈવ વૈચારિક ભાથું પુરુ પાડનારા લેખકો (જેમાં મહિલાઓનું પ્રમાણ અધિક છે) તેમનું પણ અભિવાદન કરવાનું છે. આશા છે સેતુના સુજ્ઞ વાચકો અમારા આ સમુહગાનમાં એમનો બુલંદ સ્વર અવશ્ય ભેળવશે.

**– મનુભાઈ કોટડીયા**

અધ્યક્ષ સેતુ સમિતિ

# શ્રી કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિ મંડળ-અમદાવાદ



અમદાવાદ જ્ઞાતિમંડળનું એ સદ્ભાગ્ય છે કે એને, અવારનવાર આપણા સમસ્ત સમાજન નાની મોટી સેવા કરવાના અવસરો મળતા રહે છે. સમાજ સેવાની વિવિધ પ્રવૃત્તિઓમાંથી એક જે કાયમી કહી શકાય તેવી પ્રવૃત્તિ આપણા એક માત્ર 'મુખપત્ર' જ્ઞાતિસેતુનું નિયમીત પ્રકાશન અને અમદાવાદ, કચ્છ ઉપરાંત દેશમાં જ્યાં પણ આપણા સમાજના વધુ પરિવારો વસેલા છે ત્યાં સુધી એનું વિતરણ, વ્યવસ્થાપન, અમદાવાદ બહુભાગી છે કે એને આ તક મળી છે તેમજ એક પ્રવૃત્તિને વિકસાવવાનું અનુકૂળ વાતાવરણ પણ મળ્યું છે.

અમદાવાદ જ્ઞાતિમંડળે આ પ્રવૃત્તિનો ૨૦૦૪માં પ્રારંભ કર્યો. સમસ્ત સમાજે અમારી પહેલ આવકારી, સમાજના શ્રેષ્ઠીઓ અને વડીલોએ એને પ્રોત્સાહન આપ્યું. યત્ર, તત્ર, સર્વત્ર વસતા આપણા સમાજના પરિવારોએ 'જ્ઞાતિસેતુ'ની ઉપયોગિતા પિછાણી એને પોતીકું ગણ્યુ અને આ સામુહિક પીઠબળે અને સહયોગીઓની સાથે છેલ્લા એક દાયકાથી આ પ્રવૃતિતનો સારો એવો પ્રસાર થયો છે. એનું અમને ગૌરવ છે.

જ્ઞાતિસેતુ વ્યાપક પ્રસાર અને લોકપ્રિયતાના આ તબક્કે અમને લાગેછે કે એની પ્રગતિની ઉચિત નોંધ લેવાય, જેને ભરોસે અને હૃદયપૂર્વકના સંગાથે આ પ્રવૃત્તિ સંભવ થઈ તે સહુના યોગદાનની સામુહિક કદર થાય. સાથે સાથે 'જ્ઞાતિસેતુ'એ એવી દાયકાભરની મંજીલ પુરી કરી તેનો અને એના અગિયારમાં વર્ષમાં પ્રવેશની સાથે ઉજવણી થાય અને આ અવસર 'જ્ઞાતિસેતુ'ના દાયકાભરના સંભારણા સંચિત થાય જેથી ભાવી પેઢી 'સર અવસરે' એને સંભારે અને આ ઉદ્દેશે જ જ્ઞાતિસેતુનો આ 'સંભારણા' વિશેષાંક આ પ્રવૃત્તિને જેમણે પ્રોત્સાહન આપવું તે વરિષ્ઠો સહયોગ આપ્યો તે સહુ સાથીઓના યોગદાનની નોંધ લે છે. ખરું જોતાં જ્ઞાતિસેતુને આપણી જ્ઞાતિસમસ્તના આબાલવૃદ્ધ સહુ કોઈએ સપ્રેમ સ્વીકાર્યુ છે. એજ સૌથી મોટી વાત છે. એટલે અમદાવાદ જ્ઞાતિના પ્રમુખ તરીકે હું આપ 'સહુનો સાથ'ની આભાર સહ નોંધ લઉં છું.

આપણા સમાજના કુળગુરૂઓ કનચંદ્ર વ્યાસ, સુમનચંદ્ર વ્યાસ, કુળશ્રેષ્ઠીઓ, માનનીય પ્રભુદાસભાઈ, ચંદુભાઈ, અમૃતલાલભાઈ, હરિલાલભાઈ, પ્રેમજીભાઈ તેમજ અન્ય વડીલો આપ સહુએ 'સેતુ'ના પ્રવેશાંક પ્રાગટ્ય પ્રસંગે રૂબરૂ પધારી આશીર્વદ આપ્યા અને અદ્યપી પર્યંત પ્રેરણા અને પીઠબળ આપ્યું છે તેની અમદાવાદ જ્ઞાતિ સાભાર નોંધ લે છે.

કચ્છના પ્રત્યેક ગામ અને શહેરમાં તેમજ દેશમાં મુંબઈ, રાયપુર અન્ય વિસ્તારોમાં આપણા પરિવારો છે, ત્યાં જે જ્ઞાતિસભ્યોએ 'જ્ઞાતિસેતુ'ના પ્રતિનિધિ તરીકે સહયોગ આપ્યો છે તે સહુનો પણ હું આભાર માનું છું.

એક્તાબેન, લત્તાબેન, સુધાબેન, રોહિણીબેન, પી.જી. સોની, અનિલ સોની, ઈશ્વરલાલ હેડાઉ આદિ સહયોગીનું યોગદાન કેમ ભૂલાય ? અમદાવાદ જ્ઞાતિમંડળના સર્વે સદસ્યો જેમણે સેતુ પ્રકાશનને પોતાનું મિશન માન્યું છે એ વાતની પણ અત્રે નોંધ લઉં છું.

અને છેલ્લે છતાં સૌથી મહત્વના પ્રેરકબળ સમાન 'આબાલવૃદ્ધ' વાચકો અને લેખકો જેમણે એને આજ પર્યંત જીવંત રાખ્યું છે તેમનો આભાર માટે શબ્દો ઓછા પડે. અંતમાં સદ્ભાવકોને અષાઢીબીજના અભિવાદન સાથે દશાબ્દી સમારોહ અભિનંદન.

અસ્તુ...

**– રાજેન્દ્ર કે. સોની**

પ્રમુખ, અમદાવાદ જ્ઞાતિ

**મંત્રીશ્રીની મેજ પરથી**

# પરિવર્તનનો એક દાયકો

**અતુલ સોની, માનદ્ મંત્રી - અમદાવાદ જ્ઞાતિ**



વ્યક્તિ હોય કે સમાજ ચડતી પડતી અને પરિવર્તન એક અનિવાર્ય વાસ્તવિકતા છે. ૨૦૦૧નો ભૂકંપ કચ્છ માટે ભયંકર કુદરતી વિપદા હતી. કચ્છમાં વસતા આપણા સમાજના પરિવારો માટે આ દુર્ઘટના વ્રજઘાત સમાન બની રહી. આપત્તિમાંથી બહાર આવવા અને ફરી ઠરીઠામ થવામાં સૌ જહેમત ઉઠાવી રહ્યા હતા. વ્યક્તિ અને પરિવારની માફક આપણા સમાજનું મનોબળ પણ દુર્બળ થઈ ગયું હતું.

આપત્તિ હંમેશા કંઈને કંઈ બોધપાઠ આપતી જાય છે. ભૂકંપબાદ પુનઃવસન અને સહાયતા કાર્યમાં એક વાત બહાર આવી કે એક સમાજ તરીકે આપણે આપણી મજબુત ઓળખ સ્થાપી શક્યા નહતા. અન્ય સમાજની સરખામણીમાં અનેક કારણોવશ આપણે સમાજના પરિવારોને પુનઃવસનની યોજનાના લાભો અપાવવામાં ધાર્યા મુજબ સફળ થઈ શક્યા નહીં. આ સ્થિતિ જ એવી હતી કે કોઈને દોષ આપી શકાય જ નહીં. આ બાબતનો એક છુપો રંજ હતો થોડી નિરાશા પણ વ્યાપી હતી. પરંતુ આજ કારણોએ સમાજને ફરી સુસંગઠિત થવા અને ઉભા થઈ અને મજબુત થવા શક્તિ પણ આપી.

કુદરતી આફત સમયે સમાજના પરિવારોના ખબર અંતર જાણવા તેમને હૂંફ આપવાના વિચારથી અમદાવાદ જ્ઞાતિના યુવા કાર્યકરોના મનમાં સમાજમાં પરસ્પર સંવાદ માટે કોઈ માધ્યમ જેવું મુખપત્ર ચાલુ કરવાનો એક બીજ રોપાયું. કચ્છ અને બહાર વસતા સમાજ અગ્રણીઓ સાથે સમગ્ર પ્રક્રિયા દરમિયાન એક વાત ધ્યાન પર આવી કે કેટલાક સ્થળે આપણો સમાજ સંગઠિત છે પરંતુ જ્ઞાતિ સંસ્થા વચ્ચે તેમજ વિવિધ સમાજ અગ્રણીઓ વચ્ચે પરસ્પર સંપર્કનું અલ્પ પ્રમાણમાં છે.

અમદાવાદ જ્ઞાતિ દ્વારા સ્આજ સમયગાળામાં એટલે કે વર્ષ-૨૦૦૪માં 'જ્ઞાતિસેતુ' મુખપત્ર શરૂ થયું. પ્રારંભિક થોડી મુશ્કેલીઓ બાદ 'જ્ઞાતિસેતુ' સર્વત્ર સ્વીકાર્ય બની શક્યું તેનું કારણ હતું સમાજમાં આવા સંવાદના સાધનની જરૂરિયાત હતી. ત્યારબાદ સમાજમાં જે પરિવર્તનના પગરણા થયા તેને સાક્ષીભાવે નિહાળી અને બનતા બનાવોને સમાજમાં પ્રસ્તુત કરવાનું દાયિત્વ 'જ્ઞાતિસેતુ' એ સ્વીકારી આ પરિવર્તનને સમાજના હર પરિવાર અને વ્યક્તિ સુધી પહોંચાડવાની હામ ભરી.

આ દાયકા દરમ્યાન સમગ્ર સમાજમાં ઘણા પરિવર્તન થયા. કેટલાક વરિષ્ઠ અને અગ્રણીઓને આપણે ગુમાવ્યા. ભુજ જ્ઞાતિ શિરોમણી સ્વ. જટુભાઈ વેલજી ચનાણી અને જ્ઞાતિ સમાજ માટે બેવડા આઘાત સમાન રહી. અંજારના વડીલશ્રી શામજી બાપાના અવસાનથી સમાજે સક્રિય વ્યક્ત ગુમાવેલ છે. સંસાર ચક્રના એક ભાગરૂપે આ સ્વીકારવું રહ્યું.

આ દાયકા દરમ્યાન સમાજ સૌપ્રથમ વખત અખિલ ભારતીય ક્ષેત્રે સુસંગઠિત થયો મહામંડળની રચના થઈ. શ્રી પ્રભુદાસભાઈના નેતૃત્વમાં સમાજમાં એકતાની ભાવના સુદ્રઢ થઈ દાયકાપૂર્વેની સ્થિતિએ જોઈએ તો હાલમાં આપણો સમાજ ખૂબ મજબુત રીતે પોતાની ઓળખ અખિલ ભારતીય ક્ષેત્રે પ્રસ્થાપિત કરી શકેલ. દાયકા દરમ્યાન સામાજીક નેતૃત્વમાં પરિવર્તનો થયા તેમાં દરેક સ્થળે યુવા નેતૃત્વ આગળ આવી સમાજને લીડ કરતા થયા છે અને તેમના જોશ અને જોમનો લાભ સમાજને મળતો થયો છે તે સૌથી હકારાત્મક સંકેત છે.

મારી દ્રષ્ટિએ આપણા સમાજની આ દાયકા દરમિયાન સૌથી મોટી ઉપલબ્ધિ વિવિધ સ્થળોએ સામાજીક કાર્યોમાં મહિલાઓની ભાગીદારી વધી તે ગણી શકાય. માત્ર અંજાર-ભુજમાં જ નહી નાના-મોટા ગામ અને શહેરોમાં મહિલા મંડળ પ્રવૃત્ત થયા એજ ગૌરવપ્રદ છે. દાયકા દરમિયાન શિક્ષણ ક્ષેત્રે સમાજે સારી પ્રગતિ કરેલ છે. આજે સમાજનો ગઈકાલનો એક વિદ્યાર્થી આજે આઈએએસ ઓફિસર છે. મેડીકલ ક્ષેત્રે અભ્યાસ કરનાર વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓની સંખ્યા વધી છે. વિશેષતઃ એન્જીનીયરીંગ ક્ષેત્રે સમાજના ઘણા વિદ્યાર્થીઓ તેજસ્વી કારકિર્દી બનાવી છે. સમાજના કેટલાક યુવાનો અમેરિકા, ઓસ્ટ્રેલિયા, યુકે. વિવિધ દેશોમાં ઉજ્જવળ કારકિર્દી સાથે સન્માનીય સ્થાન પ્રાપ્ત કરેલ છે.

'જ્ઞાતિસેતુ'ના તંત્રી તરીકે સમસ્ત સમાજમાં થયેલ પરિવર્તનનો નજીકથી નિહાળવાનો સદ્ભાવ પ્રાપ્ત થયેલ છે. 'જ્ઞાતિસેતુ'ના યોગદાન વિશે વખતોવખત કહેવાયું અને લખાયું છે. 'જ્ઞાતિસેતુ'ના એક દાયકાન પ્રકાશનથી સમાજને કંઈ લાભ થયેલ છે કે નહી તે નક્કી કરવાનું કાર્ય સેતુના વાચકો અને સમાજના મોભી પર છોડી દેવું જોઈએ. સમાજમાં પરિવર્તનની પ્રક્રિયા સતત ચાલુ રહેવાની છે. સામાજીક ક્ષેત્રે આપણે હજુ ઘણું કરવાની બાકી છે.

અંતમાં 'જ્ઞાતિસેતુ'ની વેબસાઈટ વર્ષમાં ૨૦૦૮માં શરૂ થઈ ત્યારથી ટાઈટલમાં એક સૂત્ર લખાયેલ છે. 'Let's unite and prosper' સૌ સાથે મળીએ અને વિકસિત થઈએ' તેને યાદ કરી વિરમું છું.

**એકતા કટ્ટા**

साहित्यसङ्गीततुभाविहीन: साक्षात्पशु: पुच्छविषाणहीन: ।
तृणं न खादन्नपि जीवमान: तद् भागधेयं परमं पशूनाम् ॥

સાહિત્ય, સંગીત અને કલા વિનાનો (માણસ) પૂંછડા અને શિંગડા વગરના સાક્ષાત્ પશુ સમાન છે તે જીવતો હોવા છતાં ઘાસ ખાતો નથી એ પશુઓનું મોટું ભાગ્ય છે.

સાહિત્ય, સંગીત અને કલાનું માણસના જીવન ઘડતરમાં અદકેરું મહત્વ છે. તેનું ઉલ્લેખ આ સુભાષિતમાં થયું છે. માણસ સભ્ય અને સુસંસ્કૃત બની આજે સૃષ્ટિનાં સર્વોત્તમ રચના કહેવાય છે તેનું મૂળમાં આ ત્રણેય તત્ત્વ રહેલા છે.

માણસ અને પશુ વચ્ચેનો તફાવત શું છે ? અનાહાર, ભય, નિંદર અને વંશવૃદ્ધિ એ પૃથ્વી પરના તમામ જીવોના મૂળભુત ગુણધર્મો છે. ત્યારે 'સુસભ્યતા' જ માણસને સર્વોત્તમ બનાવે છે. આદિકાળનો માણસ પશુઓ સમાન જ જીવન જીવતો હતો. તેનું આહાર પશુ જેવું જ હતું. તે પણ પશુ જેમ જ ગભરૂ અને ભયભીત રહેતો, પોતાની શક્તિઓથી અજાણ થઈ અસભ્ય જીવન જીવતો. સંસ્કૃતિ અને સભ્યતાના જ્ઞાન થકી જ તે પોતાની શક્તિઓને પારખી સર્વોત્તમ બની શક્યો.

સાહિત્ય, સંગીત અને કલા સભ્યતા-સુસંસ્કૃતિના મૂળ છે. આ ત્રણેય તત્વો થતી જ સભ્યતા ઉદય પામી. જેમ જેમ માણસના જીવનમાં આ ત્રણેય તત્વોના મૂળ ઊંડા ઉતરતા ગયા તેમ તેમ માણસનું જીવન વિકાસ પામી સર્વશ્રેષ્ઠતા અને આધુનિકતા પામતો ગયો માણસમાં રહેલી અનહદ શક્તિઓ વિસ્તૃત ફલક પામી ઉચ્ચતાનાં શિખર સર કરતી રહી.

આ ત્રણેય તત્વોમાં સુભાષિતકારે 'સાહિત્ય' ને પ્રથમ સ્થાન આપ્યું છે. માત્ર એક કલ્પના કરી જોઈએ કે આ સાહિત્યનું અસ્તિત્વ આપણા જીવનમાં ના હોત તો ? પોતાની ઓળખ પોતે જ મેળવી ના શકત ! સાહિત્યન જ્ઞાનનું પર્યાયવાચીકહી શકાય. માત્ર અક્ષરજ્ઞાન અથવા શબ્દરૂપ સુધી જ સાહિત્યનું અર્થઘટન કરવું યોગ્ય નથી. કેમકે સમયાંતરે સાહિત્યનાં રૂપોમાં ફેરફાર થતાં રહે છે જે જીવનમાં જ્ઞાનને વિકસાવે તેને સાહિત્ય કહી શકાય.

**આજે આનંદની વાત એ છે કે આપણા સમાજમાં કલા, સંગીત ઉપરાંત સાહિત્ય ક્ષેત્રે લોકોની રૂચિ વધેલ છે. આ વાતનો પુરાવો 'જ્ઞાતિસેતુ'ના એક દાયકાના પ્રકાશન દરમ્યાન લેખકો/કવિઓને સમાજે માત્ર સ્વીકારેલ જ નથી પણ સન્માનિત પણ કરેલ છે.**

## પ્રભુપ્રેમ

કાન બંધ કરૂં તોય ધ્વની સંભળાય છે.
હૈયુ ચડે હિલોળે જો અશ્રુ વહી જાય છે,
આંગણે વાટું જોઈ થાકું, એ ભીતર લપાઈ જાય છે.
ઓલો જશોદાનો છૈયો કો'ક કપટ કરી જાય છે..
ગીરધરની બંસીમાં રામનામ રેલાય છે,
'મીરા' અને શબરીમાં શું ફર્ક દેખાય છે ?
આ અયોધ્યાની ભરબજારે મન વૃંદાવન બની જાય છે.
આજેય મારા કામમાં ચોર માખણ ચોરી જાય છે...
દ્રષ્ટિ ભલેને ન મળે છતાં બધે જ લાલો દેખાય છે,
સીતાનો ભરથાર મારા કાજ સુધારી જાય છે,
મને યાદ માત્રમાં અજાણ્યો સ્પર્શ સ્પર્શી જાય છે,
ક્યાંક મારો વા'લો સંતાકુકડી રમી જાય છે..
ત્રિભુવનનાથ ફક્ત તાંતણે બંધાય છે,
અનંત કોટી વ્યાપ્ત નાનકડા હૃદયમાં કેદ થઈ જાય છે,
બે અશ્રુટીપે એ મારો થઈ જાય છે,
સિદ્ધ થયું ! પ્રભુ પણ ભક્તના પ્રેમમાં બાવરો બની જાય છે...

**સોની પ્રિન્સી એન. 'મીરાં' - નખત્રાણા**

શુભેચ્છા સંદેશ

## શ્રી અખિલ ભારતીય કંસારા સોની જ્ઞાતિ મહામંડળ



મને એ જાણીને હર્ષ થયો કે, આપણા સમાજના એક માત્ર મુખપત્ર ‘જ્ઞાતિસેતુ’એ એના પ્રકાશનના દસ વર્ષ પુરા કર્યા અને અગિયારમાં વર્ષમાં પ્રવેશ કરી રહ્યું છે.

ગત દસ વર્ષો દરમ્યાન જ્ઞાતિસેતુએ આપણા સમસ્ત સમાજની ગતિવિધિઓનું નિષ્પક્ષ સમયાનુરૂપ નિરૂપણ કર્યું છે. આપણા જ્ઞાતિના સર્વે પરિવારોની પરસ્પર ઓળખ વધે એમના સર્વાંગી જ્ઞાનમાં વૃદ્ધિ થાય અને સુસંસ્કારોનું સિંચન થાય તેવી પ્રેરણાદાયક વિગતો ઉજાગર કરી છે.

મને વિશ્વાસ છે કે જ્ઞાતિસેતુ ઉત્તરોત્તર પ્રગતિ કરશે અને આપણા સમાજના પ્રત્યેક પરિવારને નિયમીત મળતું રહેશે.

ભવદીય

**– પ્રભુદાસ ખેતશી સોની**
**પ્રમુખશ્રી**

શુભેચ્છા સંદેશ

## શ્રી સમસ્ત કંસારા સમાજ - ગુજરાત



શ્રી કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિમંડળ - અમદાવાદ દ્વારા પ્રકાશિત થતું ‘જ્ઞાતિસેતુ’ના દશાબ્દી વર્ષ પ્રસંગે હાર્દિક શુભકામના.

‘જ્ઞાતિસેતુ’ એક ઉચ્ચ કોટીનું સામયિક છે. સમાજ સ્તરે આવા સુંદર મુખપત્ર પ્રકાશિત કરવા બદલ ‘જ્ઞાતિસેતુ’ના તંત્રીમંડળ સહિત સમગ્ર ટીમને અભિનંદન. મુખપત્ર દ્વારા સમાજમાં એકતાની ભાવના વિકસે છે. વિવિધ ગોળ ઘટકની પ્રવૃત્તિઓ અને પ્રતિભાઓનો પરિચય થાય છે.

દશાબ્દી સમારોહના કાર્યક્રમની સર્વાંગ સફળતા માટે શુભકામના...

**– ગુણવંતભાઈ ડેલાવાળા**
**પ્રમુખશ્રી**

શુભેચ્છા સંદેશ

## શ્રી સૌરાષ્ટ્ર મારૂ કંસારા કેળવણી મંડળ - અમદાવાદ



સર્વ જ્ઞાતિજનો અને ‘જ્ઞાતિસેતુ’ની ટીમને દશાબ્દી વર્ષની ઉજવણી નિમિત્તે હાર્દિક શુભકામના.

છેલ્લા દશ વર્ષથી ‘જ્ઞાતિસેતુ’ નિયમીત પ્રકાશીત થાય છે. ‘જ્ઞાતિસેતુ’ના પ્રથમ અંકના વિમોચનનો પણ હું સાક્ષી છું અને તેના દરેક અંકનો નિયમીત વાચક પણ છું. સમાજના દરેક પરિવાર સુધી માહિતી પહોંચાડવાનું ભગીરથ કાર્ય કરનારને અભિનંદન પાઠવું છું.

દશાબ્દી સમારોહના કાર્યક્રમની સર્વાંગ સફળતા માટે શુભકામના...

**– નવનીતભાઈ કંસારા**
**પ્રમુખશ્રી**

**જ્ઞાતિસેતુને હાર્દિક શુભેચ્છા : પ્રાણલાલ નરભેરામ સોની પરિવાર - અમદાવાદ**

## શુભેચ્છા સંદેશ



શ્રી 'જ્ઞાતિસેતુ' ના પ્રથમ અંકનું વિમોચન શ્રી પુણ્યકારી પુરૂષોત્તમ માસના પવિત્ર દિવસે ઝરમર ઝરમર વર્ષાદિના પુણ્યકારી સમયે થયું હતું.

એ પુણ્યકારી દિવસે શ્રી 'જ્ઞાતિસેતુ'ને પ્રાપ્ત થયેલ શ્રી પુરૂષોત્તમ ભગવાનના આશીર્વાદનથી આજે તેના નિયમિત પ્રકાશનને દસ વર્ષ પુર્ણ થાય છે, તે જાણી ખૂબ જ આનંદ થયો.

શ્રી મહાકાલી માતાજીની કૃપાથી આ જ્ઞાતિસેતુ ખરા અર્થમાં જ્ઞાતિજનોને જોડનાર સેતુ અને સમાજની એકતા સંપર્ક બન્યું છે. જેની ફલશ્રુતિ સ્વરૂપે જ ખેડબ્રહ્મા ખાતે સમસ્ત જ્ઞાતિજનોની એક ચિંતન શિબિર યોજાઈ અને તેમાં સમસ્ત કચ્છી મારૂ કંસારા સોનીના મહામંડળની સ્થાપના થઈ.

પ્રવર્તમાન સમયમાં આ મહામંડળ તરફથી જ્ઞાતિના સર્વાંગી વિકાસ અને હિત માટેના અનેક કાર્યો થઈ રહ્યા છે તેના પાયામાં જ્ઞાતિસેતુનું યોગદાન રહેલું છે.

જ્ઞાતિસેતુ દ્વારા સમસ્ત કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિના સર્વેજનોના સર્વાંગી ઘડતરમાં સબળ માર્ગદર્શન અપાય તેવી આશા રાખું છું. આ માટેના આપના પ્રયત્નો અને પુરૂષાર્થ સફળ નીવડે તે માટે મારી હાર્દિક શુભેચ્છા પાઠવું છું.

શ્રી જ્ઞાતિસેતુના દશાબ્દિ મહોત્સવ પ્રસંગે જ્ઞાતિસેતુ પ્રકાશનનો આપનો આ ભગીરથ પ્રયાસ ઉત્તરોત્તર ખૂબ જ પ્રગતિ કરે અને તેના દ્વારા જ્ઞાતિ નવસંસ્કરણનો હેતુ સિદ્ધ થાય એજ અભ્યર્થના.

**– ગોર સુમનલાલ ત્રં. વ્યાસ**

## શુભેચ્છા સંદેશ

**કનકચંદ્ર સી. વ્યાસ**



સમાજના મુખપત્ર 'જ્ઞાતિસેતુ' ના પ્રકાશનના દશ વર્ષ પુરા કરી ૧૧માં વર્ષમાં પ્રવેશ કરે છે ત્યારે મારી હાર્દિક શુભેચ્છા પાઠવું છું અને સેતુની સમગ્ર ટીમને ભગવત્ સ્મરણ સાથે મારા સુભાશિષ આપું છું.

દશ વર્ષ પૂર્વે જ્ઞાતિ સેતુનો પ્રથમ અંક શરૂ થયો તે સમારોહમાં હું હાજર રહેલ મુખપત્ર સેતુ માટે તે સમયે જે આશાઓ અને અપેક્ષાઓ રાખવામાં આવેલ તે પૂર્ણ કરવામાં સેતુ સફળ રહ્યો છે. દિવસે દિવસે તે સમાજમાં વધુને વધુ પ્રિય બની રહ્યું છે. જ્ઞાતિના દરેક વ્યક્તિમાં પરસ્પર સ્નેહ પ્રસ્થાપિત થાય તેવા સેતુના પ્રયાસ રહ્યા છે.

ફરી એકવાર સેતુને હાર્દિક અભિનંદન.

**જ્ઞાતિસેતુને હાર્દિક શુભેચ્છા : મોહનલાલ મહિયા પરિવાર - અમદાવાદ**

# શ્રી અખિલ ભારતીય મારૂ કંસારા સોની જ્ઞાતિ મહામંડળ



જ્ઞાતિ સેતુનાં દશાબ્દી મહોત્સવ પ્રસંગે હાર્દિક શુભકામના

શ્રી કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિ અમદાવાદ દ્વારા પ્રકાશિત થતું જ્ઞાતિનું મુખપત્ર 'જ્ઞાતિ સેતુ' ને દસ વર્ષ પૂર્ણ થતાં તેની દશાબ્દી મહોત્સવની ઉજવણી આગામી અષાઢી બીજના ભુજ મુકામે યોજવામાં આવી રહી છે. ત્યારે છેલ્લાં દસ વર્ષમાં મુખપત્રના માધ્યમથી એક સેતુ બાંધવાનો પ્રયત્ન અભિનંદનને પાત્ર છે. આપણે પરસ્પર એક બીજાને ઓળખીએ, જાણીએ અને તેનું ચિંતન કરીએ.

સમાજના પ્રત્યેક ઘરે આ અંક જવું જ જોઈએ. આપને ત્યાં પ્રસંગ હોય ત્યારે જ્ઞાતિસેતુને યોગદાન આપીએ તો જ આ કાર્ય લાંબા ગાળા સુધી અવિરત ચાલુ રહે. આવો આપણે સાથે મળી આ અંગે જરૂર ચિંતન કરીએ અને સૌ સાથે મળી સમાજને યોગ્ય દિશા તરફ લઈ જઈએ. તેવી સમયની માંગ છે.

આજે આપણી જ્ઞાતિના લોકો વારસાગત ધંધે વળ્યાં નથી, પરંતુ વિવિધ ક્ષેત્રમાં તેમનું યોગદાન છે ત્યારે એક કલ્પના એવી પણ છે કે વેપારક્ષેત્રે, સામાજીક ક્ષેત્રે, ઔદ્યોગિક ક્ષેત્રે, રાજકીય ક્ષેત્રે અથવા સરકારી નોકરીમાં જોડાયેલ જ્ઞાતિજનો તેમજ શહેરી જીવનમાં જોડાયેલ લોકોનો પણ એક સંમેલન થવું જોઈએ.

જ્ઞાતિના ઘણા વિદ્યાર્થી અને વિદ્યાર્થીનીઓએ પોતાનું કૌશલ્ય બતાવી અભ્યાસમાં સારા ગુણાંક મેળવી સમાજનું ગૌરવ વધારેલ છે. ત્યારે પ્રસંગને ઉચિત સમયે આવા વિદ્યાર્થી ભાઈ-બહેનો બીજા માટે પ્રેરણાદાયક બને તે માટે પણ યોગ્ય સમયે સંમેલનનું આયોજન થવું જોઈએ.

જ્ઞાતિના વિવિધ યુવક મંડળો, મહિલા મંડળોનું સંકલન કરી વિચારોની આપ-લે માટે ચિંતન શિબિર થવી જોઈએ. સમુહલગ્ન અને પરિચય મેળો પણ એક આવકારદાયક પગલું છે. પસંદગી મેળાનું માધ્યમ 'જ્ઞાતિસેતુ' થાય તો તેનું પરિણામ જરૂર સારું આવી શકે.

રાજકીય ક્ષેત્રે સક્રિય આપણા જ્ઞાતિજનોએ વાદ-વિવાદને પડખે મૂકી સરકાર પાસેથી સામાજીક, શૈક્ષણિક પછાત વર્ગની માંગણી બુલંદ બનાવવી જોઈએ.

મહિલાઓને પણ ધંધામાં ભાગીદારી ઉભી કરી, તે સ્વમાનભેર આજીવિકા મેળવી શકે તે માટે મળતાં સરકારશ્રીના લાભો જરૂરી છે. જુના અને નિવૃત જ્ઞાતિના સરકારી કર્મચારીઓ અધિકારીઓનું માર્ગદર્શન અને સહયોગ સમાજના સંગઠનમાં મહત્તમ ઉપયોગ કરવો જોઈએ. વિચારધારા થી વિચલિત ફોક થતાં સગપણો અને લગ્ન વિચ્છેદ ને રોકવા મહિલા અને યુવાનોમાં જાગૃતિ લાવવી જરૂરી છે.

અંતે તો આપણા વડિલોના સખત પરિશ્રમ દ્વારા મળેલ રોટલો જ ખાઈએ છીએ. હાલે યુવાનો શો રૂમમાં બેસતા થયાં જેથી શ્રમની વ્યાખ્યા જ ભુલાઈ ગઈ છે. ત્યારે આવા પ્રિન્ટ મીડિયા દ્વારા આપણે પરસ્પર મળી શકીએ છીએ.

દશાબ્દી કાર્યક્રમને સફળતા મળે એવી હાર્દિક શુભકામના.

**- હેમેન્દ્ર કંસારા**

સંગઠન મંત્રી,

શ્રી અખિલ ભારતીય કંસારા સોની જ્ઞાતિ મહામંડળ

**જ્ઞાતિસેતુને હાર્દિક શુભેચ્છા : ગં.સ્વ. સુશીલાબેન જમનાદાસ મહિયા પરિવાર - અમદાવાદ**

**શુભેચ્છા સંદેશ**

## શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ ટ્રસ્ટ - ભુજ

**દિલીપભાઈ કાનજીભાઈ બગ્ગા**



શ્રી કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિનું એકમાત્ર મુખપત્ર 'જ્ઞાતિસેતુ' જ્યારે દશાબ્દિ પૂર્ણ કરી ભુજને આંગણે તા. ૨૯-૬-૨૦૧૪ રવિવારે ટાઉનહોલ મધ્યે અગિયારમી વર્ષગાંઠ ઉજવવા જઈ રહ્યું છે ત્યારે હું જ્ઞાતિસેતુની સમગ્ર ટીમને હૃદયપૂર્વકના અભિનંદન પાઠવું છું. તેમજ અષાઢી-બીજ વાદળને વીજની જેમ રોમાંચપૂર્વક આવકારું છું.

'જ્ઞાતિસેતુ' દ્વારા છેલ્લા દસ વર્ષથી જે અમુલ્ય યોગદાન સમાજને મળી રહ્યું છે તે ખરેખર અદ્‌ભુત છે. સમગ્ર સમાજના જ્ઞાતિજનો એકબીજાની નજીક આવી રહ્યા છે. પરસ્પરના પરિચયથી વિકાસ થઈ રહ્યું છે. સમાજમાં જાગૃતિ તેમજ સંઘભાવનાનું પગરણ થઈ રહ્યું છે. લોકો સંકુચિતતાના માહોલમાંથી બહાર નીકળી સમય સાથે તાલ મિલાવી પરસ્પરના સહયોગ દ્વારા વિકાસની ક્ષિતિજો તરફ નજર કરતાં થયાં છે. સમાજના દરેક ઘટકો, તમામ વર્ગના જ્ઞાતિજનો એકબીજાને ઓળખી વધુને વધુ નજીક આવ્યા છે. જેનું એકમાત્ર શ્રેય કોઈને જઈ શકે તેમ હોય તો તે જ્ઞાતિસેતુને જાય છે. તેઓ સમાજસેવા દ્વારા ઉત્તમ દ્રષ્ટાંત પુરું પાડી રહ્યા છે. ઉપરાંત સમાજનું ઋણ ચૂકવવાનું ઉત્તરદાયિત્વ નિભાવી રહ્યા છે.

કોઈપણ સમાજના વિકાસ માટે જે અનિવાર્ય અંગો હોય તો તે શિક્ષણ, આરોગ્ય, આર્થિક ઉત્થાન તેમજ પરસ્પર સંવાદ સ્થપાય તેવા સેમીનારો... આ તબક્કે હું સમગ્ર મારૂ કંસારા સોની જ્ઞાતિના તમામ જ્ઞાતિજનોને અપીલ કરું છું કે જ્ઞાતિસેતુનો હેતુ ત્યારે જ સફળતાની ચરમ સીમા પ્રાપ્ત કરશે જ્યારે આપણે બધા જ ખભેખભા મિલાવી તન, મન, ધનથી સહયોગ આપશું. સમાજનું બુદ્ધિધન વધુને વધુ તેમાં જોડાઈ આ સેવાયશમાં આહુતિ આપે. ખાસ તો તમામ યુવકમંડળો - મહિલા મંડળો સક્રિય ભાગ ભજવતાં થાય તો સોનામાં સુગંધ ભળશે. સમગ્ર ભારતમાં તમામ જ્ઞાતિજનોને ઘેર 'જ્ઞાતિસેતુ' પહોંચે તે જોવું પડશે.

ફરીને જ્ઞાતિસેતુ પરિવારને ખૂબ ખૂબ અભિનંદન તેમજ આવનારા સમયમાં તે વધુને વધુ વિકસે, વિસ્તરે તેવી શુભકામના સહ....

**શુભેચ્છા સંદેશ**

## શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ ટ્રસ્ટ - અંજાર



શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ મંડળ, અમદાવાદ દ્વારા દસ વર્ષ અગાઉ સમગ્ર જ્ઞાતિને વૈચારિક ભાથું આપવાના ઉમદા પ્રયાસનો પ્રારંભ એક-મેક ને ઓળખવાનો, 'જ્ઞાતિ સેતુ'નાં રૂપે થયેલ જે આજે સમગ્ર જ્ઞાતિ માટે માત્ર વૈચારિક ભાથું પીરસનાર માધ્યમ ન રહેતાં સમગ્ર જ્ઞાતિનું વાસ્તવિક પ્રતિબિંબ ઉપસાવનાર 'અરિસા' સમ આવશ્યક તત્વ બની ગયું છે. એક સામાન્ય જ્ઞાતિજનથી લઈ વિવિધ જ્ઞાતિ મંડળના વ્યવસ્થાપકો-સંચાલકો સુદ્ધાં પોતાનાં વિચારો પ્રકટ કરી વાસ્તવમાં એક-મેક ને ઓળખી શક્યા છે. જેથી સમગ્ર જ્ઞાતિમાં એક્તા વધતા જ્ઞાતિ વિકાસના પંથે આગળ વધી રહેલ છે. તે બદલ 'જ્ઞાતિ સેતુ' ટીમને માત્ર શાબ્દિક અભિનંદન પાઠવવું ઘણું ઓછું પડે.

વિવિધ વિશેષાંકોના પ્રકાશન દ્વારા જે તે ક્ષેત્રની 'તસ્વીર-એ તાસીર' રજૂ કરી સમયોચિત ફેરફારો અંગે ન માત્ર મજબૂત રજૂઆતો થઈ બલ્કિ પ્રારંભિક પ્રયાસો પણ જ્ઞાતિ સેતુ દ્વારા થયાં જે વિશેષતઃ વિવિધ જ્ઞાતિ ઘટકોનાં ટ્રસ્ટી મંડળો માટે વિવિધ કાર્ય ક્ષેત્રે દીવા-દાંડી રૂપ સિધ્ધ થયેલ છે. અગાઉ "સ્વર્ણિમ-સમાજ" વિશેષાંક દ્વારા સમગ્ર જ્ઞાતિની વાસ્તવિક્તા પ્રકટ થયેલ તે મુજબ જ 'દશાબ્દિ વિશેષાંક' પણ જ્ઞાતિના વિવિધ પાસાંઓનો ચિતાર આપતો કાયમી સંગ્રહ કરવા યોગ્ય બની રહેશે. અંજાર જ્ઞાતિ ટ્રસ્ટ જ્ઞાતિ સેતુ 'દશાબ્દિ વિશેષાંક'ના પંથે આગળ ધપી સમાજનો અવાજ બની રહે તેવી, શ્રી મહાકાળી માતાને પ્રાર્થના....

**સોની રાજેશ કેશવલાલ**

**પ્રમુખ-શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ અંજાર**

**જ્ઞાતિસેતુને હાર્દિક શુભેચ્છા : શાંતિલાલ નરસિંહભાઈ સોની પરિવાર - અમદાવાદ**

**શુભેચ્છા સંદેશ**

## શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ - નખત્રાણા



'જ્ઞાતિસેતુ' અમદાવાદ જ્ઞાતિમંડળ પ્રકાશિત કરે છે જુન ૨૦૧૪માં 'દશાબ્દિ વિશેષાંક' બહાર પાડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે આ કાર્યને હાર્દિક શુભેચ્છા.

જ્ઞાતિસેતુના માધ્યમથી જ્ઞાતિને એકસૂત્રે બાંધી સંગઠનના કાર્યમાં મહત્વનું યોગદાન પુરું પાડવામાં આવી રહેલ છે. તે માટે અમદાવાદ જ્ઞાતિમંડળને ધન્યવાદ છે.

તથા જ્ઞાતિ સેતુને મુખ્યતંત્રી શ્રી હંસરાજભાઈ કંસારાનો તંત્રી તરીકેના અનુભવનો લાભ ખુબ સારી રીતે મળી રહેલ છે તેમની સાથે શ્રી અતુલભાઈ સોની, શ્રી મનુભાઈ કોટડીયા વિગેરેનો સહકાર સાંપડી રહેલ છે. તેમની પણ સમાજે નોંધ લેવી રહે છે. સમાજને એક સૂત્રે બાંધવાનું ભગિરથ કામ અમદાવાદ ખાતેના જ્ઞાતિ મારફ્ત તંત્રી મંડળ સાથે સક્રિયતાથી આગળ વધી રહેલ છે તો સમાજનાં દરેક કુટુંબની ફરજ બની રહે છે કે દરેક કુટુંબે જ્ઞાતિ સેતુનું લવાજમ ભરીને શ્રી કચ્છી મારૂ કંસારા-સોની સમાજની ગતિવિધીથી માહિતગાર રહી શકાય અને સમાજમાં દિકરા દિકરીના સંબંધો સમાજમાં જ થતા રહે તેવી આપણા કુળદેવી મા કાળકાને પ્રાર્થના કરીએ અને સમાજ ઐક્ય રહે સદ્ભાવના સદ્બુદ્ધિ પૂર્વક પ્રગતિના સોપાન સર કરીએ. અને આપણા સમાજને સનિષ્ઠ, કાર્યકુશળ, સમાજોપયોગી અને સમાજને એકસૂત્રે બાંધી રાખે તેવા સમાજના આગેવાનો ઘટકોથી માંડી દરેક ક્ષેત્રે મળતા રહે. એવી શુભ કામના સાથે 'જ્ઞાતિ સેતુ' આગળ વધે અને પ્રગતિ કરતું રહે તેવી શુભકામના.

**શ્રી કિશોરભાઈ એલ. કોટડીયા**
**મહામંત્રી**

**શ્રી હિરાલાલ એમ. બગ્ગા**
**પ્રમુખ**

**શુભેચ્છા સંદેશ**

## શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ - માંડવી



સમગ્ર સમાજને એકસૂત્રે સાંકળતાં 'જ્ઞાતિસેતુ' તેના પ્રકાશનના દસ વર્ષ પૂર્ણ કરી દશાબ્દી ઉજવી રહેલ છે. ત્યારે જ્ઞાતિસેતુની પુરી ટીમને તથા અમદાવાદ જ્ઞાતિને અમારી હાર્દિક શુભકામના...

સમાજમાં સૌ સાથે મળી કાર્ય કરે તો જ સમાજની પ્રગતિ થાય સમાજની એકતા માટે 'જ્ઞાતિસેતુ'ના પ્રયાસો પ્રશંસનીય છે. માતાજી સૌને સારા કાર્યો કરવા શક્તિ આપે એવી શુભેચ્છા...

**— હરેશ નેણશી**

**જ્ઞાતિસેતુને હાર્દિક શુભેચ્છા : સુનિલ શાંતિલાલ બીજલાની પરિવાર - અમદાવાદ**

**શુભેચ્છા સંદેશ**

## શ્રી પશ્ચિમ કચ્છ મારૂ કંસારા સોની મંડળ



જ્ઞાતિ સેતુએ દસ વર્ષમાં ઘણી પ્રગતિ કરી છે. સેતુનાં માધ્યમથી ભારતભરમાં વસતા જ્ઞાતિજનોને જ્ઞાતિ વિશેની માહિતી સેતુ દ્વારા પહોંચતી થઈ છે. જેથી જ્ઞાતિજનોને નજીક લાવવા સેતુએ ખુબ સુંદર કામગીરી કરી છે. હજુ વધુને વધુ પ્રગતિ કરે તેવી શુભેચ્છા પાઠવીએ છીએ.

| લખમસી ઈશ્વરદાસ કોટડીયા | શાંતિલાલ ડી. કટ્ટા | જેરામ ડી. બુધ્ધભટ્ટી |
|---|---|---|
| પ્રમુખ | મહામંત્રી | ખજાનચી |

**શુભેચ્છા સંદેશ**

## શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ - નલીયા



સેતુને ૧૦ વર્ષ પુર્ણ થતાં નલીયા જ્ઞાતિ હર્ષ અનુભવે છે. ઉત્તરોતર વધુમાં વધુ પ્રગતી કરે એવી શુભેચ્છા.

**બાબુભાઈ એમ. સોની**

પ્રમુખ મારૂ કંસારા સોની જ્ઞાતિ નલીયા

**શુભેચ્છા સંદેશ**

## શ્રી મારૂ કંસારા સોની મંડળ, મુંબઈ



આપણી જ્ઞાતિનું એકમાત્ર મુખપત્ર જે દશ વર્ષનો થયું છે એ અતિ આનંદની વાત છે. એ મુખપત્રથી આપણને ઘણી જાણકારી મળે છે અમને એ અભિલાષા છે કે વિશ્વમાં વસતા આપણા કચ્છી મારૂ કંસારા સોની ભાઈઓ સુધી મળતો નથી.

વિશ્વ એટલા માટે યાદ આવ્યું કે તા. ૩૧-૫-૨૦૧૪ના મહારાષ્ટ્ર ગુજરાતી મહામંડળ અને સાથે વિશ્વ ગુજરાતી મહામંડળનો રજત જયંતિ મહોત્સવ હતો. ઘણા રજત જયંતિ મહોત્સવમાં ભાગ લેવા બહારથી પણ આવેલ હતા. ગુજરાતી મહામંડળને લીધે એકબીજાના સંપર્ક રહેતા હોય તો આપણો તો મુખપત્ર છે. જ્યાં જ્યાં પહોંચશે ત્યાં ત્યાં જાણકારી મળતી રહેશે 'જ્ઞાતિસેતુ' સાથે સંકળાયેલ આપણા ભાઈઓને ખાસ ખાસ અભિનંદન. જ્ઞાતિસેતુ ઉત્તરોત્તર પ્રગતિ કરતો રહે એજ અભિલાષા.

**જયંતિભાઈ સાકરીયા**

**– પ્રમુખ**

**જ્ઞાતિસેતુને હાર્દિક શુભેચ્છા : સૂર્યકાંત મોહનલાલ સોની પરિવાર - અમદાવાદ**

**શુભેચ્છા સંદેશ**

## શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ મહિલા મંડળ - ભુજ



શ્રી કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિના એકમાત્ર મુખપત્ર જ્ઞાતિસેતુ દશાબ્દી ઉત્સવ ઉજવાઈ રહ્યો છે તે જાણી હર્ષની લાગણી અનુભવું છું. જ્ઞાતિસેતું આપણા સ્વર્ણિમ સમાજનું વિશિષ્ટ આગવું મુખપત્ર છે. જેમાં આપણા સમાજનાં અતિત, વર્તમાનના પ્રતિબિંબ ઝીલાયા કરે છે. આપણા પૂર્વજોએ રોપેલા સંસ્કાર, મીઠા સંબંધો, પ્રેમ, સહકાર સંપના ગુણોને ઉજાગર કરવામાં જ્ઞાતિસેતુ હંમેશા અગ્રેસર રહ્યું છે.

જ્ઞાતિસેતુના વિશેષાંકો વડીલ વંદના, વ્યસાય તેમજ સ્વર્ણિમ સમાજ, રાયપુર અને સાબરકાંઠા વિશેષાંક, હોય કે મહિલા સશક્તિકરણ વિશેષાંક જેવા અનેક વિશેષાંકો એ આપણા સમાજના સભ્યને પરસ્પર ખૂબ નજીક લાવ્યા છે. અને દેશના ખૂણે ખૂણેથી નાની મોટી બાબતોથી માહિતગાર કરી જ્ઞાતિસેતુ સમાજની સેવા કરવામાં અગ્રેસર રહ્યું છે.

જ્ઞાતિસેતુના સમસ્ત પરિવરજનોને સમગ્ર ટીમને ખૂબ ખૂબ અભિનંદન. જ્ઞાતિસેતુ દશાબ્દી ઉત્સવ પ્રસંગે શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ મહિલા મંડળ ભુજના હોદ્દેદારો, કારોબારી સભ્યો અને સદ્સ્યો જ્ઞાતિસેતુની હરણફાળ ભરતી પ્રગતિ માટે શુભેચ્છા પાઠવતાં આનંદની લાગણી અનુભવે છે.

જ્ઞાતિસેતુની સમસ્ત ટીમને શુભપ્રસંગે હાર્દિક અભિનંદન.

**રોહિણીબેન બુધભટ્ટી** — મંત્રી

**લતા સોલંકી** — પ્રમુખ

**શુભેચ્છા સંદેશ**

## આપણી જ્ઞાતિનું ગૌરવ 'જ્ઞાતિસેતુ'



જ્ઞાતિસેતુ મુખપત્રને દસ વર્ષ થઈ ગયા, દશાબ્દી વર્ષ ઈજવાઈ રહ્યું છે તે ગૌરવની વાત છે કોઈપણ કાર્યની શરૂઆત તો થઈ જાય પણ તે કાર્યને ટકાવી રાખવું સરળ નથી હોતું પણ સેતુ પરિવારના દરેક સભ્યોની જહેમતથી સેતુ ટકી જ નથી રહ્યું પણ ઉત્તરોતર પ્રગતિ કરી રહ્યું છે. તે માટે દરેક સભ્યો અભિનંદનને પાત્ર છે. સેતુ પરિવારના દરેક સભ્યો સ્થાનિક જવાબદારી ઉપરાંત આ કાર્ય સુપેરે નિભાવે છે અંજાર મહિલા મંડળ તરફથી દરેક સભ્યોને અભિનંદન તેમજ ઉત્તરોતર પ્રગતિ કરતું રહે તેવી શુભેચ્છા.

જ્ઞાતિસેતુ મુખપત્ર એ આપણી જ્ઞાતિની પ્રગતિનું પાયાના પત્થર સમાન રહ્યું છે સેતુની શરૂઆત બાદ મહા મંડળની રચના થઈ તેમજ દરેક શહેરમાં મહિલા મંડળની રચના પણ ત્યારબાદ જ થઈ તે સફળતા સેતુને આભારી છે.

જ્ઞાતિસેતુ મુખપત્ર દ્વારા દરેક શહેરમાં થતી પ્રવૃતિઓની દરેક જ્ઞાતિજનોને જાણ થાય છે. લાંબા સમયથી પોતાના શહેરથી દુર વસતા લોકોને પોતાના શહેરમાં શું પ્રવૃતિઓ થાય છે તેની જાણ થાય છે. તે ઉપરાંત તમામ જ્ઞાતિજનો પોતાનું મંતવ્ય, કવિતા, પ્રવાસનું વર્ણન વાનગીઓ કે અન્ય કોઈ માહિતી પ્રકાશીત કરવા ઈચ્છે તેને સ્વીકારવા અને લખનારને પ્રોત્સાહિત કરવામાં આવે છે.

જ્ઞાતિસેતુ દશાબ્દિ વર્ષ ઉજવણી કરે છે તે શતાબ્દી ઉજવણી સુધી પ્રગતિ પામે તેવી શુભેચ્છા.

**— પિંકીબેન નિખીલભાઈ કટ્ટા**

**જ્ઞાતિસેતુને હાર્દિક શુભેચ્છા : સતિષ રતિલાલ બુદ્ધભટ્ટી પરિવાર - અમદાવાદ**

## શુભેચ્છા સંદેશ



શ્રધ્ધા અને હકારાત્મક અભિગમ તેમજ સમર્પણ ભાવ (જ્ઞાતિજનો માટે)ના સુભગ સમન્વય સમાન જ્ઞાતિસેતુના તંત્રી મંડળ હંસરાજભાઈ, અતુલભાઈ તેમજ મનુભાઈ તેમજ સમસ્ત ટીમને મીતા સોલંકીના અભિનંદન. તેમજ શુભેચ્છા.

દાયકો પસાર થતાં વાર લાગતી નથી, દાયકો બદલાતા ઘણુ બધુ બદલાઈ ચૂક્યું હોય છે. પા-પા પગલીથી શરૂ કરીને દેશ-વિદેશમાં વસતા જ્ઞાતિજનોના દિલમાં સ્થાન પામેલું આપણું 'જ્ઞાતિસેતુ' આજ આકાશમાં ઉડાન ભરી રહ્યું છે.

સમસ્ત સમાજને વૈચારીક રીતે જોડતી કળી બની વિચારોનું આદાન પ્રદાન કરવાનું કાયમી ઠેકાણું બની ગઈ છે. સેતુ મંડળની સમગ્ર ટીમનો જ્ઞાતિજનો માટેનો જે સમર્પણ ભાવ છે, જુસ્સો છે, લગન અને મહેનત છે. તે સન્માન ને યોગ્ય છે.

સમગ્ર જ્ઞાતિજનોને એક જૂથ જોડી રાખનાર જ્ઞાતિસેતુ મારા જેવા અનેક લેખકોના વિચાર વ્યક્ત કરવાનું પ્રબળ માધ્યમ બન્યું છે. કેટલીક વ્યક્તિઓમાં વિચારો વ્યક્ત કરવા માટે વાચા નથી હોતી, સેતુ તેના વિચારો વ્યક્ત કરવાનું, લેખક તરીકે પ્રસ્થાપિત થવાનું, પ્રતિષ્ઠા અને ઈજ્જત બક્ષવાનું કાર્ય તેમજ જાણે-અજાણે અનેક પોઝેટીવ બનાવાનું કારણ બન્યું છે આ જ્ઞાતિસેતુની અનેક લેખકોને પ્રોત્સાહિત કરી વિચારો-માહિતીની આપલે કરી અનેક સ્નેહાળ સંબંધ સ્થાપિત કરવામાં સેતુ સફળ રહી છે. મારા અંતરના આશિષ છે કે વટભેર દશાબ્દી ઊજવી રહ્યા છીએ તેનાથી પણ વિષેષ આવનારી પેઢી શતાબ્દી ઉજવે. ઘણું કર્યું છે, ઘણું કરવાનું બાકી છે, સેતુના અનેક શુભેચ્છકો અને સહયોગીઓના સાથ વડે વડીલોના જરૂરી માર્ગદર્શન હેઠળ સેતુ એ સાતત્ય પૂર્ણ દશાબ્દી ઊજવી રહ્યું છે.

હું નિખાલસતાથી કબૂલ કરું છું કે મારા વિચારોને વ્યક્ત કરવા માટે લેખીકા તરીકે સ્થાપિત કરવા માટે, મારા વડીલબંધુ શ્રી ગુરુ શ્રી પ્રેરણાસ્ત્રોત, તેનજ પીઠબળ આપનાર તંત્રીશ્રી અતુલભાઈ સોનીનું હું જાહેરમાં અભિવાદન અને આભાર વ્યક્ત કરતા ખુશી મેળવી રહી છું કે તેઓએ મને આ લાયક સમજી, મને મીતાંસ કોર્નર રૂપે સ્થાન આપ્યું તે બદલ આભાર.. સુજ્ઞવાચકોનો સ્પેશ્યલ આભાર માનીશ કે તેઓએ અનેક રીતે મને લેખીકા તરીકે બીરદાવી છે. વાચકોના દિલમાં સોફ્ટ કોર્નર મળ્યું છે. મારા આર્ટીકલ્સના પ્રતિભાવો બદલ ફરી આભાર...

આગામી વર્ષમાં વાચકોની અપેક્ષાઓથી વિશેષ આપી શકીએ તેમજ જ્ઞાતિસેતુ દરેક જ્ઞાતિજનોથી આદત બની જાય એવી શુભેચ્છા સાથે બેસ્ટ લક..

**– મીતા એન. સોલંકી**

## શુભેચ્છા સંદેશ



જ્ઞાતિસેતુનાં જન્મદાતા માનનીય તંત્રીશ્રીને ખૂબ ખૂબ અભિનંદન. દશાબ્દી તરફ જઈ રહેલું સેતુ દિન-પ્રતિદિન ભવ્ય ચાહના મેળવી રહ્યુ છે સોની સમાજનાં જ્ઞાતિ સમાચાર ઘેર બેઠા સેતુમાં વાંચી અને ખુબ આનંદ, લાગણી અનુભવાય છે. જે સમાચાર મુંબઈ, અમદાવાદ, રાયપુર, હૈદરાબાદ કે કચ્છનાં હોય જે વાંચીને સમાજ માટે કંઈક કરી બતાવવાની પ્રેરણા મળે છે. આપણા વડિલો કે યુવા વર્ગ, મહિલામંડળ સમાજનાં સુત્રો અને સમર્પિત સુત્રધારો દેશ-પરદેશ વસતાં હોય તે સમાજ ઘટકો એક સુત્રથી બાંધી અને એકતાનો પાયો મજબુત કર્યો છે. વિચારમંચ સમાજને પરિવર્તનમાં લાવી અને ખુબ અગત્યનું કામ કર્યું છે. બીજું સમજણનાં સુર, નારી સશક્તિ કરણ, એકલનારી તું ના હારી અને નાના બાળકો માટે સેતુમાં આવતા ઘણાં લેખ સારાં હતાં  તેનું વર્ણન ન કરી શકાય.

**– શાંતાબેન અમૃતલાલ બારમેડા**

**આજનો વિચાર : આપણને અહંકારી બનાવી દે એવી સિધ્ધિ કરતાં વિનમ્ર બનાવી દે તેવી ભુલ વધુ સારી.**

**બાબુભાઈ એન. સોની-મુંબઈ**







‘જ્ઞાતિસેતુ’ મુખપત્રનો દશાબ્દી મહોત્સવ એટલે આ... આંગણે અનેરો આનંદ
...ી આપણા સમાજના ‘કાશીતીર્થ’ એવ... બીજ મહાપર્વને રોજ
...નામાં સુગંધ, આ પ્રસંગે જ્ઞાતિસેતુન... દન.

...ા બાળકને ગોઠણભેર રળતો, ઓખ... ના હૃદયમાં ઉમંગના
...ે કે હવે થોડા સમયમાં મારો લાડક... ીખશે, પછી માતાની
...ક ઠુમક ચાલશે. પછી દોડશે, માબાપ... ંદ એટલો જ આનંદ
...અંકના પ્રાગટ્ય પ્રસંગે આપ ‘સંપાદક... . અને આજે પોતાની
... દોડતો આ કિશોર ‘જ્ઞાતિસેતુ’ જ... વે છે ત્યારે આપના
સંપાદકમંડળને એક માતા પોતાના બાળકને દોડતો જોઈ હરખાય તેવો હરખ આપતો સર્વેને અવશ્ય થતો હશે. એવું હું અનુભવી રહ્યો છું.

ઉપરોક્ત શુભેચ્છા સંદેશ લખતાં મને એક વિચાર આવ્યો કે સેંકડો વર્ષોથી કચ્છ અને કચ્છ બહાર વસતા આપણા સુજ્ઞ જ્ઞાતિબંધુઓ જે કાર્ય ન કરી શક્યા તે કાર્ય અમદાવાદના હોંશીલા જ્ઞાતિવીરોએ કર્યું તે બદલ આપ સર્વેને હૃદયપૂર્વક લાખો અભિનંદન..


# નક્ષત્ર

**અમારે ત્યાંથી દરેક પ્રકારના રીયલ ગ્રહના નંગ તેમજ ગ્રહના સોના-ચાંદીના પેન્ડલ, વીંટી તથા લેટેસ્ટ રક્ષાપોટલી, પંચમુખી રૂદ્રાક્ષ, પેન્ડલ, માળા અને હનુમાનજીના મેલવાળી ડોડી તથા દરેક પ્રકારના મોમેન્ટો તૈયાર મળશે.**

**સુહાગ સામે, વાણીયાવાડ, રીંગ રોડ, ભુજ-કચ્છ.**

**મો. : ૯૮૯૮૦ ૮૯૧૪૧**

**જ્ઞાતિસેતુને હાર્દિક શુભેચ્છા : સુનિલકુમાર શાંતિલાલ પોમલ પરિવાર - અમદાવાદ**

॥ શ્રી ગણેશાય નમઃ ॥

રમેશભાઈ વી. સોની – મો. ૯૪૨૮૧ ૧૬૨૨૧
હર્ષદભાઈ આર. સોની – મો. ૯૪૨૮૧ ૧૬૧૩૧
નીલેશભાઈ આર. સોની – મો. ૯૪૨૮૧ ૧૬૧૪૧



# શ્રી ત્રિપુરારી જ્વેલર્સ

(એ.સી. શો-રૂમ)

## પ્રો. સોની રમેશભાઈ વેલજીભાઈ

(કચ્છ ઉખેડાવાળા)

**ચાંદીના તથા સોનાના દાગીના બનાવનાર તથા વેચનાર**

ઠે. કચ્છ કડવા પાટીદાર સમાજવાડીથી આગળ, બી-૧, રાજ કોમ્પલેક્ષ,
દેવી સિનેમા પાસે, બેઠક સામે, નરોડા, અમદાવાદ.
ફોન : (ઓ) ૦૭૯-૨૨૮૨૦૪૪૬, (રહે.) ૦૭૯-૨૨૮૨૧૪૨૫

**રવિવારે રજા**


BHARATN.BUDHBATTI
M. 94262 27649
9374310890
BRIJESHB.BUDHBATTI
M. 9925313865
With Best Compliments From
MARWADISH SHARES & FINANCE LTD.
: Franchisee :
B.N.INVESTMENTS
B-21, Ground Floor, Katlra Complex,
R.T.O. Relocation site, NearR.T.O.Circle, Bhuj-Kutch.
Ph. (0)255510,251510 (R)256510,240212
Email: bnsoni@yahoo.com
SONI NANALAL SHIVJI FAMILY



Veljibhai Soni
M. : 98252 32100
Soni Kanji Govindji & Co.
Manufacturer & Dealers in :
Gold & Silver Fancy Ornaments
Lal Bahadur Shastri Road, Anjar, (Kutchh) 370110.
Ph. : (O) 242752, (R) 242711

Prakash Barmeda
Prakash Construction
Carniwal Buildcon Pvt. Ltd.
Carniwal Homes
M. : 9826308208

Heerak Barmeda
08982440000
Heelan Barmeda
09926791555
Heerak Construction

# BARMEDA

## JEWELLER'S

**PRAKASH KUMAR BHAGATLAL BARMEDA**

**44/666, Sadar Bazar. RAIPUR (C.G.) Ph : 0771-2555669**

પ્રકાશભાઈ સોની
નિકુલ સોની

M. : 94288 98444
M. : 97258 66886

# મેસર્સ નર્મદા જ્વેલર્સ

સોના-ચાંદીના દાગીનાનો શો-રૂમ






કસ્ટમ ચોક પાસે, શાસ્ત્રી રોડ,
અંજાર (કચ્છ) ૩૭૦ ૧૧૦.

ફોન : ૨૪૫૧૨૧

# 'અચ્છે દિન આનેવાલે હૈ'

હરિલાલ લખમશી વિશાપરમાર-ઉપપ્રમુખ, મહામંડળ



જ્યારે પૂજા, પૂજ્ય અને પૂજારી એક ભાવાત્મક એકતાથી જોડાઈ જતા હોય ત્યારે ત્રણેની આત્મા એક સ્વરૂપ બની જતી હોય છે ત્યારે ગમે તેટલા વિભિન્ન અંગો હોય તો પણ એક જ શુભ આત્મા પ્રગટતી હોય છે અને આજે જ્ઞાતિસેતુ ટીમ વચ્ચે એક ભાવાત્મક અદ્વિતીય સંબંધ જોડાઈ ચૂક્યો છે જેની આત્મા જ્ઞાતિમાં પ્રસરેલી છે.

સેતુ સંઘર્ષના દશ વર્ષ પછી આજે સમગ્ર જ્ઞાતિજનોના હૈયા સાથે જોડાઈ ચૂક્યું છે. ભાવાત્મકતાને જરા બાજુ પર મૂકીને વાસ્તવિકતા, હકીકત અને પ્રગતિના નક્કર પાસા પર જરા નજર કરીએ કે સેતુએ જ્ઞાતિને શું આપ્યું છે.

સેતુની શરૂઆતથી જ અંગત રીતે સેતુ ટીમ અને જ્ઞાતિ એટલે કે પૂજા, પૂજ્ય અને પૂજારી સાથે જોડાયેસો રહ્યો છું. આદરણીય હંસરાજભાઈ, શ્રી અતુલભાઈ, શ્રી મનુભાઈ જેવા સેતુના સર્જનના પાયાના પત્થરો છે. તે સિવાય પણ જ્ઞાતિના ઘણા યુવાનો, યુવતીઓ અને શ્રેષ્ઠીઓએ સેતુના સર્જનમાં, વિકાસમાં રસ લઈને તન, મન, ધનથી સમૃદ્ધ કરવા પુરતો સહકાર આપ્યો છે.

બેઝીકલી આપણી જ્ઞાતિ, આપણી સંસ્કૃતિ અને આપણી આવડત આ તમામ અલગ અલગ રીતે પથરાયેલા પડ્યા છે જેને 'સેતુ' એ સેતુની ગરજ સારી એક કરવાના સુદૃઢ પ્રયત્નો કર્યા છે અને ઘણા અંશે સફળ રહ્યા છે.

આપણી જ્ઞાતિની આટલી બધી દિકરીઓ આટલા સરસ લેખો, કવિતાઓ, વિભિન્ન રચનાઓ કરી શકે છે એ સેતુ ના હોત તો જાણીને આનંદવાનો અવસર મળત કે કેમ એ શંકા છે.

સેતુએ જ્ઞાતિને લગતા અથવા તો કહીશ કે આપણી સંસ્કૃતિને લગતા ઘણા બધા પાસાઓનો પરિચય આપણા જ સમાજને કરાવ્યો છે. જેનાથી આપણે જ અત્યાર સુધી અવગત નહોતા.

આપણી જ્ઞાતિના રીતરિવાજો, લગ્નપ્રથા, કુટુંબપ્રથા, અલગ નૂખના કુટુંબોની તવારિખ, આપણા બાપીકા, ધંધા વિશે માહિતી, નવા ધંધાઓ અંગે માર્ગદર્શન કોમ્પ્યુટર શીખવા માટેના અભ્યાસપૂર્વક લેખો, લગ્નવિષયક જાહેરાતો, સમાજના દીકરા-દિકરીઓનો પરિચય, જ્ઞાતિના ઉભરતા રત્નોને પ્રોત્સાહિત કરવા જ્ઞાતિના એકેએક ઘરમાંથી પ્રતિભાઓનું સિંચન અને પરિચય સમાજની દિકરીઓ વહુનો તેમની અંદર છુપાયેલી કળા અને સાહિત્યની સરવાણીને વ્યક્ત કરવા માટેનું સદ્ધર પ્લેટફોર્મ 'સેતુ' એ પુરુ પાડ્યું છે જે કદાચ 'સેતુ' ના હોત તો મળત કે કેમ ?

જ્ઞાતિના બુદ્ધિજીવી વર્ગના વિચારો સમાજના દરેક સ્તર સુધી પહોંચવા અથવા બુદ્ધિજીવીઓને એકબીજાથી પરિચિત કરાવતું પ્લેટફોર્મ એટલે 'સેતુ'

ગોમતીબા જેવા વિસરાયેલા વિભૂતીની પુણ્યસ્મૃતિ જ્ઞાતિને અપાવી. આવા જ વિસરાયેલા કે વિસાયેલા એકલવાયા વડીલોની વ્યથા સમાજ સુધી પહોંચાડી પુણ્ય કાર્ય સેતુની દેન છે. જ્ઞાતિના બાળકોની કાલીઘેલી કૃતિઓને પ્રોત્સાહિત કરવા અને પ્રસારિત કરવાનું પુણ્યકાર્ય જે ભવિષ્યના જ્ઞાતિધનને નવો જ આત્મ વિશ્વાસ અર્પી તેમની શક્તિઓને બહાર લાવી શકે 'જે આપણા ઘર દીવડાને ટોડલે મૂકીને તેનો પ્રકાશ ફળિયામાં પ્રસરાવી શકે છે.

ખાસ કરીને સમાજના એક એક વર્ગ સુધી પહોંચાડવાનું ને તમામને એક બંધનમાં બાંધવાની વિચારધારા 'સેતુ' ની જ દેન છે. અને હું માનું છું કે એજ કારણે મહામંડળનું સર્જન થયું છે. મહામંડળના વિચાર સંસ્કરણ 'સેતુ' ની ભાગીદારી છે. સેતુ દ્વારા જ વિચારવિમર્શના બીજ રોપાયા અને મહામંડળનું સર્જન આપણે કરી શક્યા પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સેતુ આમાં સંકળાયેલું છે તેથી 'સેતુ' યશોભાગી ગણાય. એક સમય એવો હતો કે ભુજ, અંજાર કે માંડવી, મુંબઈ કે અમદાવાદ વચ્ચે કોઈ સામજસ્ય ન હતું. જે 'સેતુ' થકી બધા જ ઘટકો સંકળાયેલા રહ્યા છે. જે એક મોટી સિદ્ધિ ગણાય.

વાત કરતા એવું લાગે કે ઘણા બધા (Including myself) કંઈ નવું વિચારી શકતા નથી. અથવા વિચાર આવે તો આપણે કંસારાભાઈ આપણાથી આ ન થાય આવં વિચારીને પાછળ રહી જવાય. કંઈ ફંકશન હોય તો સમયસર પહોંચવામાં અથવા બીજી કંઈ તૃટિ હોય, વ્યવસ્થા બરાબર ન હોય ત્યારે પણ એવું સંભળાય કે આપણા કંસારા સોનીમાં તો આવું જ હોય..

આવું શા માટે આપણે કોઈનાથી ઉતરતાં તો નથી જ. અરે આપણી પાસે જે કળા છે તે બીજી કોઈ જ્ઞાતિ પાસે નથી. છતાંયે આપણે આપણા વિચારોથી જ પાછળ છીએ. આ ગ્રંથિ દૂર કરવામાં 'સેતુ' એ ફાળો આપ્યો છે અને આપતું રહેશે મને વિશ્વાસ છે.

પચીસ, પચાસ વર્ષ પહેલાનો સમાજ અને સેતુના પ્રાર્દુભાવ પછીના દશ વર્ષમાં સમાજમાં મને ઘણો જ તફાવત લાગે છે. આજે સમાજનો કોઈ સભ્ય, કોઈ દિકરી પોતાના વિચારો બેધડક 'સેતુ' મારફત રજુ કરી શકે છે. વિચારોને સમાજ શ્રેષ્ઠીઓ દ્વારા જરૂરી પ્રોત્સાહન મળ્યું છે. એથી ઘણી બધી સુધારાવાદી પ્રવૃત્તિ જ્ઞાતિમાં થઈ રહી છે જે 'સેતુ' ને આભારી છે.

દુનિયા આજે ખૂબ ઝડપથી આગળ જઈ રહી છે. સમાજ સાથે દુનિયા સાથે કદમ મિલાવવા માટે જ્ઞાતિએ ઝડપે આગળ આવવું જરૂરી છે અનિવાર્ય છે. આપણા કરતા પાછળ હોય અભ્યાસમાં, રહેણીકરણીમાં, રીતરિવાજોમાં એવી ઘણી જ્ઞાતિઓ છે. જે મને લાગે છે કે આપણા કરતા આગળ નીકળી ગઈ છે. કારણમાં ફક્ત એક જ વિકાસ પ્રત્યેની ભૂખ અને જ્ઞાતિ માટેની નિષ્ઠા. આપણામાં શું ખૂટે છે તે આપણી જાતમાંથી શોધવું પડશે. જ્ઞાતિને ૧૦૦% સાક્ષર, ૧૦૦% Business Oriented બનાવવા તરફ આપણી ગતિ વધારવી પડશે.

અગાઉ સેતુ દ્વારા જ મેં એક વાર કહ્યું હતું - યુવાનો માટે કે ભણી લીધા પછી નોકરી કરવી જરૂરી નથી. ઘણા બધા વ્હાઈટ કોલર બિઝનેસ છે. જે કરીને સારું વળતર મેળવી શકાય છે. વેપારી હોઈએ તો એવું વિચારવાની જરૂર નથી કે ધંધો સારો ચાલે છે એટલે છોકરાને દુકાને બેસાડી દઈએ.

દુકાને બેસવામાં પણ દીકરો કે દીકરી ભણેલા હશે તો વધુ સારું કામ કરી શકશે. આ સ્વાનુભવ છે. મેં ૧૯૭૫માં B.A. LL.B. કરીને પછી બિઝનેશ શરૂ કર્યો છે. ત્યારથી ભણતર મને સારી રીતે કામ લાગ્યું છે. આપણે આપણા મૂળ બિઝનેશ સોના-ચાંદી કે વાસણોમાં માંગી, ઘાટી કે ઉગીબેડમાંથી બહાર આવવાની જરૂર છે. આવી કોઈ પણ ખાનગી ભાષાના ઉપયોગ વગર પણ કોઈપણ ધંધો કરી શકાય છે અને સફળતાથી કરી શકાય છે.

નવા જમાના પ્રમાણે નવી ટેકનીક્સ અને નવી વિચારધારા અપનાવવાની જરૂર છે. મારો ખ્યાલ છે ત્યાં સુધી આ ક્ષેત્રમાં પણ 'સેતુ' એ ઘણા સારા લેખો આપ્યા છે અને ભવિષ્યમાં આપશે જ.

સેતુના દશાબ્દિમાં સેતુએ ઘણું બધુ જ્ઞાતિને આપીને 'જ્ઞાતિસેતુ' નામ સાર્થક કર્યું છે. એ દિશામાં એ પ્રગતિમાં સેતુ પોતે પણ હવે 'રંગ'માં આવ્યું છે અને આ 'રંગીની' આપણી જ્ઞાતિને સ્પર્શે. જ્ઞાતિની ચડતી પ્રગતિના રંગો મેઘધનુષ્યની જેમ સમાજમાં પ્રસરે અને એની આભા આપણી જ્ઞાતિને પલ્લવિત કરે તેવી આપણા કુળદેવી મા મહાકાળીમાના ચરણોમાં પ્રાર્થના કરી ફરી એકવાર 'સેતુ' ના પુજારીઓને અંતરથી ધન્યવાદ.

એકમેકને ઓળખવાનો
જ્ઞાતિસેતુ
૨૦૦૪-૨૦૧૪ દશાબ્દી

## સ્વસ્તિક થયું છે આજ

અક્ષરના કંકુ ચોખા લઈ 'સેતુ'
સુંદર શુભ સ્વસ્તિક થયું છે આજ
પા પા પગલી ભરતુ'તુ 'સેતુ'
હરણફાળ ભરતું થયું છે આજ
    અક્ષરના કંકુ ચોખા લઈ 'સેતુ'
    સુંદર શુભ સ્વસ્તિક થયું છે આજ
પથ્થરમાંથી વહેતુ ઝરણું 'સેતુ'
વિશાળ નદી પટ થયું છે આજ
દરિયા કાંટે રેત ઘર બાંધતું 'સેતુ'
ખુદ દરિયો ખેડતુ થયું છે આજ
    અક્ષરના કંકુ ચોખા લઈ 'સેતુ'
    સુંદર શુભ સ્વસ્તિક થયું છે આજ
સંધ્યા ઉમાના રંગો જેવું 'સેતુ'
ભર બપોરનો સૂરજ થયું છે આજ
ગાડા વાટે ધીમે ચાલતુ 'સેતુ'
મીલનો પથ્થર થયું છે આજ
    અક્ષરના કંકુ ચોખા લઈ 'સેતુ'
    સુંદર શુભ સ્વસ્તિક થયું છે આજ
થોડામાં ઘણુ સમજાવતું 'સેતુ'
સમાજના પડઘા ઝીલતું થયુ છે આજ
થોડા ઘણા ઘરમાં વેચાતુ 'સેતુ'
ઘર ઘરનું ખૂબ માનીતું થયું છે આજ
    અક્ષરના કંકુ ચોખા લઈ 'સેતુ'
    સુંદર શુભ સ્વસ્તિક થયું છે આજ
મનગમતા રંગબેરંગી મોતી લઈ 'સેતુ'
M.K.S. નું સ્વર્ણિમ તોરણ થયું છે આજ
    અક્ષરના કંકુ ચોખા લઈ 'સેતુ'
    સુંદર શુભ સ્વસ્તિક થયું છે આજ

**– લતા સોલંકી**

# LIST OF CITIES AND TOWNS OF SETU DISTRIBUTION

## KUTCH

| | | |
|---|---|---|
| 1. | Anjar | 98 |
| 2. | Badadia, Po. Kera, Ta. Bhuj | 2 |
| 3. | Bhachau | 2 |
| 4. | Bharasar, Ta. Bhuj | 1 |
| 5. | Bhuj | 204 |
| 6. | Bita, Ta. Abadasa | 1 |
| 7. | Dahinsara | 2 |
| 8. | Dahisara, Ta. Bhuj | 2 |
| 9. | Dayapar, Ta. Lakhpat | 2 |
| 10. | Desalpar (Vandhay), Ta. Bhuj | 1 |
| 11. | Deshalpar (Guntali) Ta. Nakhatrana | 1 |
| 12. | Devpar (Yax), Ta. Nakhatrana | 1 |
| 13. | Devpar - Gadhshisha, Ta. Mandavi | 1 |
| 14. | Dhori, Ta. Bhuj | 2 |
| 15. | Gadani, Ta. Nakhatrana | 3 |
| 16. | Gadhshisha, Ta. Mandvi | 3 |
| 17. | Gaduli, Ta. Nakhatrana | 1 |
| 18. | Gandhidham | 12 |
| 19. | Jhanghadiya, Ta. Abdasa | 1 |
| 20. | Kera, Ta. Bhuj | 2 |
| 21. | Khavada, Ta. Bhuj | 1 |
| 22. | Khedoi, Ta. Anjar | 1 |
| 23. | Khombhadi Moti, Ta. Nakhatrana | 2 |
| 24. | Kotada (Jadodar), Ta. Nakhatrana | 1 |
| 25. | Kotada (Chakar), Ta. Bhuj | 3 |
| 26. | Kothara, Ta. Abadasa | 7 |
| 27. | Kukama, Ta. Bhuj | 1 |
| 28. | Ludava, Ta. Mandavi | 1 |
| 29. | Madhapar | 62 |
| 30. | Mandavi | 17 |
| 31. | Mangavana, Ta. Nakhatrana | 1 |
| 32. | Mankuva, Ta. Bhuj | 8 |
| 33. | Mathal, Ta. Nakhatrana | 2 |
| 34. | Mirjapar, Ta. Bhuj | 6 |
| 35. | Mothala, Ta. Abadasa | 2 |
| 36. | Nagalpar, Ta. Mandavi | 1 |
| 37. | Nakhatrana | 39 |
| 38. | Nalia, Ta. Abadasa | 8 |
| 39. | Nana Angia, Ta. Nakhatrana | 2 |
| 40. | Naranpar, Ta. Bhuj | 4 |
| 41. | Netra, Ta. Nakhatrana | 3 |
| 42. | New Dedhai, Ta. Anjar | 1 |
| 43. | Rampar Vekra, Ta. Mandavi | 2 |
| 44. | Rasaliya, Ta. Nakhatrana | 1 |
| 45. | Ravapar, Ta. Nakhatrana | 7 |
| 46. | Samatra, Ta. Bhuj | 1 |
| 47. | Shinay, Ta. Gandhidham | 1 |
| 48. | Sukhpar, Ta. Bhuj | 6 |
| 49. | Surajpur-Bharapar, Ta. Bhuj | 1 |
| 50. | Tera, Ta. Abadasa | 1 |
| 51. | Todia, Ta. Nakhatrana | 1 |
| 52. | Varma Nagar, Ta. Lakhpat | 2 |
| 53. | Virani Moti, Ta. Nakhatrana | 5 |
| 54. | Vithon, Ta. Nakhatrana | 6 |

## SABARKANTHA

| | | |
|---|---|---|
| 55. | Bayad | 1 |
| 56. | Bhiloda | 1 |
| 57. | Demai | 1 |
| 58. | Dhansura | 2 |
| 59. | Idar | 1 |
| 60. | Khedbrahma | 3 |
| 61. | Modasa | 4 |
| 62. | Talod | 9 |
| 63. | Vadali | 3 |

## AHMEDABAD

| | | |
|---|---|---|
| 64. | Ahmedabad | 125 |
| 65. | Dholka | 1 |

## BANASKANTHA

| | | |
|---|---|---|
| 66. | Dhanera | 1 |
| 67. | Disa | 1 |

## GANDHINAGAR

| | | |
|---|---|---|
| 68. | Dehgam | 4 |
| 69. | Gandhinagar | 8 |

## RAJKOT

| | | |
|---|---|---|
| 70. | Dhoraji | 1 |
| 71. | Gondal | 2 |
| 72. | Morabi | 4 |
| 73. | Rajkot | 13 |

## JAMNAGAR

| | | |
|---|---|---|
| 74. | Jamnagar | 7 |

## OTHER PLACES IN GUJARAT

| | | |
|---|---|---|
| 75. | Rajula City | 1 |
| 76. | Karamsad | 1 |
| 77. | Gadakhal, Ta. Ankleshwar | 1 |
| 78. | Shihor | 2 |
| 79. | Ambuja Nagar, Ta. Kodinar | 1 |

## OTHER STATES

| | |
|---|---|
| Chhatisgarh | 30 |
| Andhrapradesh | 10 |
| Maharashtra | 48 |
| M.P. | 3 |
| Delhi | 5 |
| Rajasthan | 5 |
| Orissa | 1 |

Our "GNATI SETU" goes more than 170 places in India and abroad.

## જ્ઞાતિસેતુને હાર્દિક શુભેચ્છા...

# શ્રી સાબરકાંઠા જિલ્લા કચ્છ મારૂ કંસારા સોની જ્ઞાતિ મંડળ



નરેન્દ્રભાઈ એમ. સોની
પ્રમુખશ્રી



દિનેશકુમાર જે. સોની
ઉપપ્રમુખ



ધર્મેન્દ્રભાઈ બી. સોની
મંત્રીશ્રી



રશ્મીનકુમાર જે. સોની
ખજાનચીશ્રી

## કારોબારી સભ્યો

મેહુલકુમાર એસ. સોની
રાજેશકુમાર કે. સોની
શૈલેશકુમાર જે. સોની
જયેશકુમાર યુ. સોની
ગોપાલભાઈ જે. સોની
સૂર્યકાંત એમ. સોની
પ્રતિકકુમાર એચ. સોની

## : પ્રવૃત્તિઓ :

- તા. ૨૨-૨૩/૭/૨૦૦૬માં ખેડબ્રહ્મા મુકામે ચિંતન શિબીરનું આયોજન થયું. તેમાં મહામંડળની રચના થઈ.
- પરિચય પુસ્તિકા બીજી આવૃત્તિ : ૨૦૦૯-૨૦૧૦
- દર વર્ષે વાર્ષિક સ્નેહ મિલનનું આયોજન તથા સમાજના દરેક વિદ્યાર્થીઓને વિના મૂલ્યે ફુલ સ્કેપ નોટબુકોનું વિતરણ
- વર્ષ ૨૦૦૯માં દરેક સભ્યોને પાંચ ગ્રામ વજનનો ચાંદીનો સિક્કો તથા સ્ટીલના ડબ્બા ભેટ
- તા. ૨૧-૧-૨૦૧૩ના રોજ અખિલ ભારત સ્તરે યુવક-યુવતી પરિચય મેળાનું ગાંધીનગર ખાતે સફળ આયોજન.

**જ્ઞાતિસેતુને હાર્દિક શુભેચ્છા : તુલસીદાસ એલ. કંસારા પરિવાર - અમદાવાદ**

# વિવિધ સ્થળે સ્થાપિત જ્ઞાતિ સમાજોની વિગતો

પ્રસ્તુત પૃષ્ઠોમાં વિવિધ જ્ઞાતિ મંડળો દ્વારા પ્રેષિત એમના સમાજની આંકડાકીય માહિતી છે.

૧૮ જેટલા જ્ઞાતિ મંડળોની વિગતો આ અંક પ્રેસમાં જઈ રહ્યો છે, ત્યાં સુધી પ્રાપ્ત થયેલ છે.

પ્રાપ્ત વિગતો મુજબ આપણા સમાજના ઉપરોક્ત મંડળોની કુલ વસતી અંદાજે તેર હજાર જેટલી થાય છે. જેમાં પાંચ હજારથી ઉપરની વસતી ધરાવતું ભુજ નગર છે. અન્ય થોડાક કસબાઓ અંજાર, માંડવી, માધાપર, આદિની વસતી ૧૫૦૦ - ૨૦૦૦ ની વચ્ચે છે. કેટલાક ગ્રામ્ય વિસ્તારોમાં છુટા છવાયા વસેલા આપણા પરિવારોની સરેરાશ વસ્તી એક હજારથી ઓછી છે અને આવા પણ કેટલાક સ્થળો છે. જેની વસ્તી માત્ર બે આંકડામાં છે.

આપણા પરિવારની આ વસાહતોની વિશિષ્ઠતા એ છે કે નાની મોટી બધી જ વસાહતોના સુગઠીત સંગઠન છે. તેઓ પ્રગતિશીલ પ્રવૃત્તિઓ કરે છે. અને કેટલાક સ્થળે મહિલા મંડળો પણ કાર્યરત છે.

૧૧. છેલ્લા દશ વર્ષ દરમ્યાન સમાજના વિકાસ કાર્યમાં વિશિષ્ટ યોગદાન આપનાર મહાનુભાવનો તસ્વીર સાથે પરિચય

૧૨. મહિલા મંડળ અને યુવક મંડળ કાર્યરત છે.

## નવરચિત કારોબારી

શ્રી દિલીપભાઈ કાનજી બગ્ગા - પ્રમુખ

શ્રી સુનિલભાઈ માધવજી પોમલ - ઉપપ્રમુખ

શ્રી રાજેશભાઈ નાનાલાલ સોલંકી - મંત્રી

શ્રી સંજયભાઈ અરવિંદભાઈ બુદ્ધભટ્ટી - સહમંત્રી

શ્રી હિતેશભાઈ ધીરજલાલ પોમલ - ખજાનચી

શ્રી રાજેન્દ્રભાઈ વિશનજી બુદ્ધભટ્ટી - સહખજાનચી

શ્રી ચંદ્રકાંત જટુભાઈ ચનાણી - કારોબારી સભ્ય

શ્રી નીતિનભાઈ અમૃતલાલ હેડાઉ - કારોબારી સભ્ય

શ્રી બિપીનચંદ્ર શીવજી બુદ્ધભટ્ટી - કારોબારી સભ્ય

શ્રી ચેતનભાઈ ઈશ્વરલાલ બારમેડા - કારોબારી સભ્ય

શ્રી હસમુખભાઈ કેશવલાલ મૈચા - કારોબારી સભ્ય

શ્રી મુકેશભાઈ લખમશી બારમેડા - કારોબારી સભ્ય

**જ્ઞાતિસેતુને હાર્દિક શુભેચ્છા : દિપકભાઈ ભાણજીભાઈ પરમાર પરિવાર - અમદાવાદ**

શ્રી ભરત શંભુલાલ કટ્ટા - કારોબારી સભ્ય
શ્રી ગિરીશ અમૃતલાલ સોલંકી - કારોબારી સભ્ય
શ્રી અનિલભાઈ કેશવલાલ છત્રાળા - કારોબારી સભ્ય
શ્રી અનિલભાઈ ત્રિકમદાસ બારમેડા - કારોબારી સભ્ય
શ્રી અશોકભાઈ જેન્તીલાલ બુદ્ધભટ્ટી - કારોબારી સભ્ય
શ્રી દયારામ મગનલાલ પોમલ - કારોબારી સભ્ય
શ્રી નવીન કલ્યાણજી બારમેડા - કારોબારી સભ્ય
શ્રી ભરતભાઈ હિંમતલાલ બગ્ગા - કારોબારી સભ્ય
શ્રી ત્રિલોકભાઈ કિર્તીભાઈ સોલંકી - કારોબારી સભ્ય

## વિવિધ સમિતિઓ

**૧. ધાર્મિક સમિતિ**

શ્રી રાજેન્દ્રભાઈ વિશનજી બુદ્ધભટ્ટી - ચેરમેન
શ્રી દિપક ધીરજલાલ પોમલ
શ્રી પ્રવિણભાઈ અમૃતલાલ હેડાઉ
શ્રી સંજયભાઈ અરવિંદભાઈ બુદ્ધભટ્ટી
શ્રી પ્રફુલભાઈ અમૃતલાલ સાકરીઆ

**૨. શિક્ષણ અને સાંસ્કૃતિક સમિતિ**

શ્રી ચેતનભાઈ ઈશ્વરલાલ બારમેડા-ચેરમેન
શ્રી રાજેશભાઈ નાનાલાલ સોલંકી
શ્રી મુળજીભાઈ નાનાલાલ કટ્ટા
શ્રી કિશોરભાઈ દયારામ ચૌહાણ
શ્રી હિતેશકુમાર ધીરજલાલ પોમલ

**૩. મેડિકલ અને આર્થિક સહાય સમિતિ**

શ્રી હર્ષદકુમાર ઝવેરીલાલ બુદ્ધભટ્ટી-ચેરમેન
શ્રી અશોક જેન્તીલાલ બુદ્ધભટ્ટી
શ્રી અનિલભાઈ કેશવલાલ છત્રાળા
શ્રી હસમુખલાલ કેશવલાલ મચેચા
શ્રી દિપકકુમાર ધીરજલાલ પોમલ

**૪. કાયદાકીય સમિતિ**

શ્રી ચંદ્રકાંતભાઈ જટુભાઈ ચનાણી-ચેરમેન
શ્રી હર્ષદકુમાર જવેરીલાલ બુદ્ધભટ્ટી
શ્રી દિલીપભાઈ કાનજી બગ્ગા
શ્રી નવીન કલ્યાણજી બારમેડા
શ્રી પ્રદિપકુમાર જીવરામ બીજલાણી

**૫. ફંડ અને ડોનેશન સમિતિ**

શ્રી નિતીનભાઈ અમૃતલાલ હેડાઉ-ચેરમેન
શ્રી હર્ષદકુમાર ઝવેરીલાલ બુદ્ધભટ્ટી
શ્રી અનિલભાઈ કેશવલાલ છત્રાળા
શ્રી દિલીપભાઈ કાનજી બગ્ગા
શ્રી બિપીનભાઈ શીવજી બુદ્ધભટ્ટી

**૬. સમાધાન સમિતિ**

શ્રી દિલીપભાઈ કાનજી બગ્ગા-ચેરમેન
શ્રી સુનિલભાઈ માધવજી પોમલ
શ્રી ચંદ્રકાંતભાઈ જટુભાઈ ચનાણી
શ્રી નિતીનભાઈ અમૃતલાલ હેડાઉ
શ્રી હર્ષદકુમાર ઝવેરીલાલ બુદ્ધભટ્ટી

**૭. પ્રોપર્ટી ડેવલોપ અને મેઈન્ટેન્સ સમિતિ**

શ્રી ચંદ્રકાંતભાઈ જટુભાઈ ચનાણી-ચેરમેન
શ્રી અનિલભાઈ કેશવલાલ છત્રાળા
શ્રી પ્રદિપ જીવરામ બીજલાણી
શ્રી નિતીનભાઈ અમૃતભઈ હેડાઉ
શ્રી રાજેન્દ્રભાઈ વિશનજી બુદ્ધભટ્ટી

**૮. વાડી વાસણ - ભાડા સમિતિ**

શ્રી નિતીનભાઈ અમૃતલાલ હેડાઉ
શ્રી રાજેન્દ્રભાઈ વિશનજી બુદ્ધભટ્ટી
શ્રી પ્રફુલ્લભાઈ અમૃતલાલ સાકરીઆ
શ્રી સંજય અરવિંદભાઈ બુદ્ધભટ્ટી
શ્રી નવીનભાઈ રવજી પોમલ

**ઓફીસ ઈન્ચાર્જ :** શ્રી નવીનભાઈ રવજી પોમલ

**જ્ઞાતિસેતુને હાર્દિક શુભેચ્છા : ગંગાબેન કોટડીયા પરિવાર - અમદાવાદ**

## કાયમી આમંત્રિત

| નામ | હોદ્દો | મો.નંબર |
|---|---|---|
| શ્રી હર્ષદભાઈ ઝવેરીલાલ બુદ્ધભટ્ટી | મેડીકલ ચેરમેન | ૯૮૨૫૨ ૮૫૩૨૧ |
| શ્રી મહેશભાઈ મોહનલાલ ગુજરાતી | મેડીકલ મંત્રી | ૯૪૨૭૨ ૬૫૫૧૯ |
| શ્રી કિશોરભાઈ દયારામ ચૌહાણ | શૈક્ષણિક ચેરમેન | ૯૪૨૬૮ ૧૭૪૪૭ |
| શ્રી પ્રદિપભાઈ જીવરામ બીજલાણી | શૈક્ષણિક મંત્રી | ૯૯૭૮૭ ૩૪૦૨૪ |
| શ્રી અનિલ કેશવલાલ છત્રાળા | પ્રમુખશ્રી યુવક મંડળ | ૯૮૭૯૦ ૪૨૯૬૯ |
| શ્રી રાહુલ ચંદ્રકાંત ચનાણી | મંત્રીશ્રી યુવક મંડળ | ૯૮૭૯૬ ૧૦૯૩૯ |
| શ્રીમતી લત્તાબેન ઈન્દુલાલ સોલંકી | મહિલા મંડળ પ્રમુખશ્રી | ૯૭૨૫૩ ૨૦૪૪૪ |
| શ્રીમતી રોહિણીબેન ભરતભાઈ બુદ્ધભટ્ટી | મહિલા મંડળ મંત્રીશ્રી | ૯૪૨૯૩ ૪૧૧૨૦ |

## કારોબારી સિવાય સમિતિના સભ્યો

| નામ | મો.નંબર |
|---|---|
| શ્રી પ્રફુલ અમૃતલાલ સાકરીઆ | ૯૯૦૯૦ ૭૨૧૫૩ |
| શ્રી નવીન રવજી પોમલ | ૭૮૭૪૧ ૬૭૭૫૨ |
| શ્રી દિપક ધીરજલાલ પોમલ | ૯૯૨૫૭ ૪૩૩૪૨ |
| શ્રી પ્રવિણ અમૃતલાલ હેડાઉ | ૯૭૨૬૭ ૯૬૮૩૦ |
| શ્રી મુળજી નાનાલાલ કટ્ટા | ૯૭૨૭૯ ૯૯૬૫૦ |

## સમાજ દ્વારા વર્ષ દરમ્યાન ઉજવાતા ધાર્મિક ઉત્સવો

**કારતક સુદ-૧ :** ● કાલિકા માતાજીના મંદિરમાં અન્નકૂટ દર્શન અને સ્નેહ મિલન ● ઠાકર મંદિરમાં અન્નકૂટ દર્શન ● નાના ફળિયા આશાપુરા મંદિરમાં શણગાર

**પોષ સુદ-૧૪ :** ● કાલિકા માતાજીનો પાટોત્સવ ● સવારે હવન-રવાડી ● બપોરે સમૂહ પ્રસાદ (ભોજન) ● સાંજે મહાઆરતી

**મહા વદ-૩ :** ● જ્ઞાતિ નૂતન મંદિર મૂર્તિ પુનઃપ્રતિષ્ઠા દિવસ ● કાલિકા માતાજીના મંદિર, ઠાકર મંદિર, જાગનાથ મહાદેવ મંદિર

**મહાશિવરાત્રી :** ● જાગનાથ મહાદેવ મંદિરમાં શણગાર, રૂદ્રી, અભિષેક તેમજ ભાંગ પ્રસાદ

**ફાગણ :** ● ફાગણ સુદ-૧૧ થી ૧૪ સુધી ઠાકર મંદિરમાં હોળી ઉત્સવ

**ધૂળેટી :** ● જ્ઞાતિની સામાન્ય સભા ● સાંજે કાલિકા મંદિરમાં ઘુઘરી પ્રસાદ તેમજ લાણા રીન્યુ

**ચૈત્ર :** ● નવરાત્રી નિમિત્તે સુદ એકમથી આઠમ સુધી દરરોજ રાત્રે કાલિકા મંદિરમાં ગરબા-છંદ, આરતી દર્શન અને પ્રસાદ ● નોમના સવારે હવન અને રાક્ષે આરતી ચડાવો, દેવકી પૂજા ચડાવો અને ખણ પ્રસાદ

**અષાઢ સુદ-૧૦ :** ● ઠાકર મંદિરમાં ગાયત્રી માતાજીના પાટોત્સવ નિમિત્તે હવન

**જ્ઞાતિસેતુને હાર્દિક શુભેચ્છા : ઘનશ્યામ ધારસી પરમાર પરિવાર - અમદાવાદ**

**આસો :** ● નાના ફળિયા આશાપુરા મંદિરમાં ઘટકસ્થાન રાત્રે કોરી પૂજન ● આસો સુદ-૧ થી ૮ સુધી રાત્રે કાલિકા માતાજીના મંદિરમાં ગરબા-છંદ, દરરોજ માતાજીને પ્રસાદ ● આસો સુદ - ૮ સાંજે આશાપુરા મંદિરમાં હવન ● આસો સુદ-૯ કાલિકા માતાજીના મંદિરમાં હવન અને રાત્રે ખણ પ્રસાદ ● ધનતેરસ, કાળીચૌદસ અને દિવાળીના મંગળા આરતી દર્શન

## સમાજ દ્વારા વર્ષ દરમ્યાન થતી જુદી જુદી પ્રવૃત્તિ

● મે માસમાં વિદ્યાર્થીઓને પુસ્તક/નોટબુક વિતરણ

● ઓગષ્ટ માસમાં સરસ્વતી સન્માન (વિદ્યાર્થીઓને ઈનામ વિતરણ)

● નવરાત્રી દરમ્યાન મહિલા મંડળ દ્વારા રાસ-ગરબા

● ડીસેમ્બર માસમાં જ્ઞાતિના સમૂહ લગ્ન

● જરૂરત મંદોને જ્ઞાતિ મેડીકલ, શૈક્ષણિક તેમજ આર્થિક સહાય.

● યુવક મંડળ દ્વારા ક્રિકેટ, કેરમ અને ચેસ જેવી રમતોનું આયોજન, તેમજ બ્લડ ડોનેશન અને બ્લડ ગ્રુપીંગ

● યુવક મંડળ દ્વારા કરવામાં આવતા સારા નરસા પ્રસંગે એસ.એમ.એસ. જેનું ચાર્જ યુવક મંડળને રૂ. ૫૦૦/- આપવાનું રહેશે.

## ભુજ દ્વારા આયોજીત સાંસ્કૃતિક કાર્યક્રમ

## સરસ્વતી સન્માન સમારોહ તા. ૧૫-૯-૨૦૧૩ રવિવાર સ્થળ : ટાઉનહોલ ભુજ

શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ દ્વારા વર્ષ -૨૦૧૨-૧૩માં ઉત્તીર્ણ થયેલા જ્ઞાતિના તેજસ્વી વિદ્યાર્થીઓને સન્માનવા 'સરસ્વતી સન્માન સમારોહ' નું આયોજન કરવામાં આવેલ. સમારંભના અધ્યક્ષપદે જ્ઞાતિ પ્રમુખ દિલીપભાઈ કાનજી બગ્ગા તથા અતિથી વિશેષ પદે શ્રી ભરતભાઈ બી. બગ્ગા, ભૂપેન્દ્રભાઈ બુદ્ધભટ્ટી, કિશોરભાઈ એન. બારમેડા (કે.નિ.), શ્રી શૈલેષભાઈ એચ. કંસારા, રાજેશભાઈ વીશા પરમાર (અંજાર પ્રમુખ), સુરેશભાઈ સોલંકી (માંડવી પ્રમુખ), શ્રી અમુભાઈ સોલંકી (અ.ક.કે. મં. ટ્રસ્ટી), લત્તાબેન સોલંકી (મહિલા મંડળ પ્રમુખ), લાલજીભાઈ પરમાર, રસીકભાઈ બુદ્ધભટ્ટી અને પ્રેમજીભાઈ સોલંકી (અ.ભા. મહામંત્રી) ઉપસ્થિત રહેલ. મંચસ્થ મહાનુભાવોને પુષ્પગુચ્છથી સ્વાગત. શિક્ષણ સમિતિ ચેરમેન ચેતનભાઈ આઈ. બારમેડા તેમજ જ્ઞાતિ મંત્રી રાજેશ સોલંકી દ્વારા સ્વાગત કરવામાં આવ્યું.

ત્યારબાદ સ્વ. કિશોરભાઈ જે. ચનાણી જે ભુજ જ્ઞાતિ પ્રમુખ તથા જ્ઞાતિ શિરોમણી પરિવારના જ્યેષ્ઠ પુત્ર તેમજ સ્વ. વાલજીભાઈ ગુજરાતી ભુજ જ્ઞાતિ માજી પ્રમુખને સ્મરણાંજલી આપવામાં આવી અને મંચસ્થ મહાનુભાવોના હાથે દિપ પ્રાગટ્ય કરવામાં આવેલ.

કાર્યક્રમની શરૂઆત કુ. આશના ડી. બારમેડાના સ્વાગત ડાન્સ દ્વારા કરવામાં આવેલ હતી.

ત્યારબાદ ધો. ૧ થી કોલેજ કક્ષાના વિદ્યાર્થીઓને સન્માનવામાં આવ્યા. જેમાં ધોરણ ૧ થી ૯ (ગુજરાતી માધ્યમ) સન્માન કાર્યક્રમ છાત્રોનું રાજેશભાઈ સોલંકી અને હિતેષ પોમલ દ્વારા સંચાલન કરવામાં આવ્યું.

શિક્ષણ સમિતિ ચેરમેન ચેતનભાઈ આઈ. બારમેડા શૈક્ષણિક અહેવાલ રજુ કર્યા. તેમણે તમામ વિદ્યાર્થીઓને અભિનંદન આપ્યા અને આ વર્ષે અંદાજીત ૪૦૦ વિદ્યાર્થીઓને માર્કશીટ આવી તેમાંથી ૧૮૦ વિદ્યાર્થીઓને સન્માન થશે તેવું જણાવ્યું. શૈક્ષણિક કાયમી ફંડના મંત્રીશ્રી પ્રદિપભાઈ બીજલાણી દ્વારા વિદ્યાર્થીઓને મફત નોટબુક ઉપરાંત કંપાસની વસ્તુની વહેંચણી અંગે જણાવેલ અને તેનો અહેવાલ રજૂ કરેલ.

નખત્રાણાના રહેવાસી શ્રી ભરતભાઈ બી. બગ્ગા જેમની ભાજપમાં ગુજરાત રાજ્યના ડેટાસેલના કન્વીનર પદે નિમણુંક થયેલ છે તેમનું ભુજ જ્ઞાતિ પ્રમુખ શ્રી દિલીપભાઈ બગ્ગા દ્વારા સાલ તેમજ માનપત્ર દ્વારા સન્માન કરવામાં આવ્યું.

ત્યારબાદ ભરતભાઈ બગ્ગા એ તેમના પ્રવચનમાં જણાવેલ કે જ્ઞાતિજનોનાં વિકાસકાર્યમાં રાજકારણ જરૂરી છે. તે

**જ્ઞાતિસેતુને હાર્દિક શુભેચ્છા : ગીરીશ બાબુલાલ બુદ્ધભટ્ટી પરિવાર - અમદાવાદ**

માટે તેમણે ભાવિ વિકાસ માટે રાજકારણમાં આવવા જણાવ્યું તથા તેમના દ્વારા સમુહલગ્ન કાયમી ફંડમાં રૂ. ૨૫,૦૦૦ ના દાનની જાહેરાત કરવામાં આવી.

● અખિલ કચ્છ કેળવણી મંડળ ટ્રસ્ટી અમૃતલાલ જે. સોલંકી દ્વારા તેમનો અહેવાલ રજૂ કરવામાં આવેલ અને દાન આપવા જણાવેલ.

● મહિલા મંડળના પ્રમુખ લત્તાબેન સોલંકી તેમજ યુવક મંડળના મંત્રી રાહુલભાઈ ચનાણી દ્વારા તેમની પ્રવૃત્તિ પણ કરાઈ.

● સમુહલગ્નમાં કન્વીનર શ્રી અનિલભાઈ છત્રાળા દ્વાર સમુહલગ્નની તારીખ ૮-૧૨-૨૦૧૩ના રોજ ભુજમાં યોજાશે તેમની જાહેરાત કરી.

● ભુજમાં જ્ઞાતિના નવા પ્રમુખશ્રી દિલીપભાઈ કે. બગ્ગા તથા તેમની કારોબારીની જાહેરાત રાજેશ સોલંકી દ્વારા કરવામાં આવી.

● કૈલાસ માનસરોવર યાત્રા કરનારનું સાલ ઓઢાળી સન્માન મુળજીભાઈ કટ્ટા તેમજ હર્ષદભાઈ બુદ્ધભટ્ટી દ્વારા કરવામાં આવેલ.

● કિશોરભાઈ એન. બારમેડા એ જ્ઞાતિના વિદ્યાર્થીઓને અભ્યાસમાં ઈન્ટરનેટનો ઉપયોગ કરી વધુ સક્ષમ થવા જણાવેલ તેમજ મહિલા માટે હોસ્ટેલ હોય તે જરૂરી છે તે જણાવેલ.

● જ્ઞાતિ પ્રમુખશ્રી દિલીપભાઈ કે. બગ્ગા દ્વારા વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવવામાં આવ્યા. ત્યારબાદ ઉચ્ચઅભ્યાસમાં અભ્યાસપૂર્ણ થયા બાદ જ્ઞાતિજનોને ઉપયોગી થવા જણાવેલ તેમજ જ્ઞાતિ દ્વારા થઈ રહેલ પ્રગતિના કામકાજો અંગે જણાવેલ.

● જ્ઞાતિજનોએ સમાધાન મંચ રાખવું જોઈએ અને છુટાછેડા અને સગાઈ વિચ્છેદનથી દૂર રહેવા જણાવેલ. જ્ઞાતિમાં એકતા અને સંગઠીતતા અંગે જણાવ્યું.

● ધો. ૧ થી કોલેજ કક્ષાના તમામ ઈનામના દાતાશ્રી પ્રભુદાસ ખેતશી ગુજરાતી તેમજ ખેતશી ખેંગાર ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા આપવામાં આવેલ.

● ધો. ૧ થી ૧૨ અંગ્રેજી માધ્યમના ઈનામો સ્વ. લાડુબેન નરભેરામ સોલંકી હસ્તે પ્રાણલાલ નરભેરામ સોલંકી દ્વારા આપવામાં આવેલ હતા.

● અન્ય પ્રોત્સાહિત ઈનામ વસંતભાઈ પોમલ તેમજ ક્રિષ્ના જ્વેલર્સ દ્વારા આપવામાં આવેલ. જેમાં અમૃતલાલ વાલજી હેડાઉ, વાલજી નારાણ હેડાઉ, વિજયભાઈ બુદ્ધભટ્ટી, વાલજીભાઈ ગુજરાતી, દિલીપભાઈ બગ્ગા, સ્વ. માવજી ખીમજી બારમેડા દ્વારા ઈનામો આપવામાં આવ્યા.

● ત્યારબાદ અભ્યાસમાં ઉચ્ચ ડિગ્રી મેળવનારનું સન્માનપત્ર ચાંદીના મેડલ આપી, શ્રી દિલીપભાઈ બગ્ગાના હાથે સન્માન કરવામાં આવ્યું.

## સન્માનિત વિદ્યાર્થીઓ

| | | |
|---|---|---|
| શ્રી ડો. હેત યોગેશ સોલંકી | MBBS | રશિયા |
| શ્રી ડો. હીર યોગેશ સોલંકી | MBBS | રશિયા |
| શ્રી ડો. પલક સુરેશચંદ્ર સાકરીયા | MBBS | ગુજરાત |
| શ્રી વિવેક પરેશભાઈ ગુજરાતી | M.Phill | Education |
| શ્રી ચેતનભાઈ આઈ. બારમેડા | M.E. | Mechanical |
| મોનિકા જી. બારમેડા | સેમીનાર જર્મની મુકામે | |

આમ ઉપરાંત વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવેલ.

**જ્ઞાતિસેતુને હાર્દિક શુભેચ્છા : ગીરીશભાઈ મૂળજીભાઈ સોની પરિવાર - અમદાવાદ**

● સ્વ. કિશોરભાઈ જે. ચનાણી પરિવાર તરફથી રૂ. ૫૧,૦૦૦ શૈક્ષણિક કાયમી ફંડને

● સ્વ. ઝવેરીલાલ શિવજી બુદ્ધભટ્ટી રૂ. ૪૦,૦૦૦ સમુહલગ્ન જાહેરાત સ્ટેશનરી ખર્ચ

● શ્રી ભાવિન રમણીકલાલ જસમતિયા રૂ. ૪૦,૦૦૦ સમુહલગ્ન ધાર્મિક ખર્ચ

● શ્રી ભરતભાઈ બેચરલાલ બગ્ગા રૂ. ૨૫,૦૦૦ સમુહલગ્ન કાયમીફંડને સહયોગી દાતા

આમ ઉપરોક્ત મુખ્ય દાન સિવાય અન્ય દાતાશ્રીઓ દ્વારા દાન જાહેર કરવામાં આવેલ.

ઉપરોક્ત વિવિધ વિદ્યાર્થીઓને ઈનામ જ્ઞાતિના અગ્રણી શ્રી નિતીનભાઈ હેડાઉ, કિશોરભાઈ ચૌહાણ, કિશોરભાઈ બારમેડા વગેરે દ્વારા આપવામાં આવેલ.

જ્ઞાતિ પ્રમુખશ્રી દિલીપભાઈ કે. બગ્ગાના માર્ગદર્શન હેઠળ શિક્ષણ સાંસ્કૃતિક સમિતિ કન્વીનર સી.આઈ. બારમેડા, મંત્રી સંજયભાઈ બુદ્ધભટ્ટી, હિતેષભાઈ પોમલ, દીપકભાઈ પોમલ, મહેશભાઈ ગુજરાતી, મુળજીભાઈ કટ્ટા, સુનિલભાઈ પોમલ, શિશીરભાઈ હેડાઉ, મનસુખભાઈ બુદ્ધભટ્ટી, ચંદુભાઈ ચનાણી, રાજેશભાઈ સોલંકી, હર્ષદભાઈ ઝેડ. બુદ્ધભટ્ટી, અશોકભાઈ બુદ્ધભટ્ટી કાર્યક્રમને સરળ બનાવવા માટે જહેમત ઉઠાવેલ.

સંચાલન મંત્રીશ્રી સંજીવ એ. બુદ્ધભટ્ટી, રાહુલભાઈ ચનાણી, હિતેષ પોમલ, રાજેશ સોલંકી, ચેતન બારમેડા દ્વારા કરવામાં આવેલ. આભાર વિધિ અશોકભાઈ બુદ્ધભટ્ટી દ્વારા કરવામાં આવેલ.


Chandrakant Soni
Alpesh Soni

99250 30379
98792 09190

Divy Jwewlers

Manufacture & Dealers in Fancy Gold & Silver Ornaments,
Gift Articles & 925 Starling Silver Ornaments

7, Silver Point, Dhobi Street Ring Road, Bhuj-Kutch.
E-mail : alpesh742002@gmail.com

જ્ઞાતિસેતુને હાર્દિક શુભેચ્છા : ગોપાલભાઈ સામજીભાઈ સોની પરિવાર - અમદાવાદ

**જ્ઞાતિસેતુને હાર્દિક શુભેચ્છા...**

# શ્રી સાબરકાંઠા જિલ્લા કચ્છ મારુ સોની મહામંડળ

**● મુ. પો. મોડાસા, જી. સાબરકાંઠા ● રજી. નં. એ-૫૪૦ ● સ્થાપના : ૨૧-૧-૧૯૭૯**



**સોની ભાઈલાલભાઈ જીવરામભાઈ બારમેડા**
**(પ્રમુખ)**
ધનસુરા
મો. ૯૪૨૮૬૪૬૬૫૩



**સોની બકુલભાઈ મોહનલાલ બારમેડા**
**(ઉપપ્રમુખ)**
દહેગામ
મો. ૯૦૧૬૮૦૯૫૯૬



**સોની જીતેન્દ્ર ખીમજીભાઈ બુદ્ધભટ્ટી**
**(મંત્રી)**
ગાંધીનગર
મો. ૯૭૨૫૦૧૦૮૬૦



**સોની રશ્મીન વાડીલાલ બારમેડા**
**(સહમંત્રી)**
ગાંધીનગર
મો. ૯૯૭૮૯૧૭૯૩૮

## કારોબારી સભ્યો

સોની ઘનશ્યામ પ્રેમજીભાઈ, મોડાસા (મો) ૯૯૯૮૬૯૪૬૯૪
સોની વિનોદકુમાર મંગલદાસ, ડુંગરપુર (મો) ૦૭૭૩૭૬૩૮૮૩૮
સોની જીતેન્દ્ર પરષોત્તમદાસ, ડેમાઈ (મો) ૯૪૨૬૩૩૭૦૩૦
સોની યોગેશકુમાર સુરેશભાઈ, ધાનેરા (મો) ૯૪૨૬૩૩૧૪૦૨
સોની પીયુષકુમાર મણીલાલ, મોડાસા (મો) ૯૪૨૮૧૮૬૭૧૮
સોની અમીતકુમાર અમૃતલાલ, વડાલી (મો) ૯૪૨૮૬૮૦૮૧૫
સોની જયમીનકુમાર ખીમજીભાઈ, તલોદ (મો) ૯૪૨૭૯૪૯૭૯૫

# સેતુના સંભારણા

## ગત દાયકાની વિણેલી વિગતો

ગત દાયકા દરમ્યાન 'જ્ઞાતિ સેતુ' ના જે ૫૮ અંકો પ્રકાશીત થયા તેમાંના કેટલાક અંકોની વિગતો 'કાલાતિત' તેમજ ઈતિહાસ મુલક છે. આમ તો જો કે 'સેતુ'ના પ્રત્યેક અંકમાં સાચવવા યોગ્ય સામગ્રી તો હોય જ છે. પરંતુ કેટલીક વિગતો ઈતિહાસ મુલક હોય છે. જેના વિષે આગામી પેઢીઓ જાણવું એ જાળવવું આવશ્યક છે. આવી વિગતોમાંની નીચેની થોડીક અત્રે પ્રસ્તુત કરી છે.

૧. આપણી સંસ્થાના પ્રતિક

૨. આપણા સમાજનો ઈતિહાસ

૩. આપણા પ્રતાપી પૂર્વજો

૪. અખિલ ભારતીય મહામંડળનું ગઠન

૫. મહામંડળ આયોજિત પરિચય મેળો

૬. સગપણ-આદિ રીતરિવાજોમાં વિવેક અંગે મહામંડળના વિચારો ભુજ જ્ઞાતિમંડળના ઠરાવો અને સમસ્ત જ્ઞાતિજોગ માર્ગદર્શન

૭. છુટાછેડાની સમસ્યાના નિવારણ હેતુ મહામંડળ પ્રેરિત સમજણના સૂર અભિયાનનો રસપ્રદ અને પ્રેરક અપીલો.

૮. સમજણના સૂર અંતર્ગત કાવ્યો આદિ

આશા છે આ 'સંભારણા યોગ્ય' સામગ્રીનું પુનઃપ્રકાશન વાચકોને રસપ્રદ જણાશે.

– મુખ્યતંત્રી

# આપણી આસ્થાનાં પ્રતિક

સંકલીત

જન-ઉપયોગી કળા જગતમાં જે કોમના કસબની નામના માત્ર કચ્છ, ગુજરાત કે ભારતમાં નહીં, બલકે વિદેશોમાં પણ છે તેવી સર્જક કારીગર કોમનો દશેક પેઢીઓખી વસતો સમુદાય, કચ્છી મારું કંસારા સોની જ્ઞાતિ, તરીકે ઓળખાય છે. મારૂ કંસારા સોનીઓની ઉત્પતિનો ઈતિહાસ પરશુરામની ક્ષત્રિય સંહારની કથા સાથે સંકળાયેલો છે.

## આપણા કુળદેવી

આપણી જ્ઞાતિના પૂર્વજો સંવત ૧૨૦૦ આસપાસ મારવાડ (રાજસ્થાન)થી સ્થાળાંતર કરી, રાજ્યાશ્રય મળતાં કચ્છ આવ્યા અને અહીં સ્થાયી થયા. એ પરિવારો કચ્છ આવ્યા ત્યારે તેમની સાથે મહાકાળીની મૂર્તિ લાવેલા. ત્યારથી જ આજ દિવસ સુધી દર વર્ષે પોષ સુદ ચૌદસને દિવસે આપણે એનો પાટોત્સવ ઉજવીએ છીએ અને તે દિવસે જ્ઞાતિના સમસ્ત પરિવારો માતાજીનો પ્રસાદ લેવા સમૂહ ભોજન કરે છે. મહાકાળી અને કચ્છ રાજની કુળદેવી આશાપુરા બંને તત્વતઃ એક જ હોતાં, આપણી જ્ઞાતિએ કચ્છના રાવ દેશળજીના રાજ્યકાળ દરમ્યાન, ભુજના કંસારા નાના ફળીયામાં આશાપુરાનું મંદિર બંધાવ્યું હતું. આ મંદિરમાં માતાજીની પ્રાણપ્રતિષ્ઠા રાવશ્રી દેશળજીએ દ્રંદના ધાદા મેકણના વરદ્ હસ્તે કરાવેલ હતી.

## આપણી જ્ઞાતિ વિશે થોડું જાણવા જેવું

આપણી જ્ઞાતિ નવ (૯) ગોત્ર અને ચોર્યાસી (૮૪) નુખોમાં વિભાજીત છે. આપણી જ્ઞાતિના ગોર હંમેશા ‘સાચોરા’ બ્રાહ્મણ હોય છે અને જ્ઞાતિના વંશવેલાની વિગતો એકત્રિત કરી ચોપડે ઉતારનાર ભાટ (વહી વંચા) કહેવાય છે, જે હજી પણ મારવાડથી દર વર્ષે આવી એમના વહી અરડેટ કરી જાય છે. આપણે સનાતમ છીએ અને તેની ઓળખરૂપે શીખા (ચોટલી) અને સુત્ર (જનોઇ) આપણા સમજના પુરુષોએ રાખવાની હોય છે. તેજ રીતે વિવિધ ગોત્ર, વેદ, શાખા મુજબ આપણી સ્પષ્ટ ઓળખ કરવાની હોય છે.

*હીરાલાલ એન. સોની : આદિપુર*

આદ્યશક્તિ વિવિધ સ્વરૂપે માતાજીના નામે ચાર હાથ - ચતુર્ભુજ-આઠહાથ-અષ્ટભૂજા-૧૨ દ્વાદશ ભુજ - ૧૮ અષ્ટભુજા સ્વરૂપે હોય છે તેમનું નિરિક્ષણ કરીશું તો નીચેની વસ્તુઓ લગભગ સરખી દૃષ્ટિગોચર થશેઃ



**શ્રી કાલિકાનું ધ્યાન**

|| श्रीः ||
|| श्री कालिका ध्यानम ||
खड्गोद्मासितदक्षिणोर्ध्वभुजकां
वामे व चर्मान्वितःम्
सव्यनोद्धृतबालकाम परतो मुद्रां
वराख्याम् शुभाम् |
बिभ्राणां, नयनत्रणेय लसिता,
सिहस्थिताम् श्यामलां,
वन्देऽस्मत्कुलदेवताम् सकरुणां
श्री कालिकां मातरम् ||

જમણાં હાથમાં તલવાર અને ડાબા હાથમાં (ચર્મ) ઢાલ ધારણ કરનારી, ડાબી તરફ બાળક અને જમણી તરફ શુભ વરમુદ્રાવાળી, ત્રણ આંખથી શોભતી, સિંહ પર બેઠેલી, શ્યામ વર્ણવાળી, અમારી કરૂણામયી, શ્રી કાલિકામાતાને હું વંદન કરું છું.

૧. વાહન : અલગ અલગ પશુઓ / પક્ષીઓ

૨. શંથ, ચક્ર, ગદા, પદ્મ, વીણા, પુસ્તક, અંકુશ, પાશ, ભાલો, તલવાર, ત્રિશુલ વગેરે.

૩. આ બધા ચિન્હો, શક્તિના, લડાઇના, દુષ્ટતાના સંહારના છે. જે તત્કાલીન જરૂરત પ્રમાણેના છે. હવે તમને નથી લાગતું કે આ માતાજીઓની એકત્રિત શક્તિ એટલે કે એક ઊર્જા માતાનો આવિષ્કાર થવો જોઈએ કે જેના હાથમાં આધુનિક ઊર્જાના ચિન્હો જેવાં કે :

૧. બ્રહ્માંડના પદાર્થો

૨. ભૂસ્તર

૩. હવા અને પાણી

૪. જંગલ જેવા જેચરલ સોર્સીસ

એનર્જીઓ : મિકેનીકલ, હીટ, ઈલેક્ટ્રીકલ, કેમિકલ, સાઉન્ડ, સોલાર, લાઇટ, ન્યુક્લિયર, વીન્ડ એન્ડ વોટર,

હવે પછીની પેઢીને આવી ઊર્જા ‘મા’ ની આવશ્યકયતા નથી ?

*હીરાલાલ એન. સોની - આદિપુર*

જ્ઞાતિસેતુને હાર્દિક શુભેચ્છા : હંસરાજ ઠાકરશી કંસારા પરિવાર - અમદાવાદ

જ્ઞાતિસેતુને હાર્દિક શુભેચ્છા...

## શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ-કોઠારા

**કાન્તીલાલ દામજીભાઈ પોમલ, ઠે. ખાદી ભંડાર, કોઠારા, તા. અબડાસા**



કાન્તીલાલ દામજી પોમલ
પ્રમુખ

વિનોદકુમાર હરીલાલ બુદ્ધભટ્ટી
મંત્રી

પ્રતાપભાઈ ખીમજી બુદ્ધભટ્ટી
સહમંત્રી

**કારોબારી સભ્યો**

વિનોદ મોહનલાલ પોમલ
હિતેશ ભાઈલાલ બુદ્ધભટ્ટી
મનોજ મોહનલાલ બુદ્ધભટ્ટી
બિપીનકુમાર જેઠાલાલ પોમલ
રાજેશકુમાર ચુનીલાલ પોમલ


**નરેન્દ્રકુમાર ડી. સોની**
**મો. ૯૪૨૭૬ ૯૬૧૭૬**

**પાર્થ એન. સોની**
**મો. ૯૪૨૭૮ ૫૫૭૮૭**



# પાર્થ જવેલર્સ

**(શંભુ સોની - કચ્છ માંડવીવાળા)**

**સોના ચાંદીના દાગીના બનાવનાર તથા વેચનાર**
**સુભાષ પોળ, રેલ્વે સ્ટેશન રોડ, ખેડબ્રહ્મા-૩૮૩૨૫૫**
**જી. સાબરકાંઠા ફોન : (ઓ) ૦૨૭૭૫-૨૨૦૫૯૯**

# આપણી આસ્થાનાં પ્રતિક

કુ. એક્તા કટ્ટા



૨૦૦૧ના ભૂકંપ પછી શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ ટ્રસ્ટ ભુજ દ્વારા, ભુજ જ્ઞાતિ મંદિર પરિસરનું જ્યારે પુનઃ નિર્માણ અને 'પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ'નું આયોજન થવાનું હતું ત્યારે આપણી શ્રધ્ધા - શાંતિના કેન્દ્રબિંદુ એવા જ્ઞાતિ મંદિરના પુનઃનિર્માણ કાર્યની રૂપરેખા લેતી વેળાએ, જ્ઞાતિના પ.પૂ. ગોરબાપા શ્રી સુમનલાલ ત્ર્યંબકલાલ વ્યાસ પાસેથી વિગતો જાણવાનો સુઅવસર પ્રાપ્ત થયો, જે અત્રે પ્રસ્તુત છે.

● **મંદિરની સ્થાપના :** આ મંદિરની સ્થાપનાનો ઈતિહાસ ૩૬૫ વર્ષ જૂનો છે. સંવત ૧૬૦૫માં ભુજ શહેરની સ્થાપના થઈ ત્યારે રાજ દ્વારા, જ્યાં આપણું મંદિર પરિસર અને પૂ. ગોરબાપાનું ઘર આવેલું છે, તે ગોખરું જમીન, મંદિર અને પૂ. ગોરબાપાના નિવાસ માટે આપવામાં આવી હતી.

સંવસ ૧૬૯૮માં પોષ સુદ ચૌદસના રોજ શ્રી મહાકાલીકા માતાજીની પ્રતિષ્ઠા, આપણા પૂર્વજો દ્વારા કરવામાં આવી હતી અને સંવત ૧૭૦૬માં શ્રી ગણપતિજીની પ્રતિષ્ઠા કરવામાં આવી. ત્યારબાદ સૌથી પહેલો મોટો ભૂકંપ આવ્યો અને આપણું મંદિર ધ્વસ્ત થયું. ત્યારે શ્રી મહાકાલીકા માતાજીની શ્રી ગણપતિજી સાથે, ગોરબાપાના ઘરે પધરામણી કરવામાં આવી. અહીં શ્રી ભાઈલાલભાઈ દેવશીભાઈ છત્રાળાએ સ્વેચ્છાએ RCC કરાવી આપેલ છે.

● **અન્ય દેવોની સ્થાપના :** આ મંદિરમાં શ્રી મહાકાલીકા માતાજી સાથે શ્રી ગણપતિ દેવની તથા સૂર્યનારાયણ દેવની પણ પૂજા થતી હતી. શ્રી દેવશીભાઈ ભાણજીભાઈ સોલંકી પરિવાર દ્વારા મંદિરના પ્રાંગણમાં શ્રી સૂર્યનારાયણ દેવની સ્થાપના કરવામાં આવી. શ્રી મહાકાલીકા માતાજીની બાજુમાં અંદાજે સન ૧૯૭૦-૭૧માં શ્રી સત્યનારાયણ દેવની સ્થાપના, શ્રી શામજીભાઈ દેવકરણભાઈ સોલંકી પરિવાર દ્વારા કરાવવામાં આવી.

● **શ્રી ઠાકોરજીની સ્થાપના :** પ.પૂ. ગોરબાપાએ જણાવ્યું કે માતાજીના મંદિરમાં કોઈ સ્ત્રી, ઠાકોરજીને અહીં મૂકી ગયેલ. તે સ્ત્રી કોણ હતી તેની કોઈ જ માહિતી નથી અને ત્યારબાદ શ્રી ઠાકોરજીની દેવાની સ્થાપના પણ થઈ. મકાનની સગવડ થતા મંદિરનું નિર્માણ થયું.

● **શ્રી જાગનાથ મહાદેવની સ્થાપના :** કંસારા બજારના ખારીવાવ પાસે આવેલા શ્રી શંકર મંદિરનો વહીવટ આપણા જ્ઞાતિના પટેલ (પ્રમુખ) સંભાળતા હતા. આ મંદિરમાં બીજી જ્ઞાતિના શ્રધ્ધાળુઓ પણ આવતા અને તેમાં અવારનવાર સુધારા વધારા પણ કરાવતા. ભુજના લોહાર જ્ઞાતિજનો પાસે તે મંદિરમાં કરાવેલ કાર્યોની લેખિત માહિતી હતી. તેથી તેમણે મંદિરનો વહીવટ લેવા માટે કેદ દાખલ કર્યો. આપણી પાસે મંદિર વહીવટ તથા જ્ઞાતિ માલીકીનો કોઈપણ લેખિત આધાર ન હોતા, આપણે તે મંદિરનો વહીવટ સોંપી દેવો પડ્યો. સમય જતા શ્રી મહાકાલીકા માતાજી પરિસરમાં શ્રી જાગનાથ મહાદેવની સ્થાપના કરવામાં આવી. આ બાબત અંદાજે ૧૦૦ વર્ષથી વધારે જૂની છે.

● **જ્ઞાતિ મંદિરમાં ઉજવાતા ઉત્સવોની પૃષ્ઠભૂમિ :** જ્ઞાતિ મંદિરમાં પ્રારંભકાળથી જ પોષ સુદ ચૌદસના માતાજીનો

જ્ઞાતિસેતુને હાર્દિક શુભેચ્છા : હરેશભાઈ ભીમજીભાઈ સોની પરિવાર - અમદાવાદ

પાટોત્સવ, આસો નવરાત્રી તથા ચૈત્ર નવરાત્રીની ઉજવણી કરવામાં આવે છે અને આસો સુદ નોમ તથા ચૈત્ર સુદ નોમના માતાજીના ખણની વિધિ પણ કરવામાં આવે છે. ખણની વિધિ વિશે જણાવતા પૂ. ગોરબાપાએ જણાવ્યું કે નવરાત્રી બાદ ચોંસઠ જોગણીઓને બલિદાન આપવાના રૂપે ખણની વિધિ કરવામાં આવે છે. ખણની વિધિ માટે કંદોઈ પાસેથી ફાફડા (ખાજા) તૈયાર લઈ ખણની વિધિ કરવામાં આવતી. ખાજા બનાવવાની આ વિધિમાં આપણે સફળ થયા ત્યારથી માતાજીના ખણ વિધિ માટે ખાજા જાતે જ બનાવવાનો આરંભ થયો, જે આજપર્યંત ચાલતું આવ્યું છે.

ખણની વિધિમાં દેવકી પૂજા' વિશે જણાવતા પ. પૂ. ગોરબાપાએ કહ્યું કે, ભુજ મધ્યે ચારે શ્રી મહાકાલીકા માતાજીની પ્રથમ વખત જ સ્થાપના કરવામાં આવી ત્યારે જ્ઞાતિના ગોરપદે શ્રી ગંગાધર શાસ્ત્રીજી હતા અને આજપર્યંત અગિયાર પેઢી સુધી, અમે, તેમના જ વંશજો જ્ઞાતિનું ગોરપદ સંભાળી રહ્યા છીએ. જ્યારે માતાજીની ખણ વિધિ કરવામાં આવતી ત્યારે ગોરની પુત્રીની કુમારિકા તરીકે પૂજા કરવામાં આવતી. જ્યારે શ્રી નથુલાલ રઘુનાથજી વ્યાસ ગોરપદે હતા ત્યારે તેમની પુત્રી દેવકી ભૂકંપમાં અવસાન પામતા, તેમની સ્મૃતિમાં 'કુમારિકા પૂજન ના સ્થાને દેવકી પૂજન કરવામાં આવે છે.

---

## આશાપુરા મા

વંદન વંદન આશાપુરા મા સને, દેશના દેવી, દેશ-વિદેશ વિખ્યાત રે કચ્છ દેશની દેવી આશરો માંગુ આશાપુરા માતનો....



ભુજના કંસારા નાના ફળીયામાં ઉમંગે ઉજવાતી નવરાત્રિ, આશાપૂરા માતાજીનું મંદિર 'માની મઢી' તરીકે જાણીતું સ્થળ...

અને પૂરા ચોકમાં બહેનો મા ના ગરબા ગાવામાં લીન હોય, મંદિરમાં આરતીને ઘંટ-નોબતનાં નાદ ગૂંજતા હોય, ને માના ભક્ત પૂજારીશ્રી કે જેને નાના બાળકોથી માંડી સૌ 'બાવાજી' કહી બોલાવે એ પ્રેમથી આરતી ઉતારતા હોય ત્યારે માની મૂર્તિનું તેજ જોવા જેવું હોય. આજુબાજુ બાંધેલા ચાંદીના છત્ર પણ પોતાની મેળે ડોલતા હોય, ને માની મૂર્તિ જાણે સ્મિત કરતી હોય ને સૌ ભક્તો પર પ્રસન્નતા વરદાવી રહ્યા હોય.. આ છે ભૂકંપ પહેલાનું કંસારા નાના ફળીયાનું દૃશ્ય...ભૂકંપ બાદ ફળીયું ખાલી ભાસે છે. મકાનો ધરાશાયી થયા - ફળીયું વિખરાઇ ગયું. લોકો બહાર આશાપુરા મા રહેવા ચાલ્યા ગયા. પણ માની મઢીને ભૂકંપમાં ઉની આંચ પણ ન આવી.

કહેવાય છે કે આશરે બસો વરસ પહેલાં અહીં મા આશાપુરાની નાનકડી મઢી બંધાઇ. રાવ દેશળજીના વખતમાં... જ્યાં દાસ દાદા મેકણે પૂજન કરી મા ના આશિષ મેળવ્યા. કચ્છના રાજવી કુટુંબો માતાના મઢના દર્શને જતાં પહેલાં કંસારા નાના ફળીયાની મઢીએ દર્શન કરવા અવશ્ય જતા. દર વર્ષે ભાદરવા વદ ૩૦ની રાત્રિએ ઘટ સ્થાપન થાય ને નવરાત્રિના કોરી પાઠ હોમ- હવન થાય જે આજે પણ ચાલુ છે. મુખ્યત્વે મારૂ કંસારા સોની જ્ઞાતિના લોકો 'માતાપંથ' ગ્રહણ કરી કોરી પૂજા કરાવે છે. જયેષ્ઠી, દરજી ને લુહાણા જ્ઞાતિના લોકો પણ માની મઢીએ આસ્થાપૂર્વક દર્શન કરે છે.

હાલમાં મારૂ કંસારા સોની જ્ઞાતિ ટ્રસ્ટ દ્વારા સંચાલિત આ મંદિરમાં છેલ્લા ૪૪ વરસથી પૂ. શ્રી પૂનમગીરી હરીગીરી ગોસ્વામી-બાવાજી- પૂજા કરે છે. કોરી પાઠના શ્લોકો અને પૂજા વિધિ તેમને કંઠસ્થ છે. મા ના ગરબા પણ તેઓ ભાવપૂર્વક ગાય છે. પણ ભૂકંપ પછી વસ્તી ઓછી થઇ જતાં અને ભક્તજનો નવરાત્રિ, ચૈત્રી ચંદ્ર કે અષાઢી બીજ જેવા વાર-તહેવારે જ આવતા હોઇ બાવાજી થોડા વ્યથિત છે. ભલે ભૂકંપ પછી ફળીયું વિખરાયું પણ હું માનું શરણ નહિં છોડું - હું પૂજા કરતો રહીશ એવી શ્રધ્ધા બાવાજીના અવાજમાં છલકે છે.

ભૂકંપ બાદ ફળીયાની દીવાલો ખસી જતા સામે જ પૂ. જલારામ બાપાનું મંદિર બરાબર મઢીની સામે આવી ગયું છે. આ પણ માની ઇચ્છાથી જ થયું હોય એવું લાગે... છેલ્લે એટલું જરૂર કહીશ કે કંસારા નાના ફળીયામાં બિરાજમાન મા આશાપુરા સાક્ષાત છે અને સાચી શ્રધ્ધાથી અહીં માથું ટેકનારના દુઃખ દર્દ દૂર થાય છે.

**જ્ઞાતિસેતુને હાર્દિક શુભેચ્છા : હરેશભાઈ નરસિંહભાઈ સોની પરિવાર - અમદાવાદ**

મનજીભાઈ કે. સોની
ગંગારામ એમ. સોની

ફોન : (૨૮૩૫)૨૨૧૦૨૮

# વાઘેશ્વરી
## જવેલર્સ

માનकः पथप्रदर्शकः
Bureau of Indian Standards

**916 KDM**
**ના દાગીના બનાવનાર**

**દરેક જાતના સોના ચાંદીના વેપારી**

---

**જુની પોસ્ટ ઓફીસની પાછળ,**
**જુનાવાસ, નખત્રાણા-કચ્છ.**

# બુદ્ધભટ્ટી દામાણી પરિવારના સતીમાતા મેઘબાઈમાં

## સતી મેઘબાઇ માની આછેરી ઝલક

બુદ્ધભટ્ટી દામાણી પરિવારના સતી મેઘબાઇ માંનો જન્મ અબડાદા તાલુકાના કોઠારા ગામ મધ્યે મારૂ કંસારા - નુખે બારમેડાને ત્યાં વર્ષ સવંત ૧૮૦૯ વૈશાખ વદ ૮, ૧૭-૦૫-૧૭૫૨ ના રોજ થયેલ તેમજ તેમના લગ્ન ભુજના કંસારા બુદ્ધભટ્ટી નુખના સાથે સંવત ૧૮૩૩ તા. ૨૦-૧-૧૭૭૬ના રોજ થયેલ. એમને પોતાના લગ્ન જીવન સંસારમાં અનેકવિધ તડકી-છાંયડી જોવા મળેલ.

પરણીને આવ્યા બાદ રોજના કજીયા કંકાસના કારણે તેઓના સીમંત પ્રસંગ બાદ માવિત્રે કોઠારા ગયા બાદ ભુજ સાસરે આવ્યા જ નહીં. સમયાંતરે તેમણે સુપુત્રને જન્મ આપ્યો. જેમનું નામ દામજી પાડવામાં આવ્યું. થોડાજ સમયમાં એમના પતિ શ્રી પ્રાગજી કોઈ અસાધ્ય રોગથી અવસાન પામ્યા ત્યારે માતાજી મેઘબાઈ મા ને કુદરતી સંકેત કે તેમનામાં રહેલ અપૂર્વ સત્ત્વના જોરે આ અંગેની જાણ થઈ અને તેઓ તરત જ ભુજ આવ્યા અને શ્વસુર પક્ષમાં સૌને જાણ કરીને કહ્યું કે મારા પતિના શબને સ્મશાને લઈ જવાના નથી. મારે એમની સાથે એમનું મસ્તક મારા ખોળમાં લઈને ચિતામાં મારે સાથે બેસવું છે અને મારે એમની સાથે સતી થવાનું છે.

સતી થવા દેવા - ના થવા દેવાની રકઝક તથા માથાકુટને અંતે મેઘબાઈ માં સ્નાન કરી, ચોખ્ખા વસ્ત્ર પહેરી, માથે ચુંદડી ઓઢી હાથમાં નારીયેળ લઈ કપાળે સિંદુરનો ચાંદલો કાઢી તેમના પતિની ચિતા પર ગોઠવાઈ ગયા અને કહ્યું, હું મારા પરિવારને શાપ નહીં આપું, આશિષ આપતી જઈશ. મારા વંશજો મને માનશે, સમરશે. મારી ઈષ્ટદેવીને નમતા આવશે તે ખૂબ જ સુખી થઈ આગળ વધશે, નામ કાઢશે એવો દ્રઢ વિશ્વાસ રાખશો. મારા સતી થયા બાદના કોઈ કાર્યમાં વિઘ્ન નાખશો નહીં. મારા કુટુંબના લોકો કોઈ કાર્ય કરશે તેમાં પણ વિઘ્ન નાંખશો નહીં. આટલું કહીને પોતાના પતિના દેહના મસ્તક પાસે આથમણી દિશામાં જ્યાં સૂર્ય અસ્ત થવાની તૈયારીમાં હતો તેમને વંદન કરી, પલાંઠી વાળીને ચિતા પર પોતાના પતિનું મસ્તક ખોળામાં લઈ લીધું અને એમના જમણા પગના અંગુઠામાંથી અગ્નિ સ્વયં પ્રજ્વલિત થયો. ત્યારે પણ ફરીથી કહ્યું કે મારા પુત્ર દામજીના નામે તમારો વંશ દામાણી કહેવાશે. તેમના સંતાનો મારૂં જ્ઞાન પ્રાપ્ત કરશે. રાજ્યમાં સારા હોદ્દા ભોગવશે. મારા વંશમાં કુશળ કારીગરો થશે. એમ કહીને પતિ સાથે અગ્નિ ખાળે સમાઈ ગયા. અને આમ માત્ર પચ્ચીસ વર્ષની વયે મા મેઘબાઈ માએ વિદાય લીધી.



સતી મેઘબાઈ માના સુપુત્ર દામજીના વંશજ દામાણી પરિવાર માની કૃપાથી વટવૃક્ષની જેમ ફૂલ્યો ફાલ્યો છે. કચ્છની રાજાશાહીમાં રવજીભાઈ તથા કેશવજીભાઈ આ પરિવારમાંથી એન્જીનીયર્સ થયા છે. ત્યારબાદ જાદવજી બાપુભાઈ તથા મોતીલાલ રણછોડ, પ્રાગજી ધારશી, રતિલાલ કેશવજી પણ સારા એન્જીનીયર્સ કચ્છ રાજ્યમાં થઈ ગયા છે. આ ઉપરાંત દામાણી પરિવારના અનેક વંશજો ઉત્તરોત્તર પ્રગતિ કરી રહ્યા છે.

## સતી મેઘબાઈ માંનો અનેરો પાટોત્સવઃ

દામાણી પરિવારના વંશજો સતી મેઘબાઈ માંનો પાટોત્સવની ઉજવણી પોષ વદ ચોથના રોજ કરે છે તેમજ બહારગામ વસતા દામાણી પરિવાર જો આ ઉજવણીમાં હાજરી ના આપી શકે તો તેમના ઘેર જ તે દિવસે ખીર અને કુલકા અથવા દૂધ-પુરી સતી માં ને ધરે છે. આ ઉજવણીના ભાગ રૂપે ભુજ મધ્યે ભીડનાકા બહાર આવેલ સતી માતાના મંદિરે તા. ૨૩-૧-૨૦૧૧ રવિવારના રોજ ધામધૂમથી ઉજવવામાં આવેલ. જેમાં સવારે હવન પર રામદાસ લાલજી બુધ્ધભટ્ટી પરિવારના સભ્યોએ ભાગ લીધેલ તેમજ બપોરના દામાણી પરિવારના જમણનો લાભ જનકબેન ત્રિકમદાસ બુધ્ધભટ્ટી (દામાણી)એ લીધેલ. સાંજે ૪ થી ૬ દરમ્યાન ભજન કીર્તનના કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ. જેમાં નર્મદાબેન બુધ્ધભટ્ટી તથા રોહિણીબેન બુધ્ધભટ્ટીએ જહેમત ઉઠાવી હતી. આ ઉપરાંત સમસ્ત જ્ઞાતિજનો જે પ્રતિવર્ષ દર્શન કરી પ્રસાદ તો લે છે પરંતુ આ વર્ષે દામાણી પરિવાર તરફથી સમસ્ત જ્ઞાસિજનો માટે મહાપ્રસાદ (જમણ)નું આયોજન રાત્રે ૮ વાગ્યાથી કરવામાં આવેલ, જે પ્રસંશનીય છે. આ કાર્યક્રમને સફળ બનાવવા હરેશ રમેશચંદ્ર બુધ્ધભટ્ટી, રાજેશ મગનલાલ બુધ્ધભટ્ટી, જીતેન્દ્ર નાનાલાલ બુધ્ધભટ્ટી, ભૂપેન્દ્ર ભાઈલાલ બુધ્ધભટ્ટી, પરેશ રામદાસ બુધ્ધભટ્ટી, જીગર મોહનલાલ બુધ્ધભટ્ટી અગ્રેસર રહ્યા હતા. તદુપરાંત જ્ઞાતિના આગેવાનો, યુવક મંડળ, મહિલા મંડળે આ કાર્યક્રમને સુપેરે પાર પાડ્યું હતું. (**નોંધ :** અહીં મા સતી મેઘબાઈ માં ની આછેરી ઝલક દર્શાવવામાં આવેલ છે. વિસ્તૃસ માહિતી માટે શ્રી ઇંદુલાલ કે. બુધ્ધભટ્ટીના "શ્રી આઈ સતીમાં મેઘબાઈમાં"નું પુસ્તક વાંચવું.)

**જ્ઞાતિસેતુને હાર્દિક શુભેચ્છા : હરીશભાઈ દલપતરામ બુદ્ધભટ્ટી પરિવાર - અમદાવાદ**

# શ્રી કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિની ઉત્સવોનો અધિકૃત ઈતિહાસ

સંકલન : બાબુભાઈ એન. સોની-મુંબઈ

પ્રત્યેક દેશ અને સમાજને પોતાના ભૂતકાળનો ઈતિહાસ હોય છે, તે પ્રમાણે શ્રીમાળ પ્રદેશ અને તેના રહેવાસીઓનો ઈતિહાસ હોય તે સ્વાભાવિક છે. 'શ્રીમાળ' એટલે હાલનું 'ભીજામાલ' ને દ્વાપર યુગમાં 'વરાહનગરી' કહેવાયું. તેના રાજા ચંપકસેન હતા એવો ઉલ્લેખ છે. શ્રીમાળની જાહોજલાલી સાતમાં સૈકાથી બારમા સૈકા સુધી કુદરતી પરિબળોનો કારણે ઘસાતી રહી. તે પહેલા શ્રીમાળમાં પિસ્તાલીસ હજાર બ્રાહ્મણો અને અન્ય મળી કુલ અઢી લાખની અંદાજે વસ્તી હતી. એ પ્રદેશ ગુજરાત અને મારવાડની સરહદ પરનો ઊંચો અને સપાટ પ્રદેશ હતો. આજ પણ ત્યાં નાનું શહેર છે. જેનું નામ ભીજામાલ છે. 'બોમ્બે ગેજેટ'ની નોંધ મુજબ આ શહેર તે વખતે ૩૬ માઈલમાં પથરાયેલું હતું.

પ્રસિદ્ધ ઈતિહાસકાર 'કર્નલ ટોક' અને ચીની પ્રવાસી યુ. એન. સંગે પણ નોંધ્યું છે કે કોઈ સમયમાં આ સમૃદ્ધિ નગર હતું અને અહીં ઉચ્ચ વિદ્વાન બ્રાહ્મણોની ઉત્પત્તિ થઈ. આપણા ઉત્પત્તિ સ્થાન 'શ્રીમાળ' વિશે આટલું લખવું જરૂરી હતું. આમ તો શ્રીમાળ પુરાણમાં ઘણો બધો ઈતિહાસ સમાયેલો છે. કચ્છ, સૌરાષ્ટ્ર અને ગુજરાતની ઘણી જાતિઓનો ઈતિહાસ શ્રીમાળથી જ શરૂ થાય છે. એક ખાસ વાત, આપણા આદી કુળદેવી મહાલક્ષ્મી છે. જે હાલ પાટણમાં બિરાજે છે. શ્રીમાળનું આટલું વર્ણન કર્યા પછી મૂળ વાત પર આવીએ, શ્રીમાળમં બ્રાહ્મણોના વંશનો ફેલાવો ભારતનાં અન્ય રાજ્યો તેમજ મારવાડ, અને સમગ્ર ગુજરાતમાં થયો પરંતુ કમનસીબે આપણી જ્ઞાતિના ઈતિહાસ વિષે કચ્છ, સૌરાષ્ટ્ર તેમજ ગુજરાતમાં વસતા આપણા કોઈ જ્ઞાતિજનોને પ્રવાસ કર્યો નથી. રાજસ્થાનમાં વસતા આપણા જ્ઞાતિભાઈઓએ આ દિશામાં ઠીક ઠીક મહેનત કરી છે. 'ઈતિહાસ ખોજ' સમિતિ નીમવામાં આવી છે, તેમજ બ્રાહ્મણ સોની, મહાસભાના ચાર અધિવેશનમાં ઉત્પત્તિના ઈતિહાસ વિષે વ્યાપક સ્વરૂપમાં ચર્ચા વિચારણા કરવામાં આવી છે. બ્રાહ્મણ સુવર્ણકારોના ભીષ્મ પીતામહ ગણાતા સ્વ. શ્રી બદ્રીપ્રસાદજી સાકરીઆ, જેઓ વલ્લભ વિદ્યાનગરમાં રહેતા હતા. તેમણે આપણી ઉત્પત્તિના ઈતિહાસ વિષે ખૂબ સંશોધન ક્યું છે. તેમજ આજથી ૮૦ વર્ષ પહેલા મહારાષ્ટ્રમાં રહેતા શ્રી જોત મલજી કટ્ટાએ એક પુસ્તિકા છપાવી હતો તે પણ હાલમાં ઉપલબ્ધ નથી.

ખૂબ પ્રયાસોના અંતે અને જે સાહિત્ય મળ્યું, તેમજ વિદ્વાનો જ્ઞાતિના વડીલો ભાટરાજા અને ભાટના લખાણોમાંથી જે માહિતી પ્રાપ્ત થઈ તે તથા મારું પોતાનું થોડું સંશોધન, આ બધા પરિશ્રમનું ભાથુ લઈને 'આપણી જ્ઞાતિની ઉત્પત્તિનો સંક્ષિપ્ત ઈતિહાસ' લખવાનો પ્રયાસ કરું છું. આશા છે કે જ્ઞાતિના વિદ્વાન ભાઈઓ આ કાર્યને મહત્વનું સમજીને ઉપાડી લેશે તો મારો આ પ્રયાસ સાર્થક ગણાશે.

આપણે બ્રાહ્મણ સોની કેમ કહેવાયા અને કેવા બ્રાહ્મણ છીએ. તે બાબત પુરાણોનો મત નીચે મુજબ છે.

(૧) સ્કંદ પુરાણના શ્રીમાળ મહાત્મયના ૧૩માં અધ્યાયમાં જણાવ્યું છે કે શ્રી લક્ષ્મીજીએ ૧૦૦૮ સુવર્ણ પદમ પુષ્પોની માળા પહેરી હતી પ્રત્યેક પુષ્પને આઠ, આઠ પાંદડી હતી. દરેક પાંદડીમાં બ્રાહ્મણે સ્ત્રી-પુરુષ (જોડી) જોઈ. લક્ષ્મીજીને હર્ષના આંસુ આવ્યા અને આ જોડીઓ સજીવન થઈ સુવર્ણ પાંદડીથી ઉત્પન્ન થયા એટલે તેમને સુવર્ણકારી કામ કરવાનું શ્રી લક્ષ્મીજીએ કહ્યું. એ સુવર્ણકારો કલાદ સોની, બ્રાહ્મણ સોની કહેવાયા.

(૨) બ્રહ્મ વૈવર્ત પુરાણ, બ્રહ્મખંડ, અધ્યાય દશમાં લખ્યા મુજબ વિશ્વકર્મા પોતાના નવ પુત્રોને જુદી જુદી કલાઓનું જ્ઞાન આપી સ્વર્ગલોકમાં ગયા, આ નવ પુત્રોમાં સુવર્ણકાર પણ છે અને તે બધા બ્રાહ્મણો છે.

(૩) સને ૧૮૯૧ મારવાડ રાજ્યની વસ્તી ગણત્રી રિપોર્ટ પાના ૪૫૨મા બ્રાહ્મણોની બાબત લખ્યું છે કે આ જાતિ શ્રીમાળી બ્રાહ્મણો અને થોડા રાજપુતોથી ભીનમાલમાં બની છે. થોડા શ્રીમાળી બ્રાહ્મણો 'મેડ ક્ષત્રીય સોની' પાસેથી અલંકારો બનાવવાનું શીખવા, સોની કામ કરવા લાગ્યા ત્યારે આપણા શ્રીમાળી બ્રાહ્મણોએ તેમને જ્ઞાતિ બહાર કર્યા, તેથી તેઓએ પોતાની જુદી ઓળખ 'બ્રાહ્મણ સુવર્ણકાર' તરીકે સ્થાપી અને તે અલગ જાતિ બની ગઈ.

(૪) આપણી જ્ઞાતિની ઉત્પત્તિ બાબત ગોડવાળના ગામ ભીજાપુરના આપણી જ્ઞાતિના ભાટ પણ પુષ્ટિ આપે છે. તેમના કહેવા મુજબ ત્રેતાયુગના અંતમાં ભીમસાલમાં રાજા સંપર્કસેન રાજ્ય કરતા હતા ત્યારે સોનીની ઉત્પત્તિ થઈ, તેના સમર્થનમાં પોતાના જુના ચોપડામાંથી નીચે મુજબ દોહરો લખાવ્યો છે.

સમ્વત બહોતેરે બાવને બેસાક તીજ રવીવાર
તિન દિન સોની થખિયા બ્રહ્મ વંશ ઔચાર

ઉપરોક્ત પુરાણોના અલંકારમય આવરણોને દૂર કરીને જોઈએ તો ફલિત મારવાડની 'વસ્તી ગણતરી' રિપોર્ટની વાત સાચી જણાય છે. સંભવ છે કે ભગવાન પરશુરામ ના, ક્ષત્રિયો વિરુદ્ધ આક્રમણ સમયે, પોતાના જીવન બચાવવા ક્ષત્રિયો જેમ

જ્ઞાતિસેતુને હાર્દિક શુભેચ્છા : હિનાબેન પ્રવિણભાઈ પોમલ પરિવાર - અમદાવાદ

અન્ય જાતિઓમાં મળી ગયા, તેમ બ્રાહ્મણોમાં પણ મળી ગયા હોય ! કદાચ એટલે જ આપણી જ્ઞાતિમાં થોડા ક્ષત્રિયોના ગોત્ર જણાય છે.

કુલેરા (રાજસ્થાન)ના ક્ષત્રિય છોટેલાલ શર્મા પોતાના પુસ્તકો - 'જાતિ અન્વેષણ' અને 'બ્રાહ્મણ નિર્ણય' પ્રમાણે વિવરણ કરતા લખ્યું છે કે બ્રાહ્મણ સોનીઓને યજ્ઞોપવિત ધારણ કરવાનો, વેદ ભણવાનો, ભણાવવાનો, સંધ્યા-ઉપાસના આદિ પાંચ મહાયજ્ઞ કરવાનો અધિકાર છે.

ઉપર બતાવેલ પ્રમાણોમાં થોડા મંત-મતાંતરો હોય તે સ્વાભાવિક છે. પરંતુ આપણે 'તપોધન બ્રાહ્મણો' છીએ તેમજ ઈ.સ. પૂર્વેથી આપણો ઈતિહાસ છે. એમાં બે મત નથી. ત્યારબાદ આપણે શ્રીમાળી અને ચિતોડા તરીકે પણ ઓળખાતા.

હવે આપણે આજથી અંદાજે ૧૩૦૦ વર્ષ પહેલાની વાત કરીએ જે પ્રમાણભુત ગણાય છે. વિક્રમ સંવત ૭૨૯માં મારવાડ અને ગુજરાતની સરહદ પર બારમેડ જિલ્લાના ગામ 'કિરાડુ' માં ગૌતમ ગોત્રના શ્રી ધરમશી બારમેડા રહેતા હતા. તેઓ ખૂબ જ ધનવાન હતા. એ સમયે આપણા સમાજમાં કુરિવાજો અને લગ્ન સમયે દહેજ પ્રથા હતી, આ કારણે કન્યાઓ મોટી થઈ જતી લગ્ન સંબંધો જલદી થતા નહિ, આ વાતની ચીંતા ધરમશીભાઈને સતાવતી હતી. એટલે તેમણે આપણી સમગ્ર જ્ઞાતિને પોતાને ત્યાં બોલાવી અને સર્વ સંમતિથી ૧૪૦ કન્યાના કન્યાદાન અપાયા. ત્યારબાદ ભેગા થયેલા જ્ઞાતિજનોને સમજાવીને જ્ઞાતિનો પ્રબંધ કર્યો. આપણા બ્રાહ્મણ સુવર્ણકારો તે વખતે ૧૪ ગોત્રથી ઓળખાતા હતા. અને કેટલીક ઓળખો શરૂ થઈ હતી. આ ઓળખો તેમજ ગામના નામે ૮૪ કડીઓ (અટક) નક્કી કરવામાં આવી. જ્ઞાતિના ગુરૂ તેમજ વહીવંચા તરીકે સાચોરા બ્રાહ્મણ કલુરામના પુત્ર મગનીરામને નક્કી કરવામાં આવ્યા. જેને આપણે ભાટ કહિએ છીએ, ત્યારથી આપણો ઈતિહાસ લખાયો છે અને ભાટરાજા પાસે સચવાયો છે. આ ચૌદ ગોત્રોમાં કોઈક ગોત્ર ક્ષત્રિયોના પણ જણાય છે.

ક્ષત્રિયો કરતાં બ્રાહ્મણો શ્રેષ્ઠ ગણાતા, એટલે જે ક્ષત્રિયો રાજીખુશીથી બ્રાહ્મણ સોનીમાં ભળવા તૈયાર થયા હશે. તેઓને સમાવી લેવાયા હશે. ત્યારબાદ શ્રીમાળ ભાંગતું ગયું. આપણે વિખરાતા ગયા, અને જુદા જુદા પ્રદેશોમાં સ્થાયી થયા. વાહન વ્યવહાર તે વખતે નહતા, એટલે જ્યાં પહોંચ્યા, સ્થાયી થયા. ત્યાંના થઈને રહ્યા આજે કચ્છ, સૌરાષ્ટ્ર, ગુજરાત તેમજ ભારતમાં અન્યત્ર પથરાયેલ બ્રાહ્મણ સુવર્ણકાર જ્ઞાતિ શ્રીમાળ છોડ્યા પછી વિખરાઈ ગયેલ છે.

સંવત ૧૬૨૦ થી ૧૬૪૦ દરમ્યાન ૨૦ થી ૨૫ કડીના (અટકના) આપણા સમાજમાં કુટુંબો કચ્છ, સૌરાષ્ટ્ર અને ગુજરાતમાં આવ્યા, અને સોના-ચાંદીનો વ્યવસાય કરવા લાગ્યા, તેમજ થોડા પરિવારો કંસારાનો વ્યવસાય કરવા લાગ્યા. તદ્ઉપરાંત મારવાડથી આપણા બ્રાહ્મણ કુળના સુવર્ણકારો ગુજરાતમાં આવ્યા, તેમ 'કાંસ્યકારો' પણ આવ્યા, તેઓ આપણા ગોત્રના જ છે.

વખત જતાં તાંબા પિત્તળના વાસણોનો યુગ શરૂ થયો, આપણા ઘણા જ્ઞાતિ ભાઈઓ આ નવા ધંધામાં જોડાયા અને તેઓ મારૂ કંસારા કહેવાયા, તેઓના સૌરાષ્ટ્ર, ગુજરાતમાં ૧૪૦૦ પરિવારો છે. અને થોડા કચ્છના પરિવારો પણ વાસણનાં વ્યવસાયમાં પોતાને મારૂ કંસારા કહેવડાવે છે. પરંતુ આપસમો ભોજન તેમજ લગ્ન સંબંધો થાય છે. કહેવાય છે કે જુના વખતમાં થોડા લોકોના હઠાગ્રહથી આપણી ઓળખમાંથી, ખાસ કરીને કચ્છમાં બ્રાહ્મણ શબ્દ કાઢી નાખવામાં આવ્યો અને તેની જગ્યાએ કંસારા શબ્દ મુકવામાં આવ્યો. તેવી જ રીતે સૌરાષ્ટ્રમાં સોની અને બ્રાહ્મણ બંને શબ્દ કાઢી નાખવામાં આવ્યા, તેઓ માત્ર મારૂ કંસારા ઓળખ વાપરે છે. ગુજરાતમાં મારૂ બ્રાહ્મણ સોની અને કચ્છમાં મારૂ કંસારા સોની ઓળખ વપરાય છે. તેમજ મારવાડી ભાઈઓના ૧૩૦૦૦ પરિવાર, 'બ્રાહ્મણીયા સોની' તરીકે ઓળખાય છે. ખરેખર સાચા સંબંધો ગોત્રના (કડીના) ગણાય. તે પ્રમાણે ઉપરોક્ત બધા ગ્રુપ ગોત્રથી આપણે એક જ છીએ, આપણી ૮૪ કડી, (અટક)માંથી ઘણી લુપ્ત થઈ ગઈ છે. તો ઘણી નવી ઓળખો શરૂ થઈ ગઈ છે. પરિવર્તન એ જગતનો નિયમ છે અસ્તુ.

આ બધો ઈતિહાસ જોતા આપણામાં ખરી અસ્મિતા જાગૃત થવી જોઈએ, આપણે તપોધન બ્રાહ્મણો છીએ, ચાર વર્ણમાં આપણે શ્રેષ્ઠ વર્ણના છીએ, ધંધાને આપણે જાતિ સમજી બેઠા છીએ. બારસો વર્ષના જૈન, બુદ્ધ, મુસ્લિમ, ઈસાઈ ધર્મોના પ્રચાર, પ્રસારથી હિંદુ ધર્મને ખૂબ હાની પહોંચી છે. અને તેથી આપણા મુલ્યાંકનો બદલી ગયા છે. આપણામાં બ્રાહ્મણોને સોળ સંસ્કાર મોજુદ હોવા છતા આપણે બ્રાહ્મણ તરીકે ઓળખવામાં નાનપ અનુભવીએ છીએ. સને ૧૯૧૩માં કર્નલ ટોકે રાજસ્થાનનો ઈતિહાસ લખ્યો, ત્યારે આપણી જાતીએ સોની નહિ પણ બ્રાહ્મણ લખાવ્યું હતું. પછાત જાતિ કમિશનને પણ આપણે બ્રાહ્મણ શબ્દ લખાવ્યું છે.

અંતમાં આપલો મહાન સમુદાય માર્ગદર્શન વગર, ઈતિહાસને ભૂલી, ધંધાની ઓળખમાં અટવાઈ ગયો છે. ભવ્ય ભૂતકાળને વિસરી ગયો છે. જે સમાજને પોતાના ઈતિહાસ વિષે કાંઈ ખબર નથી, તે સમાજ ક્યારે ને ક્યારે સમાપ્ત થઈ જાય છે. આપણા બુદ્ધિમાન જ્ઞાતિ ભાઈઓએ આ કાર્યને ઉપાડી લેવો જોઈએ, જાગ્યા ત્યારથી સવાર. સમજી પ્રમાણભૂત ઇતિહાસ તૈયાર કરવો જોઈએ, તો જ આપણા મનમાં ખરી અસ્મિતા જાગ્રત થશે. આપણે કોણ છીએ, આ જગતમાં આપણી શું ફરજ છે આવું બધું જ્ઞાન આપણા બાળકોને હોવું જોઈએ. અને તો જ આપણે ખરા વડીલ કહેવાશું. આ બધી વાતોમાંથી સત્યાસત્યનો નિર્ણય કરવો એ વિદ્વાનોનું કામ છે. મારો આ નાનો પ્રયાસ પાણીમાં કાંકરી નાંખી લહેર પેદા કરવાનો છે.
— અસ્તુ.

**જ્ઞાતિસેતુને હાર્દિક શુભેચ્છા : જયેશભાઈ કલ્યાણજી ઘડિયાળી પરિવાર - અમદાવાદ**


SHB
સોની હિંમતલાલ બેચરલાલ
પ્રો. સંજય બેચરલાલ સોની
સોના ચાંદીના ફેન્સી દાગીના
બનાવનાર તથા વેચનાર
મેઈન બજાર, નખત્રાણા (કચ્છ)
(S) 222111 (M) 9879122211




જગદીશભાઈ કંસારા
મધુકાન્તભાઈ કંસારા

મો. : ૯૮૨૫૪ ૬૧૯૨૦
૯૮૨૫૯ ૭૯૬૫૦

# આશા
## મોલ્ડીંગ વર્કસ

**શુધ્ધ કાંસાના બીએમકે માર્કાના મંજીરા, ઝાંઝ, જાલર, ઘંટ, નાગ તથા જળાધારી બનાવનાર.**

મચ્છીપીઠ, અંજાર (કચ્છ). ફોન : (ઓ) ૨૪૩૪૫૯

MARUTI
SUZUKI

Hitesh Soni
98252 25088

ASHA MOTORS
(Maruti Authorised Service Station)

B/H Patel Tower, Nr. Jaynagar Bus Stop,
Mirzapur Highway, Bhuj-Kutch. 370001.

Phone : (02832) 232400, 231949 Fax : (02832) 232500
e-mail : ashamotors1@rediffmail.com

Chandrakant
98252 26067
Ph. : 224745

મે. ઓધવજી રતનશી એન્ડ કું.
વાસણના વેપારી
કંસારા બજાર, ભુજ-કચ્છ ૩૭૦૦૦૧.

**M/s Odhavji Ratansi & Co.**

Wholsaler of Home Appliances

Kansara Bazar, Bhuj-Kutch. 370 001.

VA

Vinod Soni 9825428233
Pradip Soni 98257 58180

Dealers & Manufacturers Of Gold Ornaments

**M/s Velji Anandji**

Prim Point, Shop No. 3 Opp. NCC Office, Santoshi Mata Mandir Road, Bhuj-Kutch. 370001.
Show Room (02832) 220126, 221451 (Resi) 226038

e-mail : vinodmanganlalsoni@gmail.
compmsoni58180@gmail.com

# શ્રી મંરૂ કારંસ્રં રેંની ર્જ્ઞંતિ-રવંપંર

**સોની અશ્વિનકુમાર શાન્તીલાલ, મેઈન બજાર, રવાપર.**

# જ્ઞાતિસેતુને હાર્દિક શુભેચ્છા...



અશ્વિન શાંતિલાલ સાકરીયા
પ્રમુખ



વિપુલ જાદવજી બારમેડા
ઉપપ્રમુખ



દિનેશકુમાર મુળજી સોલંકી
મંત્રી



જગદીશ હીરાલાલ કટ્ટા
સહમંત્રી



મનસુખલાલ અમૃતલાલ મૈચા
ખજાનચી



ઉમેશભાઈ ડુંગરશી કટ્ટા
સહખજાનચી

## કારોબારી સભ્યો

મહેશભાઈ રતીલાલ સોની
મોરારજી જેઠાલાલ સોની
વિનોદભાઈ મુળજી સોની
ડુંગરશી હરિરામ સોની

મોહનભાઈ હરિરામ સોની
નરેન્દ્ર ભાઈલાલ સોની
ભરત વિસનજી સોની
વિનોદભાઈ રામજી સોની

જ્ઞાતિસેતુને હાર્દિક શુભેચ્છા...

# પશ્ચિમ કચ્છ મારૂ કંસારા સોની જ્ઞાતિ

**લખમશી ઈશ્વરલાલ કોટડીયા, રત્નદીપ જ્વેલર્સ, પટેલ શીવજી રામજીની બાજુમાં, નખત્રાણા.**



લખમસી આઈ. કોટડીયા
(પ્રમુખ)



ધનજીભાઈ એચ. બુધ્ધભટ્ટી
(ઉપપ્રમુખ)



હેમેન્દ્ર એમ. કંસારા
(મહામંત્રી)



જેરામ ડી. બુધ્ધભટ્ટી
(ખજાનચી)



દિનેશ જે. બગ્ગા
(મંત્રી)

## ટ્રસ્ટીશ્રીઓ



નારણભાઈ મોહનલાલ પરમાર



રમણીકલાલ ગોકલદાસ સાકરીઆ



મણીલાલ ગોવીંદજી કટ્ટા



ગંગારામ કરસનદાસ કટ્ટા

# શ્રી મારૂ કંસારા બ્રાહ્મણ સુવર્ણકારનો ઉત્પત્તિકાળ

**સંકલીત**

ભારતીય સંસ્કૃતિ અને સભ્યતાઓમાં સમગ્ર હિન્દુ સમાજ વર્ણ વ્યવસ્થા જેવી કે બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શુદ્ર જેવી ચાર શાખામાં વહેંચાયેલું છે. ચાર મુખ્ય ધારાઓમાંથી કાળક્રમે જ્ઞાતિઓ અને પેટા જ્ઞાતિઓનો ઉદ્‌ભવ થયો. દરેક જ્ઞાતિઓની પોતાની શૈલી તેમજ એક આગવી ઓળખ છે. ઘણી જ્ઞાતિઓ તેમના કર્મને આધારે પણ ઓળખાય છે. જેનાથી તેમની મૂળ જ્ઞાતિ આગળ જતાં ભૂંસાઇ જાય છે અને એક નવી જ જ્ઞાતિ જન્મ લે છે.

"મનુ સ્મૃતિ"માં તેમજ આપણા અનેક પૌરાણિક ગ્રંથમાં વર્ણ જ્ઞાતિઓ તેમજ કર્મકારી જ્ઞાતિઓના સરસ ઉલ્લેખો છે. સંસ્કૃતિ તેમજ સભ્યતાના વિકાસની સાથે-સાથે જીવન ઉપયોગી વસ્તુઓની જરૂરિયાત વધતી ગઈ તેમ-તેમ વિવિધ રોજગારો અસ્તિત્વમાં આવ્યા. રોજગાર ધંધા ઉપરથી કારીગરોનો આખો વર્ગ જ્ઞાતિ તરીકે ઓળખાવા લાગ્યો. દા.ત. વણિક એટલે "વાણિયા", મીઠું વેચનાર "નમકણ", પાન વેચનાર 'તાંબુલિક', લોઢાનું કામ કરનાર 'લુહાર' વગેરે વગેરે. પ્રસ્તુત લેખમાં આપણે 'શ્રી મારૂ કંસારા' બ્રાહ્મણ સુર્વણકાર જ્ઞાતિ વિશે આ ચર્ચા કરીશું.

લલીતપુર જિલ્લામાંથી મળી આવેલ દસમી સદીના એક શિલાલેખમાં વિવિધ જ્ઞાતિઓની દુકાનોનો ઉલ્લેખ જોવા મળે છે. તેમાં 'કંસારા' અને 'સોનીની' દુકાનોનો પણ ઉલ્લેખ છે, જેમાં કાંસ્યનું કામ કરનાર 'કાંસ્યકાર' કહેવાયા છે, અને સુવર્ણનું કામ કરનાર 'સુવર્ણકાર' કહેવાયા છે. 'કંસારા' અને 'સોની' ઉપરોક્ત સંસ્કૃત શબ્દોના અપભ્રંશ છે. પ્રાચીન યુગમાં ધાતુઓમાં સૌથી વધારે ચલણ કાંસાનું હતું તેમાં ફક્ત વાસણો જ નહી પરંતુ વિવિધ પ્રકારના ઓજાર, હથિયાર, તોપો, સંગીતના સાધનો, મૂર્તિઓ, પ્રતિમાઓ, રમકડાંઓ વગેરેમાં ઉપયોગ થતો હોઇ તે ધાતુના નામ પરથી જ આપણી જ્ઞાતિ 'કંસારા' તરીકે પ્રસ્થાપિત થઇ. પરંતુ જ્યાં જ્યાં આપણી જ્ઞાતિઓ રોજગાર તરીકે સોના-ચાંદીનો ધંધો કરતા હતા ત્યાં ત્યાં તેઓ 'સુવર્ણકાર' એટલે 'સોની' તરીકે પ્રસ્થાપિત થયા. ભારત વર્ષના વિવિધ પ્રાંતોમાં આપણી જ્ઞાતિઓ આવેલી છે. જે વિવિધ નામે ઓળખાય છે. આપણી જ્ઞાતિઓ અલગ અલગ પ્રદેશોમાં 'કંસારા' 'સોની' કંસારી 'કાંસાર' 'ઠઠેરા' 'કાચોગર' 'કંસાલ' કમલાકર (દક્ષિણ ભારત) 'ગજેગરા' 'કમલાસેર' 'કંસેરા' 'ભરારા' તરીકે ઓળખાય છે. આપણી જ્ઞાતિ વિશે ડો. અરૂણોદય જાની શ્રી જોરાવર સિંહ જાદવ જેવા અનેક સંશોધકોએ ઘણું જ સંશોધન કર્યું છે. પરંતુ "ગ્લોરી ઓફ ક્રાસ્ટ્સ ટાઇપ એન્ડ રેશીઝ ઇન બરોડા" ના કર્તા શ્રી ગોવિંદભાઇ હાથી નોંધે છે કે વડોદરાથી ૨૯ માઇલ પૂર્વમાં આવેલા પાવાગઢમાં પાંચ ભાઇઓએ મહાકાલિકાનું તપ કર્યુ હતું. તેમની ભક્તિથી પ્રસન્ન થયેલા કાલિકા માતાજીએ એમને ધાતુ ગાળીને આજીવિકા રળવા કહ્યું. સમય જતાં તે ભાઇઓની અલગ અટકો પડી. જેમાં બગાયા (બગ્ગા) બારમાલાયા (બારમેડા) બુધ્ધભાટી (બુધ્ધભટ્ટી) ગોહિલ, કરકરીયા, પરમાર, સોલંકી એક જાતે કરકરીયા, ભાટી અને ત્યારબાદ સાકરીયા કહેવાયા. તેમજ રાજ્યના રાજવીઓની (રાજાઓની) અટકો ઉપરથી પણ આપણી અલગ અલગ અટકો તેમજ વિસ્તાર અને પ્રાંતો પરથી પણ ઓળખાઇ. આ સિવાય એક પૌરાણિક કથા અનુસાર કામધેનુ ગાય પડાવી લેવા બાબતે જયદર્શન ઋષિની હત્યા તેમના જમાઇ સહસ્રાર્જુને કરી જમદગ્નિ ઋષિના પુત્ર પરશુરામે પોતાના બનેવી સહસ્રાર્જુનની હત્યા કરી અને સમગ્ર પૃથ્વીને નક્ષત્રીય કરવાની પ્રતિજ્ઞા લીધી પરંતુ એની બહેનની આજીજીને કારણે એના ભાણેજોને જીવીત રાખ્યા — એ શરતે કે તેમને ક્ષત્રિય વર્ણ છોડીને બ્રાહ્મણ વર્ણ સ્વીકારવો. આમ જોઇએ તો સહસ્રાર્જુન આપણા મૂળ પુરુષ લેખાય અને પરશુરામ આપણા આદ્યુ ગોત્ર ગણાય. જેમના આપણે સૌ સંતાનો છીએ. આગળ જતા આજીવિકા માટે પરશુરામ ભગવાનના કહેવાથી તેમના પાંચે ભાણેજોએ માતા કાલિકાનું તપ કર્યુ. શ્રી કાલકામાએ તપથી પ્રસન્ન થઇને તેમના કુળદેવી થવાનું સ્વીકાર્યુ તેમજ મા શારદા અને ભગવાન વિશ્વકર્માનું આહ્વાન કર્યુ. આહ્વાન કરી આપણને ધાતુ ગાળવાનો કસબ શીખવાડ્યો અને ઓજારો આપ્યા. ઉપરોક્ત કથા "પદમ પુરાણના" ઉત્તરખંડ સાથે જોડાયેલી છે. જેનો કાલિકા પુરાણમાં વિસ્તૃત ઉલ્લેખ છે. જે ઉલ્લેખ "શ્રી કાલિકા પુરાણ કંસારા જ્ઞાતિ ઉત્પત્તિ" ડો. અરૂણોદય જાનીના પુસ્તકોમાં પણ ઉલ્લેખ છે. બ્રાહ્મણ કુળના સંસ્કારોના સિંચનને કારણે આપણા મૂળ સ્થાન મારવાડ (રાજસ્થાન)માં આજે આપણે બ્રાહ્મણીયા સોની તરીકે ઓળખાઇએ છીએ. રાજસ્થાનના બારમેડ ક્ષેત્રમાં સંવત ૧૨૬૮માં શ્રી પંછીદેવજી (બારમેડાના પુરસા) નામે એક દેવપુરુષ થયા. એવું કહેવાય છે કે તેઓશ્રી કાલભૈરવના અવતાર હતા. તેમના પૂર્વજ ધરમશી નામે થઇ ગયા, તેમણે આપણા સમાજને સંગઠિત કરવાના ઘણા જ પ્રયત્નો કર્યા હતા. તે સમયે આપણા સમાજમાં "કન્યા વિક્રય" ની પ્રથા હતી જે તેમના પ્રયત્નોથી બંધ થઇ હતી. ધરમસિંહજીનો

**જ્ઞાતિસેતુને હાર્દિક શુભેચ્છા : જેઠાભાઇ શામજીભાઇ પોમલ પરિવાર - અમદાવાદ**

સમયગાળો વિક્રમ સંવત ૭૭૦નો મનાય છે. તે સમયથી આપણી જ્ઞાતિની અલગ-અલગ અટકો અને વંશાવલી બની હતી. આ કાર્ય માટે તેઓએ બાગૌરા જ્ઞાતિના ભાટ અને કુળના ગોર માટે સંચોરા બ્રાહ્મણની નિયુક્તિ કરવામાં આવી હતી. આજે આપણી '૮૪' અટકો નવગોત્રની બનેલી જ્ઞાતિ છે. જેમાં અલગ-અલગ શાખા-વેદ, ગોત્ર કુળદેવી, કુળદેવતા, સતીમા અને ક્ષેત્રપાળ છે. તેમજ હિન્દુ સનાતન ધર્મની વર્ણ વ્યવસ્થા મુજબ આપણી જ્ઞાતિ બ્રાહ્મણ વર્ણની હોઇ આપણને જનોઇ (પરવર પાંચ) તેમજ શીખા (ચોટી) પણ ફરજિયાત છે.

"બોમ્બે ગેઝેટિયર" (સ્વ. ભીમભાઇ કિરપારામ સંકલિત) અનુસાર કંસારા અને સોનીનું કામ ઘરમાં કે દુકાનમાં ચાર-પાંચ ભાઈઓ સાથે મળીને કરતા. જેમાં ઘડવાનું, નક્શી કરવાનું, રેવવાનું અને વેપાર કરવાનું વગેરે અલગ-અલગ ભાઇઓ કરતા. જેમાં જે નિપુણ હોય તેને તે કામ સોંપાતું. જેમાં ઘરની સ્ત્રીઓ પણ મદદ કરતી. જેવું કે પોલિશ કરવું વગેરે બાબતે. જે-જે કુટુંબો જે કામ કરતા તેના ઉપરથી તે કુટુંબો ઓળખાતા. દા.ત. સરીવારા, કાંપવારા, કડલા વારા, બેરજાઇ (ટચ કાઢનાર) વગેરે વાસણોમાં, કળશિયાવારા, માજિરાવારા, લોટાવારા વગેરે. જે અલગ અલગ ઓળખો આજે પણ ભુજ અને અંજારમાં જોવા મળે છે. અંજારમાં વાસણો, પાનદાની, ઘાટડી, ખડિયા, કલમ, ઘાટ, મૂર્તિઓ પગમાં બાંધવાના ઘૂઘરાઓ, મંજીરા, સાંકળો, દિવીઓ વગેરે જેવી વસ્તુઓને વિશ્વવિખ્યાત કરનાર આપણી જ જ્ઞાતિના ભાઇઓ છે. તેમજ ચાંદીમાં નક્શીકામ, મીનાકારી અને કચ્છ વર્કનું તેમજ પરંપરાગત આભૂષણોમાં અને કલાકૃતિઓમાં ભુજ તેમજ ગ્રામ્ય વિસ્તારના આપણા કારીગર ભાઇઓએ કામ કરીને વિશ્વમાં નામ કમાયા છે. ખાસ કરીને કલા (આર્ટ) સાથે આપણો લોહીનો સંબંધ રહ્યો છે. જેમાં ફોટોગ્રાફી પેન્ટીંગ અથવા તો ટેકનીકલ લાઇન જેમાં ઘડિયાળી, વાહન મેકેનિકલ મશીનરી ડિઝાઇન તરીકે આપણા સમાજના લોકો દક્ષ છે. જામન રનો વિશ્વવિખ્યાત બ્રાસ ઉદ્યોગ. એમાં આપણી જ્ઞાતિનું મહત્વનું પ્રદાન છે. ખાસ કરીને રાજાશાહીના વખતમાં તામ્રપત્ર ઉપરના લેખો લખાતાં તેમજ ગંગાજળિયા લોટા ઉપર મહાભારત અને રામાયણ કાળના ચિત્રોનું આબેહૂબ નક્શીકામ કરેલી કલાકૃતિઓ જે આજે પણ 'દિલ્હીના ક્રાફ્ટ મ્યુઝિયમ' માં મૌજુદ છે. જે જોતાં જ મંત્રમુગ્ધ કરી દે છે. વર્ષો પહેલાં આપણા ભાઇઓએ બનાવેલ અષ્ટધાતુ અને પંચધાતુની સોપો, ઘડિયાળો જે આજે પણ કલા જગતનાં ઉત્કૃષ્ટ ઉદાહરણ છે. ભારતભરમાં યોજાતા હસ્તકલા પ્રદર્શનોમાં ભારત સરકાર વતી હું પણ ભાગ લેતો હોઇ ભારતભરના વિવિધ પ્રાંતોમાં રહેતી આપણી જ્ઞાતિની મને ઘણી જ માહિતી તેમનાં સંપર્કમાં આવવાથી મળેલ છે. રાજસ્થાનનું મારવાડ ક્ષેત્ર એ આપણુ મૂળ ક્ષેત્ર છે જેમાં આપણે બ્રાહ્મણિયા સોની તરીકે ઓળખાઇએ છીએ. ત્યાંથી અનેક કારણોસર આપણા ભાઇઓએ સિંધ (પાકિસ્તાન) ગુજરાત માલવ (મધ્યપ્રદેશ) સ્થળાંતર કર્યું હતું. હું જ્યારે કુંભમેળા પ્રસંગે ઉજ્જૈન ગયેલો ત્યારે ત્યાં "માલવ બ્રાહ્મણ સુવર્ણકાર" સમાજનો એક ભવ્ય પંડાલ જોઇને ત્યાં રૂબરૂ મુલાકાત લેતાં જાણવા મળ્યું કે તેઓ મારવાડથી સંવત ૧૨૦૦થી ૧૫૦૦ના ગાળામાં માલવ પ્રદેશ આવેલાં જેમ આપણી માતૃભાષા મારવાડમાં મારવાડી છે ગુજરાતમાં ગુજરાતી તેમજ મધ્યપ્રદેશમાં હિન્દી છે. તેમજ સ્થાનિક ભાષાઓનો પણ ઉપયોગ જોવા મળે છે. દા.ત. લખપત અને અબડાસામાં જે આપણા કુટુંબો રહે છે તેઓ ઘરમાં અને વ્યવહારમાં કચ્છી ભાષાનો પ્રયોગ કરે છે પાકિસ્તાનમાં સિંધ પ્રાંતમાં કરાંચી અને હૈદરાબાદમાં આપણા ઘણા જ ભાઇઓ સ્થાયી થયેલા છે. સંવત ૧૬૦૦ના સમયમાં પાકિસ્તાનમાં હૈદરાબાદ શહેરમાં આવેલ કબીર ચૌરામાં આપણી "બ્રાહ્મણ સુવર્ણકાર રાત્રિ પાઠશાળા" ચાલતી હતી. જેનાં અધ્યાપક પાસે રાજસ્થાનમાં સાચોરા બ્રાહ્મણ પં. નારાયણદત્ત (વ્યાસ) હતા. કચ્છમાં સ્થાયી થયા તેને લગભગ સંવત ૧૨૦૦ થી ૧૫૦૦નો ગાળો કહી શકાય. કચ્છમાં મહારાજ ખેંગારજી પહેલાંના સમય દરમ્યાન (સંવત ૧૫૦૦)માં ઘણી જ કારીગર જ્ઞાતિઓ રાજસ્થાનથી કચ્છમાં આવેલી તે પૈકી આપણી જ્ઞાતિનાં કુટુંબો પણ ક્રમશઃ આવતા રહ્યા. આજે ખાસ કરીને કચ્છ અને જામનગરમાં આપણો બહુ જ મોટો સમાજ છે આજના આધુનિક યુગમાં હવે ફક્ત આપણા પરંપરાગત વ્યવસાય સિવાય પણ અનેક ક્ષેત્રોમાં કાર્ય કરી રહ્યાં છે આપણી જ્ઞાતિનાં ઘણા જ મહાનુભાવોએ અલગ અલગ ક્ષેત્રમાં જ્ઞાતિનું નામ ઉજ્જવળ કર્યુ છે અને ઉજ્જવળ કરતાં રહે તેવી અભિલાષા સહ...


**હાર્દિક શુભેચ્છા સહ....**

**હસમુખભાઈ એન. બીજલાણી**

**(મો) ૯૩૭૬૬ ૨૧૫૭૦**

**મીનાબેન બીજલાણી**

**(મો) ૯૪૨૭૦ ૨૭૧૩૨**

**સહેલી**

**બ્યુટી પાર્લર**

**૧૪/૧૪૭, મંગલમૂર્તિ એપાર્ટમેન્ટ, નારણપુરા**
**ટેલિફોન એક્ષચેન્જ સામે, અમદાવાદ.**

જ્ઞાતિસેતુને હાર્દિક શુભેચ્છા...

# શ્રી મારૂ કંસારા સોની સમાજ-રાયપુર

**અણમોલ જ્વેલર્સ, રત્નકેન્દ્ર, સંગીત વિદ્યાલયની સામે, શ્યામ ટોકીઝ રોડ, બુઢાપારા, રાયપુર-૪૯૨૦૦૧**



**કૌશિક કટ્ટા-પ્રમુખ**



**અજય પોમલ-ઉપપ્રમુખ**



**અનિલ મચચા-ઉપપ્રમુખ**



**નીતીન પોમલ-સચિવ**



**જયેશ પોમલ-સંયુક્ત સચિવ**



**રમેશ મચચા-સંયુક્ત સચિવ**



**ભરત સાકરીયા-ખજાનચી**



**દિનેશ બારમેડા-સહખજાનચી**



**દિપક બારમેડા-સહખજાનચી**

## કારોબારી સભ્યો

ભાવેશ પોમલ

પરેશ બારમેડા

હરેશ બીજલાણી

ચેતન બારમેડા

હર્ષદ બારમેડા

## લગ્નતિથી સંવત ૨૦૧૧ જેઠ સુદ-૧૧ (ભીમ અગિયારસ) હાલે સંવત ૨૦૭૦ જેઠ સુદ-૧૧ના ૫૯ વર્ષ પુરા કરી દામ્પત્ય જીવનના ૬૦માં વર્ષ પ્રવેશ (ષષ્ઠી પૂર્તિ)



**લખમશી ઈશ્વરભાઈ કોટડીયા**



**શ્રીમતી રાધાબેન લખમશી કોટડીયા**

**મુ. ઊગેડી તા. નખત્રાણા હાલે નખત્રાણા-કચ્છ**

શ્રીમતી શોભનાબેન કિશોરભાઈ કોટડીયા - પુત્રવધુ-પુત્ર
શ્રીમતી ભાવનાબેન ભરતભાઈ કોટડીયા - પુત્રવધુ-પુત્ર
શ્રીમતી આશાબેન આનંદકુમાર કોટડીયા -પૌત્રવધુ-પૌત્ર
કુ. મિત્તલબેન ભરતભાઈ કોટડીયા - પૌત્રી
ચિ. દિપય કિશોરભાઈ કોટડીયા - પૌત્ર
ચિ. રાજ ભરતભાઈ કોટડીયા - પૌત્ર
ભાનુબેન હિરાલાલ બારમેડા-સુખપર - દિકરી-જમાઈ
વસંતાબેન કેશવજી બુદ્ધભટ્ટી-નખત્રાણા- દિકરી-જમાઈ
હંસાબેન રમણીકલાલ બારમેડા-રાયપર - દિકરી-જમાઈ
લત્તાબેન દિપકભાઈ ગુજરાતી-નલીયા- દિકરી-જમાઈ

**લખમશી ઈશ્વરભાઈ કોટડીયા : (બાયોડેટા)**

★ સૌ પ્રથમ સને ૧૯૬૦માં સહકારી મંડળીમાં મંત્રી (૧૯૬૦ થી ૭૦) અભ્યાસ - ધો.૭ શાળાંત પાસ ★ ૧૯૭૦ થી ૭૫ સહ મંડળીમાં પ્રમુખ ★ ઉગેડી ગ્રામ પંચાયત સને ૧૯૬૭ સભ્યપદે ચૂંટાણા ઉપ-સરપંચ તરીકે બીનહરીફ વરણી ★ ઉગેડી ગ્રામ પંચાયતમાં ૧૯૭૧ થી ૭૬ સરપંચ તરીકે બીન હરીફ વરણી ૧૯૭૭ થી ૭૯ સરપંચ ★ સને ૧૯૭૯ થી ૧૯૮૫ તાલુકા પંચાયત નખત્રાણામાં સદસ્ય તરીકે ચૂંટાયા (જનતા પાર્ટી) ૧૯૮૩ થી ૮૫ બે વર્ષ કારોબારી ચેરમેન. ★ સને ૧૯૮૯ થી ૯૫ સરપંચ (ચૂંટણીમાં ચૂંટાયા) ★ સને ૧૯૭૯ થી ૮૨ જનતા પાર્ટીના તાલુકા મંત્રી ★ સને ૧૯૮૮માં ભાજપમાં જોડાયા ૧૯૯૦ થી ૯૨ તાલુકા ભાજપમાં ઉપપ્રમુખ ★ સને ૨૦૦૧ થી સક્રીય રાજકારણથી નિવૃત થયા ★ ત્યાર પછી સામાજીક, ધાર્મિક, જ્ઞાતિની પ્રવૃત્તિઓમાં રસ ધરાવું છું. કોઈ રાજકીય પક્ષના સભ્ય નથી. ★ વ્યવસાય-વડીલોપાર્જિત સોના-ચાંદીના ધંધો ચાલુ રાખેલ હતો. સાઈડમાં તેલ-તેલબીયા-અનાજનો જથ્થાબંધ વેપાર ચાલુ હતો. સને ૧૯૬૨ થી ૨૦૧૨ (૫૦ વર્ષ પુરા) હાલે વેપાર બંધ સામાજીક પ્રવૃત્તિ ચાલુ છે.

**શ્રીમતી રાધાબેન લખમશી કોટડીયા : (બાયોડેટા)**

★ અભ્યાસ - ગુજ. ધો. ૪ ★ સને ૧૯૬૭ થી ૭૨ ઉગેડી ગ્રામ પંચાયતમાં સદસ્ય ★ સને ૧૯૯૦ થી ૯૫ નખત્રાણા તા. પંચાયતના સદસ્ય ★ ખોંભડી સીટ પરથી ભારે બહુમતથી ચૂંટાયા (ભાજપ પક્ષ વતી) ★ સને ૨૦૦૧ થી નિવૃત્ત છે. ઘરમાં સૌ નાના-મોટા કુટુંબીજનોને માર્ગદર્શન

**લખમશી ઈશ્વરભાઈ કોટડીયા હાલના જ્ઞાતિના હોદ્દા**

★ પશ્ચિમ કચ્છ મારૂ કંસારા સોની જ્ઞાતિના પ્રમુખ ★ પશ્ચિમ કચ્છ મારૂ કંસારા સોની જ્ઞાતિ એજ્યુકેશન ટ્રસ્ટના પ્રમુખ
★ અખિલ ભારતીય મારૂ કંસારા સોની જ્ઞાતિ મહામંડળમાં ઉપપ્રમુખ

**અત્યારે બંને દિકરાઓ સાથે નખત્રાણા છીએ**

**કિશોરભાઈ લખમશી કોટડીયા - આનંદ કિશોરભઈ કોટડીયા (રત્નદીપ જ્વેલર્સ - નખત્રાણા)**

**ભરતકુમાર લખમશી કોટડીયા - રાજ ભરતકુમાર કોટડીયા (મહાલક્ષ્મી જ્વેલર્સ - નખત્રાણા)**

**શ્રીમતી રાધાબેન તથા લખમશી ઈશ્વરભાઈ કોટડીયાના દામ્પત્ય જીવનના ૬૦માં વર્ષ પ્રવેશ નિમિત્તે જ્ઞાતિસેતુ ટીમ તરફથી હાર્દિક શુભેચ્છા**

# આપણા પ્રતાપી પૂર્વજો

સંકલીત

## પૂજ્ય ખેતશીબાપા

બેઠી દડી, એકવડો બાંધો, વાત્સલ્યસભર વદન, અંગે ખાદીનો ઝભ્ભો અને ધોતિયું, એક હાથમાં ટિફીન અને બીજા હાથમાં ફળો અને દવાઓની થેલી સાથે આ સીધા સાદા એકલપંથી મિતભાષી માડુ ભુજની જનરલ હોસ્પિટલમાં કોઈ દર્દીની પથારી નજીક પહોંચે ત્યારે એ દર્દીની આંખોમાં એમના માટેનો અહોભાવ સ્પષ્ટ વરતાય. આ વિરલ વ્યક્તિનું નામ માત્ર હોસ્પિટલ પૂરતું જ જાણીતું નથી. ભુજવાસીઓ અને કચ્છના અનેક ગ્રામવાસીઓ માટે આજે પણ એમનું નામ 'આદરયુકત' છે. સન ૧૯૯૩માં ભુજ નગરપાલીકાએ સ્વ. ખેતશીબાપાની 'સેવા સ્મૃતિ જાળવવા ભુજની સદા હસતી અને વસતી બજાર કંસારા ચોકથી લોહાર ચકલા સુધીના માર્ગને, સોની ખેતશી ખેંગાર પાર્ક નામકરણ કર્યું હતું. તો હવે, ભુજના હૃદયસમા વિસ્તારમાં જાતપાત, આયુ કે આવક કોઈ પણ પ્રકારના ભેદ વિના આબાલવૃધ્ધ સહુ કોઈ બેઘડી વિસામો લઈ શકે આશાયેરા મેવી શકે તેવા અદ્યતન ઉદ્યાન સાથે એમનું નામ યોગ્ય રીતે જોડાય છે.

શ્રી ખેતશીભાઈનો જન્મ તા. ૧૩-૯-૧૮૯૬ના રોજ ભુજ તાલુકાના માનકુવા ગામમાં, શ્રીમતી ગાગુબાની કુખે થયો. એમના પિતાશ્રીનું નામ ખેંગારભાઈ. જાતે કચ્છી મારૂં કંસારા સોની. વ્યવસાય સોની કામ. માનકુવામાં તેમની નાનકડી દુકાન હતી. ઉંમરલાયક થતાં એમણે પૈતૃક વ્યવદાય સંભાળી લીધો. પ્રેમુબેન સાથે એમનાં લગ્ન થયાં. ઘરગૃહસ્થી સંભાળી. દંપતિને કુલ આઠ સંતાન - ચાર પુત્ર અને ચાર પુત્રી.

સમય જતાં પુખ્ત થયેલા એક પુત્ર શ્રી પ્રભુદાસભાઈએ ભુજમાં સોના-ચાંદીની દુકાન કરી. શ્રી ખેતશીભાઈએ પણ એમની સાથે ભુજમાં વસવાટ કર્યો. ગામડાનો જીવ. શરૂઆતમાં તો ગોઠ્યું નહીં. બીમાર પડ્યા. બીમારી દરમ્યાન હોસ્પિટલમાં એમણે ગામડાઓમાંથી આવતા ગરીબ દર્દીઓની હાલત જોઈ. સ્વભાવે બાળપણથી જ માયાળુ એટલે સહેજે અનુકાપિત થયા અને એમણે એમના નિવૃત્તિકાળની એક પ્રવૃતિ તરીકે આ સેવા કાર્યનો આરંભ કર્યો. એમનું આ સેવાકાર્ય એમના જીવના અંતિમ શ્વાદ સુધી એમણે તેમજ એમના પરિવારે સતત જાળવી રાખ્યું. શ્રી ખેતશીબાપા જ્યાં સુધી જીવિત રહ્યા ત્યાં સુધી તેઓ જાત જ કાર્ય કરતા. દર્દીઓને દરરોજ રૂબરૂ મળવું. એમાંના જે જરૂરતમંદ હોય તેમને આવવા જવાના ભાડા સહિત દવાઓ, ફળફળાદી અને ભોજન જાતેજ પહોંચાડ્યું. એ એમનો નિયમ હતો.

એમના સુપુત્ર શ્રી પ્રભુદાસભાઈએ કહ્યું કે, "બાપુજી, દરરોજ સવારે પૂજા-પાઠ કરી રૂપિયા લઈ બજારમાં નીકળે. કોઈ સામું મળે અને કહે, ખેતશીબાપા, મને ૨૫ રૂપિયાની જરૂરત છે. બાપુજી એન તરત રૂપિયા આપી દે. કોઈ કહે, ખેતશીબાપા મને ૧૦૦ રૂપિયાની જરૂરત છે. બાપુજી એને નિરાશ ન કરે. સાંજે જ્યારે પાછા અમન મળે ત્યારે અમને કહે, આજે આટલા રૂપિયા વધ્યા, તો ક્યારેક કહે, આજે બધા પૈસા વાપરી આવ્યો. બાપુજીએ હંમેશા પાતાના હાથે જ કામ કર્યું છે અને આજે બાપુજીનાં વાવેલ અમે લણી રહ્યા છીએ."

શ્રી ખેતશીબાપા ૯૫ વર્ષની ઉંમરે તા. ૪-૧-૧૯૯૨ના રોજ નિર્વાણ પામ્યા. પરંતુ, તેઓના આદર્શ કાર્યોને તેમના પુત્રો પિતાનાં અમૂલ્ય વારસાની જેમ જતન કરી સતત વધારતા રહ્યા છે. શ્રી રામમાં અતૂટ શ્રધ્ધા ધરાવનાર અને પ.પૂ.શ્રી મોરારીબાપુને ગુરૂ સમાન માનનાર શ્રી પ્રભદાસભાઈ રામાયણની ચૌપાઈ "રઘુકુલ રીતિ સદા ચલી આઈ..."ની જેમજ પિસાનાં આદર્શ કાર્યોનાં વારસાનું સુપેરે જતન કરી રહ્યા છે.



સન ૧૯૯૫માં શ્રી સોની ખેતશી ખેંગાર ચેરીટેબલ ટ્રસ્ટનું નિર્માણ કર્યું. આ ટ્રસ્ટ દ્વારા કોઈપણ નાત-જાતના ભેદભાવ વગર ગામડાઓમાં દર મહિને ઘઉંનું વિતરણ કરવું,દવા તથા ફળનું વિતરણ કરવું, નિ:શુલ્ક મેડિકલ કેમ્પનું આયોજન કરવું, શિયાળામાં ધાબળાનું વિતરણ કરવું, વિદ્યાર્થીઓ માટે રાહતદરે નોટબુકોનું વિતરણ તથા જરૂરતમંદ વિદ્યાર્થીઓને નિ:શુલ્ક શાળાકીય સુવિધાઓ (ચોપડાઓ, અભ્યાસ ફી, ગણવેશ વિગેરે) આપવાનું કાર્ય શ્રી પ્રભુદાસભાઈ કરી રહ્યા છે.

બરોડાની એક વિદેશી સંસ્થા તથા રોટરી ક્લબના સંયુક્ત ઉપક્રમે, જેમને જન્મતા જ હોઠમાં ખોડ હોય (ફાટેલ હોઠ) તેમના ઓપરેશનના શિબિરના આયોજનમાં શ્રી પ્રભુદાસભાઈ દ્વારા આર્થિક સહયોગ આપવામાં આવે છે. છેલ્લા ત્રણ વર્ષથી રાજકોટના ડો. શ્રી લાભુભાઈના દાંત યજ્ઞનું આયોજન પણ શ્રી પ્રભુદાસભાઈ દ્વારા કરવામાં આવે છે.

**જ્ઞાતિસેતુને હાર્દિક શુભેચ્છા : જેઠાભાઈ ટોકરશી સોની પરિવાર - અમદાવાદ**

કોઈપણ નાત-જાતના ભેદભાવ વગરના ઉપરોક્ત સેવાકીય કાર્યો ઉપરાંત શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ - ભુજના વિદ્યાર્થીઓ માટે રાહતદરે નોટબુકોનું વિતરણ, જરૂરીયાત મંદ વિદ્યાર્થીઓને નિઃશુલ્ક શાળાકીય સુવિધાઓ તથા સ્કોલરશીપ આપવાનું કાર્ય શ્રી પ્રભુદાસભાઈ દ્વારા કરવામાં આવે છે. તદુપરાંત જ્ઞાતિનાં કોઈપણ કાર્યમાં શ્રી પ્રભુદાસભાઈ સદા અગ્રેસર હોય છે.

શ્રી સદવિચાર પરિવાર, ભુજમાં શ્રી ખેતશી બાપાએ પ્રમુખપદે યોગદાન આપ્યું હતું, તેવી જ રીતે શ્રી પ્રભુદાસભાઈ પણ શ્રી સદવિચાર પરિવાર, ભુજના પ્રમુખપદે યોગદાન આપી રહ્યા છે. આ પરિવારનાં સેવાકીય કાર્યોમાં શ્રી પ્રભુદાભાઈ આર્થિક સહયોગ આપી રહ્યા છે. સન ૨૦૦૧માં આવેલ વિનાશકારી ભૂકંપ બાદ માધાપર ખાસે એક રૂમ - રસોડાવાળા ૧૭ મકાનોનું નિર્માણ કરી, કશાય નાત-જાતના ભેદભાવ વગર, ચાર વર્ષ સુધી લોકોને નિઃશુલ્ક આવાસીય સુવિધા પૂરી પાડી હતી. તદુપરાંત મેડિકલ સહાય, ભોજન સહાય, ધાબળા વિતરણનું કાર્ય પણ કર્યું હતું. જેમાં ફક્ત ભુજ જ નહીં, પરંતુ આસપાસના ગામડાઓના લોકોને પણ સેવા આપી હતી.

## શ્રી માધવજી રામજી બીજલાણી
## (ઉર્ફે માધુભાઈ બાટલીવાળા)

ઈ.સ. ૧૯૫૦માં જ્યારે કચ્છમાં રાજાશાહીનો સમય હતો ત્યારે સર્વ પ્રથમ વખત સોડા બોટલ બનાવવાનું કારખાનું કંસાર બજાર (સોની બજાર) ભુજ મધ્યે નાખવામાં આવ્યું હતું. આ કારખાનાનું નામ ''કચ્છ સોડા વોટર હાઉસ'' હતું.

આ ઉદ્યમના પ્રણેતા હતા શ્રી માધવજીભાઈ રામજી બીજલાણી. રાજાશાહીના સમયમાં રાજ્યની મોનોપોલી ધરાવતું કોઈ પ્રજાજને આ કાર્ય પોતાનું કરવાનું સાહસ કરનાર માધવજીભાઈ આપણી જ્ઞાતિનું ગૌરવ છે. એનાથીય આશ્ચર્યની વાત તો એ હતી કે સોડા બનાવવાનું મશીન માધુભાઈએ પોતાની બુધ્ધિ કારીગર પાસે (કાસ્ટીંગ) કરાવીને જાતે બનાવ્યું હતું. તે પહેલા માધુભાઈ કચ્છ રાજ્યમાં નોકરી કરતાં હતાં ત્યારે તેમણે એ મશીન દ્વારા સોડા બોટલનું ઉત્પાદન ચાલું કર્યું હતું.

માધુભાઈ સોડા બોટલનું ઉત્પાદન કરીને રાજ મહેલમાં સપ્લાય રાજાશાહીમાં કચ્છના રાજા દ્વારા માધુભાઈને મહેલમાં અને ખાસ કરીને રાણી મહેલની અંદર સોડા બોટલ સપ્લાય માટે વિશેષ છૂટ આપવામાં આવી હતી. કચ્છ રાજાશાહી સમય દરમ્યાન રાજાના બહારથી આવતાં (બ્રિટીશ) અફસરોના ખાસ મહેમાનો માટે મનોરંજન પ્રોગામ રાખવામાં આવતો ત્યારે મધુભાઈની સોડા બોટલ સપ્લાય કરવામાં આવતી હતી. બ્રિટીશરો પણ એ સોડા બોટલના સ્વાદની મજા માણતા અને મધુભાઈ અને તેમના પુત્ર મોતીલાલ માધવજીની પ્રશંસા કરતાં હતાં. તે સમયે સોડા વોટરનું ઉત્પાદન એક નવાઈની વાત ગણાતી. તે રાજાના મહેમાનોને (બ્રિટીશરો) જ્યાં ઉતારો દેવામાં આવતો ત્યાં જવાની રાજાના મહેમાનો કે અધિકારીઓ સિવાય કોઈને અનુમતી મળતી નહીં, ત્યારે માધુભાઈને એમની સોડા ગુડવેલીને લીધે ખાસ અનુમતી રાજા દ્વારા આપવામાં આવી હતી.

એક વખત તેઓ માધુભાઈ જ્યારે એમના કારખાનામાં સોડા-બોટલ બનાવતા હતા ત્યારે રાજાના એક મહેમાન એક (બ્રિટીશ અફસર) માધુભાઈનાં કારખાનામાં આવ્યા. એમણે માધુભાઈના સોડા વોટર મશીનનું નિરીક્ષણ કર્યું. નિરીક્ષણ કરીને માધુભાઈની કાર્યકુશળતા, ઈમાનદારી અને કાર્ય પ્રત્યેની વફાદારીની પ્રશંસા કરી પ્રશંસાપત્ર આપ્યું હતું.

માધુભાઈને વૈદકનું પણ સારું એવું જ્ઞાન હતું. એ સમયે તેઓ ઉધરસની ગોળી બનાવી લોકોને નિઃશુલ્ક વિતરણ કરતાં હતાં કોઈ વ્યક્તિને માથાનો દુઃખાવો થાય ત્યારે માધુભાઈ એમના નાડીજ્ઞાન મુજબ તે વ્યક્તિની પગની નસ દબાવીને તે માણસનો માથાનો દુઃખાનો દુર કરી દેતા હતા.



...ોતાની સખત મહેનત અને પરીશ્રમથી ...તાનું નામ અને મોભો બનાવ્યો. સાથે ...ાગેવાન તરીકે લોકો તેમના પાસે સલાહ ... હતાં. માધુભઆઈ અદનામાં અદના ... મદદરૂપ થતાં હતાં.

...નું જીવન કર્તવ્ય ભાવનાથી જીવ્યા હતા. ...ાની આ જગ્યા ઓજે પણ એમના વંશજો ... સાથે મળીને સોના ચાંદી વ્યાપાર તેમજ ઘડતરનું કાર્ય કરે છે. એમની આ દુકાન દીપેન જવેલર્સ તરીકે જાણીતી છે. પરંતુ સમસ્ત પરિવાર એમના પ્રતિભાશાળી પૂર્વજ માધવજી રામજી બીજલાણી (બાટલીવાળા)ના પરિવાર તરીકે ઓળખાય છે.

## નખત્રાણાના 'નર-રત્ન' - માવજીભાઈ વેલજી સોની

આજથી એક સદી પહેલાં નખત્રાણા કેટલાક સાહિત્ય - રસિક સન્મિત્રોના સંગઠનથી ધમધમતું હતું. આ સાહિત્ય પ્રિય સજ્જનો એ સાથે મળીને નખત્રાણામાં શ્રી સાર્વજનિક

જ્ઞાતિસેતુને હાર્દિક શુભેચ્છા : કાનજીભાઈ રવજીભાઈ સોની પરિવાર - અમદાવાદ



શ્રેય વર્ધક મંડળની સ્થાપના કરી હતી. આ મંડળનો હેતુ સાહિત્ય પ્રવૃતિ સાથે લોકોને ઉપયોગી થવા આર્યુવેદની દેશી દવાઓ બનાવી દર્દીઓને આપી શ્રેય સાધવાનો હતો. મંડળના સભ્યોમાં સર્વ શ્રી કોરજી વસ્તા ઠક્કર, માવજી વેલજી મહાજન, વેલજી કચરા ઠક્કર, એ.એસ. સુમરા વિગેરે હતા.

શ્રી માવજી વેલજી મહાજન (એમ.વી. ગોલ્ડ સ્મિથ) એક સારા આયુર્વેદ પ્રેમી, સાહિત્યકાર અને કવિ હતા. તેમણે રચેલ કવિતાઓનો સંગ્રહ કાવ્ય કલ્પલતિકા મંડળ તરફથી આવૃતિ પહેલી, પ્રત ૫૦૦, સંવત ૧૯૭૨ વિક્રમાર્ક અને સને ૧૯૧૬ ઈસ્વી. માં કિંમત બાર આના લેખે પ્રસિધ્ધ થયો હતો. આ કાવ્ય સંગ્રહ શ્રીયુત શેઠ વેલજીભાઈ માવજી શર્મા નખત્રાણા (કચ્છ-પ્રાન્ત) ને અર્પણ કર્યો હતો.

શ્રી માવજી વેલજી કંસારા સોની હતા સાઠેક વર્ષ પહેલાં તેમનું અવસાન થયું. તેઓ વ્યવસાયે સોની હતા, ઉપરાંત આયુર્વેદિક દવાઓ બનાવી દર્દીઓને મફત આપતા.

મંડળના એક સભ્ય શ્રી કોરજી વસ્તા ઠક્કર પણ એક સારા સાહિત્યકાર અને કવિ હતા. તેમણે 'વિનાશિકા' નામે એક અત્યંત ઉપયોગી પુસ્તકની રચના કરી હતી. જેમાં કેટલીક પ્રચલિત વહેમી વાતો પ્રત્યે લાલબત્તી ધરવામાં આવી હતી. જ્યારે બીજા એક સભ્ય એ.એસ. સુમરા (અહમદ સુમાર સુમરા) એ 'મહોબત યાને પ્યાર' નામની એક મુસ્લિમ સંસારિક કથા લખી, તેમાં પ્યારનો ચિત્તાર આલેખ્યો હતો. તે સાથે શ્રી વેલજી કચરા ઠક્કર અને અહમદ સુમરાએ વીર વિજયસિંહ ને 'પવિત્ર પ્રભાવતી' નામની નવલકથા લખી હતી ઉપરાંત 'પ્રેમી પોપટ' અને 'શોખીન સુંદરી' નામની ચાલુ જમાનાનો ચિતાર આપતી નવલકથા લખી હતી.

આ રીતે મંડળના સાહિત્ય-રસિક સભ્યોએ નવલિકા, નવલકથા અને કવિતા, ત્રણેમાં ચંચુપાત કર્યો હતો. શ્રી માવજીભાઈએ 'પન્નગ કિશોરી' નામે આધુનિક સંસારનું અદ્‌ભુત ચરિત્ર આલેખતી રસિક વાર્તા પણ લખી હતી.

કાવ્ય-કલ્પલતિકા કાવ્ય સંગ્રહમાં શ્રી માવજીભાઈએ મુખ્યત્વે પ્રચલિત છંદોનો ઉપયોગ કર્યો છે. તે સાથે તેમણે સરલ મઝાની સુંદર ગઝલો પણ રચી છે. એનો થોડો આસ્વાદ.

**".. મળેલું તે ગુમાવશે "**

**(ગઝલ)**

અરે ! દિલ તું દિવાનો થઈ ભમે છે ભોગની આશે;
પરંતુ ભોગ ભોગવતાં પરિણામે તું પસ્તાશે,
મળી છે જોગે જોગે આ મનુષ્ય જિંદગી તુજને;
નકામી કાં ગુમાવે છે ? વૃથા એ તો વહી જાશે,
કદાપી ભાગ ભોગવતાં મળે જો ભાગ તારા તો;
પછી ક્યાં દુઃખ એ તારાં જઈને ઓ! પુકારશે,
અનીતિના કરે કામો, જગતમાં ગુપ્ત રીતે તું;
પરંતુ ગુપ્ત વાતો એ પ્રભુ પાસે રજુ થાશે,
બગાડે છે સુધારેલું જીવનનું આ આરે! સાટું;
તજે છે લાભ દેખીને પડી જો ખોટ શું થાશે?
નથી કંઈ સુખ સંસારે, અરે દિલ તું વથા ધારે,
મરે છે બોજને ભારે, વિસામો ના મળે પાસે,
અગર જો તે તું જાણે છે તથાપિ કેમ તાણે છે?
જશે તૂટી પછી સાંધો, ન લાગે કાંઈ વિસામે,
કહું છું માવજી દિલને, તુ માની લે કહ્યું મારું,
નથી તારું અગર જે છે મળેલું તે ગુમાવશે.

## CAPTAIN BUDHABHATTI

Captain J. B. Budhabhatti, A.I.N.A, F.R.S.A. was the state Mechanical Engineer and A.D.C. to the Maharao of Kutch. He was born in 1896. He joined the state service in 1913 and became A.D.C. in 1921.



He has become noted in the state much by various works which he has done for the development and benefit of the state. The first of these works was the establishment of a mint in Bhuj.

He won the credit as a yacht builder, He has built the 'Rangmati' the first craft of its type in India. On the occassion of the Silver Jubilee Durbar, he was awarded the honorary title of Captain - the first kutchi on whom this title has been conferred.

*(Times of india : 1940) News item abridged.*

*Courtesy : T.P. Kansara's Collection*

**જ્ઞાતિસેતુને હાર્દિક શુભેચ્છા : કાન્તીલાલ નાગજીભાઈ બારમેડા પરિવાર - અમદાવાદ**

**શ્રી કચ્છ મારૂ કંસારા સોની સમાજ ઉત્કર્ષ મંડળ–ગાંધીધામ**

**૭, રિદ્ધિ સિદ્ધિ, પ્લોટ નં. ૧૧૦, સેક્ટર-૨, ગાંધીધામ (કચ્છ)**

# દશાબ્દી વર્ષ નિમિત્તે જ્ઞાતિસેતુને હાર્દિક શુભેચ્છા...



ભરત તુલસીદાસ બગ્ગા
પ્રમુખ



જયેન્દ્રભાઈ ખીમજી કોટડીયા
ઉપપ્રમુખ



પ્રકાશ જે. બારમેડા
મંત્રી



સુરેશ પ્રાગજી સોલંકી
સહમંત્રી



વિનોદ લાલજી સોની
ખજાનચી

**કારોબારી સભ્યો**

અરૂણ ટી. કંસારા
પ્રકાશ જે. કંસારા
પ્રફુલ કે. બગ્ગા
હિંમત એસ. સોની
ઉત્પલ આર. મૈચા
સમીર આર. કંસારા
ઈશ્વર એચ. કંસારા
પ્રાણલાલ જે. સોલંકી
કિશોર પી. સોલંકી

## કચ્છના રેલ્વે માર્ગના આદ્યસર્જક
## સ્વ. કેશવજીભાઈ શામજી બુધભટ્ટી

સ્વ. કેશવજીભાઈ શામજી બુધભટ્ટી ભુજમાં મારૂ કંસારા જ્ઞાતિના પ્રથમ સ્ટેટ સિવિલ એન્જીનીયર હતા. એમનો જન્મ ૧૮૭૫માં થયો. શાળાકીય અભ્યાસમાં તેજસ્વી હતા એટલે એમને એન્જીનીયરીંગના ઉચ્ચ અભ્યાસ માટે ઈંગલેન્ડ જવાની તક મળી. અહીં એમણે AMICECE ની ડિગ્રી પરીક્ષા પ્રથમ નંબરે પાસ કરી. તત્સમયે અમૂલ્ય એવો વિક્ટોરીયા ક્રોસ અને ગોલ્ડ મેડલ મેળવ્યો. વિક્ટોરીય કોર્સ ધારણ કરનાર વ્યક્તિનું બ્રિટીશ રાજ દરમ્યાન સર્વત્ર સન્માન થતું. એમની સેવાઓ માટે દિશ-વિદેશમાંથી અનેક ઓફરો હતી પરંતુ કેશવજીભાઈએ એમની માતૃભૂમિનું ઋણ ચૂકવવા કચ્છ રાજની નોકરી સ્વીકારી. સન ૧૯૦૨માં અંજાર-તુણા, અંજાર-ભુજ અને અંજાર-કંડલાને જોડતા નેરોગેજ રેલના પાટા એમણે પથરાવી દીધા.

ભુજના મહાદેવ નાકા બહારનો કૃષ્ણાજીનો પૂલ તથા માંડવી બંદરની રૂકમાવતી નદી પરના પૂલનું કામ પણ એમની દોરવણી હેઠળ જ થયું.

કેશવજીભાઈના એન્જીનીયરીંગ કૌશલથી પ્રભાવિત બ્રિટીશ હકુમતે કરાંચી (હાલે-પાકિસ્તાન) બંદરના વિકાસની મહત્વની જવાબદારી એમને સોંપી, જે એમણે દક્ષતાથી પૂરી કરી. બંદર પર એકી સાથે ૧૮ સ્ટીમરો લાંગરી શકે તેવા ૧૮ ધક્કા તેમણે બનાવડાવ્યા. બ્રિટીશ સરકારે કરાંચીના કયામારી પૂલ પર સિવિલ એન્જીનીયર કેશવજી શામજી બુધ્ધભટ્ટીની એક એક ફુટના અક્ષરની તક્તીઓ જડાવી બહુમાન કર્યું.

કેશવજીભાઈનું ચોપ્પન વર્ષની વયે ૧૯૨૯માં અવસાન થયું. સ્વ. કેશવજીભાઈનું નામ કચ્છમાં રેલ્વે લાઈન આદ્યસર્જક તરીકે કચ્છના ઈતિહાસમાં કાયમ રહેશે.

## કચ્છમાં પબ્લિક ટ્રાન્સપોર્ટ સર્વિસના પ્રણેતા
## અને વહાણ બાંધકામના વિશેષણ
## મોતીલાલ રણછોડ બુધ્ધભટ્ટી

શ્રી મોતીલાલ રણછોડ બુધ્ધભટ્ટી કચ્છના રજવાડી સમયના સન્માનિત મિકેનીકલ એન્જીનીયર હતા. ૧૯૨૩માં તેઓ કચ્છ સ્ટેટ રોડ ટ્રાન્સપોર્ટ કોર્પોરેશનના પ્રણેતા થયા અને ૨૪ વર્ષ સુધી એનું સફળ સંચાલન કર્યું.

૧૯૨૮ થી ૧૯૩૨ દરમ્યાન ઈજીપ્ત, સુદાન, એબીસીનીયા, બ્રિટીશ સોમાલી લેન્ડ, ટાંઝાનીયા, ઈંગ્લેન્જ, ફ્રાંસ, બેલ્જીયમ, હોલેન્ડ, ઈટાલી વગેરે યુરોપના અનેક દેશોની, મહારાવશ્રી સાથે મુલાકાત લેવાનો એમને લાભ મળ્યો.

તા. ૧૧-૭-૧૮૯૫ના રોજ ભુજ મધ્યે એમનો જન્મ થયો. ૧૯૧૨માં મુંબઈની વિખ્યાત વિક્ટોરીયા જ્યુબિલી ઈન્સ્ટીટયુટમાં ઓટોમોબાઈલ એન્જીનીયરીંગનો અભ્યાસ કર્યો. ૧૯૧૪થી ૧૯૧૮ સુપધી એડનની પ્રખ્યાત ખર્મમાં ગેરેજ ફોરમેન તરીકે કામ કર્યું. ત્યારબાદ ૧૯૧૯માં કચ્છ રાજ્યના ગેરેજ અને આઈસ ફેક્ટરીના સુપરવિઝન મિકેનીકલ એન્જીનીયર નિમાયા.

૧૯૨૯માં એમણે પ્રથમ ડીઝલ બોટ 'સરીતા'ની ડિઝાઈન બનાવી. પછી પ્રખ્યાત લોંચ 'રંગમતી' બનાવડાવી. બીજા વિશ્વયુધ્ધ દરમ્યાન એમણે માંડવીમાં યુધ્ધ સરંજામ હેરફેર માટે બાર્જીસ બનાવ્યા. મુંબઈમાં મહારાવશ્રી માટે દરિયા મહેલના બાંધકામનું અને ભુજની ટંકશાળા (મિંટ)નું સુપરવિઝન પણ એમનું જ હતું. ૧૯૫૧-૫૨માં એમણે કંડલા બંદરે ત્રણ લોંચો ડિઝાઈન કરી અને બાંધી આપી : લ્યુસી, લીન્ડા અને લોટસ.

## ઠાકરશી પુરૂષોતમ કંસારા



સ્વ. ઠાકરશી પુરૂષોતમ કંસારા ન્યાયાધીશ, વહીવટ કર્તા, અધ્યાપક, ઈતિહાસકાર, લેખક અને ચિંતક હતા.

૨૦ ફેબ્રુઆરી, ૧૯૦૮ના કચ્છ મુંદ્રા ખાતે એમનો જન્મ થયો. કચ્છમાં તેમની જ્ઞાતિમાં B.A. LL.B સુધીનું ઉચ્ચ શિક્ષણ મેળવનાર તેઓ પ્રથમ હતા. ૧૯૩૩માં તેઓ વકીલ થયા. ૧૯૩૮માં ન્યાયાધીશ નિમાયા. એક ઈમાનદાર-ન્યાયપ્રિય ન્યાયાધીશ તરીકે કચ્છ તેમને ક્યારેક ન ભૂલે એવી અમિટ છાપ તેમણે ઉપસાવી.

તેઓશ્રીએ નિવૃત થયા બાદ ગુજરાતની પ્રખ્યાત જીંથરી ટી.બી. હોસ્પિટલ ખાતે વહીવટદાર તરીકે સેવાઓ આપી.

ત્યારબાદ ભુજની ડી.એલ.લો. કોલેજમાં પ્રાધ્યાપક તરીકે કાયદાના વિદ્યાર્થીઓને પોતાના જ્ઞાનનો લાભ આપ્યો.

શ્રી ઠાકરશીભાઈએ એક લેખક તરીકે 'સંધ્યાના રંગ' 'ગુજરાતના સીમાડે ઝારાનું યુધ્ધ' 'ક્રાંતિની જ્યોત' જેવી

જ્ઞાતિસેતુને હાર્દિક શુભેચ્છા : ખીમજીભાઈ ડુંગરશીભાઈ મૈચા પરિવાર - અમદાવાદ

ઐતિહાસિક નવલકથાઓ લખી. પથિક સામયિકમાં તેમના લેખો, વાર્તાઓ ઉપરાંત કચ્છના ઈતિહાસ અને એક ધારાવાહિક નવલકથા નિયમિતરૂપે પ્રસિધ્ધ થઈ હતી. આ ઉપરાંત સ્વદેશ, રંગતરંગ, અખંડ આનંદ અને કચ્છમિત્ર જેવા દૈનિક અને સામાયિકોમાં તેમના લેખ અને વાર્તાઓને સ્થાન મળતું. એમના કાયદા વિષયક લેખો ટાઈમ્સ ઓફ ઈન્ડિયા અને નેશનલ હેરાલ્ડ જેવા અંગ્રેજી રાષ્ટ્રીય દૈનિકોમાં પણ પ્રકાશિત થતા. તદુપરાંત ભગવદ્ ગીતા અને મહાભારત ઉપર એમની સંશોધનયુક્ત પુસ્તિકાઓ પ્રગટ થઈ છે. ૨૦ જાન્યુઆરી, ૧૯૯૬ના રોજ એમનું અવસાન થયું.

## રજવાડી મિજાજ અને સખાવતી દિલના ધની પુરુષોત્તમ ધારશી વરસામેડીવાળા

કચ્છના આખરી મહારાવ મદનસિંહજીનો જે દિવસે જન્મ થયો હતો તે જ દિવસે કંસારા સોની ધારશી દેવશીને ઘેર પણ પુત્રનો જન્મ થયો. તે જ આપણા પુરુષોત્તમ બાપા. તેઓ કહેતા કે રા'ને ત્યાં જન્મયો છું. આપણી કંસારા જ્ઞાતિ પણ એક રા'ને છાજે તેવી છે.

માધાપરની શાળામાં દાખલ થયનાં પહેલાં જ દિવસે હાથી ઉપર બેસી શાળામાં ગયા હતા.

ધાણેટી મોસાળમાં કામ શીખી વરસામેડી આવ્યા. અંજારમાં સોના-ચાંદીની દુકાન કરી. કંસારા જ્ઞાતિના પ્રમુખપદે ઘણાં વરસ સુધી રહ્યા. અંજારમાં પોતાની જ્ઞાતિની વાડી બનાવવા માટે તેઓએ રૂ. ૧,૧૧,૧૦૧/- નો ફાળો આપ્યો હતો. ત્યારપછી મૃત્યુ બાદના વીલમાં પણ રૂ. ૧લાખ ન્યાતની વાડીને આપ્યા, જે ભૂકંપથી પહેલા સંવત ૨૦૦૦માં નાતને તેમની પુત્રીઓએ અર્પણ કરેલ છે. માતાના મઢમાં પણ કંસારા જ્ઞાતિની વાડીમાં તેમનો સારો સહયોગ રહ્યો છે. જાહેર જીવમાં યુસુફ મહેરઅલી જેવા નેતા સાથે કામ કર્યું છે. વરસામેડી પંચાયતના પ્રમુખ હતા ત્યારે ત્યાં પ્રાથમિક શાળા નવી બંધાવી જેનું ઉદ્દ્ઘાટન કરવા ઇંદીરા ગાંધી આવ્યા હતા. વરસામેડીમાં તળાવની વચ્ચે કૂવો હતો. વરસામાં પાણી ભરવામાં મુશ્કેલી પડતી હતી. તેથી ત્યાં પૂલ બનાવ્યો.

૧૯૭૮માં તેમના નાના ભાઈ સ્વ. જેરામ ધારશી પાછળ ભાગવત સપ્તાહ વંચાવી અને ધૂમાબંધ આખું ગામ જમાડ્યું. ગામલોકોએ તેમનું વાજતે ગાજતે સ્વાત કરી વેલજીભાઈ ગજ્જરનાં હસ્તે પાઘડી અને સોનાની વીંટી પહેરાવી. તેમણે અંજાર અને માંડવી કંસારાની નાતને જમાડી હતી.

સને ૧૯૫૬ના ભૂકંપ વખતે આપણી જ્ઞાતિના સંતપ્ત પરિવારોને વરસામેડીમાં આશ્રય આપ્યો અને સરકારી સહાય અપાવી.

વરસામેડી ગામે તેમનું સન્માન કર્યું ત્યારે એમણે ગામને ગૌચારા માટે માટે એક ખેતર અર્પણ કરેલું અને આપણી જ્ઞાતિના ગોરબાપાને એક ખેતર આપ્યું.

## પોટ્રેટ કળામાં પ્રવીણ પંડિત શ્રી ઝવેરીલાલ બુધ્ધભટ્ટી

પોટ્રેટ કળાનાં ખરાં દર્શન તો એમને જ થયા હશે જેમણે ભુજના શ્રી ઝવેરીલાલ શિવજી ભુધ્ધભટ્ટીની આંગળીએ દબાયેલી, સિફતથી ફરતી પેન્સિલને સફેદ કાગળ પર રેખાઓની ધૂપછાંવ ઉપસાવતી જોઈ હશે. શ્રી ઝવેરીલાલભાઈએ આરખેલાં આબેહૂબ વ્યક્તિચિત્રોની એક ઝલક એમના ડ્રોઈંગ રૂમમાં લટકતાં વિવેકાનંદ, સુભાષચંદ્ર બોઝ, વિજયરાજજી અને વલ્લભભાઈ પટેલનાં પોર્ટ્રેટમાં જોવા મળે છે. કેમેરાની આંખ પણ ઝડપી ન શકે તેવી બારીકાઈથી વિભિન્ન વ્યક્તિઓનું સમગ્ર વ્યક્તિત્વ ઉપસાવતાં એમના રેખાંકનો પ્રાણવાન છે. વ્યવસાયે તેઓશ્રી સોના ચાંદીના અગ્રણી વેપારી. ઉપરાંત, મીનાકામ, એન્ગ્રેવિંગ વર્ક અને નકશીકામના કસબી તરીકે નામના મેળવી.



ન્મ ૧૯૨૩માં થયો. ડ્રોઈંગમાં ઈન્ટરમિડીયેટ જી બાવાના શાસનકાળ દરમ્યાન આયોજિત સમયની મશહુર અભિનેત્રી કાનન બાળાના ત્ર માટે તેમને પ્રથમ ઈનામ તેમજ ૪૦-૪૦ મેટ મળી. કચ્છના આ સિધ્ધહસ્ત કલાકારનાં ર્શન દ્વારા પણ પ્રદર્શિત થયા છે. એમનો ત્રી પૌત્રી બિંદુબેન સંભાળે છે. 'વસુધૈવ કુટુંબકમ' ભાવના પ્રેરીત એમના સંયુક્ત કુટુંબમાં પુત્રો રસીકભાઈ અને હર્ષદભાઈ તેમજ તેમનો પરિવાર છે. ઝવેરીભાઈનું ... વર્ષની પાકટ વયે અવસાન થયું.

## જેઠાલાલ સોલંકી

ગત માસ (ઓક્ટોબર)ની ૨૬મી તારીખે, આપણા ભૂજ સમાજના, ગત - પેઢીના એક ખ્યાતનામ કલાકારનું ૮૭ વર્ષની પાકટ વયે, અવસાન થયું, માત્ર ભૂજમાં જ નહીં પરંતુ સમસ્ત કચ્છમાં તેમજ અન્યત્ર વસતા આપણા જ્ઞાતિબંધુઓ, જેઓ તેમનાથી પરિચિત હતા કે એમના વિષે જાણતા હતા, સર્વેએ,

**જ્ઞાતિસેતુને હાર્દિક શુભેચ્છા : કિરીટકુમાર વિઠ્ઠલભાઈ કંસારા પરિવાર - અમદાવાદ**



ખેદ વ્યક્ત કર્યો. ભૂજ સમાજે, પાંખી પાડી, સદગતને હૃદયપૂર્વકની શ્રધ્ધાંજલી અર્પી. જ્ઞાતિ વડિલોએ, 'કચ્છવર્કની'ની આપણી વિસરાતી વિરાસતના આ આખરી વારસદારની વિદાય સાથે કચ્છ-વર્ક કલાનો યુગ પણ વિલોપ થયો હોવાનો ભાવ વ્યક્ત કર્યો.

'કચ્છ વર્ક'ના આ કલાકાર હતા સ્વ. જેઠાલાલભાઈ. સંવત ૧૯૮૩માં ભુજ મધ્યે, માતા જાનુબેનની કુખે એમનો જન્મ થયો. એમના પિતાશ્રી સ્વ. નાનજીભાઈ ગેલા સોલંકી, ભૂજમાં ત્રાંબા-પિતળનું ઢાળકામ કરતા. ત્રણ ભાઈઓ અને પાંચ બહેનોમાં સૌથી નાના જેઠાલાલ, બાળવયથી જ પિતા તેમજ મોટાભાઈ માધવજી સાથે એમના પરંપરાગત



કસબ, કાસ્ટીંગ કામ શીખવા લાગ્યા, ત્રાંબાપિત્તળના બેડાના કાંઠલા ઢાળવાના કામમાં એમનો હાથ અજમાવવા લાગ્યા, પરંતુ 'પુત્રના લક્ષણ પારણામાં....' કહેવત મુજબ, આ બાળ-કસબીની 'કાળા દૃષ્ટિ' છાની ન રહી. તેઓ આશરે પંદરેક વર્ષના હશે, ત્યારે કચ્છ રાજ દ્વારા આયોજીત 'માટી કળા' સ્પર્ધામાં એમણે ભાગ લીધો. એમની આંગડીઓએ એ ભીની માટીમાંથી ગુલાબની પાંખડીઓનું અદભૂત સર્જન કર્યું. એમની કૃતિ શ્રેષ્ઠ ઠરી. પ્રથમ ઈનામ મેળવ્યું. એ જમાનામાં માતબર ગણાય તેવું ઈનામ દર માસે, ચોખી ચાંદીનો રીંગવાળો ખણખણતો પાંચિયો એમને મળતો જે એમને જલસા કરાવતો, એમ એ ગર્વથી કહેતા.

જેઠાલાલની કળા-સૂઝે, એમને હુન્નર શાળામાં દેવજીભાઈ ગજ્જરના ગુરૂપદે અભ્યાસ કરતા કર્યા. કચ્છની હુન્નર શાળા એ સમયે આખા ભારતમાં એક જ હતી. જેણે આપણી જ્ઞાતિની અનેક પ્રતિભા ઝળકાવી છે. ખાસ કરીને આપણું 'કચ્છ વર્ક'નું કામ વિશ્વ-વિખ્યાત હતું. સ્વ. જેઠાલાલભાઈએ પણ આ કળા હસ્તગત કરી હતી. અત્રે પ્રસ્તુત એમણે સર્જેલી કેટલીક બેનમૂન કૃતિઓની તસવીરો એમની કળા દૃષ્ટિ ઉજાગર કરે છે.

પરંતુ આપણા 'કચ્છ વર્ક'ની સૌથી મોટી કમનસીબી એ રહી કે એને હંમેશાં 'કસબ' ગણવામાં આવ્યું. કળા નહીં. જ્યારે કે ચાંદીના પતરા પર નાનકડી હથોળીના શિસ્તબધ્ધ પ્રહારે ઊભરતી બારીક રેખાઓ માત્ર જન્મજાત કલાકાર જ કલ્પી અને આરખી શકે અને માત્ર કદરદાનો જ એને પારખી શકે.

સમયાંતરે, 'કલ' યુગમાં 'કલા' મારજીનમાં ધકેલાતી ગઈ. ઝડપી માસ-પ્રોડક્શન અને બેફામ ઉપયોગની ભોગવાદી માનસિકતાએ આ કળાની કદર ઘટતી ગઈ. કોઈ ચિત્રકારના કેનવાસ પર ન સમજાતી, કૃતિ માટે કરોડો ખર્ચનારાઓ તો આજે અનેક છે, પરંતુ ધાતુ પર દિવસો - મહિનાઓ કે વરસો સુધી ધીરજથી આરખેલી કોઈ શણગાર કે ગ્રહશુશોભન વસ્તુને માત્ર એની ધાતુની કિંમતને આશરે રહેવું પડે છે. એનો કલાકાર માત્ર કારીગર કહેવાય છે એણે આપેલા સમય અને એની કલાદૃષ્ટિનો કોઈને અંદાજ નથી. કલાકાર માત્ર એની 'કલા' પર મુસ્તાક રહીને ક્યાં સુધી જીવી શકે? એનો અને એના પરિવારના જીવન માટે આખરે કંઈક વ્યવસાય તો કરવો જ પડે. આશરે ૫૫ વર્ષ પહેલાં સ્વ. નરભેરામભાઈ રવજી સોલંકીનાપ્રોત્સાહનથી જેઠાલાલભાઈએ કચ્છ વર્ક ઉપરાંત રૂપાના તોડા બનાવવાનું કામ શરૂ કર્યું, જે આજ પણ એમનો પારિવારીક વ્યવસાય છે.

જેઠાલાલભાઈના 'કસબ'ની કદર નહોતી એવું નથી. ભારત આઝાદ થયું ત્યારબાદ 'ગ્રહ ઉદ્યોગો'ને ઉત્તેજન આપવા અનેક યોજનાઓ કાર્યાન્વિત થઈ. લગભગ ૨૬ વર્ષ પહેલાં, જેઠાલાલભાઈએ એમના પુત્ર સ્વ. અરવિંદ તેમજ હરેશની વિશેષ રૂચિ જોતાં, ફરી 'કચ્છ વર્ક'નું કામ હાથ ધર્યું, અનેક કૃતિઓનું સર્જન કર્યું, જેમાં ચાંદીની ડીશો, બેડાં શ્રીફળ, કંકાવટી, ફોટો ફ્રેમ, પાવડરના ડબ્બા (એપલ) દેવ દેવીના સિંહાસન, ગરબા વિ. બનાવવા લાગ્યા, રાજ્ય તેમજ જિલ્લા કક્ષાના અધિકારીઓ એમના કસબની કદર કરતા. પ્રદર્શનો સ્પર્ધાઓ આદીમાં ભાગ લેવા આગ્રહ કરતા. પરંતુ આ પરિવાર મોટે ભાગે પ્રસિધ્ધથી દૂર રહ્યો. તેમ છતાં, સ્વ. અરવિંદે, જિલ્લા ઉદ્યોગ વિભાગ દ્વારા ગુજરાતમાં આયોજિત 'હસ્ત કળા' સ્પર્ધામાં દ્વિતિય ક્રમ મેળવ્યો હતો. જેઠાલાલભાઈ 'બહુ આયામી' હતા. કચ્છ રાજ્યના ચલણમાં 'ઢબ્બુ'નો વિંધવારો સિક્કો બન્યો, તેનું પટ્ટી-કાસ્ટીંગ એમણે કર્યું હતું. એમની આંગળીએ રેખાઓ રમતી. પરિવારના સભ્યોના પોટ્રેટ, તેઓ પેન્સીલથી આબેહુબ આરખતા. એમણે નવરાત્રી દરમિયાન, ફળીયામાં રમાતી, ગરબીના ચોકમાં 'ગીતા-ઉપદેશ' આપતા રથમાં સવાર 'કૃષ્ણ'ના કટાઉટ સાથે પૃષ્ઠભૂમીમાં પાંડવ કૌરવના સૈન્યના ઓઈલ-પેઈન્ટીંગ બનાવેલા જેની ભૂજવાસીઓએ ખુબજ પ્રશંશા કરેલ હતી.

સ્વ. જેઠાલાલભાઈ માત્ર કલાકાર ન હોતા. સમયાનુસાર વ્યવસાયને વળાંક આપી એમના પરિવારના સમૃધ્ધ જીવન યાપનની પણ એમને ખુબ દરકાર હતી. ૧૯૭૧ સુધી 'તોડા'નું

**જ્ઞાતિસેતુને હાર્દિક શુભેચ્છા : કૃષ્ણકાંત વીરજી બારમેડા પરિવાર - અમદાવાદ**

કામ ઘર બેઠે કર્યું, ત્યારબાદ પુત્રો સાથે ભૂજની કંસારા બજારમાં સોના ચાંદીના આભૂષણોની દુકાન કરી. ૧૯૮૪માં ઊભા કાઉન્ટરનો પ્રથમ શો રૂમ શરૂ કરવાનું શ્રેય એમના પરિવારને જ જાય છે. આગળ જતાં એના પારિવારીક હિસ્સા થયા. આ જ પણ એના એક ભાગમાં એમના પુત્ર શ્રી અમૃતલાલભાઈનો શો રૂમ છે. સદ્‌ગતના સંતાનોમાં સાત પુત્રો અને એક પુત્રી થયા. એક પુત્ર, જેને વારસામાં પિતાની કળાદૃષ્ટિ મળી હતી તેનું અકાળે અવસાન થયું. જ્યેષ્ઠ પુત્ર, શ્રી અમૃતલાલભાઈ સોલંકી, વર્ષોથી જ્ઞાતિ-સેવા કાર્ય સમ'પત છે. આ વરસે, હવે ગણત્રીનાં દિવસોમાં, આપણો ભૂજનો સમાજ એમના ૨૫માં 'સમુહ લગ્ન-સમારોહ'નું આયોજન કરી રહ્યું છે, ત્યારે શ્રી અમૃતલાલભાઈની સમાજ સેવા યશસ્વી કારકીર્દીની ઝલક જોવા મળશે. આજથી પચ્ચીસ વર્ષ પહેલાં શ્રી અમૃતલાલભાઈ અને એમના સાથીઓએ પ્રથમ સમૂહ લગ્ન યોજવાનું સાહસ કરેલું, જે પ્રવૃત્તિ આજે આપણા સમસ્ત સમાજના શીર મોર સમી દીપે છે. આવા સમાજ સેવી સપૂતના પિતાશ્રી અને જન્મજાત કચ્છ વર્ક કલાકાર સદ્‌ગત જેઠાલાલભાઈના જીવનની આ આછેરી ઝલક છે. સમાજ જ્યારે 'ગૌરવદીન' ઊજવી રહ્યો છે ત્યારે 'કચ્છ વર્ક'ને 'નવજીવન બક્ષવા 'આભૂષણકળા'માં નવી પેઢી રસ લેતી થાય તે માટે સંસ્થાકીય રીતે જો કોઈ નક્કર આયોજન થાય તો, ડીઝાઈનર પ્રોડક્ટની હાલે જે હવા છે, તેમાં આપણું કચ્છ વર્ક અવશ્ય ફૂલે ફાલે આપણા યુવા વર્ગને વારસાગત વ્યવસાય ફળે.

**સેતુના સંભારણાં**

## સમયનો સાદ

**હંસરાજ કંસારા**

માનવ જીવનમાં 'સમય' સર્વોપરી છે. કોઈ પણ સમુદાયને વહેલો કે મોડો, સમયનો સાદ સંભળાય જ છે, પછી એનો અવાજ બુલંદ થતા, અને અનુકુળ સંયોગો સર્જાતા સમુદાય એ સાદને અનુરૂપ પ્રતિસાદ આપે છે, એને અનુસરે છે. માનવ સમાજની આ સ્વાભાવિક પ્રક્રિયા છે. ક્યાંક એની ગતિ તેજ હોય છે તો ક્યાંક મંદ. અને તે ગતિ મુજબ પ્રગતિ થાય છે. આપણો અલ્પસંખ્યક અને નાના મોટા ગામડા, કસબા અને શહેરોમાં વેરાયેલો સમાજ, ઘણા લાંબા સમયથી ઝંખતો હતો કે એક વિશિષ્ટ સમાજના પ્રત્યેક પરિવાર વચ્ચે — સ્થળ, સમયના અંતરાલ વિના, સંવાદ હોય, એકબીજાની ઓથ હોય અને અન્ય બહુસંખ્યક સમાજોની માફક એ પણ વિકાસની, જીવનધોરણ ઊંચે લાવવાની ઉપલબ્ધ તકોનો પૂરેપૂરો લાભ મેળવી શકે.

આ ઝંખના અનેક વખત વ્યક્ત થતી હતી પરંતુ એનો અવાજ મંદ હતો. વચ્ચે વચ્ચે સંજોગોવશાત્ અવાજ બુલંદ થતો, જેમ કે ૨૦૦૧નો ધરતીકંપ, મુંબઈના આતંકવાદી હુમલા અને પ્રાકૃતિક આપદાઓ. આવા સમયે સ્વાભાવિક રીતે જ જ્યારે બીજા બહુસંખ્યક સમાજો પોતપોતાના સમાજના સભ્યોની વહારે પહોંચી જતા હતા ત્યારે આપણી પાસે તો એવું કોઈ સંગઠિત એકમ જ નહોતું અને એ હોય તો પણ — કોણ ક્યાં અને કેટલી હદે આપદગ્રસ્ત હશે તેનો અંદાજ મેળવવાની પણ કોઈ વ્યવસ્થા નહોતી. આવું થતા, આપાતકાલીન વ્યવસ્થા મોટેભાગે સ્થાનિક પ્રયાસો પૂરતી જ મર્યાદિત હતી. એ જ રીતે, આપણા અલ્પસંખ્યક સમાજની અનેક વ્યક્તિઓને એમની પ્રતિભાના વિકાસ હેતુ બહુસંખ્યક સમાજની સરખામણીએ ઓછી તકો મળતા, વ્યવસાય, ઉદ્યોગ અને સામાજીક સુરક્ષા ક્ષેત્રે અનેકવાર સહન કરવું પડ્યું છે.

આજે વિશ્વ નાનું થતું જાય છે, વૈજ્ઞાનિક ઉપલબ્ધિઓને પરિણામે માનવ બળનું મહત્ત્વ ઘટતું જાય છે. એટલે વિકાસની તકો સીમિત થાય છે. ગળાકાપ હરીફાઈમાં અપવાદો સિવાય, ક્ષમતા અને શક્તિનું માપ, સંઘબળ આધારીત બની જાય છે અને એટલે જ આપણે સામુહિક દૃષ્ટિએ આર્થિક રીતે પછાત રહીએ છીએ અને આર્થિક અસમાનતાને લીધે આપણી સામાજીક તેમજ સાંસ્કૃતિક ક્ષેત્રે પ્રતિભાઓ હોવા છતાં, અનેક વખત ઉપર આવી શકતી નથી. ટુંકમાં, 'સંઘમ્... શરણમ્.. ગચ્છામિ...' બુધ્ધનું કહેવું હતું કે સમાજના વિકાસનો આધારસ્તંભ ભલે વ્યક્તિક પર હોય પરંતુ એ વ્યક્તિગત આર્ષદૃષ્ટિને આકાર અને આયામ તો સંઘ થકી જ મળે છે.

આપણા સમાજ માટે એકતાના પૂરક તરીકે મહામંડળની આવશ્યક્તા તો લાંબાગાળાથી જ હતી. એનો મંદ સાદ પણ અવારનવાર સંભળાતો હતો. પરંતુ સંયોગો બનતા નહોતા. સદ્‌ભાગ્યે ભુજ જ્ઞાતિના કેળવણી ક્ષેત્રે પ્રયાસો, આદર્શ એવી સમૂહ લગ્ન પ્રણાલી અને તાજેતરમાં મૂર્તિ પ્રતિષ્ઠાન મહોત્સવ, આ ત્રણ બાબતોએ - સામૂહિક એકતાની 'ફળશ્રુતિ' સારી પેઠે સમજાવી. જોગાનુજોગ અમદાવાદ જ્ઞાતિ મંડળે પ્રગતિશીલ - કદમો, ખાસ કરીને, સમસ્ત સમાજ માટે સંવાદના સાધનરૂપ મુખપત્ર 'જ્ઞાતિ સેતુ'ના પ્રકાશનની હિંમત કરી અને એકતાનો એ ભુજથી ઉઠેલો સાદ બુલંદ થયો. સાબરકાંઠા જ્ઞાતિ મંડળે એ 'સાદ'ને ઝીલવાની પહેલ કરી. પરિણામ આપણી સમક્ષ છે, 'જ્ઞાતિ મહામંડળ'ની સર્વસંમત રચના. આ મહામંડળના આરંભ સમયનું સુત્ર - ભુજ જ્ઞાતિના કુશળ વડીલોએ અને દેશ-વિદેશ સમસ્તમાં આપણી જ્ઞાતિના સન્માનીય - સ્વ. ખેતશી બાપાના સુપુત્ર શ્રી પ્રભુદાસભાઈએ સ્વિકાર્યું એ આપણું સદ્‌ભાગ્ય છે. 'સેતુ'ને વિશ્વાસ છે કે સમયનો સાદ સમયસર સમજાયો છે તો એ સાદ અનુસાર સમસ્ત ભારત અને દેશ-વિદેશમાં વસતા આપણા સમસ્ત પરિવારોને હૂંફ આપવા આપણું મહામંડળ સક્ષમ અને સમૃધ્ધ થશે.

**જ્ઞાતિસેતુને હાર્દિક શુભેચ્છા : લીના રોહિતકુમાર કટ્ટા પરિવાર - અમદાવાદ**

# શ્રી મારૂ કંસારા સોની સમાજ–મુંબઈ

**સોની જયંતિલાલ હીરજી, બી-૪, રાજમયુર સેવા રામ લાલવાણી રોડ, મુલડ પશ્ચિમ મુંબઈ-૪૦૦૦૮૦**

## જ્ઞાતિસેતુને હાર્દિક શુભેચ્છા...


શ્રી જયંતીભાઈ સકરીયા
પ્રમુખ


શ્રી કાંતિભાઈ બીજલાણી
ઉપપ્રમુખ


શ્રી ભરતભાઈ બારમેડા
મંત્રી


શ્રી રાજેશભાઈ સકરીયા
ખજાનચી


શ્રી મનસુખભાઈ બુદ્ધભટ્ટી
સહખજાનચી

### કારોબારી સભ્યો

| | |
|---|---|
| વીણાબેન વી. બગ્ગા | ચંદ્રકાંત મુળજી મહિચા |
| મંગળાબેન જા. મૈચા | મનોજભાઈ ન. કટ્ટા |
| સુરેશભાઈ શં. પોમલ | ભરતભાઈ રં. બુદ્ધભટ્ટી |
| પિયુષભાઈ વ. બારમેડા | લક્ષ્મીકાન્ત જે. કોટડીયા |

મહેશભાઈ ધ. બુદ્ધભટ્ટી

*With Best Compliments From.....*

***Dinkar Parmar***

***(M) 09374222269***

# *Santkrupa*

***Medical Store***

***(Since 1970)***

***Main Bazar, Sihor (Gujarat)***

***Ph. 02846-222269***

***Sanjaybhai Parmar***

# *Santkrupa*

***Medicine***

***Station Road, Sihor (Gujarat)***

***(M) 02846 231150***

Chimanlal Soni 98985 15125 Pratish C. Soni 98240 31029

# PRATISH Industries

## MANUFACTURER OF :

- Sheet Metal Press Components
- Electronics Sheet Metal Press Components
- Tools & Dies
- CNC Wire Cut



Factory : 390 GIDC, Makarpura, Baroda-390010

Tel. : 0265-2637736 Telefax : 0265-2643155

E-mail : pratishindustries@yahoo.in

દિપેન સોની
મો. : ૯૮૨૫૭ ૭૭૨૯૫

અનિલ એમ. સોની
મો. : ૯૯૭૯૩ ૩૦૪૨૭

# દિપેન જ્વેલર્સ

સોના-ચાંદીના ફેન્સી દાગીના વેપારી



કંસારા બજાર, ભુજ (કચ્છ)

ગિરીશભાઈ
કિરીટભાઈ
રાહુલભાઈ

મો. ૯૯૨૫૩ ૧૨૧૪૬
મો. ૯૮૨૫૨ ૮૭૬૭૬
મો. ૯૮૯૮૮ ૪૧૬૬૧

# મે. સોની અમૃતલાલ જેઠાલાલ

(તોડાવાલા)

સોના-ચાંદીના ફેન્સી દાગીના બનાવનાર તથા વેચનાર

કંસાર-બજાર, ભુજ-કચ્છ. ૩૭૦ ૦૦૧.

KANSARA
Dream Dare Do

Rollers for Bearings
World - Class Worldwide

Kansara Modler Limited
an Indo-German Joint Venture

A-41(B), M.I.A. Phase II, Basni, Jodhpur - 342005.
Tel: +91 291 2741656, 5120656 Fax : +91 291 270657
Website : www.kansara.com Email : info@kansara.com

॥ જય યોગેશ્વર ॥

સોની ધીરજલાલ પી.
મો. : ૯૮૨૫૩ ૯૪૪૧૯
સોની નવનીત ડી.
મો. : ૯૮૨૫૬ ૮૦૬૦૬

(ઓ.) (૦૨૮૩૬) ૨૪૨૫૪૧
(રે.) (૦૨૮૩૬) ૨૪૨૧૪૧



# સોની પ્રેમજી ગાંગજી

(વલાડીયા વાળા)

## પ્રો. સોની ધીરજલાલ પ્રેમજી

સોના તથા ચાંદીના દાગીના લેનાર, બનાવનાર તથા વહેચનાર
તેમજ સોનાના દાગીના મજુરીથી બનાવનાર

ગંગા બજાર, ૧૨ મીટર રોડ, અંજાર (કચ્છ)



દિપેશકુમાર
મો. : ૯૭૨૫૧ ૮૦૮૦૭

હિરેનકુમાર
મો. : ૯૮૨૫૭ ૫૮૧૮૮

# સોની ઈશ્વરલાલ નેણશી ઍન્ડ સન્સ

## જ્વેલર્સ

સોના-ચાંદીના ફેન્સી દાગીના
બનાવનાર તથા વેચનાર

મેઈન બજાર-દહિંસરા, તા. ભુજ.

(ઓ.) ૦૨૮૩૨ - ૨૮૬૪૮૩ મો. : ૯૪૨૭૭ ૬૮૮૮૪

# છબીકલાના ઈતિહાસનો ધ્રુવતારો એલ. એમ. પોમલ

તસવીરની પણ એક આગવી તાસીર હોય છે, તેની પ્રતીતિ કરાવનાર વિશ્વવિખ્યાત તસ્વીરકાર સ્વ. એલ. એમ. પોમલ (લાલજીભાઈ) અર્ધી સદીથી પણ વધુ સમય સુધી છબીકલા જગતના ઝળહળતા સીતારા રહ્યા. એટલું જ નહીં, એમના અવસાન પછી પણ એમણે સર્જેલી, માત્ર ખેંચેલી નહીં, તસવીરો - એક યા બીજી રીતે ક્યાંક ને ક્યાંક ઝળહળતી રહે છે. એમના છબીકલાના પ્રયોગો અને જેમણે એમની પાસેથી છબીકલાના રહસ્યોનું જ્ઞાન મેળવ્યું છે, તેવા તેમના કેટલાય શિષ્યો આ છબીકલા ગુરુ ને ક્યાંક ને ક્યાંક, અદર્ઘ આપતા રહે છે. ઓગસ્ટની ૧૮મી તારીખે એમના જન્મ દિવસે, એમના ચાહકો એ એમને અવશ્ય યાદ કર્યા હશે. આવા અજોડ કલાકાર, જેમણે ફોટોગ્રાફી ક્ષેત્રે કચ્છનું નામ વિશ્વના તખ્તે ગાજતું કર્યું, તેમને,'જ્ઞાતિસેતુ' આ લેખ દ્વારા નમ્ર સ્મરણાંજલિ અર્પે છે. પ્રસ્તુત લેખ - એમના સુપુત્ર શ્રી હર્ષદ પોમલે મોકલેલી વિગતો તેમજ સ્વ. લાલજીભાઈના અંતરંગ મિત્ર કચ્છની સંસ્કૃતિ પરના અજોડ પુસ્તક 'કચ્છનું સંસ્કૃતિ દર્શન'ના લેખક સ્વ. રામસિંહજીભાઈ રાઠોડના કચ્છમિત્રમાં પ્રકાશિત લેખના થોડા અંશોનું સંકલન છે.

છબીકલા ક્ષેત્રે ઝળહળતા ધ્રુવ તારા સમાન સ્વ. લાલજીભાઈ પોમલનો જન્મ દિનાંક ૧૮-૮-૧૯૧૯ના રોજ ભુજ (કચ્છ)માં એક સોની પરિવારમાં થયો. પરિવારનો વંશ પરંપરાગત સુવર્ણ આભૂષણ - કળા કસબ શ્રી લાલજીભાઈને પણ વારસામાં જ મળેલો હતો. એટલે કળા પ્રત્યે એમની વિશેષ રૂચી સ્વાભાવિક જ હતી અને તે સમયે એશિયાભરમાં ન હોતી તેવી હુન્નરશાળા કચ્છ ભુજમાં હતી. ત્યાં તેમણે ચિત્રકળા, મીનાકામ અને સોના ચાંદી પરના કચ્છ વર્ક આદિનું શિક્ષણ મેળવ્યું. અને અહીં જ તે સમયે નવીન ગણાતી તસવીરકળામાં પણ એમણે રસ લીધો. ૧૯૩૭માં તેઓશ્રી મુંબઈ ગયા. એમને જે.જે. સ્કૂલ ઓફ આર્ટમાં અભ્યાસ કરવો હતો પરંતુ તે માટે ફી નો બંદોબસ્ત ન થતાં, તેમણે મુંબઈમાં જ આર. શિવાજીના સ્ટુડિયોમાં અપ્રેન્ટીસ તરીકે છબીકલાની તાલીમ લીધી. ૧૯૩૯માં તેઓશ્રી પાછા ભુજ આવ્યા. તેમનું વારસાગત મીનાકામ સંભાળ્યું. સાથે સાથે છબીકળાનો શોખ પોષતા રહ્યા. ૧૯૪૨માં પોમલ કરાંચી ગયા. ત્યાં એમણે હીરો સ્ટુડિયોમાં આર્ટીસ્ટ તરીકે પાંચ વર્ષ કામ કર્યું. દેશના ભાગલા થતાં તેઓ પાછા મુંબઈ આવ્યા. દાયકાથી વધારેના એમના તસવીરકળાના સાતત્યે એમની અંદરનો કલાકાર 'સર્જન' ઝંખી રહ્યો હતો. એમની તસવીરોને 'ટાઈમ્સ ઓફ ઈન્ડિયા' અને બીજા અખબારોમાં સ્થાન મળવા લાગ્યું. ૧૯૫૧માં ઈલસ્ટ્રેટેડ વિકલી દ્વારા આયોજીત ફોટો કોમ્પીટીશમાં એમની તસવીરને પ્રથમ ઈનામ મળ્યું. ફરી ૫૫ અને ૫૬માં પણ એમને શ્રેષ્ઠતા - ઈનામો મળ્યા.

હવે એમની સર્જનશીલ તસવીરકાર તરીકેની ઓળખ દેશભરમાં થઈ ગઈ હતી. મુંબઈમાં સ્વ. વજુ કોટક એમના ખાસ મિત્ર હતા. શ્રી પોમલની પ્રતિભાને પ્રકાશમાં લાવવામાં



ટોગ્રાફી
શ્રીમતિ
વાનીમાં
તો અને
જરાય
એમણે
તસવીર
ી ગયા.
અને

વિજયનગરમાં 'સાવન' નામનું રહેવાનું ઘર. આ સ્ટુડિયો એમને માટે આજીવિકાનું સાધન તો હતું જ સાથે સાથે એ કચ્છના ઉગતા છબીકારો માટે હેન્ડ્સ-ઓન તાલીમશાળા બની ગઈ. ભુજમાં એમણે 'રંગ' નામની સંસ્થાની સ્થાપના કરી. જ્યાં સાહિત્યકારો અને કલાકારો નિયમિત મળતા.

શ્રી પોમલ ઈન્ડિયા ઈન્ટરનેશનલ ફોટોગ્રાફીક કાઉન્સીલના માનદ્ સભ્ય હતા. તેમને છબીકલા ક્ષેત્રે ઝળહળતા

જ્ઞાતિસેતુને હાર્દિક શુભેચ્છા : મહેશભાઈ હંસરાજભાઈ બીજલાની પરિવાર - અમદાવાદ

ધ્રુવ તારા સમાન સ્વ. લાલજીભાઈ પોમલનો જન્મ દિનાંક ૧૮-૮-૧૯૧૯ના રોજ ભુજ (કચ્છ)માં એક સોની પરિવારમાં થયો. પરિવારનો વંશ પરંપરાગત સુવર્ણ આભૂષણ - કળા કસબ શ્રી લાલજીભાઈને પણ વારસામાં જ મળેલો હતો. એટલે કળા પ્રત્યે એમની વિશેષ રૂચી સ્વાભાવિક જ હતી અને તે સમયે



એશિયાભરમાં ન હોતી તેવી હુન્નરશાળા કચ્છ ભુજમાં હતી. ત્યાં તેમણે ચિત્રકળા, મીનાકામ અને સોના ચાંદી પરના કચ્છ વર્ક આદિનું શિક્ષણ મેળવ્યું. અને અહીં જ તે સમયે નવીન ગણાતી તસવીરકળામાં પણ એમણે રસ લીધો. ૧૯૩૭માં તેઓશ્રી મુંબઈ ગયા. એમને જે.જે. સ્કૂલ ઓફ આર્ટમાં અભ્યાસ કરવો હતો પરંતુ તે માટે ફી નો બંદોબસ્ત ન થતાં, તેમણે મુંબઈમાં જ આર. શિવાજીના સ્ટુડિયોમાં અપ્રેન્ટીસ તરીકે છબીકલાની તાલીમ લીધી. ૧૯૩૯માં તેઓશ્રી પાછા ભુજ આવ્યા. તેમનું વારસાગત મીનાકામ સંભાળ્યું. સાથે સાથે છબીકળાનો શોખ પોષતા રહ્યા. ૧૯૪૨માં પોમલ કરાંચી ગયા. ત્યાં એમણે હીરો સ્ટુડિયોમાં આર્ટીસ્ટ તરીકે પાંચ વર્ષ કામ



કર્યું. દેશના ભાગલા થતાં તેઓ પાછા મુંબઈ આવ્યા. દાયકાથી વધારેના એમના તસવીરકળાના સાતત્યે એમની અંદરનો કલાકાર 'સર્જન' ઝંખી રહ્યો હતો. એમની તસવીરોને 'ટાઈમ્સ ઓફ ઈન્ડિયા' અને બીજા અખબારોમાં સ્થાન મળવા લાગ્યું. ૧૯૫૧માં ઈલસ્ટ્રેટેડ વિકલી દ્વારા આયોજીત ફોટો કોમ્પીટીશમાં એમની તસવીરને પ્રથમ ઈનામ મળ્યું. ફરી ૫૫ અને ૫૬માં પણ એમને શ્રેષ્ઠતા - ઈનામો મળ્યા.

હવે એમની સર્જનશીલ તસવીરકાર તરીકેની ઓળખ દેશભરમાં થઈ ગઈ હતી. મુંબઈમાં સ્વ. વજુ કોટક એમના ખાસ મિત્ર હતા. શ્રી પોમલની પ્રતિભાને પ્રકાશમાં લાવવામાં એમનો સિંહફાળો રહ્યો. 'આન' ફિલ્મની સ્ટીલ ફોટોગ્રાફી એમણે કરી હતી. દરમ્યાનમાં એમના પ્રિય પત્ની શ્રીમતિ જયાબેનનું, એક બાળકની એમને ભેટ આપી, ભરયુવાનીમાં અવસાન થયું. એમના ઉજ્જવળ ભાવિના અનેક સંકેતો અને પ્રલાભનો છતાં પત્નીના અવસાન પછી મુંબઈ એમને જરાય ગોઠ્યું નહીં. યુવાવસ્થા અને અનેક તરફી દબાણો છતાં એમણે પુનઃલગ્ન ન કર્યા. એમના પુત્ર હર્ષદ અને એમની તસવીર કળાના વિકાસના લક્ષ્ય સાથે તેઓ ૧૯૬૫માં ભુજ આવી ગયા. ભુજમાં દરબારગઢ પાસે એમણે સ્ટુડિયો ખોલ્યો અને વિજયનગરમાં 'સાવન' નામનું રહેવાનું ઘર. આ સ્ટુડિયો એમને માટે આજીવિકાનું સાધન તો હતું જ સાથે સાથે એ કચ્છના ઉગતા છબીકારો માટે હેન્ડ્સ-ઓન તાલીમશાળા બની ગઈ. ભુજમાં એમણે 'રંગ' નામની સંસ્થાની સ્થાપના કરી. જ્યાં સાહિત્યકારો અને કલાકારો નિયમિત મળતા.

શ્રી પોમલ ઈન્ડિયા ઈન્ટરનેશનલ ફોટોગ્રાફીક કાઉન્સીલના માનદ્ સભ્ય હતા. તેમને ઓન.પી.એસ.આઈ.નું બહુમાન પ્રાપ્ત થયું હતું.

શ્રી લાલજીભાઈ પોમલે કચ્છની સંસ્કૃતિ, લોક જીવન, પશુ-પક્ષી અને પ્રકૃતિ, પુરાતત્તવ અવશેષો અને સ્થાપત્યો જે કંઈ એમની સર્જક દૃષ્ટીએ દીઠું અને એમને સૌંદર્યબોધ થયો, તેને પોતાની આગવી છાયા પ્રકાશની સુઝબુઝગી કલાત્મક ઢબે કેમેરામાં કંડારી જગતને અર્પણ કર્યું અને પોતાના અસ્તિત્વના સંતોષ સાથે ૮૨ વર્ષનું સ્વસ્થ અને સુદીર્ઘ જીવન ઝીંદાદિલીથી વિતાવી, ૧ ઓક્ટોબર ૨૦૦૦ના દિવસે અંતિમ શ્વાસ લીધા. શ્રી પોમલ ભલે હવે સદેહે નથી રહ્યા પરંતુ એમની પ્રતિભાના પ્રતિબિંબ પેઢીઓ સુધી પ્રકાશતા રહેશે.

**પ્રસ્તુત છે, કચ્છના અણમોલ ગ્રંથ "કચ્છનું સાંસ્કૃતિક દર્શન"ના લેખક અને પોમલના અંતરંગ મિત્ર શ્રી રામસિંહજી રાઠોડના સંવત ૨૦૪૦ના 'કચ્છમિત્ર'માં પ્રકાશિત લેખ 'કચ્છની છબીકલાના ઈતિહાસ'ના કેટલાક અંશ.... - હંસરાજ કંસારા**

ભુજનું કમાંગરી ચિત્રકળા, સોના-ચાંદીનું કચ્છ વર્કનું કળા કામ અને મીનાકામ એશિયાભરમાં ઉત્તમ પંકાયું. છે. આના અભ્યાસ માટે ભુજમાં એક હુન્નરશાળા પણ ચાલે. ઉત્કૃષ્ટ મીનાકામના નિષ્ણાત દેવજીભાઈ એ વખતના એના સંચાલક. ત્યાં ડ્રોઈંગની પરિક્ષાઓ આપવાનીય વ્યવસ્થા ખરી. ફોટોગ્રાફર ધોળકીયા ઓલ્ફ્રેડ હાઈ સ્કૂલમાં અમારા ડ્રોઈંગ ટીચર. ભુજમાં ભણતા ત્યાં મારે ડ્રોઈંગનો અભ્યાસ કરવાનું બન્યું. સને

જ્ઞાતિસેતુને હાર્દિક શુભેચ્છા : મનુભાઈ વિઠ્ઠલદાસ કોટડીયા પરિવાર - અમદાવાદ

૧૯૩૦માં સર જે. જે. સ્કૂલ ઓફ આર્ટ તરફથી લેવાતી એની એલીમેન્ટરી ગ્રેડની પરિક્ષા આપવા માટે મારે હુન્નર શાળામાં જવાનું થયું ત્યારે ત્યાં કામ કરતા હુન્નર કળાના વિદ્યાર્થીઓની કામગીરી જોઈ નાનો એવો હું દંગ થઈ ગયો. ત્યારે જેમાં મને વધુ રસ પડ્યો એવા બે કળા વિદ્યાર્થીઓ કોણ છે એમ જીજ્ઞાસા થઈ તો નામ જાણવા મળ્યું કે એક "લાલજી" છે અને બીજો પણ "લાલજી" છે. પાછળથી હવે ખ્યાલ થાય છે કે એ હતા આપણા કચ્છના નીવડેલા બે નામાંકિત કલાકારો એલ.સી. સોની અને એલ.એમ. પોમલ.

ભુજમાં ૧૯૩૪માં લાલજી પોમલનું નામ ફોટો કલાકાર તરીકે ઝબુકતું જાણ્યું. પછી તો પ્રમાણ્યું કે એમણે ચિત્રકળાને અનુસરી એમની આગવી સૂઝથી એમની ફોટો કળાને વિકસાવી છે. તસવીર કામમાં એ સમજપૂર્વકનું ભાવદર્શન કરાવતા થયા. આગવી કલા તરીકે ફોટોગ્રાફીને એમણે અલિપ્ત વ્યક્તિનું માધ્યમ બનાવ્યું. આ અરસામાં મુંબઈમાં તારાપોરવાલાનું નામ તો બહુ મોટું. કાલે ખંડાલાવાલા અને રત્નાકરના નામો પણ મળે કે ૧૯૨૫ અમદાવાદમાં કુમાર કેમેરા ક્લબ સ્થપાયેલી, તે ૧૯૩૬માં 'નિહારીકા' નામે જાણીતી બની. આવા સંજોગોમાં એલેમને મુંબઈ આવવું-જવું થયું. અહીં એમણે કલા વ્યવસાય તરીકે ફોટોગ્રાફીનો વિકાસ કર્યો. ધંધાદારી વર્તુળ પૂરતાં મર્યાદિત રાખ્યા વિના એમણે આપવા માંડી. કૃતિ જોતાં કર્તા પરખાઈ જાય એવી કેટલીક કલાકૃતિઓનું એમણે સર્જન કર્યું. દેશ-પરદેશ એમની નામના થઈ. પોમલે પોતાની ફોટોગ્રાફીના વિકાસમાં ઘણી ઘણી અજમાયશો કરી છે અને ઘણી તરકીબો લડાવી છે. માણસની આંખે ન પ્રમાણાય એવી ઘણી બાબતો કેમેરાની આંખે દેખાડી એમણે પોતાના ફોટોગ્રાફમાં ધારી અસર અને સચોટતા લાવી દીધાં છે. ખુલ્લા આકાશ નીચે મેદાનમાં કે સ્ટુડિયોમાં ફોટો પડાવો, પછી એનું ડેવલપીંગ, પ્રિન્ટીંગ, એનલાર્જીંગ, કાપકૂપ કરી ચિત્ર સંયોજીત કરવું એવી કાર્ડરૂમની ક્રિયા પ્રક્રિયાઓ તેઓ જાતે જ કરે. પ્રેસ ફોટોગ્રાફીમાં ચિત્ર વિષયની પૂરેપૂરી વાસ્તવિકતા રજૂ કરવા સાથે દસ્તાવેજી વિગતોવાળા સુંદર ફોટો ચિત્રો એમણે આપ્યા છે.

એમણે પુષ્પની કુમાશની ફોટોગ્રાફી કરી છે. તો ચંબલવેલીમાં પહોંચી ત્યાંના ડાકુઓની કરડાકીભરી ફોટોગ્રાફી પણ કરી છે. ૧૯૭૧ની લડાઈ દરમ્યાન ભારતે કબજે લીધેલા પાકિસ્તાનના પ્રદેશની ફોટોગ્રાફી પણ એમણે કરી છે. પંખીની લાક્ષણિકતાઓ ઝડપવી પણ એમણે કરી છે. પંખીની લાક્ષણિકતાઓ ઝડપવી એએમનો ખાસ શોખ છે. કંઈ વિરલ દૃશ્ય નજરે ચડે તો ગમે તે ભોગે એનો ફોટોગ્રાફ લેવાનું એ ચૂકતા નથી. રંગીન ફોટોગ્રાફીએ હજુ દેખા દીધી નહોતી ત્યારે કલાકાર તરીકે એમણે રંગીન ફોટો ચિત્રો હુબહુ પ્રાકૃતિક રંગોમાં રળીયામણાં બનાવ્યા છે. જ્યારે હવે અદ્યતન ઢબે અને ઉત્તમ પરિણામભરી રંગીન ફોટોગ્રાફીને તેઓ એક વિશિષ્ટ શોખ તરીકે વિકસાવી રહ્યા છે.

૧૯૬૮માં ગુજરાત રાજ્યમાં વન વિભાગ થકી તેના પ્રકાશન અને સંપર્ક અધિકારીની હોસિયતમાં ગુજરાતના જંગલોનો પ્રત્યક્ષ પરિચય કરાવવા મેં કલાકારોના એક પ્રવાસનું આયોજન ગોઠવ્યું. ત્યારે ભુજથી આવી પોમલ આ પ્રવાસમાં જોડાયા. વડોદરામાં અમે ફતેહસિંહ રાવ મ્યુઝીયમ જોવા ગયા. પોમલે ત્યારે ત્યાંથી એમને અતિપ્રિય બન્યા એવા પાનખર, વસંત અને વર્ષાના ફોટો ચિત્રો ઝડપ્યાં. કચ્છના નાના રણમાં કુડા અને બજાણ વચ્ચે જંગલી ઘૂડખરની ફોટોગ્રાફી કરવાની ઉત્તમ તક પણ અમે ત્યારે ઝડપી. અમારા વાહનને જંગલી ગધેડાના ટોળા પાસેથી પસાર કરાવી સામેથી દોડતા આવતા ઘૂડખરની વિરલ છબી પોમલે ઝડપી છે. સાઠ કિલોમિટરના વેગે દોડતી અને આઘી પાછી તથા ઊંચીનીચી ધ્રુજારી પેદા કરતી જીપમાં ડોલતા પોમલ, હાલતા ચાલતા કેમેરા ગોઠવી, તેટલી જ અને તેવી પૂરપાટ ઝડપે દોટ દેતા રાની ગધેડાની લાક્ષણિકતાને કેમેરામાં કબજે કરી લેતા.

કચ્છના મોટા રણના મધ્ય ભાગે આવેલા 'સુરખાબનગર' (ફ્લેમિંગો સીટી) પહોંચવું એ સાધારણ પરિસ્થિતિમાં અસંભવિત જેવું લાગે! ૧૯૭૦ના ઓક્ટોબરમાં કચ્છ વન વિભાગ તરફથી જવાહર નહેરૂ સ્કોલર શૃંખલાના સુરખાબનગરના એક પ્રવાસનું આયોજન થયું ત્યારે બીએસએફના કમાન્ડેન્ટ બેદીના માર્ગદર્શન અને સંભાળ તળે એ સાહસ સભર પ્રવાસોમાં જોડાઈ, પોમલ ચાર દિવસ સુરખાબનગર રોકાયા અને સુરખાબ ફ્લેમિંગોની રંગીન દુનિયા અને ત્યાંની સૌંદર્ય ચેતનાની એમણે દિલભરી ફોટોગ્રાફી કરી. પ્રકૃતિની સ્વપ્ન સૃષ્ટી સરીખી કચ્છી સુરખાબની અજબ એવી પ્રજનનની ભૂમિમાં એમણે ફોટોગ્રાફી કરી. પછી એની રસલ્હાણના એમણે એના પ્રસન્નતાભર્યા પ્રદર્શનો પણ ગોઠવ્યા.

કચ્છના મારા પ્રવાસોમાં ક્યાંય ખાસ વિશિષ્ટ કે ચિત્રમય ભાસતું ત્યારે ત્યારે પોમલે અચૂક મારો સથવારો દીધો છે; અને એ વારે એમની ફોટોગ્રાફીની માવજતની રસલ્હાણ માણી છે, અને તરકીબથી ફોટોગ્રાફી કરતા પોમલને તસછીરોને ઝડપી લેવાની હામ પણ મેં ભીડી છે. એ છબીઓ જોવાની એમની ફોટો ખેંચવા માટેની તાલાવેલી, તરવરાટ અને તરકીબોની અંદાજ આવશે. કચ્છમાં એમણે પેટ ભરીને ફોટોગ્રાફી કરી છે.

**જ્ઞાતિસેતુને હાર્દિક શુભેચ્છા : નવીનચંદ્ર કલ્યાણજી સોલંકી પરિવાર - અમદાવાદ**



મો. ૯૭૧૨૨૦૨૧૦૫

# શ્રી કૃષ્ણ જ્વેલર્સ

**પ્રો. સોની આશિષકુમાર કાનજીભાઈ**

**સોના ચાંદીના ફેન્સી દાગીના**
**બનાવનાર તથા વેચનાર**

દુ.નં.૪, પાવન એપાર્ટમેન્ટ, મોહનનગર સોસાયટીની સામે,
બેઠક પાછળ, નરોડા-અમદાવાદ.



પ્રો. ગોપાલભાઈ જીવરામભાઈ સોની
મો. ૭૬૦૦૧ ૪૯૮૦૫

# શ્રીજી જ્વેલર્સ

**સોના ચાંદીના ફેન્સી દાગીના**
**બનાવનાર તથા વેચનાર**

**માતાજી ચોક, પોલીસ સ્ટેશન સામે,**
**તલોદ, જી. સાબરકાંઠા**



**પ્રો. સોની ધર્મેન્દ્રકુમાર ભાઈલાલભાઈ**

**મો. (ઓ) ૯૮૯૮૪૯૮૭૨૫**
**મો. (રહે) ૯૪૨૬૩૯૧૧૬૧**



# ભક્તિ જ્વેલર્સ

**સોના ચાંદીના ફેન્સી દાગીના**
**બનાવનાર તથા વેચનાર**

**અંબિકા હોટલની પાસે, તલોદ-ધનસુરા રોડ,**
**મુ. તાજપુર કેમ્પ જી. સાબરકાંઠા**



શુભેચ્છા સહ....
એન. એચ. સોની
મો. ૯૯૨૫૬૬૦૮૯૦

## નરેન્દ્રભાઈ હરીરામભાઈ સોની

(સમાજ કલ્યાણ નિરીક્ષક - આણંદ)
રહેઠાણ : શ્રીજી એપાર્ટમેન્ટ, કુબેર નિવાસની સામે,
મુ.પો. ઉત્તરસંડા (નડીયાદ)

જે. એચ. સોની
મો. ૯૮૯૮૧૩૩૪૫૯

## જ્યોતિબેન હરીરામભાઈ સોની

(મેડીકલ સ્કલ્પચર આર્ટીસ્ટ)
કેન્સર વિભાગ સિવીલ હોસ્પીટલ, અમદાવાદ

# ધન્ય બની ધનતેરસ

હંસરાજ કંસારા

ક્યારેક કોઈક સીધું સાદું અને સરળ જીવન પણ કાળક્રમે ન ભૂંસાય તેવી અમીટ છાપ છોડી જાય છે. આવો, આજે આપણે આપણી જ્ઞાતિની એક 'નારાયણી'ના નમ્ર જીવનનો થોડો પરિચય મેળવી એમાંથી કંઈક પ્રેરણા મેળવવા પ્રયત્ન કરીએ.

યુવાનીના પ્રથમ પગથિયે, પરિસ્થિતિના પ્રહારે નંદવાયેલા જીવનને સહજ સમજી, જીવનને ભક્તિ રસ થી સદા જીવંત રાખી જીવી જનાર એ પ્રતિભા હતાં, **ગોમતી બા.**.



અંજાર ગામની ઉગમણી સીમે દસેક કિ.મી. દૂર એક નાનકડું ગામ દેવળિયા. વિક્રમ સંવત ૧૯૬૫ નું વર્ષ, ધનતેરસ નો ધન્ય દિવસ. સોની પ્રાગજી સુંદરજી પોમલનાં ધર્મપત્ની મોંઘીબાઈની કૂખે તે દિવસે એક બાળાનો જન્મ થયો. આ બાળાનું નામ ગોમતી.

એક દિવસ મંદિરના પ્રાંગણમાં રમતી ગોમતીને એવો આભાસ થયો કે જાણે કાનુડો એની સાથે સંતાકૂકડી રમે ખે. આ અનુભવ પછી ઘણી વાર ગોમતીના હૈયે અને હોઠે, ઊંઘમાં કે જાગતાં, કૃષ્ણ ભક્તિનાં પદો સ્વતઃ સ્ફૂરવા લાગ્યાં. અબોધ બાળાની આવી અભિવ્યક્તિ પર કોઈએ વિશેષ ધ્યાન ન આપ્યું.

ગોમતી બાર વર્ષની થઈ ત્યારે મુંદ્રાના કંસારા ડુંગરસી પ્રેમજી ગોહિલના સૌથી નાના પુત્ર લખમસી વેરે એનાં લગ્ન થયાં. લખમસી વાસણ ઘડવાનું કામ કરે. આ ભલા ભોળા ભદ્રિક જીવનું ટુંકી માંદગીમાં ભરયુવાન વયે અવસાન થયું ત્યારે ગોમતી માંડ સત્તર વર્ષની થઈ હશે. વૈધવ્યનું દુઃખ અંતરમાં ઓગાળી બાળ-પુત્રી મણીને કાંખે લઈ ગોમતી પાછી પિયરમાં આવી, ભાઈઓના બહોળા પરિવારમાં સમાઈ ગઈ. થોડા વર્ષો પછી એ પરિવારે બિદડા વસાવ્યું. વિધવા ગોમતીના જીવનનો પર્યાય શરીર માટે શ્રમ-સાધ્ય ઘરકામ અને મન માટે સ્વયં સ્ફૂરીત કૃષ્ણ ભક્તિ. હૈયે દિવ્ય દર્શનની અનુભૂતિ અને હોઠે ભક્તિરસની અભિવ્યકિત. સમય જતાં આ બધું એમના માટે શ્વાસ જેવું સહજ થઈ ગયું. એમના ભાઈઓ પછી બિદડા છોડી સાંગલી રહેવા ગયા, પરંતુ ગોમતી બા એ બિદડાને જ આજીવન પોતાનું ગોકુળિયું ગણ્યું.

મહર્ષિ અરવિંદના ભારતીય આધ્યાત્મ-દર્શનના ઊંડા અભ્યાસી, જ્ઞાનીસાધક અને સાધનાશ્રમના સંસ્થાપક પૂજ્ય વેલજીભાઈએ ગોમતીબાઈની પરાવાણી પારખી હતી. એમના મતે વૈષ્ણવ ભક્તાત્મા ગોમતીબાઈને થતાં 'દિવ્યદર્શન' સેન્ટ કેથેરાઈન અને સેન્ટ ટેરેસાને રેપચરમાં થતા સાક્ષાત્કાર જેવા સ્વયંભૂ અને સહજ હતા. એમણે ગોમતીબાઈની એ અવસ્થામાં આવશ્યક માર્ગદર્શન આપ્યું. ગોમતી બા વેલજીભાઈને બાપુજી જ કહેતા. એમનામાં એમને અડગ શ્રદ્ધા હતી.

ગોમતી બાને એમની સિદ્ધિ અને સર્જનાત્મક શક્તિનો કોઈ અહંભાવ નહોતો. 'મારું કંઈ નથી' એ હંમેશા કહેતા. એમણે એમનો એકેય ભજનમાં પોતાનું નામ જોડ્યું નથી. ગોમતીબાઈ જે ભજનો ગાતા તે એમના પાડોશી સત્સંગી શામજીભાઈ લખી લેતા. એમના બસ્સો જેટલા ભજનોનું સંકલન, એમના અવસાન પછી એક વર્ષે એમના અનન્ય ભાવિક અને સાધનાશ્રમના ટ્રસ્ટીશ્રી ભવાનજીભાઈએ, શ્રી ગુલાબ દેઢિયા દ્વારા સંપાદિત કરાવી, પુસ્તકરૂપે પ્રસિધ્ધ કરાવ્યા. શ્રી ભવાનજીભાઈએ પોતે રચેલાં ભક્તિગીતોનું શ્રેય પણ 'ગોમતી બા' ને જ આપ્યું. 'દખણાદો ડેલો' નામના શ્રી ગુલાબ દેઢિયા સંપાદિત શ્રી ભગવાનભાઈના કાવ્યસંગ્રહના અનેક પૃષ્ઠો પર ગોમતી બાના સુભાષિતો સુંદર રીતે વણેલા છે. આપણી ભાવિ પેઢીઓને જરૂર પડે 'ગોમતી બા' વિષે જાણવા, ઐતિહાસિક આધાર પૂરો પાડતા આ બે પુસ્તકો બિદડાના સાધનાશ્રમના ગ્રંથાગારમાં સચવાયેલા છે.

બિદડામાં ગોમતી બા છેક સુધી ભાડાના ઘરમાં જ રહ્યા. એમના ઘરમાં માત્ર બે જ ઓરડા હતા. આગલા ઓરડાની એક ભીંતે રાધાકૃષ્ણની છાપવાળું કેલેન્ડર અને બીજી ભીંતે ગોખલામાં બિરાજેલા એમના ગોવિંદ, એમનું એ નાનકડું ઘર પ્રાતઃકાળે પ્રાર્થના, બપોરે કથાવાર્તા અને સાંજે ભજનોની ધૂનના ભક્તિસભર ઉલ્લાસે ગુંજતું રહેતું. બિદડા અને આજુબાજુના ગામના અઢારે વર્ણના લોકો, નાતજાતના ભેદ ભૂલી અહીં એક પાથરણે બેસી ભજન કિર્તન અને કથાશ્રવણ કરે.ગામડાની ભલી ભોળી ગૌરીઓ ગોમતીમાની દિકરીઓ હોય તેમ લાડ-ચાગ કરે અને સુખદુઃખની બે વાતો પણ કરી

જ્ઞાતિસેતુને હાર્દિક શુભેચ્છા : પંકજકુમાર કેશવજી સોલંકી પરિવાર - અમદાવાદ

લે. વાત્સલ્યમૂર્તિ **ગોમતી બા પાસે એમના દુઃખો દૂર કરવા કોઈ ચમત્કાર નહોતો. હતું માત્ર પ્રભુનું નામ અને સમદુઃખિયાને ધરપત આપવા પ્રભુભક્તિની પ્રસાદી.**

ગોમતી બાના સત્સંગને સંપ્રદાયના કોઈ સિમાડા નહોતા. જૈનધર્મના પરમ પૂજ્ય મુનિવર્યો આચાર્યો અને તપસ્વીની સાધ્વીશ્રીજીઓ સાથે પણ એમનો મનમેળ. આવા ઉચ્ચકક્ષાના સાધકોના સાનિધ્યની પળોએ ઘણીવાર ગોમતી બાને મુખેથી ભક્તિપદોની સરવાણી વહેતી. 'ઈષ્ટ વિણ સ્મરવું નથી.' 'પ્રિય મન સ્થિર કર તુજ સ્વરૂપમાં' 'સત્યને સંભાળી સાધક ચાલજે' અને આવા બીજા ઘણા અધ્યાત્મના ઊંડાણ ઢંઢોળતા અને સાધનાની સુરભી રેલાવતા પદો એમનાં સાધકો સાથેના સત્સંગની પ્રસાદીરૂપે પ્રગટેલાં. ગોમતી બાના અંતિમ 'મહાપ્રયાણ' વેળાએ જૈનમુનિવર્યો, સાધકો અને સાધ્વીજીઓ રૂબરૂ એમના અંતિમ દર્શન કરી એમને બિરદાવેલા. એક સંસારી જીવ સાથે તપસ્વી સંતાત્માઓનું આવું સખ્ય, ગોમતી બાના સરળ, નિશ્છલ, પારદર્શક અને ભક્તિ-સભર જીવનને આભારી હતું. કોઈ વિરલ વ્યક્તિને જ આવું ગૌરવ મળે.

બિદડામાં ગોમતી બા મોટેભાગે આત્મ-નિર્ભર જ રહ્યા. બધુ જ ઘરકામ એ જાતે જ કરે. એમની વૃદ્ધાવસ્થા દરમિયાન શરીર નબળું પડ્યું અને શ્વાસની તકલીફ વધવા લાગી ત્યારે એમની સુપુત્રી મણીબેન અને ભત્રીજી ઈન્દુબેન એમની પાસે રહ્યા. ઈ.સ. ૧૯૯૧ના જાન્યુઆરી મહિનાની ચૌદમી તારીખે ઉત્તરાયણને દિવસે એમને આભાસ થઈ ગયો કે હવે 'જાવાનો ટેમ થઈ ગયો છે' સતત બે દિવસ સુધી એમના સત્સંગી ભાવિકો, સંતો, સાધકો અને સગા વહાલા એમના દર્શને આવતા હતા. એમણે એ બધા સાથે પ્રેમથી છેલ્લા રામરામ કર્યા. ૧૬મી જાન્યુઆરીની ઠંડી રાત્રે ૧૦.૨૫ કલાકે ચહેરા પર સંપૂર્ણ સંતોષ અને સુખની આભા સાથે ગોમતી બાની ચેતના એમના નશ્વર દેહથી મુક્તિ મેળવી વિરાટમાં વિલીન થઈ ગઈ.

મુંબઈની નાણાવટી હોસ્પિટલના ડોક્ટર કોટીચા, બિદડા સર્વોદય ટ્રસ્ટ સંચાલિત વિવિધ રોગ-નિવારણ શિબિરમાં ભાગ લેવા આવે ત્યારે ગોમતી બાના દર્શન કરવા અચુક આવે. જોગાનુજોગ ડો. કોટીચા પણ ત્યારે બિદડામાં જ હતા. પાલખીમાં બેસાડેલા ગોમતી બાના દેહને જોઈ, એમણે કહેલું કે 'મારા જીવનમાં આટલું સુંદર અચેતન શરીર મેં ક્યારેય જોયું નથી.'

ગોમતી બાના ચેતનાવિહિન નશ્વર દેહની વિદાય એમના ભાવિકો માટે વસમી હતી. એ મહાન વિભૂતિના સરળ જીવનનો બોધ છે કે સંસારી જીવ માટે સહજ, સરળ અને ભક્તિસભર જીવન એટલે જ સદ્‌ચિતઆનંદ.


**સોની પ્રકાશ જયંતીલાલ** **મો. : ૯૯૨૫૮ ૩૮૬૫૨**

# શ્રીનાથજી લેઝર સોલ્ડર

**આધુનિક ટેકનીકથી સોના-ચાંદી, રીયલ ડાયમંડ મીના કામ, જડતર, મોતી, કુંદન, કલર સ્ટોન ના દાગીના નું લેઝર મશીનથી સોલ્ડર કામ**

**લેઝર મશીનથી સોલ્ડર કર્યા બાદ દાગીના ને પોલીસ કરવામાંથી મુકિત**

**દાગીનામાં રહેલા મોતી, ગ્રહના નંગ, મીના, કુંદન, રોડિયમ કામને કોઈપણ નુકશાન નહિ.**

**હારમાંથી છેડિયા દોરા કાઢવાની ઝંઝટ નહિ.**
**કિંમતી સમય નો બચાવ એટલે લેઝર સોલ્ડર**

**કંસારા બજાર, મોચી શેરી, ભુજ-કચ્છ.**

**જ્ઞાતિસેતુને હાર્દિક શુભેચ્છા : પ્રદિપ માવજીભાઈ સોની પરિવાર - અમદાવાદ**

જ્ઞાતિસેતુને દશાબ્દી નિમિત્તે હાર્દિક શુભેચ્છા...

## શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ મંડળ – નલીયા



શ્રી બાબુલાલ રવજી સોની
પ્રમુખ



શ્રી રમેશચંદ્ર રતનશી સોની
ઉપપ્રમુખ



શ્રી હસમુખભાઈ ગોવિંદજી બારમેડા
મંત્રી



શ્રી દીપકભાઈ ગોવિંદજી બારમેડા
સહમંત્રી



શ્રી દિપકકુમાર રાઘવજી સોની
ખજાનચી

---



॥ જય માતાજી ॥

M. : 98989 99405
M. : 98790 56503

KVJ

# Kansara Velji Jadavji & Co.

## કંસારા વેલજી જાદવજીની કું.

### ઓથો. ડીલર :- અશોક સ્ટવ

## દરેક જાતના વાસણના વેપારી

### કંસારા બજાર, અંજાર (કચ્છ)

(ઓ.) ૦૨૮૩૨ - ૨૪૨૭૬૦

લીલુછમ ઉપવન સર્જીને ગયા તમે, અથાગ પરિશ્રમ કરીને કુટુંબ ઉજાળ્યું,
આપનો માયાળુ નિખાલસ સ્વભાવ, વ્યવહાર કુશળતા, પરોપકારિતા,
નિઃસ્વાર્થ સેવાના ગુણ અમને આજીવન પ્રેરણા આપતા રહેશે.
પરમ કૃપાળુ પરમાત્મા આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના..



**સ્વ. પરષોત્તમ મોરારજી સક્કરીયા**

સ્વ. ૪ જુલાઈ ૨૦૦૮ (અષાઢી બીજ)

**સ્વ. પરષોત્તમ મોરારજી સક્કરીયા પરિવાર**

**દારેસલામ - ભુજ - અમદાવાદ**


મહેશ એન. સોની (મો) ૯૮૯૮૪ ૪૨૬૮૫
અંકિત એન. સોની (મો) ૯૯૧૩૧ ૫૪૯૫૪



# મોમાય જવેલર્સ

**સોના - ચાંદીના દાગીના બનાવનાર તથા વેચનાર**

'અંકિત નિવાસ' મચ્છી પીઠ, લીપ્ટન રોડ, અંજાર (કચ્છ)

# નકશી કામ 'કચ્છવર્ક'ની અજોડ કલા

લગભગ ૧૪ વર્ષ પહેલા કચ્છમિત્રમાં પ્રકાશિત એક લેખ તેમજ ૧૮ વર્ષ પહેલા ઈ.સ. ૧૯૮૯ની ૬ જાન્યુઆરીએ મદ્રાસથી પ્રકાશિત સ્વ. શિવજીભાઈની તસ્વીર સાથેના લેખનો આ સંવર્ધિત સંકલન છે. છેલ્લા દાયકા દરમ્યાન સમયાંતરે સ્થિતિમાં થયેલા સુધારાના સમાવેશ સાથે મૂળ કૃતિના સૌજન્ય સાથે પ્રસ્તુસ છે.

કચ્છ, કચ્છની કલા સંસ્કૃતિ અને કચ્છની કારીગરી અને કારીગરો પ્રત્યે પૂરા વિશ્વનું ધ્યાન ખેંચાયું છે, ત્યારે આપણે પણ આપણા પ્રતિભા સંપન્ન પૂર્વજો વિશે જાણવું જોઈએ. એમની કળા અને કસબને સમજવી જોઈએ અને શક્ય હોય ત્યારે એમને જગત સમક્ષ મૂકવાના પ્રયાસો કરવા જોઈએ. એ આશયે 'સેતુ'ના વાંચકો સમક્ષ પ્રસ્તુત છે. કચ્છવર્કને જીવંત રાખનાર કલાકાર સ્વ. શિવજીભાઈનો અને એમની કલાનો આછેરો પરિચય. વાચકોને આવા વૃત્તાંતો મોકલવા વિનંતી.

**– મુખ્યતંત્રી**

સમગ્ર વિશ્વમાં કચ્છવર્ક તરીકે વિખ્યાત ધાતુ પર નકશીકામ કરવાની કલા માત્ર કચ્છમાં થાય છે. પણ હવે આ કારીગરી લુપ્ત થવાના આરે ઊભી છે, એમ કહેવામાં અતિશયોક્તિ નહીં ગણાય. આ કામના નિષ્ણાંત હતા શિવજીભાઈ મેઘજીભાઈ સોની.



શિવજીભાઈ હવે હયાત નથી પરંતુ એમની કલાકૃતિઓ અને મૃતઃપ્રાય થતી કલા પણ અમર રહેશે. સ્વ. શિવજીભાઈ, કચ્છવર્ક કામના ગણ્યાગાંઠ્યા જાણકાર કસબીઓમાં એક એવા અડીખમ કલાકાર હતા કે તેઓ જીવનમાં આખરી શ્વાસ સુધી બહુ ઓછું વળતર આપે તેવી, પરંતુ ધીરજની કસોટી કરે તેવી કચ્છવર્કની અદ્‌ભૂત કળાને જીવાડી રાખવા ઝઝુમતા રહ્યા. પ્રસ્તુત છે એમની બે તદવીરો. મદ્રાસથી પ્રકાશિત અંગ્રેજી અખબાર 'હિંદુ'એ શિવજીભાઈના કામની નિમ્ન શબ્દોમાં નોંધ લીધી છે. 'હિંદુ' લખે છે કે : 'તદ્દન શાંતિથી હળવે હાથે નાનકડી હથોડી દ્વારા રૂપાની ટ્રે પર ટાંકણું ફેરવતા ગુજરાતના સોની શિવજીભાઈ મેઘજી, આ કામ એમને યાદ પણ નથી કે ક્યારથી કરે છે. એ ટ્રે પર એમણે જ આરખેલી ડિઝાઈન પર બાને હાથ હળવેકથી ફેરવતા શિવજીભાઈને લોકો બસ જોતા જ રહે છે. શિવજીભાઈને તામિલનાડુની રાજધાની મદ્રાસ ખાતે આયોજીત પ્રદર્શનમાં ભાગ લેવાની, રાજ્યના બીજા ૨૨ કલાકારો સાથે તક મળી હતી. જ્યાં એમના કસબની ખૂબ પ્રસંશા થઈ હતી.

શ્રી શિવજીભાઈના કસબનું છેલ્લું પ્રદર્શન ભુજના કચ્છ મ્યુઝીયમમાં તા. ૭-૨-૧૯૯૩ના રોજ યોજાયું હતું. ત્યારબાદ માત્ર બે માસમાં જ એમનું તા. ૭-૪-૧૯૯૩ના રોજ ૮૭ વર્ષની વયે અવસાન થયું. ગુજરાત રાજ્ય હસ્તકલા નિગમ એમની કલાકૃતિઓ ખરીદતું, જેની માંગ વિદેશોમાં અધિક રહેતી.

હવે પ્રસ્તુત છે 'કચ્છમિત્ર'માં પ્રકાશિત શ્રી અનિલ કોઠારીનો લેખ જેમાં કચ્છવર્કના કામની પ્રોસેસ વિગતવાર અપાયેલ છે. જેનું ભાવિ પેઢી માટે ઐતિહાસિક મહત્ત્વ રહેશે.

ગાંડા બાવળના ઝુંડ વચ્ચે બેઠા ઘાટનું નાનકડું મકાન. પ્રવેશદ્વારના ઉંબરા પર બેઠી ઘાટના ૮૭ વર્ષની જૈફ ઉંમરે શિવજીભાઈ મેઘજી સોની તાંબાના એક લોટા પર કચ્છ વર્કનું નકશીકામ કરી રહ્યા હતા. ફુલવેલ તો અંકાઈ ચૂકી હતી અને એના પર સૂરજ, ચંદ્ર સાથિયો અને ૐ ની આકૃતિઓ ઉપસાવવાની હતી. એમના સાધનોમાં સિમેન્ટનું એક મોટું ચોદલું, એના પર ગોળાકાર ધાતુના ડબ્બાના કિલ જમાવેલું હતું. એમાં આ લોટાને ગોઠવી શકાય એવા આકારનો ખાડો કરવામાં આવ્યો હતો. લોટામાં પણ કીલ ભરવામાં આવ્યું હતું. રંજન, માટી, રાખ, એરંડીયા તેલ જેવી સામગ્રીને ગરમ કરવામાં આવે છે અને જેના પર નકશી કરવાની હોય એ વાસણમાં એ ભરી દેવામાં આવે છે. એને કીલ કહેવામાં આવે છે. ઠંડું પડતા એકદમ કઠણ બની જાય છે, જેથી નકશીકામ માટેનું વાસણ ટાંકણા અને હથોડાનો માર સહન કરી શકે અને એમાં ગોબા પડે નહી. નકશી કામ પૂર્ણ થઈ જાય ત્યારબાદ એને ગરમ કરતા કીલ નરમ પડે છે. જેથી એને સરળતાથી બહાર ઠલવી દેવામાં આવે છે. કચ્છ વર્કના નકશી કામ માટેના સાધનોમાં એક નાનકડી

જ્ઞાતિસેતુને હાર્દિક શુભેચ્છા : પ્રધુમન ભવાનજીભાઈ પરમાર પરિવાર - અમદાવાદ

હથોડી અને ચાંપણા, ચોરસી, નખટો, ત્રાંસી, ટાંછણી વગેરે નામે ઓળખાતા નાના કદના ડઝનેક ટાંકણા સિવાય બીજું કાંઈ નહીં.

શિવજીભાઈને કામ કરતા જોવા એ પણ એક લ્હાવો છે. ચશ્મા વિનાની તંદુરસ્ત આંખો અને ટાંકણાં પર નાની હથોડી મારતા મારતા સ્થિરતાથી કામ કરતાં એમના હાથને હું જોઈ રહ્યો. ૮૭ વર્ષની વય અને ઘસાતું જતુ નાજુક શરીર જોઈને એમ થાય કે, લુપ્ત થઈ રહેલી આ કલાના જાણે શિવજીભાઈ એક પ્રતીક બની રહ્યા છે.

એમણે કહ્યું કે, કચ્છ વર્ક તરીકે ઓળખાતી આ કારીગરી કચ્છમાં પોતાના સિવાય બે છોકરાઓ કરે છે, એક સોનીનો છોકરો અને એક લુહારનો. પણ આ બે જણા માત્ર ચાંદી પર મોટેભાગે આ કામ કરી શકે છે, જ્યારે શિવજીભાઈ ગમે તે ધાતુ આપો – ચાંદી, તાંબુ, પિત્તળ, જર્મન સિલ્વર એના પર આ કામગીરી કરી શકે છે. એમના પુત્ર જયંતીલાલભાઈએ પિત્તળના એક મોટી પિચકારી બતાવી, જેના પરનું નકશીકામ જોઈને, શિવજીભાઈની કલાનો ખ્યાલ આવી શકે. બીજા વાસણો પણ જોયા જેમાં વાટકા, ડીશ, તાસક વગેરે પરની શિવજીભાઈની કલા અંકિત થયેલી હતી. એમણે કહ્યું કે સૌથી મુશ્કેલ કામ પિત્તળ પર નકશી કરવાનું છે. જે પોતે ખૂબ સરળતાથી કરી શકે છે.

ભારત સરકારના વ્યાપાર ખાતા હેઠળના હસ્તકામના વિકાસ માટેના કમિશનના માર્કેટીંગ એન્ડ સર્વિસ એક્સ્ટેન્શન સેન્ટર દ્વારા યોજાયેલ મુંબઈ, મદ્રાસ અને વડોદરાના હેન્ડીક્રાફ્ટ ફેસ્ટીવલોમાં શિવજીભાઈ ભાગ લઈ આવ્યા છે. જ્યાં દેશી વિદેશી પ્રવાસીઓમાં એમની કારીગરીએ સારું આકર્ષણ જમાવેલું. ગુજરાત રાજ્ય હસ્તકલા ઉદ્યોગ વિકાસ નિગમ દ્વારા ૧૯૯૦માં ચાંદીનો ચંદ્રક એમને રાજ્યપાલના હાથે એનાયત થયો હતો. ઉપરાંત ઘણાં પ્રમાણપત્રો એનાયત થયા છે.

૬૫ વર્ષથી આ કારીગરીમાં રચ્યાપચ્યા રહેલા આ કલાકારની નકશીકામની ધાતુની વસ્તુઓ લેવા વિદેશી



એને લુપ્ત થઈ જતી બચાવી શકાય.

જ્ઞાતિસેતુને હાર્દિક શુભેચ્છા : પ્રકાશભાઈ ચુનીલાલ કંસારા પરિવાર - અમદાવાદ

દિપક જી. સોની
મો.૯૮૨૫૭૪૮૨૪૬
૦૨૮૩૫-૨૨૨૯૪૫

કૈલાશ જી. સોની
મો.૯૯૦૯૧૯૩૩૩૫

# શ્રી મધુસુદન જ્વેલર્સ

(કાદીયાવાળા)



## પ્રો. ગંગારામભાઈ કે. સોની

**સોના ચાંદીના ફેન્સી દાગીના બનાવનાર**
**તથા વેચનાર (KDM Specialist)**

**મેઈન બજાર, નખત્રાણા - કચ્છ.**

ભાવેશ જી. સોની
મો.૯૮૨૫૪૩૧૩૮૫



# શ્રી મધુસુદન જ્વેલર્સ

(નખત્રાણાવાળા)

## પ્રો. ગંગારામભાઈ કે. સોની

**સ્વામીનારાયણ મંદિર નીચે, નવાવાસ, સુખપર**

સેતુના સંભારણાં

# જ્ઞાતિનો પારંપરિક કસબ – 'કચ્છ વર્ક' અને 'મીનાકારી'

કચ્છમાં વસતી સોની જ્ઞાતિઓ સોના-ચાંદી પરના નકશીકામ અને તેના પરના મીના કામના કસબ માટે વિશ્વભરમાં જાણીતી છે. સોના-ચાંદી પરનું નકશીકામ 'કચ્છ વર્ક' તરીકે જાણીતું છે. કચ્છમાં આવતા કચ્છીઓ કે અન્ય પ્રદેશના પ્રવાસીઓ પાછા ફરતાં કચ્છની યાદગીરી રૂપે 'કચ્છ વર્ક'ની ચાંદીની વસ્તુઓ ખાસ લઈ જતા હોય છે, ભેટ-સોગાદ તરીકે પણ તે આપવાની એક પરંપરા છે. કચ્છમાં તૈયાર થતા ચાંદીના નમૂનાઓ કાળા પડતા નથી, આથી કચ્છમાં તૈયાર થયેલા ચાંદીના દાગીના પણ લોકો ખાસ લઈ જાય છે.

કચ્છમાં બનતા દાગીનાઓના આકાર, વજન અને કારીગરી પ્રમાણે ચાંદીમાં જસતનું ઉમેરણ કરવામાં આવે છે. આવા દાગીનાઓને 'જસતી' કહેવામાં આવે છે. કચ્છ બહાર બનતા દાગીનાઓમાં ત્રાંબાનું ઉમેરણ કરવામાં આવે છે, પરિણામે તે સમય જતાં ખારાપાણી, પરસેવો કે સાબુના સ્પર્શથી કાળા પડી જાય છે, જ્યારે કચ્છની ચાંદી કાળી પડતી નથી.

કચ્છના રાવશ્રી લખપતજીના સમયમાં કચ્છની હસ્તકળાઓને ખાસ પ્રોત્સાહન આપવામાં આવસું અને ચાંદીકામ તેમજ મીનાકામની ખાસ હુન્નર શાળાઓ ઊભી કરી. પરિણામે આ કળાનો ઉત્તરોત્તર વિકાસ થયો. કચ્છમાં ચાંદીના દાગીના ઉપરાંત અનેક પ્રકારના નમૂનાઓ તૈયાર થતા. જેમાં તલવારના મ્યાન, છત્રીના હાથા, લાકડાની મૂઠ, છરી, કલાત્મક ડબરા, સિંધી વાટકા, અત્તરદાની, કાંટા ચમચા, થાળી-વાટકા, ગ્લાસ, જામ, ફોટો ફ્રેમ, કુલદાની, ટી-સેટ, લેમનસેટ, સુરાહી, તાસક, સાબુદાની, ચાંદીના તાળાં, રમકડાં, સિગરેટ કેશ, એશટ્રે, ગુલાબદાની, ઘરેણાં માટે પેટી, કાતર, વગેરે ઉપર કલાત્મક નકશીકામ કરવામાં આવતું. આજે પણ આ કામગીરી થાય છે.

જૂના ઘરેણામાં પોંચી, કડલાં, વીંટી, ઝરમર ચેન વાળા હાર, કંદોરા, પાટલા, માછલી, બંગડી, ઝાંઝર, નથડી વગેરે બનતાં અને આજે પણ બને છે. ઉપરાંસ હાંસડી દોરિયા, ચોટલા, ઝુડા, સાડી બેલ્ટ, સાડી પીન, પાટલા પીન, બાજુબંધ અને પૂજાપો, મર્તિઓ વગેરે બનાવે છે.

કચ્છની વિવિધ જાતિઓ ખાસ કરીને આહીર, રબારી, ભરવાડ, કડવા અને લેઉઆ પટેલ, હરિજન, જત, સોઢા અને સિંધીઓના પારંપરિક ઘરેણાઓ પણ ભુજના બજારમાં સોનીઓ સૈયાર કરીને વેચે છે. આ ઘરેણાંઓના વજન-કદ અને આકારને મૂળ રીતે જ જાળવી રાખવામાં આવ્યા છે.

'કચ્છ વર્ક'ની વસ્તુઓનું મુખ્ય કેન્દ્ર ભુજ છે. અહીં જ્ઞાતિના કારીગરોને બારેમાસ કામ મળી રહે છે. જો કે હવે પરપ્રાંતના સસ્તા કારીગરોના આગમનથી તેમાં થોડા ઉતાર જરૂર આવ્યો છે.

કચ્છ રાજ્યના સમયમાં દેશ-વિદેશમાં યોજાતા પ્રદર્શનમાં કચ્છ વર્ક'ના નમૂનાઓ ખાસ આકર્ષણનું કેન્દ્ર બનતાં.

મીના કામ સોના-ચાંદી પર મીનો ચડાવવાની કચ્છી કારીગરી એક સમયે જગતભરમાં પ્રખ્યાત હતી, પણ આજે આ કળાના કારીગરો આંગળીના વેઢે ગણાય એટલા જ છે.

આજે આ કળા મૂળ પદ્ધતિમાં જોવા મળે છે. તૈયાર ડાઈથી ધાતુ પર આકૃતિ ઉપસાવી તેમાં પ્લાસ્ટિકનો રાગ ભરી દેવાય. થોડા કલાકોમાં આ રાગ સૂકાઈ જાય એટલે આધુનિક મીના કામગીરીનો નમૂનો તૈયાર થઈ જાય છે. પણ અસ્સલ મીનાકામની કારીગરી જોવા અને સમજવા-જાણવા જેવી છે. ભુજની આર્ટ સ્કૂલમાં પણ આ કળા શીખવવામાં આવતી. આ શાળામાંથી એ સમયે ઘણા કલાકારો તૈયાર થતા. કચ્છના આંતરરાષ્ટ્રીય તસવીરકાર સ્વ. એલ. એમ.પોમલના જયેષ્ઠ બંધુ સ્વ. કેશવભાઈ માધવજીભાઈ પોમલ આ કળા શાળાના ૧૯૨૭-૨૮ના સમયના એક માત્ર વિદ્યાર્થી હતા. તેમણે મીનાકારી કામગીરીની આપેલ વિગતો મુજબ ચોરસી, લાઈન,ગ્રેવર, કાથીઓ રાઉન્ડ જેવા નામે આળખાતાં વિવિધ માપ અને કદનાં ટાંકણાથી ધાતુ પર પેન્સિલ પર અંકાયેલી રેખાઓ મુજબ નકશીકામ (કોતરણી) કરવામાં આવે છે અને એના પર અંકિત થયેલી કલાકૃતિઓમાં વિવિધ રાગનો મીનો ભરાવવામાં આવે છે. કાચ જેવો મીનો પહેલાં ભાંગીને ખરલમાં ઘૂંટીને તેનો ખૂબ બારીક પાવડર બનાવવામાં આવે છે. મીનાના રાગ પારદર્શક અને અપારદર્શક બન્ને આવે છે, જે દ્વારા આકૃતિને સરસ ઓપ આપી શકાય છે. દરેક રંગ વિવિધ છાયાઓમાં આવે છે, એટલે કે આછાથી એકદમ ઘેરા રંગોને કાચની પ્યાલીઓમાં ભરી લેવામાં આવે. એમાં થોડુંક પાણી રેડી દેવાય. બાદમાં બારીક મુલાયમ પીંછીની અણી પર મીનાના પાવડરને ઊંચકીને, ધાતુ પરની આકૃતિ પરની કોતરણીમાં જરૂર મુજબ ભરી દેવાય. બાદમાં મીનાના રંગવાળી ધાતુના ઘાટને દીવા પર ખૂબ ગરમી દેવી પડે. ગરમીથી મીનો ધાતુ પર બરાબર બેસી જાય. બાદમાં એને અરીઠાના પાણીથી ધોઈ નખાય અને એ રીતે ત્રણવાર મીનાથી રંગીન આકૃતિવાળી ધાતુની વસ્તુને ગરમ કરવી પડે. મીનાના રંગ બાબત એમણે કહ્યું કે, એ જમાનામાં લંડનથી અમે મીનો મંગાવતા ત્યારે આજના જમાના

જ્ઞાતિસેતુને હાર્દિક શુભેચ્છા : પ્રશાંત શાંતિલાલ બીજલાની પરિવાર - અમદાવાદ

જેવું પરમીટ રાજ હતું નહીં. અહીંથી પત્ર લખીએ એટલે ટપાલ દ્વારા ઘરઆંગણે વિદેશી મીનો મળી જાય. બસ્સો એક રૂપિયાનો મીનો પાંચેક વર્ષ ચાલે એટલો સસ્તો હતો.

રાજાશાહીના જમાનામાં દેશ-પરદેશથી શાહી મહેમાનો આવતા ત્યારે, મીનાકારીની વસ્તુઓ એમને ભેટ આપવા મહારાવ મંગાવી લેતા. મીનાકારીની વસ્તુઓ લંડન અને અન્ય વિદેશો સુધી જતી. કાશ્મીરના રાજા માટે પણ એમના એજન્ટો કચ્છમાંથી ચાંદીની અનેક કૃતિઓ લઇ જતા. જેમાં કલાકૃતિઓથી અંકિત, ટ્રે, ફોટોફ્રેમ, લોકેટ, વીંટી, બાજુબંધ, કોટના કે ખમીસના બટન, હેરપિન, સાડીપિન, ચાવીનો ઝૂડો, છીંકણીની ડાબલી, માથું ઓળવાના બ્રશ વિગેરેનો સમાવેશ થતો હતો. ઉપરાંત વિદેશીઓ માટે દારૂ પીવાની પ્યાલી પર નૃત્યાંગનાની આકૃતિ મીનાકારીથી તૈયારી કરી આપતા. દારૂની બાટલી અને પ્યાલીની આકૃતિવાળાં બટન પણ મીનાકારીથી તૈયાર કરી આપતાં. પ્રાગમહેલ અંકિત કોટનાં બટન વ્હોરા કોમમાં બહુ લોકપ્રિય હતા.

મીનાકારીમાં ફોટો પ્રાસેસથી છપાતી રાષ્ટ્રીય નેતાઓની તસવીરો એમની એક વિશેષતા છે. ફોટોગ્રાફની નેગેટિવ લઈને, સ્વચ્છ કાચ પર પોઝિટિવ લેવામાં આવે. બાદમાં એના પર તસવીર રચી ચોક્કસ રેખાઓ પર મીનાનો તૈયાર પાવડર બ્રશથી ભરી દેવાય અને એના પર કોલોડીઅલ નામનું કેમિકલ રેડી દેવાતાં પાતળી ફિલ્મની જેમ એ પથરાઈ જાય. બાદમાં એ કાચને પાણીમાં મૂકી દેતાં, કેમીકલ સાથે મીનાના પાવડર દ્વારા અંકિત આકૃતિ ઉપર તરી આવે. જેને બકલ કે બટન કે વીંટી પર હળવે હાથે ઊંચકી લેવાતાં કેમિકલ નીચે સરકી જાય અને મીનાની રેખાઓ પડી રહે. જેને ગરમ કરતાં મીનો સજ્જડ રીતે ચીટકી જાય. બાદમાં મીનાનો જ "પરપલ કલર" પીંછીથી લગાવી દેવાતા ધાતુ પર મીનાથી રંગીન તસવીર તૈયાર થઈ જાય. ***સૌ. : 'કચ્છમિત્ર'***

**મહામંડળની મહેક**

## અખિલ ભારતીય મારૂ કંસારા સોની મહામંડળ

**સોની પ્રેમજી કેશવજી**

તા. ૨૨-૨૩ જુલાઈ ૨૦૦૭ આપણી મારૂ કંસારા સોની જ્ઞાતિ માટે ખૂબ જ અગત્યના દિવસો બની ગયા છે. તે બે દિવસ માટે સમગ્ર ભારતમાંથી આપણી જ્ઞાતિના આગેવાનો ખેડબ્રહ્મા જી. સાબરકાંઠા મુકામે અંબે માતાજીના સાનિધ્યમાં ચિંતન શિબીર નામથી મળ્યા. તા. ૨૩ જુલાઈ ૨૦૦૬ના શુભ દિવસે આપણી જ્ઞાતિના મહામંડળનું સર્જન થયું.

મહામંડળના પ્રથમ પ્રમુખ તરીકે શ્રી પ્રભુદાસ ખેતશીભાઇ ગુજરાતીનું ભુજની સર્વાનુમતે વરણી કરવામાં આવી. તા. ૧૩-૧૨-૨૦૦૬ના રોજ ભુજ મુકામે મહામંડળનું પ્રથમ અધિવેશન ભરાયું. દેશભરમાંથી મોટી સંખ્યામાં જ્ઞાતિજનો ઉપસ્થિત રહવા મહામંડળના પ્રમુખશ્રી પ્રભુદાસભાઈએ હોદ્દેદારો તથા કારોબારી સભ્યોની નિમણુંક કર્યાની જાહેરાત કરી. જેને હાજર જ્ઞાતિજનોએ ખૂબ જ આનંદપૂર્વક વધાવી લીધી.

મહામંડળની કામગીરી વિસ્તૃત કરવા માટે સાત સમિતિઓની રચના કરવાનું નક્કી કરવામાં આવ્યું. સમિતિની વિગતવાર માહિતી આપવામાં આવી. ફેબ્રુઆરી-૨૦૦૭ મહામંડળના હોદ્દેદારોની મિટીંગ શ્રી હરિલાલભાઈ લખમશીભાઈ વિશાપરમાર મુ. અંજાર ખાતે મળી. મે-૨૦૦૭માં હોદ્દેદારોની મિટીંગ શ્રી હિરાલાલ મોહનલાલ બગ્ગા મુ. નખત્રાણા ખાતે મળી. તા. ૨૨ જુલાઈ ૨૦૦૭માં મહામંડળની કારોબારી મિટીંગ માંડવી મુકામે મળી. તેમાં યુવક-યુવતી પરિચય મેળો - ભુજ મુકામે યોજવાનું નક્કી કરવામાં આવેલ. મહામંડળના પ્રથમ કાર્ય યુવક-યુવતિ પરિચય મેળમાં જ્ઞાતિજનો ખૂબ જ ઉત્સાહપૂર્વક ભાગ લઈ રહ્યા છે.

ભવિષ્યમાં જ્ઞાતિ સમાજ માટે મહામંડળ ઉપયોગી કામગીરી કરવાનું વિચારે છે. સમાજ માટે શિક્ષણ-મેડિકલ-વ્યવસાય રોજગાર તથા અન્ય કાર્યક્ષેત્રે જ્ઞાતિજનોને મદદરૂપ થવાનું આયોજન કરવાનું છે અને આર્થિક-સામાજીક ક્ષેત્રે આપણો સમાજ આગળ આવે તેવા કાર્યો આપણા સહુ જ્ઞાતિજનોના સહકારથી થઈ શકશે.

સક્ષમ જ્ઞાતિજનો પાસેથી આર્થિક મદદ માટે મહામંડળ ખૂબ જ અપેક્ષા રાકે છે તો જ્ઞાતિજનોને વિનંતી કે આ બાબતમાં મહામંડળને સહકાર આપવા વિનંતી.

મહિલાઓ યુવકો મહામંડળના પ્રથમ કાર્ય પરિચય માટે ખૂબ જ જહેમત ઉઠાવી રહ્યા છે. જે ધન્યવાદને પાત્ર છે.

અગાઉ જે જ્ઞાતિજનો મહામંડળને ફંડ-ફાળો આપેલ છે તે સૌનો મહામંડળ વતી આભાર માનું છું.

**જ્ઞાતિસેતુને હાર્દિક શુભેચ્છા : પ્રવિણભાઈ મોહનલાલ સોની - અમદાવાદ**

# જ્ઞાતિસેતુને હાર્દિક શુભેચ્છા...

## શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ-ગઢશીશા



ભુતડા હિરેન હરિલાલભાઈ
પ્રમુખ



બુદ્ધભટ્ટી હિંમતલાલ મનજી
ઉપપ્રમુખ



બારમેડા વિનોદભાઈ ગોપાલભાઈ
મંત્રી



પોમલ હર્ષદકુમાર જેઠાભાઈ
સહમંત્રી



પોમલ રાજેશકુમાર ત્રિકમભાઈ
ખજાનચી

### કારોબારી સભ્યો

તાંબેડા યોગેશ અમૃતલાલ
બુદ્ધભટ્ટ કિર્તીકુમાર શંકરલાલ
બારમેડા નિલેષ અમૃતલાલ
સાકરીયા પરેશકુમાર ભગવાનજી
બારમેડા કિરણકુમાર ભગવાનજીભાઈ
બારમેડા જીતેન્દ્રકુમાર કિશોરભાઈ

**: સલાહકાર સમિતિ :**

સાકરીયા અશ્વિન ગોરધનભાઈ
બારમેડા કિશોરભાઈ ખીમજીભાઈ

## શ્રી સાબરકાંઠા કચ્છ મારૂ કંસારા સોની જ્ઞાતિ મંડળ-અહેવાલ

શ્રી સબરકાંઠા કચ્છ મારૂ કંસારા સોની જ્ઞાતિ મંડળ આયોજિત ચિંતન શિબિર તા.૨૩-૨૪ જુલાઈ ૨૦૦૬, દરમિયાન બે દિવસ માટે શ્રી અંબાજી માતાજીના સાનિધ્યમાં મંદિર પાસે, મુ. ખેડબ્રહ્મા, જી. સાબરકાંઠા મુકામે યોજવામાં આવી. જેમાં ભુજ-નખત્રાણા-અંજાર-ગાંધીધામ તથા સમગ્ર કચ્છ વિસ્તારના તેનજ સાબરકાંઠા-અમદાવાદ-રાજકોટ-જામનગર-વડોદરા-મુંબઈ-નાગપુર-રાયપુર વગેરે વિસ્તારના જ્ઞાતિ આગેવાનો હાજર રહ્યા.

કાર્યક્રમનું દિપ પ્રાગટ્ય : પૂજ્ય ગોરબાપા શ્રી સુમનભાઈ વ્યાસ, ભુજ તથા
પૂજ્ય ગોરબાપા શ્રી કનકચંદ્ર વ્યાસ, અંજારના શુભહસ્તે કરવામાં આવ્યું.

કાર્યક્રમનું ઉદ્‌ઘાટન : ભુજ જ્ઞાતિના પ્રમુખશ્રી, અમૃતલાલ જેઠાલાલ સોલંકીના વરદ્ હસ્તે કરવામાં આવ્યું.

શ્રી પ્રભુદાસભાઈ ખેતશીભાઈ, ગુજરાતી-ભુજ એ સમારંભનું અધ્યક્ષપદ શોભાવ્યું. અન્ય મહેમાનો તથા અતિથિ વિશેષશ્રીઓ તથા પધારેલ સર્વે જ્ઞાતિજનોની હાજરીમાં કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી.

નીચે મુજબ ઠરાવો સર્વાનુમતે કરવામાં આવ્યા.

ઠરાવનં. ૧ ચિંતન શિબિરના કાર્યક્રમાં જ્ઞાતિ આગેવાનો ચર્ચા-વિચારણા કરી પોતાના વિચારો રજુ કર્યા અને દરેક જ્ઞાતિજનો સંમત હતા કે, જ્ઞાતિનું સમગ્ર ભારતના મહામંડળની રચના કરવી.

ઠરાવનં. ૨ બે દિવસની ચર્ચા અંતે તા.૨૩-૭-૨૦૦૬ના રોજ ભુજ જ્ઞાતિ પ્રમુખશ્રી અમૃતલાલ જેઠાલાલ સોલંકીએ શ્રી અખિલ ભારતીય મારૂ કંસારા સોની જ્ઞાતિમંડળની ઐતિહાસિક જાહેરાત કરી. જેને સર્વે જ્ઞાતિજનોએ ભારે હર્ષોલ્લાસ સાથે વધાવી લીધી.

ઠરાવ.નં. ૩ સૂચિત મહામંડળનું નામ : શ્રી અખિલ ભારતીય મારૂ કંસારા સોની જ્ઞાતિ મહામંડળ રાખવાનું સર્વાનુમતે નક્કી કરવામાં આવ્યું.

ઠરાવ.નં. ૪ સૂચિત મહામંડળનું મુખ્ય મથક-કાર્યાલય ભુજ (કચ્છ) મુકામે રાખવાનું સર્વાનુમતે ઠરાવમાં આવેલ છે.

ઠરાવ.નં. ૫ મહામંડળના પ્રથમ પ્રમુખ તરીકે શ્રી પ્રભુદાસભાઈ ખેતશીભાઈ ગુજરાતી મુ.ભુજની સર્વમાન્ય સર્વાનુમતે વરણી કરવા માટે અમદાવાદના શ્રી અતુલકુમાર શંકરલાલ સોનીએ દરખાસ્ત મુકી જેને હાજર સર્વે જ્ઞાતિજનો આગેવાને ટેકો જાહેર કરી ખુબજ આનંદપૂર્વક વધાવી લીધી.

ઠરાવ.નં. ૬ મહામંડળના વરાયેલા પ્રમુખશ્રી પ્રભુદાસ ખેતશીભાઈ ગુજરાતીનું સાબરકાંઠા જ્ઞાતિ પ્રમુખશ્રી પ્રેમજીભાઈ સોલંકીએ ફુલહારથી સ્વાગત કર્યું.

ઠરવ.નં. ૭ ચિંતન શિબિર કાર્યક્રમની ખુબ જ ભારે સફળતા માટે દરેક જ્ઞાતિજનોએ સાબરકાંઠા જ્ઞાતિમંડળ તથા પ્રમુખશ્રી પ્રેમજીભાઈ કેશવજીભાઈ સોલંકીને અભિનંદન આપ્યા. રાજકોટના શ્રી ચંદ્રકાન્ત જે. કંસારાએ શ્રી પ્રેમજીભાઈનું ફુલહારથી સ્વાગત કર્યું.

ઠરાવ.નં. ૮ મહામંડળની વિધિવત રચના માટે બંધારણ-રજીસ્ટ્રેશન તથા કારોબારી સભ્યો-હોદ્દેદારોની નિમણુક કરવા માટે પ્રમુખશ્રી પ્રભુદાસભાઈને કામગીરી સોંપવામાં આવી. જે સર્વાનુમતે મંજુર ઠરાવેલ છે.

ઠરાવ.નં. ૯ પ્રમુખશ્રી પ્રભુદાસભાઈએ જણાવેલ કે જ્ઞાતિજનોએ તેમનામાં વિશ્વાસ મુકી જવાબદારી સોંપી છે. તેને પૂરેપૂરી નિષ્ઠાપૂર્વક જ્ઞાતિ હિતના કામો કરવાના તમામ પ્રયત્નો કરશે અને આભારની લાગણી વ્યક્ત કરી.

ઠરાવ.નં. ૧૦ ચિંતન શિબિર કાર્યક્રમને મદદ કરનાર તમામ વ્યક્તિઓ-સાબરકાંઠાના જ્ઞાતિજનો તથા બહારગામથી આવેલ જ્ઞાતિજનો તથા પૂજ્ય ગોરબાપાશ્રી સુમનભાઈ વ્યાસ, ભુજ તથા પૂજ્ય ગોરબાપા શ્રી કંનકચંદ્ર વ્યાસ, અંજાર વાળા અમારા આમંત્રણને માન આપી પધાર્યા અને મહામંડળની સફળતા માટે આર્શિવચન આપ્યા તેમના સર્વેનો સાબરકાંઠા જ્ઞાતિવતી પ્રમુખશ્રી પ્રેમજીભાઈએ આભાર માન્યો.

કાર્યક્રમને અંતે ચંદ્રકાન્ત કેશવજી સોલંકીએ આભારવિધિ કરી કાર્યક્રમનું સમાપન કર્યું.

**જ્ઞાતિસેતુને હાર્દિક શુભેચ્છા : રાજેશભાઈ વિઠ્ઠલદાસ કોટડીયા પરિવાર - અમદાવાદ**

(મો) ૯૪૨૯૪ ૬૨૨૬૫
૯૮૭૯૧ ૨૨૨૬૫
૦૨૮૩૫-૨૨૨૨૬૫



# હેમેન્દ્રભાઈ એમ. કંસારા

કન્વીનર : કચ્છ જીલ્લા ભારતીય જનતા પાર્ટી (વેપારી સેલ)
પૂર્વ ઉપપ્રમુખ : તાલુકા પંચાયત કચેરી, નખત્રાણા
ઉપપ્રમુખ : કચ્છ જીલ્લા સ્ટેશનરી એન્ડ બુક સેલર્સ એસોસિએશન
ઉપપ્રમુખ : ફેડરેશન ઓફ કચ્છ ચેમ્બર્સ ઓફ કોમર્સ
ચેરમેન : શ્રી નખત્રાણા કોમ. ક્રેડીટ કો. ઓ. સોસાયટી લી.
સંગઠન મંત્રી : શ્રી અખિલ ભારતીય મારૂ કંસારા સોની જ્ઞાતિમહામંડળ

**ઉદય સ્ટેશનરી માર્ટ, આશાપુરા ચોક, મેઈન બજાર, નખત્રાણા-કચ્છ.**

મુકેશભાઈ એમ. કંસારા
(મો) ૯૮૭૯૧ ૨૨૨૬૫ ફોન : ૨૨૩૨૬૫

## ઉદય પ્રિન્ટર્સ

સ્ક્રીન પ્રિન્ટર્સ એન્ડ ઓફસેટ પ્રિન્ટર્સ

હેમેન્દ્રભાઈ કંસારા (મો) ૯૮૭૯૧ ૨૨૨૬૫
પ્રફુલભાઈ કંસારા ફોન : ૨૨૨૨૬૫

## ઉદય સ્ટેશનરી માર્ટ

બુક સેલર્સ એન્ડ સ્ટેશનર્સ

**મેઈન બજાર, આશાપુરા ચોક, કેશવ કોમ્પલેક્ષ, નખત્રાણા-કચ્છ.**

રમેશભાઈ એમ. કંસારા
(મો) ૯૮૨૫૧ ૫૧૨૬૫
ઉદય રમેશભાઈ કંસારા
(મો) ૯૭૨૭૨ ૫૧૮૬૫
ફોન : (ઓ) ૨૨૩૨૬૬ (ઘર) ૨૨૩૨૬૫

## ઉદય મંડપ સર્વિસ

મંડપ લાઈટ ડેકોરેશન એન્ડ સપ્લાયર્સ

**વિરાણી રોડ, મણીનગર, નખત્રાણા-કચ્છ.**

**Uday Kansara**
**(M) 97272 51865**
**Email : udkansara@gmail.com**

## Celebration
## Events

***For Effortless & Tension Free Events***

**Celebration Events : Shop No. 16, 3rd Floor, Capitalplaza, Near Bus Station, Nakhatrana**

II Ram II

Jiten N. Kansara
M. : 98252 96691

KS

Krupal
Sales

All Kind of Aluminium Product & Stove

Kansara Bazar Anjar, Kutch. 370110.

સોની શાંતિલાલ એચ. મો. : ૯૮૨૪૨ ૯૯૨૫૦
બિમલ મો. : ૯૬૦૧૩ ૨૮૦૨૨
સોની હરિશ એચ. મો. : ૯૮૨૫૨ ૨૪૫૩૫

દિવ્યા જ્વેલર્સ



સોનાના ફેન્સી ચુડા બનાવનાર
શાસ્ત્રી રોડ, અંજાર, કચ્છ.

Soni Champak Purshottam
(Manfarawala)
M. : 9825363262



ॐ Jewellers
Manufacturer & Dealer of Gold & Silver Ornaments
12 Mtr. Road, Ganga Bazar, Anjar (Kutch)


KDM 100% वापसी के
आभूषण बनाये जाते है
916
Prakash Kumar Bhagatlal
BARMEDA
JEWELLERS
Nr. Girdhar Bhavan, Sadar Bazar, Raipur, (CG)
Tel. : 0771 255669, Mobile : 98263 08208

*With Best Compliment From ....*

*Jayesh B. Pomal* +91-9424225067, +91-9329599889
*Shobhna J. Pomal* +91-9300445567
*Rishabh J. Pomal* +91-9039103302
*Chirag J. Pomal* +91-9424233586, +91-9302155574

JRC STEEL

# JRC STEEL INDIA PVT. LTD.

**Deal : Joints, Channels, Angles, TMT Bars**

**Office :**
36/ 588, "POMAL WINGS"
Fawwara Chowk, Byron Bazar,
Raipur (C.G.)
Tele fax : 0771-4068987

**Site :**
Tendua - Sondongri Road,
Tendua, Raipur (C.G.)

E-mail : jrcsteelraipur@yahoo.com

# શ્રી અખિલ ભારતીય મારૂ કંસારા સોની જ્ઞાતિ મહામંડળ

**જ્ઞાતિસેતુના અગાઉના અંકોમાં જ્ઞાતિમાં સગપણથી લગ્ન સુધી પ્રવર્તતા રીત રિવાજોમાં સુધારા હેતુ મહામંડળની સામાજીક સમિતિના ચેરમેન દ્વારા પ્રસ્તુત સુધારા દૂધપીણા / સગપણ / ઘરેણા આદિ વિધિઓમાં જે પરંપરાગત શાણપણ આપણા સમાજમાં હતું, તેને બદલે હવે દેખાદેખીમાં નિત-નવા પ્રદર્શનો થાય છે. આધુનિક યુવા-વર્ગને આવા દેખાડા ગમે છે કે માત્ર સમાજ સાથે રહેતા આવું અપનાવે છે તે અભ્યાસનો વિષય છે. પરંતુ આપણા સમાજના વડીલોને આ દેખાડા દુષ્પરિણામોનો આભાસ થતાં જ એમણે સમાજને આ બાબતમાં સજાગ થવા આવશ્યક સૂચનો કર્યા છે. – મુખ્યતંત્રી**

કેટલાક વર્ષોથી આપણી જ્ઞાતિમાં સગપણથી લગ્ન સુધીના દરેકે દરેક પ્રસંગોએ બિન જરૂરી ખર્ચ કરવામાં આવે છે. હાલે મોંઘવારી સાથે મંદીની અસર હેઠળ જ્ઞાતિજનો પોતાના કુટુંબનું ભરણપોષણ માંડ કરી શકતા હોય છે. ત્યારે આવા પ્રસંગે દિકરા-દિકરીના સગપણથી લગ્નના પ્રસંગોએ ખર્ચ કરવાનું પરવડે તેમ ન હોવા છતાં "સમાજમાં રહેતા હોઇ સમાજના રીત રીવાજો પ્રમાણે કરવું પડે" તેવી વિચારસરણથી પ્રેરાઇને મધ્યમ અને નાના વર્ગના જ્ઞાતિજનો કર્જ લઇ ગજા ઉપરાંત અને દેખા-દેખીમાં બિનજરૂરી ખર્ચ કરી તેવા પ્રસંગો કરતા હોય છે. ઉપરાંત સગપણ અગાઉ તથા સગપણ વખતે નવા રીત રીવાજો આવેલ છે. તેવા બિનજરૂરી રીતી રીવાજના કારણે જ્ઞાસિજનને દેખાદેખીમાં સહન કરવું પડે છે. જ્ઞાતિને આગળ લઇ આવવા માટે આવા તથા અન્ય કારણોસર જ્ઞાતિમાં હાલમાં ચાલતાં રીત રીવાજોમાં સુધારા કરવા જરૂરી હોવાનું જણાય છે. આ માટે મહામંડળ દ્વારા સાર્વત્રીક રીતે આ પ્રકારના સુધારા સંબંધી સૂચનો, અભિપ્રાય તથા તેના વિચારો મેળવી સર્વ સામાન્ય રીત રીવાજો ઘડી કાઢવામાં આવે અને તેવા રીતી રીવાજો જ્યાં જ્યાં શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિજનો રહેતા હોય તે તમામ જ્ઞાતિજનો જ્ઞાતિના એક જ પ્રકારના રીત રીવાજો મુજબ અમલ કરે તે જરૂરી છે.

શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ ભુજ-કચ્છ દ્વારા સંવત ૨૦૦૬- સને ૧૯૫૦માં જ્ઞાતિજનોએ અપનાવવાના ધારા ધોરણની પુસ્તિકા છપાવેલ અને તે ધારા ધોરણ પ્રમાણે જે તે સમયે જ્ઞાતિજન દ્વારા અમલ થતો હતો. આ ધારા ધોરણને તેમજ તાજેતરમાં શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ ભુજ-કચ્છ દ્વારા નજીકના ભવિષ્યમાં અમલમાં લાવવામાં આવી રહેલ નિયમોને લક્ષમા રાખી અત્યાર ના સંજોગો નજરે નીચે જણાવ્યા મુજબના સૂચનો કરવામાં આવે છે.

૧. "દૂધપીણા"નો પ્રસંગ સદંતર બંધ કરવો.

૨. સગપણ કર્યા પહેલાં બંને પક્ષે તમામ પ્રકારની પૂરતી તપાસ કરી સગપણ કરવા. મંદિરમાં અને જ્ઞાતિ અગ્રણીઓની હાજરીમાં થયેલ સગપણ પોતાની મુખત્યારીથી તોડી શકાશે નહીં.

૩. સગપણ કરવા અંગેની જાણ બન્ને પક્ષકારો એ સર્વ સામાન્ય ફોર્મમાં માહિતી તથા વરકન્યા ના ફોટા સાથે ની અરજી સ્થાનિક જ્ઞાતિ પ્રમુખ / અગ્રણીઓને કરવી.

૪. જે તે ગામ / શહેર મધ્યે આવેલ જ્ઞાતિના માતાજીના કે અન્ય મંદિરમાં જ્ઞાતિ અગ્રણીઓની હાજરીમાં ગોરશ્રી દ્વારા સગપણ કરવામાં આવે.

૫. બન્ને પક્ષોની અનુકૂળતા મુજબ શુભ દિવસે અને ચોઘડીયે સગપણની વિધિ કરવામાં આવે.

૬. સગપણ સમયે કરવામાં આવતી "રીંગ સેરીમની" વિધિ બંધ કરવી.

૭. સગપણ સમયે બન્ને પક્ષના પરિવાર, સ્થાનિક જ્ઞાતિ પ્રમુખ / અગ્રણીઓ તથા વર-કન્યાના બે-બે મિત્રો હાજર રહે.

૮. વર-કન્યાએ લગ્નગ્રંથીથી જોડાઇ મતભેદ વગર પોત પોતાની ફરજો બજાવવા, કૌટુંબીક અને સામાજીક ફરજો નિભાવવા તેમજ સંસારી જીવન દુખમય અને શાંતીથી પસાર કરવા લગ્ન સ્થળે મંદિરમાં પ્રતિજ્ઞા લેવડાવવી તથા તે માટે સર્વ સામાન્ય પ્રતિજ્ઞાપત્રનું ફોર્મ ભરી તે સ્થાનિક સમાજના પ્રમુખ / અગ્રણીને આપવું.

૯. ચુંદડી ઓઢાડવાનો પ્રસંગ સગપણ સમયે કરવો.

૧૦. સગપણ અને ચુંદડી ઓઢાડવાના પ્રસંગે બન્ને પક્ષકારોએ શકન સ્વરૂપે એક નાળીયેર તથા રૂ. ૫૧/- અરસ-પરસ આપવા.

૧૧. સગપણ-ચુંદડી પ્રસંગે કે ભવિષ્યમાં કોઇ પક્ષકારે કોઇ પ્રકારે પહેરામણીનો કે અન્ય કોઇ પ્રકારનો વ્યવહાર કરવો નહીં.

૧૨. સગપણ પ્રસંગે સ્થાનિક જ્ઞાતિ ટ્રસ્ટને પ્રતિજ્ઞાપત્ર સાથે ડોનેશન તથા લાગત આપવી.

૧૩. પક્ષકારો તરફથી જ્ઞાતિ પ્રમુખ / અગ્રણી પાસે રજૂ થતી અરજી, પ્રતિજ્ઞાપત્ર વિગેરે જ્ઞાતિના રેકર્ડમાં રાખવા અને તે પરથી સગપણ થયાની નોંધ રજીસ્ટરમાં કરવામાં આવે.

**જ્ઞાતિસેતુને હાર્દિક શુભેચ્છા : રાજુભાઈ નવલરામ બીજલાણી પરિવાર - અમદાવાદ**

૧૪. સ્થાનિક ગામ / શહેર બહાર સગપણ પ્રસંગ માટે જતા કે સ્થાનિક ગામ / શહેર બહારથી સગપણ પ્રસંગ માટે આવતા વ્યક્તિઓની સંખ્યા નિર્ધારીત કરવી.

સ્થાનિક ગામ / શહેરમાં સગપણ કરવા જતી વખતે કુટુંબના સભ્યોની સંખ્યા વધુમાં વધુ ૧૧ હોવી જોઇએ.

૧૫. સગપણ પ્રસંગે યોજવામાં આવતાં ભોજન સમારંભો બાધ કરવા. સગપણ પ્રસંગે બહાર ગામ/શહેર જતા કે બહાર ગામ / શહેરથી આવતા કુટુંબના સભ્યો પૂરતો જ જમણ કરવો.

૧૬. દાગીના ચડાવવાનો પ્રસંગ લગ્નના દિવસથી એક-બે દિવસ અગાઉ સાદાઇથી કરવો. જમણ પોતાના કુટુંબ પૂરતો મર્યાદિત કરવો.

૧૭. જ્ઞાતિ દ્વારા આયોજીત દમુહ લગ્નમાં લગ્ન કરવાનો બન્ને પક્ષકારોએ આગ્રહ રાખવો.

મહામંડળના હોદ્દેદારો, કારોબારી સભ્યો, સામાજીક સમિતિના સભ્યો, મહામંડળની અન્ય સમિતિ કે તેના સભ્યો, સંબંધિત ઘટક પ્રમુખ, કારોબારી સભ્યો, મહિલા મંડળ, યુવક મંડળ, અગ્રણીઓ કે કોઇપણ જ્ઞાતિજન દ્વારા ઉપર જણાવેલ વિગતોના સૂચનોમાં સુધારા વધારા કે નવા સૂચન અને વિચાર સૂચવી શકે છે. તેમજ તેવા સુધારા વધારા કે નવા સૂચન અને વિચાર સૂચવવા આથી નિમંત્રણ પાઠવવામાં આવે છે.

**પ્રેષક :** ઈન્દુલાલ હ. સોલંકી

**મહામંડળની મહેક**

# મહામંડળનો મર્મ

**સોની હરિલાલ લખમશી (અંજાર)**

અખિલ ભારતીય મારૂ કંસારા સોની મહામંડળની સ્થાપનાના એક વર્ષ પછી યોજાયેલ પ્રથમ project અને આપણા સમગ્ર સમાજને આવરી લેતો 'પ્રથમ પરિચય મેળો ૨૦૦૭' જ્ઞાતિના સહકાર અને જ્ઞાતિના સહકાર્યથી સફળતાપૂર્વક પાર પડી શક્યો. સર્વેને અભિનંદન.

> **મહામંડળના ઉદ્દેશોની પૂર્તિમાં સૌથી મોટી વાત વિચારોનું વાવેતર તે અહીં એક અગત્યના વિષયે હરિલાલભાઈએ વિચાર મૂક્યો છે, જેનું ઐતિહાસિક મહત્વ છે. – મુખ્યતંત્રી**

સેતુના માધ્યમથી પરિવાર સાથે મહામંડળ અંગે વાત કરવાનું સદ્‌ભાગ્ય આપવા માટે સેતુ તંત્રી મંડળ અને ખાસ કરીને મુ. શ્રી હંસરાજભાઈનો આભાર.

પ્રતિભા પરિચય મેળો યોજાયો. સ્થળ પર જ કાઉન્સેલિંગ સેશનમાં ૩૧ જેટલી યુવા પ્રતિભાએ પરસ્પરનો પરિચય મેળવવા માટેની મીટીંગ પણ થઈ અને સંબંધો પણ બંધાશે. આજે જ એક મહામંડળનો આભાર માનતો ફોન હતો કે ભાઈની સગાઇ, પરિચય મેળાની માહિતીના આધાર ગોઠવાઈ છે - તેમને સમગ્ર જ્ઞાતિ તરફથી અભિનંદન અને શુભેચ્છા. સાથે સાથે કચ્છમાં જ દસેક જેટલા સંબંધોનું કાઉન્સેલિંગ ચાલુ છે. તેની માહિતી ભુજથી મળી.

પરિચય મેળાની સફળતા જ્ઞાતિની મહામંડળ તરફની લાગણી અને માન દર્શાવે છે. તંત્રીશ્રી હંસરાજભાઈના શબ્દોમાં કહું તો 'મસ્કતથી મસ્કા' સુધીના ઉમેદવારોએ ભાગ લીધો અને એથી વધારે જ્ઞાતિના આટલા મોટા ફલક સુધી મહામંડળનો એક અવાજ પહોંચ્યો અને એને ખૂબ જ સારો પ્રતિસાદ મળ્યો. સાથે હજુ ઘણી જગ્યાએ જ્ઞાતિ પરિવારો સુધી આપણે પરિચય નથી કેળવી શક્યા એ પણ આપણી અધૂરાશ છે. સમય, સંપર્ક સૂત્રોનો અભાવ પણ અલબત્ત કારણભૂત છે.

પણ એનું નિરાકરણ હાથવગું જ છે. આજે જે પણ જ્ઞાતિજન સુધી મહામંડળને સંદેશ પહોંચ્યો છે તે તમામ જ્ઞાતિથી દેશ પરદેશમાં રહેતા તેમના Counter part સંબંધી સગા પરિચિત સુધી આ સંદેશ પહોંચાડે અને આપણે દરેક જ્ઞાતિજન સુધી પહોંચાડી શકીએ. સો જ સાચા અર્થમાં 'અખિલ ભારતીય' શબ્દને સાર્થક કરી શકીએ. દુનિયાના કોઈપણ છેડામાં રહેતો મારૂ કંસારા સોનીનો સદસ્ય મહામંડળ સાથે સંપર્ક સેતુથી જોડાયેલો હોય તે જોવાની ફરજ દરેક જ્ઞાતિજનની છે.

પરિચય મેળાની સફળતા પછી, હવે પ્રથમ પ્રોજેક્ટની સફળતા પછી મહામંડળના નેજા હેઠળ જ્ઞાતિના સર્વાંગી વિકાસ તરફ આપણું સમગ્ર ધ્યાન દેવું છે. હવે બીજા પડાવો તરફ વિચારીશું અને એ છે 'શિક્ષણ'. ફક્ત પુસ્તકોનું શિક્ષણ જ નહીં, વ્યવહારિક અને વ્યવસાયિક શિક્ષણ. જ્ઞાતિના યુવકો યુવતીઓને વ્યવસાયીક રીતે 'સેલ્ફ મેઇડ' બનાવવા માટેનું શિક્ષણ. આપણી જ્ઞાતિમાં શિક્ષણનો વિસ્તાર તો થયેલો જ છે પણ હવે વ્યાપ વધારવો છે. વ્યાપનો અર્થ હું 'ગુણવત્તા' લઉં છું. ગ્રેજ્યુએશન પછી પણ ઘણા પાસે પ્રેક્ટીકલ, વ્યવહારીક આવડત ઓછી હોય છે. એક સર્વસામાન્ય નિયમ છે કે પુત્રને પિતાની કોલેજમાં અને પુત્રીને માતાની કોલેજમાં જે શીખવા મળે તે શિક્ષા દુનિયાની કોઈ કોલેજ નહીં આપી શકે અને આપણી જ્ઞાતિનું મહામંડળ પિતા અને માતાનું શિક્ષણ આપણા પુત્ર-પુત્રીઓને આપવા વિચારે તે માટેના સૂચનો હું જ્ઞાતિના શિક્ષણશાસ્ત્રીઓ પાસે માંગું છું. શું અને કેમ કરી શકાય તે માટે તમારા અનુભવો - તમારા મૌલિક વિચારો આપો અને આપણે સાથે મળીને તે માટે કંઇક કરીએ. જે સાર્થક થશે.

**જ્ઞાતિસેતુને હાર્દિક શુભેચ્છા : રમાબેન પ્રહલાદભાઈ સોની પરિવાર - અમદાવાદ**

હસમુખભાઈ ટી. પટેલ (ખંભાતવાળા)

દર્શનભાઈ એચ. પટેલ (મો) ૯૩૨૭૦ ૬૫૨૩૭



# નવરત્ન જ્વેલર્સ



રીયલ ગ્રહો, મોતી, ઈમીટેશન નંગના વહેપારી, ગ્રહના નંગની વીટી, પેન્ડલ, ઓર્ડરથી બનાવી આપીશું, ધનમેટલના પારા મળશે.

૪, આર. બી. ચેમ્બર્સ, ખેતરપાળની પોળના નાકે, ચાંલ્લા ઓળ,
માણેક ચોક, અમદાવાદ-૩૮૦ ૦૦૧. ફોન - ૨૨૧૪૮૧૧૨

જયેશ યુ. સોની





# જય જવેલર્સ

સોના ચાંદીના દાગીના બનાવનાર તથા વેચનાર

મુ. પો. ડેમોઈ, તા. બાયડ, જિ. સાબરકાંઠા

મો. ૯૪૨૬૫ ૪૧૨૧૫

## મારા મનની વાત

**એકતા કટ્ટા**

આજથી દસ વર્ષ પહેલા એક-મેકને ઓળખવાનો 'જ્ઞાતિસેતુ'ના રૂપે આપણી જ્ઞાતિમાં સાહિત્ય જગતનું અરૂણોદય થયો. ભૂતકાળમાં પ્રયાસો કદાચ થયા હોય પરંતુ, દસ-દસ વર્ષ સુધી નિરંતર અને ઉત્તરોત્તર વધારે ને વધારે પ્રકાશવાનું થયાનું જાણમાં નથી. સેતુનાં પ્રારંભથી જ સામિપ્ય કેળવાઇ ગયું તેના માટે આજે મનોમન ખુશી થયા. લેખનકાર્ય સતત અને સફળતાપૂર્વક થતું રહ્યું. પણ આ સમયે જ્યારે દશાબ્દિ વર્ષની ઉજવણી થઇ રહી છે ત્યારે થોડું અઘરું લાગી રહ્યું છે. દસ-દસ વર્ષ પછી 'જ્ઞાતિસેતુ' ની ઉપલબ્ધિ શું ? એવું પ્રશ્ન જ્યારે સામે આવ્યો ત્યારે બીજાં કોઈ કરતાં મારાં પોતાના જીવનમાં 'સેતુ' એ આપેલ યોગદાનનું ચિત્ર 'અરિસા' જેમ જ ચોખ્ખું દેખાઈ આવ્યું. આજ સુધી કાંઇ પણ લખ્યું તે અન્યના જીવન, વ્યવહારને જોઈને જે શીખ્યું, લખ્યું જે સરળતાથી થઇ શક્યું. પણ આજે પહેલીવાર પોતાના વિષયમાં લખવું થોડું અઘરું લાગે છે.

એક સીધા સાદા ત્રણ વ્યક્તિના મધ્મય પરિવારનું છું સભ્ય. એકાંત ગમે છતાંય સ્વભાવે બહુ બોલકી ! સતત વિચાર કરવાની અહો બિમારી ! પણ આજ બિમારીને 'વરદાન'માં ફેરવી 'જ્ઞાતિસેતુ' એ વિચારોને અભિવ્યક્ત કરવાનું ખુલ્લુ પ્લેટફોર્મ આપ્યું. સાથે સાથે સમયાંતરે લેખનકાર્ય માટે વિવિધ જવાબદારીએ લેખનકાર્યને જાણે 'ઓજાર્યું'. મનમાં ઊઠતાં વિવિધ સવાલોનાં જવાબો શોધવામાં માર્ગદર્શન પુરું પાડ્યું. અહીં સુધી 'સેતુ' એ મનમાં ઘરબાયેલા લેખકને અભિવ્યક્તિ બક્ષી. આ યોગદાન અન્ય ઘણાંનાં જીવનમાં 'સેતુ' એ આપ્યું જ છે. જ્યાં સુધી લેખનકાર્યની વાત છે ત્યાં સુધી 'સેતુ'ટીમના જ એક અભિન્ન અંગ હોવાના કારણે આ યોગદાન બદલ 'સેતુ'નું આભાર માનવું કે પ્રશંસા કરવી થોડી અયોગ્ય લાગે. પણ જ્યારે વાત અંગત જીવનની જવાબદારીઓમાં યોગદાનની આવી ત્યારે એક લેખકને બાજુમાં મૂકી વાસ્તવિકતા વ્યક્ત કરવાની ઈચ્છા રોકીનાં શકાય.

બે વર્ષ અગાઉ પરિવારની આર્થિક જવાબદારીની સાથે સાથે એક દિકરી માટે સૌથી સબળ સાથ સમા પિતાને હંમેશા હંમેશા ગુમાવી દેવાનું ડર તેમની ફેફસાંની બિમારીએ મને આપ્યાં. એક મધ્યમ આર્થિક પરિસ્થિતિ અને એક જ સંતાન હોવાના કારણે આર્થિક અને પિતાના સ્વાસ્થ્ય અને માતાને મનોબળની જવાબદારીએ મનને સુજા કરી દીધું. ઈશ્વરબળથી દોડવું શરૂ તો થયું પણ જાણે અંધારામાં દોડવાનું બહતું. આજના મોંઘવારીના સમયમાં દવાઓનું ખર્ચ મધ્યમ આર્થિક પરિસ્થિતિવાળા પરિવારને તોડી મૂકે તે સૌ જાણે છે. પણ આપણી જ્ઞાતિના જ્ઞાતિ રત્ન એવા સ્વ.શ્રી જટુભાઇ વેલજી ચનાણી પરીવારનાં શ્રી ચંદુભાઇ અને અંજારનાં સ્વ. શ્રી કેશુભાઈ લખમશી વિસાપરમાર પરિનવારનાં અને અંજાર જ્ઞાતિ પ્રમુખશ્રી રાજેશભાઈ એ માત્ર સંપૂર્ણ આર્થિક મદદ કરી બલ્કિ સતત માર્ગદર્શન આપી બનોબળ પુરું પાડતાં રહ્યાં. અંજારના અનીલભાઈ, જગદીશભાઈ, કિરણભાઈ મોહનલાલ, કમલભાઈ વગેરે ભાઈઓ, પિતાજી હોસ્પિટલમાં રહ્યા તે દર્મયાન ખડાપગે મારી સાથે રહી હૂંફ આપતા રહ્યા.

એક સંતાનની માતા પિતા પ્રત્યેની જવાબદારી આજે સારી રીતે નિભાવવામાં સફળ થઈ અને એટલું જ નહીં પિતાનું સ્વાસ્થય પણ એકંદરે જળવાઈ રહ્યું. તેનું સંપૂર્ણ શ્રેય શ્રી ચંદુભાઈ અને શ્રી રાજેશભાઈને છે. પહલાં પિતાનું યોગ્ય નિદાન થઈ શક્યું શ્રી ચંદુભાઈ અને શ્રી રાજેશભાઈનાં આર્થિક સહયોગ અને સતત મનોબળ તથઆ માર્ગદર્શનનાં કારણે અને ત્યાર પછી હજુ સુધી ઘર ચલાવવાની જવાબદારી નિભાવવા પોતાનું નાનાં મોલ સમું જનરલ સ્ટોર ચલાવવા આપી શ્રી રાજેશભાઈ એ મને સમર્થ બનાવી. તદુપરાંત શ્રી પ્રભુદાસભાઈ, શ્રી અમુભાઈ, શ્રી હંસરાજભાઈ, અતુલભાઈ, મનુભાઈ, ચેતનભાઈ, રોહિણીબેન, અંજનાબેન, નરેશભાઈ..... આ બધાં અને તે ઉપરાંત બીજાપણ અનેક લોકો જેમના સાથે લોહીનો કોઈ સંબંધ નહીં પરંતુ, લોહી કરતાંય વિશેષ કાળજી રાખી, એક મોટાં પરિવારનાં સભ્ય હોવાની અનુભૂતિ કરવી.

જીવનમાં ચડતી પડતી આવતી રહે. દરેક અભિમન્યુ બની દરેક કોઠાઓ પાર પાડવાનાં હોય. પરંતુ, અહીં પોતાના વિષે આટલું બધું ઉલ્લેખ કરવાનું કારણ આ તમામ વ્યક્તિઓનું આભાર માનવાનું બિલકુલ નથી. કેમકે, ઘણાં ઋણ કદી ઊતારી શકાતાં જ નથી. કપરાં સમયમાં ઢાલ બની સાથ આપનારાંઓ માટે હૃદયમાં આદરનો ભાવ રાખવો જોઇએ આભાર નું નહીં ! આ બધી બાબતનું ઉલ્લેખ આ સમયે એટલાં માટે કે અહીં બધાનું સહયોગ નિંપેક્ષ અને માણસાઈ જે કદાચ આજે ભુલાઈ રહી છે. તેનું રહ્યું છે. સંબંધ છે, તો ન્યાત 'નાત' નો. શ્રી અમુભાઈ સતત કહેતાં રહ્યાં છે નાતે તરો ને નાતે મરો.

આ બધું ઉલ્લેખનું ઉદ્દેશ્ય એ જ કે આજે યુવાવર્ગ હોય કે અન્ય તમામ લોકો જ્ઞાતિ પ્રત્યે ઉદાસીન છે. અજાગૃત છે. તેઓ સમક્ષ વાસ્તવિકતા પ્રકટે.

**જ્ઞાતિસેતુને હાર્દિક શુભેચ્છા : રમેશભાઈ હરિલાલ બારમેડા પરિવાર - અમદાવાદ**

ફરી જ્ઞાતિસેતુનાં યોગદાન તરફ વળીએ. આ બધી બાબતોમાં જ્ઞાતિસેતુનું યોગદાન શું ? એ તમામ લોકો જેઓ એ મારા કપરાં સમયમાં મને સાથ આપી મારી આત્મિયતા બંધાઈ તે આત્મિયતાનું સેતુ આપણાં જ્ઞાતિસેતુ થકી જ નિર્મિત થયું છે. લોહીનાં સંબંધોથી મુઠ્ઠી ઊંચેરા નહીં પણ ઘણાં જ ઊંચા એવાં સંબંધોનાં નિર્માણનાં પાયામાં જ્ઞાતિ-સેતુ રહ્યું છે. એનાં માધ્યમે જ્ઞાતિ કાર્યમં રહેલી નિષ્ઠા લોકો સાથે ઓળખાણ થઈ.

પ્રત્યેક વાચક મિત્રો આ વાસ્તવિકતા મૂકવી છે. જ્ઞાતિ, જ્ઞાતકાર્ય અને જ્ઞાતિચચા તરફ સેતુ બાંધશું તો તે જીવન સંગ્રામનાં દરેક કોઠામાં સબળ શસ્ત્ર બનશે અને ાપણું અસ્તિત્વ આપણું વ્યક્તિત્વ વિશાળ અને વિસ્તૃત બનશે. માત્ર પોતાનું જ વિચાર, ઈવન પોતાનાં પરિવારનું જ વિચાર નહીં, પણ થોડું પણ, જેટલું યોગ્ય હોય તેટલું જ્ઞાતિનાં નજદીક જવાથી આપણે વધશું વૃધ્ધિ જ પામશું.

જ્ઞાતિ સેતુએ મનમાં ઊઠતાં પ્રશ્નોને લેખનકાર્યનાં રૂપે, પ્રકટ કરવા પ્લેટફૉર્મ આપ્યું, જ્ઞાતિનાં કાર્યો મોટ માધ્યમ બની નામ, પ્રતિષ્ઠા આપી, અને હવે, માણસનાં જીવનમાં પરમ લક્ષ્ય સમી પરિવાર તરફ ફરજપૂર્તિની યોગ્યતા કેળવવામાં પણ પરોક્ષ નહીં તો અપરોક્ષ માધ્યમનો જ્ઞાતિસેતુ જ બન્યું. આ છે દસ દસ વર્ષની ઉપ્લબધ્ધિ.... અને તે માટે આભાર નહીં ઈશ્વરનું હૃદયપૂર્વક આદર સહ ધન્યવાદ...

**અભિવ્યક્તિ**

## MBA @ Nirma University

**આકાશ સોની**

અંજારના શ્રી શીવલાલ શામજી સોની (વલાડીવાળા)ના સુપુત્ર શ્રી આકાશ શીવલાલ સોનીએ હાલમાં પ્રખ્યાત નિરમા યુનિવર્સીટીમાંથી ફેમીલી બિઝનેસ એન્ડ એન્ટરપ્રાઈસ વિષયમાં એમબીએ ડીગ્રી હાંસલ કરેલ છે. આ કોર્ષ જેમનો સ્થાપિત બિઝનેસ હોય તેમના સંતાનો માટે ખૂબ જ ઉપયોગી થાય છે. વિદ્યાર્થીને રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાના બિઝનેસ વિષે જાણકારી મળે છે અને જેનો ઉપયોગ પોતાના બિઝનેસમાં થઈ શકે છે. આકાશે આ કોર્ષ સફળતાપૂર્વક પૂર્ણ કરી નિરમા યુનિવર્સિટીના ટોપ ૧૦ માં સ્થાન મેળવેલ છે. જ્ઞાતિસેતુ પરિવાર તરફથી તેમને હાર્દિક શુભેચ્છા પાઠવે છે. આ કોર્ષ વિશે તેમના વિચારો તેમના જ શબ્દોમાં અહીં પ્રસ્તુત છે.

**– અતુલ સોની**



*Akash Soni receiving MBA degree from Shri Karshanbhai Patel - Chairman, Nirma Group*

I started my MBA on 17-6-2012 and I choose to go for MBA in family business and enterpresentship. Thus came from my possion in my family business. I had no idea regarding my select in Nirma University as it was on 13th rank in India at that time who offered last MBA degree program and (one of two) university offering MBA in family business in India.

It was a great experience there where we ofcomce had best infras[I]. but not only that but also great faculties expertise in their field. Also we had lectures from person, from great family business including Nirma and Adani Group experience from peer learning was also very good as there were all students from business of India as well as some from outside India.

I find my self fortunate enough too receive education from there & a very big reason for my success would go my parents for their support.

**- Akash Shivlal Soni - Anjar**

**જ્ઞાતિસેતુને હાર્દિક શુભેચ્છા : રમેશભાઈ વેલજીભાઈ સોની પરિવાર - અમદાવાદ**

**વ્યક્તિ વિશેષ**

# 'સારવાર એજ સાધનાને જીવનમંત્ર' અંધ ફિઝીયોથેરાપિસ્ટ : ડો. ચેતન સોની

**પી. જી. સોની 'દાસ'**



દીઠા વેંત જ ગમી જાય તેવા માયાળુ અને માસૂમ ચહેરાવાળા એક અંધ સૂરદાસ ફિઝીયોથેરાપિસ્ટની સમીપે જતા દર્દીને એમ લાગે કે આ ડોક્ટર દર્દીના દર્દને પોતાના દિવ્ય આંતરચક્ષુથી પારખવા દિલ અને દિમાગથી પ્રયાસ કરી રહ્યો છે. શારિરીક ખોડખાંપણ કે ઓર્થોપિડિક તકલીફ ધરાવતા એના કલાસીસમાં સારવાર કે જરૂરી કસરત માટે હજુ તો દર્દી પોતાના દુ:ખદર્દની દાસ્તાં વર્ણવે ત્યાં જે આ ડોક્ટરના હેતાળ હાથ કે જાદુઈ હાથ આંગળીઓનો સ્પર્શ થતાં જ જાણે દર્દીઓનું અડધું દુ:ખ દર્દ ઓછું થઈ જતું હોય છે. આવું ત્યાં નિયમિત સારવાર અર્થે આવતા દર્દીઓનું કહેવું છે. કુદરતની અવકૃપાથી જન્મથી જ દૃષ્ટિ ગુમાવી ચૂકેલો આ સૌમ્યમૂર્તિ સમો ભાસતો અપટુડેટ યુવાન જ્યારે પોતાના ફિઝીયોથેરાપિસ્ટ કલીનીકમાં ડોક્ટર ચેર પર આરૂઢ હોય ત્યારે ઘડીભરતો સામેની વ્યક્તિને એમ લાગે કે આ થેરાપિસ્ટ અંધ હશે ? સૂરદાસ હશે ? હા, આજે આવા જ એક ગાંધીધામ ખાતે ફિઝીયોથેરાપિસ્ટ તરીકે પ્રેક્ટીસ કરતા ખરેખર તો સેવાની ઉદ્દાત ભાવના સાથે સેવા કરતાં એક ચેતનાહિન આંખોવાળા ચેતન હરિલાલ સોની નમતા હોનહાર યુવાનની જરા માંડીને વાત કરવી છે.

તા.૩૦-૬-૧૯૭૬ના આદીપુર ખાતે ચેતનના જન્મ પછી ૩ માસે ખબર પડી કે એ જન્માંધ છે. એના અંધત્વની ખબર પડતાં જ પરિવારે ખૂબ જ આઘાતની લાગણી અનુભવી. કુદરતની કારમી થપાટ સામે નિ:સહાય આ પરિવારે ચેતનની આંખોની અનેક સ્થળે સારવાર કરાવી, પણ અંતે નિષ્ણાંત ડોક્ટરોએ કહી દીધું કે આની સારવાર વિશ્વંભરમાં ક્યાંક નથી. આમ ઈશ્વર ઈચ્છા બલિયાસી... એમ માનીને સમગ્ર પરિવાર દ્વારા ચેતનનો ખૂબ જ હેત-પ્રિય અને હિંચારીથી ઉછેર થવા લાગ્યો એ ચતને પણ હૈયામાં હામ સાથે અદમ્ય ઈચ્છાશક્તિના બળે અભ્યાસમાં આગળ વધવા મનોમન દૃષ નિર્ધાર કર્યો. અભ્યાસમાં હોંશિયાર એવા ચેતને પ્રાથમિક અભ્યાસ રાયધણપર તેમજ ભુજમાં કર્યા પછી એસ.એસ.સી. સુધીનો અભ્યાસ આદીપુરમાં પૂર્ણ કર્યો. ત્યારબાદ ચેતને ફિઝીયોથેરાપી સર્ટિફિકેટ કોર્સ અંધજનમંડળ (ગાયત્રી ફિઝીયો) વસ્ત્રાપુર અમદાવાદ મુકામે ૧૯૯૭માં પૂર્ણ કર્યો, જેમાં એણે ગોલ્ડ મેડલ મેળવ્યો. દોઢ વર્ષ સુધી અમદાવાદ ખાતે સુવિખ્યાત ફિઝીયોથેરાપીસ્ટ સાથે પ્રેકટીસ કરીને બહોળો અનુભવ મેળવ્યાબાદ અમદાવાદ ખાતે એનું પોતાનું સ્વતંત્ર ફિઝીયોથેરાપીસ્ટ ક્લીનીક શરૂ કર્યું અને હાલમાં ૨૦૦૧થી ગાંધીધામ ખાતે એનું પતાનું આધુનિક ક્લિનીક ચાલું છે. ચેતને ૨૦૦૬માં આંબેડકર ઓપન યુનિવર્સિટીથી ડિપ્લોમા ઈન ફિઝીયોથેરાપી પૂર્ણ કર્યું. આ અભ્યાસ સાશે-સાથે એણે ૨૦૦૭માં નિજાનંદ માટે સંગીતમાં ગાયન ક્ષેત્રે વિશારદ પણ પૂર્ણ કર્યું.

ચાલુ વર્ષે ૨૭મી એપ્રીલે લાયન્સ ક્લબ ગાંધીધામ દ્વારા ડો. ચેતનનું જાહેર અભિવાદન કરીને અંધ ફિઝીયોથેરાપિસ્ટમાં ઉત્તમ ફિઝીયોથેરાપીસ્ટ તરીકે એને બિરદાવવામાં આવેલ. સુરદાસ હોવા છતાં IIT ચેન્નાઈ દ્વારા ચેન્નાઈ ખાતે સોફ્ટવેરની ત્રણ દિવસની કાલીમ વિદ્યાવૃક્ષ સંસ્થા દ્વારા પુસ્તકો વાંચવા, ક્લીનિકનું હિસબી કામકાજ કરવું, દર્દીઓને લેખિત સૂચનાઓ આપવી. વિ. કામગીરી ચેતન જાતે જ કરે છે. તદુપરાંત મોબાઈલમાં પણ એવી જ ટેકનોલોજી એસ.એમ.એલ. સાંભળવા મુકવા ઈત્યાદિ પ્રવૃત્તિઓમાં ચેતન સ્વનિર્ભર થયેલ છે.

છેલ્લા ૧૩ વર્ષથી ગાંધીધામ ખાતે ફિઝીયોથેરાપી ક્લીનીક ચલાવતા ડો. ચેતન સોની દર્દીઓની તન મનથી સેવા સુશ્રુષા કરે છે. ફિઝીયોથેરાપીસ્ટ ક્ષેત્રે બહોળો અનુભવ ધરાવતો હોવાછતાં ડો. ચેતન સોની ફિઝીયોથેરાપીસ્ટ અંગેના પુસ્તકો દ્વારા એક વિદ્યાર્થીની જેમ અભ્યાસુ કે જ્ઞાનપિપાસુની રૂએ એ સતત ચિંતન કરતો જ રહે છે. ચેતન પ્રમાણિકપણે નૈતિકતાના ધોરણે દર્દીઓની એક સ્વજન તરીકે સારવાર કરતાં કહે છે કે, દર્દીનારાયણની સેવા સુશ્રુષા કરવી એ જ મારો જીવનમંત્ર છે. કરૂણાને જીવનમાં આત્મસાત કરીને ચેતન ગરીબ દર્દીઓને રાહતદરે અને જરૂરતમંદોને મફ્ત સારવાર પણ આપે છે.

આવા હસમુખ અને હેતાળયા યુવા ફિઝીયોથેરાપીસ્ટની સાચી મોજ તો જો કે સંગીત છે. પણ હવે તો સારવાર એ જ સાધના એ ધ્યેય સાથે ચેતન અવિરત સહૃદય પ્રયત્નશીલ રહે છે.

**જ્ઞાતિસેતુને હાર્દિક શુભેચ્છા : રશ્મિનકુમાર વાડીલાલ બારમેડા પરિવાર - અમદાવાદ**

॥ જયશ્રી કૃષ્ણ ॥



# ગોદાવરી જ્વેલર્સ

***Manufacturer, Exporter & Retailer***

**૫/૬, દેવભુમિ શોપીંગ સેન્ટર, વિજય રેસ્ટોરન્ટ પાસે,**
**નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૦૯.**
**ફોન : શો રૂમ ૦૭૯-૨૬૪૬૧૭૫૬ (રહે.) ૦૭૯-૨૭૯૧ ૨૭૯૩**
Email : godavari_jew@yahoo.co.in

**મો. ૯૯૯૮૬ ૭૪૭૧૯ કૌશીક પી. સક્કરીયા**
**મો. ૯૯૯૮૨ ૫૫૭૬૭ મનિષ કે. સક્કરીયા, દિપેશ કે. સક્કરીયા**

## મેકણદાદાન સમાધિ : ધ્રંગ

**પી. જી. સોની 'દાસ'**



સુજ્ઞ જ્ઞાતિજનો, આપણા સેતુના આથી અગાઉના અંકોમાં આપણે કચ્છના નારાયણ સરોવર-કોટેશ્વર, લખપતનો કિલ્લો, કટેશ્વર (સીયોત), માતાના મઢ અને કાળા ડુંગરની ફોટોગ્રાફ સાથે શબ્દયાત્રા માણી હવેના અંકમાં મેકરણદાદા વિશે વધુ જાણીએ.

જીયો ત ઝેર મ થીયો, સકર થીયો સેંણ
મરી વેંધા માડુઆ, રોંધા ભલેં જા વેણ

કચ્છના મોટા રણના કિનારે આવેલું ધ્રંગ ગામ છે તો તદ્દન નાનું પણ ત્યાં થઈ ગયેલા એક સેવાભાવી સંત મેકણની સુવાસ થકી સુવિખ્યાત બન્યું છે. કચ્છના સંત મેકણદાદા લક્ષ્મણજીના અવતાર મનાય છે. પ્રેમ અને કરૂણાનું એમણે એવું તો વિસ્તૃતિકરણ કર્યું છે કે લાલીયા (ગધેડા) અને મોતીયા (કૂતરા) જેવા પશુઓને પણ કચ્છના રણમાં ભૂખ્યા-તરસ્યા ભટકતા માડુઓને ખોરાક અને પાણી પુરું પાડવાની માનવી પણ ન કરી શકે તેવી મહાન સેવાઓની દીક્ષા આપી.

અઘોર તપ અને કચ્છમાં નીચલા અને કચડાયેલા વર્ગના સાધનવિહોણાઓને ઉપદેશ આપીને તેમના જીવનનો ઉદ્ધાર કરનારા મેકમદાદાએ વાગડમાં ભચાઉ તાલુકાના જંગી સામે બાર વર્ષ તપ કરીને સંવત ૧૭૮૬માં ભુજ તાલુકમાં આવેલ ધ્રંગને પોતાની કર્મભૂમિ બનાવી હતી અને અહીં જ એમણે સમાધિ લીધેલ. તેમના અબોલા સાથીદારો લાલીયો અને મોતીયો પણ તેમની સમાધિની બાજુમાં પોઢ્યા છે. આજે પણ ધ્રંગ અને મેકણદાદાનું નામ સેવાના પર્યાય સમુ બની ગયું છે. જંગીમાં તેમનો અખાડો આવેલો છે તો ધ્રંગમાં તેમની સમાધિ આવેલી છે. ઉપરાંત ભુજમાં નાગરચકલા વિસ્તારમાં પણ મેકરણદાદાનું મંદિર આવેલું છે. ધ્રંગ ખાતે દર મહાશિવરાત્રીએ ભાતીગળ મેળો ભરાય છે. ભુજથી ૪૦ કિમી અને અંજારથી ૬૦ કિમી. ના અંતરે ધ્રંગ ગામ આવેલું છે.

સાખી : કોરીયું કોરીયું કુરો ક્યો, કોરીયે મેં આય કુડ
મરી વેંધા માડુઆ, મોંમેં પોંધી ધૂળ

## જ્ઞાતિ ગૌરવ



સિહોર મારૂ કંસારા જ્ઞાતિ અગ્રણીય (સંતકૃપા મેડિકલ સ્ટોરવાળા) સ્વ. શ્રી મથુરદાસ લલ્લુભાઈ પરમારના પૌત્ર ચિ. કેવલ દિનકરભાઈ પરમારે એમ.એસ. યુનિ. વડોદરામાં એમ.એમ.બી.એસ. માં ફાઈનલમાં ૭માં ક્રમાંક મેળવી ઝળહળતી સિદ્ધિ પ્રાપ્ત કરેલ છે. સફળતાની કોઈ સીમા હોતી નથી. તેવા ધ્યેય અને લગનથી કામ કરતાં ચિ. કેવલ દિનકરભાઈ પરમારે પોસ્ટ ગ્રેજ્યુએશનમાં એમ.એસ. યુનિ. વડોદરામાં એમ.એસ. ઓર્થોપેડીક બ્રાન્ચમાં પ્રવેશ મેળવી કુટુંબ, જ્ઞાતિ અને ગામનું ગૌરવ વધારેલ છે. તેઓ ડો. તરીકે પરમાર્થ ભર્યા સેવાકાર્યથી કુટુંબ તથા જ્ઞાતિને ગૌરવ પ્રદાન કરે તેવી શુભભાવના.

### સાભાર સ્વીકાર...

**શ્રી વ્રેગીન પ્રદિપભાઈ માવજીભાઈ સોની** તરફથી પુત્ર જન્મ નિમિત્તે **'જ્ઞાતિસેતુ'ને રૂ. ૫૦૧/- શુભેચ્છા ભેટ** સ્વરૂપે આપવામાં આવેલ છે. જેનો સાભાર સ્વીકાર છે. — જ્ઞાતિસેતુ

**જ્ઞાતિસેતુને હાર્દિક શુભેચ્છા : રોહિત નરસિંહભાઈ સાકરીયા પરિવાર - અમદાવાદ**

**Chintan Soni**
(Gemologist)
**99798 98663**

**Chandrakant Soni**
**98254 61595**

**Shroff Bazar, Kansara Bazar Corner,**
**Bhuj-Kutch 370001.**
**Phone - Fax : 02832 - 220890**
**e-mail : chintan4405@gmail.com**

Dharmendra Barmeda
98252 27446

LAXMI JEWELLERS

Gold & Silver Ornamnets Showroom

3, Siddarth Complex, Hospital Road, Bhuj-Kutch.
Ph. : 02832 (O) 253183, 252651
e-mail : laxmijewellers@rediffmail.com

Sureshbhai Soni M. : 94269 15921
Arunbhai Soni M. : 98242 14895

SONI BABUBHAI LAKHAMSHI (MANFARAWALA)

Soni Parsottam Lakhamshi & Co.

Manufacturers & Dealers of Gold Ornaments

Suresh & Co.

Manufacturers & Dealers of Silver Ornaments

Ganga Bazar, Anjar (Kutch) 370 110.
Ph. (O) 243342 (R) 242339

# M/s. Jatubhai Velji & Sons

Hospital Road, Bhuj-Kutch. Tel: 02832 - 221357, 227357, 226357

# M/s. J. V. Jewellers

Kansara Bazar, Bhuj-Kutch. Tel: 02832 - 256077

# M/s. Harshadkumar & Co.

Kansara Bazar, Bhuj-Kutch. Tel: 02832 - 255888




# કંસારા નવનીતલાલ જગજીવનદાસ

## સોના ચાંદીના વહેપારી

૪૫૦/૧-૩, સાંકડી શેરીના નાકે,
માણેક ચોક, અમદાવાદ - ૦૧.

ફોન : (દુ) ૨૨૧૪૨૮૮૦,
૨૨૧૪૪૯૭૪
(ઘ) ૨૨૧૪૬૯૪૧
મો. : ૯૮૭૯૫૩૯૩૧૧

## આજનો દોર રમત ગમતનો સૌથી પ્રથમ અગ્રેસર એટલે ક્રિકેટ



શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ ભુજનો એક ચમકતો ક્રિકેટર એકેડમી દ્વારા આયોજિત કરેલ ગોવા માં ક્રિકેટ મેચનું આયોજન કરેલ તેમાં ૭ મેચ રમેલ જેમાં કુનાલ કટ્ટા ને બેસ્ટ બોલર એવોર્ડ મળેલ તે આયોજન માં ૪ મેચમાં ૯ વિકેટ ઝડપેલી ત્યાર બાદ ફરી મે મહિનામાં ક્રિકેટ ટુનમિન્ટ ગેવા આયોજન થયેલ તેમાં ૫ મેચમાં ૧૩૦ રન અને ૧૬ વિકેટ ઝડપેલી ગોવાની સૌથી મોટી ટુનમિન્ટ જેમાં મહારાષ્ટ્ર, બેંગ્લોર, ગોવાની ટીમ સામે રમેલ તેમાંથી ભુજની ટીમ ચેમ્પિયન થયેલ તેમાં કુનાલ કટ્ટાનું યોગદાન વિશેષ રહેલ તે ટુનમિન્ટમાં તેમને મેન ઓફ સિરીઝનું ઓવોર્ડ મળેલ.

શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિના ઉગતા ક્રિકેટરને શુભેચ્છા તથા ભળિષ્યમાં વધુને વધુ પ્રગતિ કરે તેવી શુભેચ્છા.

## નોટબુક વિતરણ કાર્યક્રમ અહેવાલ (અંજાર-કચ્છ)

શ્રી અંજાર મારૂ કંસારા સોની જ્ઞાતિ આયોજિત જ્ઞાતિના વિદ્યાર્થી ભાઈ-બહેનો જે જુ.કેજી. થી કોલેજ સુધી અભ્યાસ કરે છે તેમના માટે નોટબુક વિતરણનું આયોજન રવિવાર તા. ૮-૬-૨૦૧૪ના જ્ઞાતિના મહાકાલી માતાજીના મંદિરમાં સાંજના ૪ થી ૭ કલાક દરમિયાન આ કાર્યક્રમ રાખેલ હતું. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે જ્ઞાતિ પ્રમુખશ્રી રાજેશભાઈ વિશાપરમાર, કિરણભાઈ હેડાઉ, અનિલભાઈ બગ્ગા, શરદભાઈ પોમલ તથા કિશોરભાઈ બુધભટ્ટી અને જ્ઞાતિના મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી પીંકીબેન કટ્ટા, અંજનાબેન પોમલ, કાશીબેન પોમલ, પુજાબેન બારમેડા, હંસાબેન બારમેડા, માયાબેન છત્રાળા અને યુવતી મંડળના મનાલીબેન બગ્ગા, દિવ્યાબેન બુધભટ્ટી તથા દામીનીબેન છત્રાળાએ આ કાર્યક્રમને સફળ બનાવવા પોતાનો યોગદાન આપ્યો હતો. આ કાર્યક્રમમાં જ્ઞાતિના અગ્રણી નવિનભાઈ બારમેડા, શિવુભાઈ મેચા, સુરેશભાઈ વિશાપરમાર તથા નરેન્દ્રભાઈ કંસારા હાજર રહ્યા હતા.

**– સોની રાજેશ કેશવલાલ**

પ્રમુખ શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ અંજાર-કચ્છ


**જ્ઞાતિસેતુને દશાબ્દી નિમિત્તે શુભેચ્છા....**

**સોની ભાઈલાલભાઈ જીવરામભાઈ**
**મો. ૯૪૨૮૬ ૪૬૬૫૩**

**સોની આશાબેન ભાઈલાલભાઈ**
**સોની નિલેષકુમાર ભાઈલાલભાઈ**
**મો. ૯૪૨૬૫ ૫૧૫૬૦**

**સોની રેખાબેન નિલેષકુમાર**
**સોની દક્ષિતકુમાર નિલેષકુમાર**

**ચાર રસ્તા - ધનસુરા**
**જી. અરવલ્લી, ગુજરાત.**

**જ્ઞાતિસેતુને દશાબ્દી નિમિત્તે શુભેચ્છા....**



**ગ્રહોના રીયલ નંગ, માણેક, પોખરાજ, નીલમ, મોતી, બસણીયા, ગોમેદ, સ્ફટીક વેચનાર તથા સોના-ચાંદીના દાગીના બનાવનાર.**

**રાજેન્દ્ર ભગતલાલ બારમેડા**

**ડી-૭, રત્નસાગર, થલતેજ, અમદાવાદ.**
**મો. ૯૪૨૬૨૪૪૫૪૮, ૯૯૭૮૮૭૦૩૭૮**

# માનસિક અશાંતિના મુખ્ય કારણો અને દુર કરવાના ખાસ ઉપાયો

રશ્મિનભાઈ જે. સોની-તલોદ

| | |
|---|---|
| ૧. કામનો બોજ | કુશળતાપૂર્વક કામ કરો. દરેક કાર્યને યોગ્ય સમય આપો. કામની અગ્રતાક્રમ મુજબ યાદી કરી જ્યાય આફો. ગમતું કામ કરો અથવા કામને ગમતું કરો. |
| ૨. આર્થીક તંગી | નિયમિત બચત કરો. જરૂરિયાતો ઘટાડો, દેવું કરતા જ નહિ. મહેનત વગર અહીં કોઈને કશું મળતું નથી. |
| ૩. માંદગી | રોજ કસરત કરો. ફળ ખાવ, ચાલવાનું રાખો. જરૂરી દવા લો. સાત્વિક ખોરાક જ લો. પહેલું સુખ તે જાતે નર્યા. |
| ૪. કૌટુંબિક કલેશ | સંપ, સહકાર, સંસ્કાર, સેવા, સ્વાશ્રયના ગુણ અપનાવો, ભજન અને ભોજન સાથે કરો. વડીલોનું માનો. નમ્ર બનો. |
| ૫. ભવિષ્યની ચિંતા | આજને જાળવી લો. ચિંતા ચિતા સમાન છે. આજ એ આવતીકાલ છે જેની તમે ગઈકાલે ચિંતા કરતા હતા. |
| ૬. ઈર્ષ્યા | હરિફાઈ કરો-ઈર્ષ્યા નહિ. અદેખાઈ પતનની ખાઈ છે બદલો ન લો. ખુદને બદલો. જીવો અને જીવવા દો. |
| ૭. અજ્ઞાન | ખોટી વસ્તુની સાચી જાણકારી મેળવો. જ્ઞાનનો પ્રકાશ શાંતિનો સંદેશ છે. સાચું જાણો અને માણો. |
| ૮. અંધશ્રધ્ધા | અંધશ્રદ્ધા માણસને અંધ બનાવી દે છે. જાગો. એકવીસમી સદી પ્રમાણે જીવો. |
| ૯. ખોટા નિર્ણયો | સાચી માહિતી, જાણકારી યોગ્ય માર્ગદર્શન, તેના લાભાલાભ, કુટુંબમાં ચર્ચા પછી જ યોગ્ય નિર્ણય લો. |
| ૧૦. અસંતોષ | સંતોષી નર સદા સુખી. અત્યારે જે સ્થિતિ છે તે સર્વશ્રેષ્ઠ જ છે એમ માનીને જીવો. સંતોષથી જ શાંતિ છે. |
| ૧૧. જનરેશન ગેપ | વડીલોએ જૂનવાણીને વળગી ના રહેવું અને યુવાનોએ વડીલોનો અનાદર ન કરવો. પરસ્પર સમાધાન કરો. |
| ૧૨. સમયનો દુરુપયોગ | નવરા ન બેસો. કોઈપણ હોબી કેળવો. વાચન કરો, પ્રવૃતિમય રહો. સદ્કાર્યો કરો. સમય પ્રમાણે જીવો. |
| ૧૩. આહારવિહારની બેદરકારી | તમામ જંક ફૂડ ત્યાગો, ઘરનો જ ખોરાક લો. ડોક્ટરની સલાહ વગર કોઈ જ દવા ન લો. ઉપવાસ કરો. સુખી થશો. |
| ૧૪. વાણી વિલાસ | જરૂર જેટલું જ બોલો. સાચું બોલો. મૌનનો મહિમા કરો. કોઈને માગ્યા વગર સલાહ નમ્ર બનો. |
| ૧૫. અંગત શોખનો અભાવ | સંગીત, મૌન, જપ, વાચન, ધ્યાન, હાસ્ય, કથા રમતોનો શોખ કેળવો, શાંતિ મતારી દાસી બનશે. |
| ૧૬. ભગવાન ઉપર ભરોસો નહિ | ભગવાન કરે તે ભલા માટે એવું માનો. વિશ્વાસ રાખો થાય તે થવા દો. શ્રધ્ધાથી પર્વત પણ ચળે છે. |

જ્ઞાતિસેતુને હાર્દિક શુભેચ્છા : રોહિતભાઈ કિશોરચંદ્ર કંસારા પરિવાર - અમદાવાદ


કશીશ જે. સોની
ધો. ૫ 77.00%


યશ્વી કે. પોમલ
ધો. ૬ 76.58%


ઓમ કે. પોમલ
ધો. ૧ A1


ધર્મ એમ. પોમલ
અંજાર ધો. ૨ A+


શાલીન જે. સોની
ધો.૧૦ 73.00%


રિદ્ધી પી. સાકરીયા
ધો. ૧૨ B+ 70%


હેમલ એચ. પોમલ
ધો. ૮ PR 95.33%


મિલાપ એચ. પોમલ
ધો. ૬ PR 86.66%


ભવ્ય હરેશભાઈ સોની
ધો. ૨ 91.71%


પ્રીત ગીરીશભાઈ સોની
ધો. ૮ 96.94%


ઐશ્વર્યા યોગેશ પોમલ
નાસીક-ધો.૧૧ ડીસ્ટ્રી.


અદિતી હરેશ બારમેડા
ભુજ-ધો.૧૦ PR 99


કુંજ નિતેશ બુદ્ધભટ્ટી
ધો.૭ A grade


જાન્હવી હરેશભાઈ સોની
ભુજ-ધો.૧૦ PR 90.98


નંદીની નારણભાઈ સોની
ભુજ-ધો.૭ PR 91.50


માનવ નારણભાઈ સોની
ધો. ૪ 96.88%


વિશાલ જે. ગોહીલ
મીરઝાપુર-ભુજ


પ્રીન્સી હર્ષદભાઈ પોમલ
અમદાવાદ-ધો.૯ 94.42%


પાર્થ હર્ષદભાઈ પોમલ
અમદાવાદ-ધો.૨ 67.00%


મૈત્રી કટ્ટા
ધો.૧૨ PR 99.62%


વાણી પ્રશાંતભાઈ કટ્ટા
ધો.૧ 92.44%


મીત હરીશભાઈ બારમેડા
ધો.૪ A


ભવ્યા નિલેશભાઈ સોની
અમદાવાદ-ધો.૪ 96.54%


ઝીલ નિલેશભાઈ સોની
અમદાવાદ-બાલવર્ગ 97%


માનસી રાજેશભાઈ કટ્ટા
ભુજ-ધો.૧૨ PR 99.52%

**જ્ઞાતિસેતુને હાર્દિક શુભેચ્છા : સંગીતા એસ. બુદ્ધભટ્ટી પરિવાર - અમદાવાદ**

જ્ઞાતિસેતુને હાર્દિક શુભેચ્છા....

સંદિપ આર. સોની
મો. ૯૫૩૭૮ ૧૨૯૧૩

પૂર્વેશ આર. સોની
મો. ૯૯૭૮૨ ૧૮૫૬૫

## સંદિપ ભજીયા હાઉસ

ટેસ્ટ ફૂલ લસણીયા, વડાપાઉં,
ખમણ, સમોસા તથા
શિયાળાની ઋતુમાં
ટેસ્ટફુલ ઊંધીયું મળશે.

મંગલમ્ ચાર રસ્તા, મુ. ભુજ-કચ્છ.



શુભેચ્છા સહ....

ફોન નં. (૦૨૮૩૨) ૨૨૨૪૬૫

## હરીલાલ ઝવેરલાલ સોની

સ્ટેનસ્ટીલ તથા તાંબા
પિત્તળના વાસણના વહેપારી

કંસારા બજાર, ભુજ



પ્રો. રાજેશભાઈ કે. સોની
મો. ૯૯૭૪૦ ૩૦૫૩૫



## માનસી જ્વેલર્સ

સોના ચાંદીના ફેન્સી દાગીના
બનાવનાર તથા વેચનાર

યમુના હોટલની બાજુમાં, જુના બસ સ્ટેન્ડ,
મુ.પો. બાયડ, જિ. સાબરકાંઠા



જ્ઞાતિસેતુને હાર્દિક શુભેચ્છા....

## નરેન્દ્ર મગનલાલ મૈચા

મો. ૯૪૨૭૩ ૦૫૮૭૪
મો. ૯૧૩૭૭૪૬૯૮૫

ગાંધીનગર



# શ્રી રાધે જવેલર્સ

**સોના-ચાંદીના દાગીના બનાવનાર તથા વેચનાર**

સોની ઈશ્વર એન. ૯૯૯૮૯ ૭૧૬૧૩
સોની જીતેન્દ્ર એન. ૯૮૯૮૨ ૩૯૫૮૩

**૧૨મી. રોડ, ગંગા બજાર, અંજાર (કચ્છ)**

---

**ભરતભાઈ કંસારા** **મો. : ૯૮૨૫૮ ૩૭૯૩૬**

# કંસારા ચત્રભુજ ભાણજી એન્ડ સન્સ





**દરેક જાતના વાસણના વેપારી**

**૧૨ મીટર રોડ, ગંગા બજાર, અંજાર (કચ્છ). ફોન નં. (૦૨૮૩૬) ૨૪૩૮૮૫.**

જ્ઞાતિસેતુને હાર્દિક શુભેચ્છા....

નવીનભાઈ સોની
ફોન : ૦૨૮૩૬-૨૪૨૫૧૨

દીપ નવીનભાઈ સોની
મો. ૯૪૨૭૪૩૪૫૪૭



# મે. સોની પરષોતમ રતનશી એન્ડ કું.

## સોના-ચાંદીના દાગીના બનાવનાર તથા વેચનાર

ગંગા બજાર, અંજાર (કચ્છ) પીન-૩૭૦૧૧૦

જ્ઞાતિસેતુને હાર્દિક શુભેચ્છા....

ફોન : ૦૨૫૩-૨૫૧૧૦૭૧ મો. ૦૯૪૨૩૧૮૨૦૦૧

# મુક્તા આર્ટ્સ

● ડેકોરેટીવ ડીસ ● ઈન્સટન્ટ રંગોલી ● મની બુકે ● ડોર હેગીંગ
● એન્ગેજમેન્ટ ડીશ ● ચરલી પેઈન્ટીંગ ● કુસીઅન ● કેલીગ્રાફી

૩૨, મુક્તા પેલેસ, શિવમ નગર, નંદીની અગરબત્તી પાછળ,
હિરાવાડી રોડ, પંચવટી, નાશિક-૩.

યોગેશ પોમલ
મો. ૯૫૨૭૭૯૪૯૦૦, ૯૪૨૨૭૬૭૧૪૭

જય પોમલ
૮૮૮૮૩૫૧૭૮૯
રાજ પોમલ
૭૭૪૪૮૮૩૧૨૧

# મુક્તા મોબાઈલ

૪, શાંતિ કુટીર, મિઠીલ લોજ, રઘુનાથ પાથ, સ્વામી વિવેકાનંદ સ્કુલ પાસે,
પંચવટી કરંજા, નાશિક-૩. ફોન - ૦૨૫૩-૨૫૧૪૦૫૫

રોહિત પોમલ

૦૯૪૨૩૧૮૨૦૦૧
૦૯૩૭૨૪૨૨૨૦૦



# મુક્તા જ્વેલરી



મેન્યુ. ગોલ્ડ જ્વેલરી આઈટમ

૩૨, મુક્તા પેલેસ, શિવમ નગર, નંદીની અગરબત્તી પાછળ,
હિરાવાડી રોડ, પંચવટી, નાશિક-૩.

દિપેશકુમાર
મો. : ૯૭૨૫૧ ૮૦૮૦૭

હિરેનકુમાર
મો. : ૯૮૨૫૭ ૫૮૧૮૮

# સોની ઈશ્વરલાલ નેણશી એન્ડ સન્સ

## જવેલર્સ

સોના–ચાંદીના ફેન્સી દાગીના
બનાવનાર તથા વેચનાર

મેઈન બજાર-દહિંસરા, તા. ભુજ.

(ઓ.) ૦૨૮૩૨ - ૨૮૬૪૮૩ મો. : ૯૪૨૭૭ ૬૮૮૮૪

પી. જી. સોની 'દાસ'
વિનય-અરૂણ પોમલ

ફોન : ૦૨૮૩૨ - ૨૨૪૧૪૨
મો. : ૯૪૨૬૯ ૬૭૮૮૬

# વિનય જવેલર્સ

## જવેલર્સ

સોના તથા ચાંદીના દાગીના જથ્થાબંધ વેપારી

સુહાગની બાજુમાં, રીંગ રોડ, વાણીયાવાડ, ભુજ-કચ્છ.

Kiranbhai soni
Deven Soni

M. : 9825115470
9825715470
(O) 02836 241387

# Soni Kiran Kanjibhai

**Manufacturer & Dealers of Gold & Silver Ornaments**



Shivji Road, Modh Faliya, Nr. Dr. Sorathiya,
Anjar - Kutch Ph. (R) 241070

# LAXMI GROUP

Dealers in : Sanitaryware & Roffing Products

**CHANDU J. SONI**

**Laxmi Industrial**
Tel. (O) : 2411296

**Laxmi Pipe Traders**
Tel. (O) 281 0488

**Laxmi Steel**
Tel. (O) 500 4077

**Nilesh Pipe Agencies**
Tel. (O) 240 2035

**Nilesh Agencies**
Tel. (O) 241 1288

973, Ranital Chowk, Opp. Ranital Sports Complex, Jabalpur.

Tel. : (R) 0761 - 281 0415, 500 4479 Fax : 0761 - 501 8291



Shiv Soni
Akash Soni

(S) 242826
M. : 98792 51153

# શામજી ગંગાજી પરિવાર

# Soni Shivlal Shamji

# સોની શિવલાલ શામજી

Makers & Sellers of
Gold & Silver Ornaments

Ganga Bazar, Anjar (Kutch) 370 110.



Lt. Jethalal Jivrambhai

Jaymin Soni
98245 46650

Gold & Silver Bullion Merchant

J.J Jewellers

GF-15 Super Mall, Nr. Lal Bunglow, C. G. Road, Ahmedabad-380006
Tel. : 079 66611322 • Email : johnson.soni@yahoo.in

# अनमोल ज्वेलर्स एवं रत्न केन्द्र

कौशिक के. कट्टा
जितेश (राजु) के. कट्टा

## सभी राशियों के रत्नों व उपरत्न के थोक एवं चिल्हर विक्रेता



श्याम टाकिज़ रोड,,
संगीत विद्यालय के सामने,,
बुढापारा, रायपुर-492001 छ.ग.,
दूरभाष : 0771 223 5657
मो. : 94790 35657, 9827176512

Email : anmolkk9@gmail.com • www.anmolratna.net

# autovent

## गर्मी, धुआं व दुर्गंध से मुक्ति



NO ELECTRIC
NOISE
MAINTENANCE
RAINWATER
BIRDS

**Advantages**

- Saves Electricity.
- Maximum Productivity.
- Maintains hygienic conditions of your factory from heat, moisture, gas, pollution, foul smell and dust particles.
- Complete assurance of nonstop air ventilation for 365 days.
- It is human & environment friendly.
- It's Leak proof, hence doesn't allow water to enter inside.
- Easy to install on existing any type of roof having slope of 0° to 45°.




## Anmol Industries

Shyam Talkies Road, Opp. Sangeet vidyalay, Budha Para, Raipur (C.G.) 492001
Tel. : +91 771 - 2235657 • Mobile : +91 98271 76512, +91 94061 21399
Email : autoventk@gmail.com, anmolroof@gmail.com • website : anmolindustries.co.in

RNI No. Gujguj/2005/16692 Posted at PSO Ahmedabad.


# Soni Anil Maganlal & Co.

## JEWELLERS

**RETAILERS & MANUFACTURERS**

**SAM GEMOLOGICAL LABORATORY**

**We certify quality Diamond & Diamond Jewellery, Identity Color Stone & Color Stone Jewellery by approved Gemologist**

**Anil Soni +91 98250 69180**
**Vatsal Soni +91 98253 73109**
**Nipun Soni +91 82380 81010**

**"PREM DEEP" Nani Poshad Gali, Shroff Bazar, Bhuj (Kutch) 370 001.**
**Tel. : +91 2832 252728 / 252729**
e-mail : sonianilmanaglal@yahoo.co.in
web : www.sonianilmaganalal.com


Printed & Published by : Shri Manubhai Vitthaldas Kotadia on behalf of Shree Kutchhi Maru Kansara Soni Gnati Mandal. Printed at : Madhavi Offset, Kankaria, Ahmedabad - 380 021. Published at : Shree Kutchhi Maru Kansara Soni Gnati Mandal, 14, Dhaval Jewellers, Chandla Odd, Manek Chowk, Ahmedabad-380 001. Editor : Shri Hansraj Kansara. Price : Rs. 50.00